
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર


દીપોત્સવી અંક
ઑક્ટોબર ૧૯૯૮

વર્ષ બોતેરમું
સળંગ અંક ૮૬૧

સંસ્થાપક • રવિશંકર રાવળ
તંત્રી
ધીરુ પરીખ



કાશ્મીરી શાલ [illegible]



પિછવાઈ (રાજસ્થાની ચિત્રશૈલી)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૨મું — અંક ૧૦

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑક્ટોબર — **અનુક્રમણિકા** — ૧૯૯૯

કુમાર સળંગ અંક ૮૯૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' અંક ૮૫૭ - જૂન ૧૯૯૯ના અંકમાં સ્વ.શ્રી કૃષ્ણવીર દીક્ષિતને અંજલિ આપતો લેખ ('ગુજરાતમિત્ર'માંથી ટૂંકાવી) છપાયો છે તેમાં પાન ૩૫૦, બીજી કૉલમ, પહેલો ફકરો 'કલમ-કિતાબ'માં તેઓ 'કૃ.દી.'ની ટૂંકાક્ષરી સંજ્ઞાથી અને 'અક્ષરની આરાધના'માં સ્વ. પુત્ર પરંતપના નામને પોતાનું ઉપનામ બનાવીને લખતા રહ્યા,ખબર જ હશે કે 'સ્વ.' શબ્દ પછી પૂર્ણવિરામ મૂકતા તેનો અર્થ સ્વર્ગીય/સ્વર્ગસ્થ થાય છે. અને છાપ્યાં પછી તેને ચકાસી જવાની પ્રથા તમારે ત્યાં લાગતી નથી, નહીં તો આવી અક્ષમ્ય ભૂલ ન થાત અને વાચકોનાં મનમાં ગેરસમજ ઊભી ન થાત.

આ બાબતની ચોખવટ હવે પછીના અંકમાં કરશો. - મંજુલા દીક્ષિત (મુંબઈ)

('સ્વ. પુત્ર' નહીં, પણ 'સ્વ-પુત્ર' વાંચવા વિનંતી. સરતચૂક બદલ દિલગીર છીએ. - તંત્રી)

'કુમાર' સામયિકનો વરસોજૂનો અંક હાથમાં આવતાં જોયો, વાંચ્યો ને પછી નેડો લાગ્યો! ગુજરાતી ભાષામાં સમગ્રપણે તૃપ્ત કરનારું સામયિક આજે હજુ પણ ટકી રહ્યું છે એ એની લોકપ્રિયતા! એનું 'અન્ડરલૂક' - કોઈક રશિયન કે ફ્રેંચ મૅગેઝીન જેવી કલાત્મકતાને વરેલું લાગે. ખરેખર સંતોષ થયો. - રેખા સરવૈયા (ધોરાજી)

હમણાં મુંબઈની 'કલાગુર્જરી' સંસ્થાના એક કાર્યક્રમમાં ઑગસ્ટ માસનું 'કુમાર' જોવા મળ્યું. ખૂબ આનંદ થયો. વર્ષો સુધી હું 'કુમાર'નો ગ્રાહક/ચાહક રહ્યો છું. એના બાઈન્ડ કરેલ અંકો પણ મેં ઘણા પ્રેમથી સાચવ્યા છે. વચમાં એનું પ્રકાશન બંધ થયું ને નાતો તૂટી ગયો. આજ એ 'કુમાર'નું હજુ પ્રકાશન ચાલુ છે જાણી આનંદ થયો. સાથે લવાજમનો ચેક મોકલું છું. - ઈન્દ્રદેવ આચાર્ય (મુંબઈ)



સ્વિટ્ઝર્લૅન્ડમાં ઝેરમતના સીમાડે આવેલા દરિયાઈ સપાટીથી ૪૪૭૮ મીટરની ઊંચાઈ વાળા ભવ્ય મેટરહોર્ન પહાડનું દૃશ્ય - જગદીશચંદ્ર એન. પરમાર

નાનપણથી 'કુમાર' રસપૂર્વક વાંચું છું. પિરસાતી વાચન-સામગ્રી વિષે અભિપ્રાય આપવો એ દીવો લઈને સૂરજ બતાવવા જેવું છે, એટલે વિશેષ લખવાની જરૂર નથી, પણ આત્મીયજન તરીકે થોડાંક સૂચનો કરવાનું મન થયું છે. આપ અંગ્રેજી શિક્ષણના પાઠો આપો છો તે બહુ જ પસંદ પડ્યું, પરંતુ એવી જ રીતે આપણી દેવભાષા સંસ્કૃતના પાઠો આપવાનું શરૂ કરો તો ખૂબ જ શીખવાનું મળશે. બીજું, 'કલાવાર્તા' વિભાગ બહુ પસંદ છે. તેમાં ચિત્રકલા શિક્ષણના પાઠો શરૂ કરો તો આનંદ થશે. જો કે અગાઉ આવો વિભાગ અપાતો તે યાદ છે. તો ફરી ચાલુ રખાય તો આનંદ થશે.

કવરપેજ ઉપરનાં રંગીન ચિત્રો ખૂબ જ સરસ હોય છે. તેવી જ રીતે અંદરના પાને વિવિધ વિષયોના ફોટોગ્રાફ્સ અથવા ચિત્રો મૂકો તો શોભા વધશે.

કાવ્યવિભાગ સરસ પણ વાર્તાઓનો સ્તર સુધારવાની જરૂર છે. સારા લેખકોની સળંગ નવલકથા હપ્તાવાર આપી શકાય.

- નલિન ભટ્ટ (પાદરિયા)

તમને આ પત્ર દ્વારા થોડો પરિચય ખુલાસારૂપે પૂરો પાડું તો તે અસ્થાને નહીં જ ગણાય : શ્રી રવિશંકર રાવળ (જેમનાં જળરંગોનાં ચિત્રો મેં આશરે ૪૫ વર્ષ પહેલાં જોયેલાં અને તેનાથી પ્રભાવિત થઈ પ્રેરણા મેળવતો આવ્યો છું!) તેમજ શ્રી બચુભાઈ રાવતના સમયના 'કુમાર'નું મેં નિયમિતપણે વાચન-મનન કરેલું છે. મને કેન્યા (પૂર્વઆફ્રિકા) છોડી અહીં આવ્યાને ૨૫ વર્ષ થયાં. જે દરમિયાન કોઈ પણ ગુજરાતી સાહિત્યનો સંપર્ક-સમાગમ શક્ય રહ્યો નહીં. દશલાખ ઉપરની વસતી ધરાવતાં આ શહેરમાં કદાચ હું એકમાત્ર ગુજરાતી હોઈશ! આવી સ્થિતિમાં મારી માતૃભાષાનું વિસ્મરણ ન થાય તે માટે ગુજરાતી ભાષા વાંચી-લખી શકે તેવાં સંબંધીઓ સાથે મેં ફક્ત ગુજરાતી ભાષામાં જ પત્રવ્યવહાર કરવાનો આગ્રહ રાખ્યો છે.

ભારતમાં રહેતા એક સ્નેહી મિત્રે તે વિષે થોડું વધુ જાણવાની ઇચ્છા બતાવતાં મેં મારા સાહિત્ય અને કળાપ્રેમના ખુલાસાઓ કરતાં શ્રી રવિશંકર રાવળ, શ્રી વિજયગુપ્ત મૌર્ય, શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી ઇત્યાદિ લેખકોનાં નામો સાથે 'કુમાર' અને 'અખંડ આનંદ' માસિકોનો ઉલ્લેખ કર્યો હતો. તે મિત્રે મારા માટે આકાશ-પાતાળ એક કરીને મને 'કુમાર'નો મે ૧૯૯૯નો અંક હવાઈ રસ્તે મોકલી આપ્યો. જે મળતાં તમારાં નામ અને સરનામાની જાણકારી મળી શકી. 'કુમાર'ના મે મહિનાના અંકમાં શ્રી અશોક હર્ષનું લેખન વાંચ્યું. તેમનાં અન્ય લેખો વાંચેલાં હોય તેવું સ્મરણ છે.

- જગદીશચંદ્ર પરમાર (કોલોન - વેસ્ટ જર્મની)

સુધારો : અંક ૮૫૯માં (૧) 'વાચકો લખે છે'માં પહેલા કૉલમની છેલ્લી લીટીમાં 'છેક ૧૯૬૦માં આ અંગે કરારો થયા' તેના બદલે '૧૯૫૫માં આ અંગે કરારો થયા' એમ વાંચવું - નૌતમભાઈ વખારિયા

(૨) શ્રી ભાનુપ્રસાદ પંડ્યાના સૉનેટ 'મહાવ્યાલ'ની ૧૩મી પંક્તિમાં 'આરોગે' શબ્દ પછી 'કૈં' ઉમેરીને વાંચવું.

કલિત કેવળ ભાવ-હેજ / રાજેન્દ્ર શાહ

(વસંતતિલકા : સૉનેટ)

ત્હારે ઉરે લહું નિરન્તર વાસ મ્હારો;
મ્હારે ઉરે તું ય નિવાસ કરી રહેલ.
ને એમ આ ભવમહીં કરતાં સહેલ;
મધ્યે અનન્ત જલ, દૂર કહીં કિનારો.

જાણે પ્રશાન્ત, પણ નીલિમ નીર-ઝીલ્યા
વ્યોમાન્તરાલ ગહનેથી નિગૂઢ એવી,
કો ભૃઙ્ગ-ગુઞ્જન સમી, કહી જાય કેવી
વાણી તરઙ્ગિત, - અને ઉરપદ્મ ખીલ્યાં.

જેવી નભે દ્યુતિ, અહીં નયને ય એ જ;
બ્રહ્માણ્ડ બિન્દુમહીં પૂર્ણપણે વસન્ત;
નાના વિચિત્ર કંઈ વર્ણ-લયે લસન્ત.
ક્યાં આપણે? કલિત કેવળ ભાવ-હેજ.

મધ્યે અનન્ત જલ, દૂર કહીં કિનારો;
મ્હારે ઉરે તું, તવ હાર્દ નિવાસ મ્હારો.

અણદીઠ પંખી / રમણીક સોમેશ્વર

(વસંતતિલકા : સૉનેટ)

મારા બધા જ પરિતાપ લઈ ઊભો છું
બારી કને - દિવસ જ્યાં ક્ષિતિજે ઢળે છે
સંચાર ના પવનનો, કંઈ સ્થિર ઊભાં -
આ લીમડો શિરીષ ને ગુલમોર પાસે
જાણે મઢ્યાં છબિ મહીં ન હલે ન ચાલે
ને દૂરની ક્ષિતિજ પે વિખરાયલાં છે
થોડાક રંગ, લસરે અવ સૂર્ય આઘે
એવી પળો લઈ અમાપ અહીં ઊભો છું.

ઊભો જ છું ગતિવિહીન યુગોથી જાણે
થીજી ગયેલ સ્થળ-કાળ, દિશા બધીયે
ખોડાયલો, અકળ જોઈ રહું દિગંતે
બારી કને, નવ હલું ન ચલું જરાયે.

ત્યાં દૂર કોઈ ટહુક્યું અણદીઠ પંખી
આલાપનો મૃદુ ઉજાસ લઈ ઊભો છું.

ભાષાની ઊંઘ હિલોળાય / લાભશંકર ઠાકર

ભાષાની ઊંઘ હિલોળાય
સ્વપ્રહંસ
તરતા રહે.

કિચુડ કિચુડ ઊંઘવું
ને
કિચુડ કિચુડ જાગવું
ઊંઘભરી ભાષા ઘેરાય
શબ્દહંસ
સરતા રહે.

ઊંઘભરી આંખોના
તેજભર્યા હેજમાં
જાગેલી ઝાંખોનાં
ભેજભર્યા તેજમાં
ઋત્ સત્‌નાં મોતી હેરાય
ચિત્તહંસ
ચરતા રહે.

કલિત કેવલ ભાવ-હેજ : દાંપત્યજીવનના સુભગ અને સુખમય પરસ્પરાવલંબન અને ઐક્યની અનુભૂતિનું સૉનેટ. **ભાષાની ઊંઘ હિલોળાય :** રાસના લોકલયમાં અને રાસના પારંપરિક આકારને અતિક્રમીને ભાષાના વિષયને તાગતી ભાષા દ્વારા જ સમ્યક્ ભાષાની, રસાર્દ્ર કાવ્યભાષાની જિકર કરતી રચના. **અણદીઠ પંખી :** ઉદાસચિત્ત કાવ્યનાયક બારી પાસે ઊભો ઊભો બહારનું દૃશ્ય નિહાળી રહ્યો છે. એને એમ લાગે છે કે જાણે એ ચિત્તસ્થિતિ યુગોથી ચાલી આવી છે! ત્યાં જ દૂરથી કોઈ અણદીઠ પંખીનો મધુર અવાજ શ્રુતિગોચર થાય છે અને સકલ સંવિત આનંદમય બની રહે છે. **સભરતા :** કરોળિયાનું ખાલી જાળું, ભમરીનું ખાલી દર, પીપળા પર ઝૂલતો ખાલી માળો અને કોઈ રાજમહેલની શૂન્યતાભરી સ્થિતિ - આમ બધું જ્યાં ને ત્યાં ખાલી ખાલી ભાસે છે ત્યાં કવિને સકલમાં અઢળક સભરતાનો ભાસ થઈ રહે છે!

સભરતા / શંભુપ્રસાદ જોશી

(કટાવ)

સામે ઊંચે ભીંતખૂણે આ
ત્યજાયલું ઘર ઊર્ણનાભનું
ખાલી ખાલી!
કીટભ્રમરનો ન્યાળ તોળતું
અહીં જુઓ આ
ભમરી કેરું દર, જે ઠાલું!

મંદિરના નિર્જન વાડામાં
ધૂણે પીપળો,
સળેખડાં કૈં અસ્તવ્યસ્ત ઓ
ઊંચી ડાળે
નીડ વિષે અવકાશપિંડ
ભીતર ઝૂરે છે!

એક વેળની ભવ્ય સાહ્યબી
ઝાંખીપાંખી ડોકાતી આ
રાજમ્હેલખંડેર તણા
અણુએ અણુઓમાં!
નરી શૂન્યતા
રહી રહી ત્રમકારે રડતી!

જુઓ જુઓ આ
પણે રાફડો, કીડી કેરાં
કટક ઊતર્યાં,
સાપ નીકળ્યા ઘર છોડીને
ઊભે મારગ,
રહ્યા લિસોટા કેવળ!

અરે અરેરે હ્યાંથી પેલું
મધમાખીના ઝુંડ તણું,
સામ્રાજ્ય ગયું ક્યાં?
રહ્યો માત્ર ખાલી ખાલીપો
મધને પૂડે!

ખાલીપાને રૂપ જૂજવે
એકરૂપતા આછુંઆછું
મલકે!
છો ભાસે સૌ રિક્ત, સભરતા
વ્યાપક થઈને અઢળક અઢળક
છલકે!

ઢાઈ અક્ષર / રતુભાઈ દેસાઈ

(ગાન)

ઢાઈ અક્ષર પ્રેમતણા તે કિસ બિધ પાયા જાય?
લિખે કોઈ કેવળ કાગજ પર, કોઈ રટે, કો ગાય;

પણ જે પલટ પલટ કર પામે, વહેંચે, ખુદ વહેંચાય;
ઢાઈ અક્ષર સહજમહીં તે પાંચ ગણા થઈ જાય!

પાંચ થકી પચ્ચીસ બને, શતસહસ્ર પણ રે થાય;
જો ભીતરનું ભીતર આખ્ખું આરપાર વીંધાય!

આરપાર વીંધાયઃ ભલા! તે ફરીફરી સંધાય;
સહુને બાંધી જાય અને ખુદ ખુશનસી બંધાય!

ઢાઈ અક્ષર પ્રેમના,
પામો તેમ પમાય!

અવકાશ / રજનીકાન્ત સથવારા

(ગઝલ)

એક પીછું છે અને આકાશ છે,
કોઈ વિસ્તરતી જતી હળવાશ છે.

હું અરણ્યોથી છલોછલ થઈ ગયો,
ક્યાં કશાની પણ હવે ગુંજાશ છે!

પાંપણો પણ ઊંચકી નહોતી તમે,
તોય આખા બાગમાં ખારાશ છે!

જળ હવે તો ચીતરી પણ નહિ શકું,
જ્યાં લગી કાગળ ઉપર ભીનાશ છે.

પાંચ ફૂટ નવ ઈંચથી આગળ હવે,
વેદનાને ક્યાં કશો અવકાશ છે!

પથ / દુર્ગેશ ન. ભટ્ટ

(પરંપરિત સવૈયા)

પથ આ ધારે મુજને,
પથને અંતર ધારું,
ગમી ગઈ એ રીત.
ભલે ને વિઘ્ન-દોડ આ,
કાબરચીતરા કોલાહલ યે
સ્વસ્થ ગતિને નડતા-હણતા,
પાય રેખની બ્હાર પડે ના સ્હેજે ત્યાં યે,-
ઝંખન તો બસ એ જ સદાની
મનગમતી એ રીત.
પથ આ ધારે મુજને,
પથને અંતર ધારું...

પડ આખ્ખું જાગ્યું બેબાકળું / ઊજમશી પરમાર

(ગાન)

રાત એવી પાથરે પથારા કે કેમે ના આંખોમાં ઊગે ભળભાંખળું,
મોરલાની ગ્હેકે જ્યાં ઝબક્યું પરોઢિયું, પડ આખ્ખું જાગ્યું બેબાકળું.

આડશ આ વનરઈની કેવી કે ઠેરઠેર તડકાએ બાકોરાં પાડ્યાં!
ઊભાં ને ઊભાં સૌ વન કેરાં અંધારાં તેજ તણી છરીએથી વાઢ્યાં!

બસ, હવે જીવ એવો ગ્યો છે ધરાઈ, ભોંય રહેવાની મનસા ના થાતી,
તડકાની નિસરણી માંડીને ધુમાડી આંબે આકાશ ઠેઠ જાતી.

વાદળ અળવીતરું ઠલવી ગ્યું ધૂધવા, આવું તે કેવું એ ચાવળું?
ઝાડવાં જો છંટકોરે માથાં તો પાણી મહીં ક્યાંથી ટકવાનું પાવળું?

વાદળીઓ પલપલિયાં પાડે તો ડુંગરાયે ખળખળતાં ઝરણાં દદડાવે,
નદીઓ તો કાયમના સંગાથી કાંઠાને એમનેમ મેલી બણકાવે!

પાછી ધકેલી છે / સુરેન્દ્ર કડિયા

(ગઝલ)

બધી સંવેદનાઓ હાલ મેં પાછી ધકેલી છે.
હૃદયની ચોતરફ એણે સુરંગો પાથરેલી છે.

નીચે ધસમસતો કાગળ ને ઉપર વાદળ ઝળૂંબે છે,
અને મેં ટેરવાં ઉપર ચણોઠી ટેકવેલી છે.

વધે છે રણ અને આ રેતકણ એનો ખુલાસો શું?
ઘણી યે ધારણાઓ હોઠ પરથી ખેરવેલી છે.

તમારું સ્મિત શીતળ પણ જરી જુદા પ્રકારે છે,
તરસની લાગણી જાણે બરફમાં ભેળવેલી છે.

તમે માસૂમ પગલું મૂકતાં મૂકી દીધું જળ પર,
નિશાની એક કેડીની મનોહર કોતરેલી છે.

ઠપ છે / ધીરુ પરીખ

(ગાન)

આપણું તો હમણાંનું ઠપ છે!
ચોપાસે ઊમટ્યા છે લાગણીના રગડાઓ,
ચિંતન-વિચાર કરે અન્દર કૈં ઝગડાઓ,
આંગળાં તો એમનેમ ઊભાં ને હાશ છે!
કાગળ-કલમનો કૈં એમને ક્યાં ખપ છે!

જુઓ તો શાહીથી ભીંજાયાં છે કાગળિયાં!
શબ્દો સાચા કે પછી જૂઠાં કો માદળિયાં?
હજુ ઘોડાપૂર ઊમટશે એવી કો આશ છે!
આ તો ભીતરના ભડળીએ મારેલી ગપ છે!

અભાનપણે સક્રિય સહુ સર્જકોને અર્પણ

ઢાઈ અક્ષર : પ્રેમના અઢી અક્ષર લેખન કે અવાજથી પમાતા નથી; એ તો હૈયાના ઊંડાણમાં પામવાના અને પમાડવાના હોય છે. પડ આખ્ખું જાગ્યું બેબાકળું : ઊગતા પ્રભાતનું વિવિધ કલ્પનાભર્યાં પ્રાકૃતિક દશ્યવર્ણનોથી ખડું થતું રમ્ય ચિત્ર. પથ : આમ તો રસ્તો ચાલવા માટે છે. પણ અહીં પથ અને પથિક અરસપરસ ઓતપ્રોત છે તેવી કલ્પનાનું કાવ્ય. અવકાશ : ગઝલના મત્લામાં હળવાશથી આરંભાઈ મક્તા સુધી પહોંચતા પિંડે વ્યાપેલી વેદનાની અનુભૂતિનું ભારેપણું અભિવ્યક્ત થયું છે. પાછી ધકેલી છે : કાવ્યનાયક વિવિધ શેરમાં જુદાં જુદાં દષ્ટાંતોથી સંવેદનશીલ ચિત્તની વેદના વ્યક્ત કરવા મથે છે. - ધી.પ.

આ ત્રણ પ્રકારના માનવીઓ આપણી આજુબાજુ જ છે.

સુધીર દેસાઈ

આપણે જીવનમાં જે બનવું હોય તે બનવા માટેનો પહેલો નિયમ એ છે કે જે બનવું છે એને પહેલા જુઓ, જાણો અને સમજો. ડૉક્ટર થવું હોય તો પહેલાં જુઓ કે ડૉક્ટર શું કરે છે, કેવી રીતે કરે છે, એ રીતે વર્તવા માટે એણે શું કર્યું, એ આમ જ કેમ વર્તે છે વગેરે.

આપણે જોઈશું તો લગભગ બધા જ ડૉક્ટરની વર્તવાની એક પદ્ધતિ હોય છે. અને એટલે જ આપણે એની વર્તણૂક જોઈને કહી શકીએ કે આ માણસ ડૉક્ટર હશે.

દરેક વ્યવસાયની એક ચોક્કસ પદ્ધતિ હોય છે. એ વ્યવસાયની વ્યક્તિ અમુક જ રીતે વર્તે. જે વસ્તુ એક વ્યવસાયનો માનવી જાણવા માટે પ્રયત્ન કરશે તેવો પ્રયત્ન બીજા વ્યવસાયનો માનવી ન પણ કરે.

હમણાં જ એક કિસ્સો વર્તમાનપત્રમાં વાંચ્યો. એક મોટા બિલ્ડરનો દીકરો માંદો પડ્યો. એને કમળો થઈ ગયો હતો. હૉસ્પિટલમાં ઘણો વખત રાખ્યો પણ સાજો ના થયો. એની હાલત બગડતી જ ચાલી. ડૉક્ટરોએ કહી દીધું, 'અમારાથી જેટલું થયું એટલું બધું કર્યું છે અમે. પણ હવે અમે વધુ કંઈ કરી શકીએ એમ નથી. હવે અમને એવું લાગે છે કે એના બચવાની શક્યતા પણ ઓછી છે.'

બાપ ગભરાઈ ગયો. હવે શું થશે મારા દીકરાનું? ત્યાં એને કોઈકે કહ્યું કે એક એંસી વર્ષની બાઈ છે ને તે ઝૂંપડપટ્ટીમાં રહે છે. સવારે સાતથી નવ સુધી કમળો ઉતારે છે. એક પણ પૈસો લેતી નથી. એની સામે એક માતાજીનો ફોટો છે ત્યાં એક નારિયેળ મૂકવાનું કહે છે. લોકોની લાઈનો લાગે છે એને ત્યાં.

પેલો બિલ્ડર બાપ એક દિવસ વહેલી સવારે પહોંચી ગયો પેલી બાઈની ઝૂંપડીએ અને લાઈનમાં બેસી ગયો. એનો વારો આવ્યો એટલે પેલી બાઈએ એક પાણી ભરેલા વાસણમાં કોઈ પાઉડર નાખ્યો અને પછી પેલા બિલ્ડરના દીકરાને કહ્યું, 'દીકરા! તારા બન્ને હાથ આ વાસણમાંનાં પાણીમાં બોળી રાખ, હું કહું ત્યાં સુધી.'

છોકરાએ એના બન્ને હાથ પાણીમાં બોળી રાખ્યા. પેલી બાઈએ આંખો બંધ કરી મંત્રો બોલવા માંડ્યા. થોડી જ વારમાં વાસણમાંનાં પાણીનો રંગ પીળો થવા માંડ્યો. થોડી વારમાં તો હળદર જેવું પીળું થઈ ગયું. પાણી હળદર જેવું થઈ ગયું એટલે પેલી બાઈએ કહ્યું,

'બસ! હવે દીકરા કાલે પાછો આવજે.'

બાપ-દીકરો માતાજી પાસે નારિયેળ મૂકીને જતા રહ્યા. બીજે દિવસે પણ આજ વિધિ કરી. છોકરાને ત્રીજે દિવસે પણ બોલાવ્યો. વિધિ થઈ ગઈ પછી પેલી બાઈએ કહ્યું, 'દીકરા! તારો કમળો જતો રહ્યો, જા હવે ઘેર જઈ આરામ કર.'

પેલા બિલ્ડરે બાઈને પૈસા આપવા આગ્રહ કર્યો, પણ બાઈએ કંઈ લીધું જ નહીં.

'તારો કમળો જતો રહ્યો દીકરા!' શબ્દો સાંભળી બાપને આનંદ આનંદ થઈ ગયો. એ તો સીધો લેબોરેટરીમાં પહોંચી ગયો દીકરાને લઈને. ત્યાં ટેસ્ટ કરાવ્યો. ટેસ્ટમાં ખબર પડી કે દીકરો નૉર્મલ થઈ ગયો છે.

પેલો બિલ્ડર સીધો હૉસ્પિટલમાં રિપોર્ટ લઈને ગયો. ડૉક્ટરોને રિપોર્ટ બતાવ્યો. ડૉક્ટરોને ઘણી જ નવાઈ લાગી. એમણે કહ્યું : આ રિપોર્ટ પ્રમાણે હવે તમારો દીકરો કમળામાંથી બહાર આવી ગયો છે. પણ આ બન્યું કેવી રીતે? તમે કંઈ દવા આપી?

પેલા બિલ્ડરે બધી વાત માંડીને કહી.

ડૉક્ટરોએ હસીને કહ્યું, 'અરે, એ તો બધું મંબોજંબો કહેવાય. અમે એમાં નથી માનતા. અમારું વિજ્ઞાન પણ આ વાતને સ્વીકારતું નથી.'

પેલા બિલ્ડરે કહ્યું, 'ડૉક્ટર સાહેબ! તમારો જ આ કેસ. તમે જેમાં હાથ ધોઈ નાખ્યા હતા એ જ કેસ છે. બાઈએ મારા દીકરાને બચાવ્યો છે. આ પદ્ધતિ જો શીખવામાં આવે તો કેટલા બધાને ફાયદો થાય?'

ડૉક્ટરે કહ્યું, 'હજી આપણે ત્યાંથી આ અંધશ્રદ્ધા ગઈ નથી. આવાં લોકો સામે સરકારી પગલાં ભરી એમને બંધ કરાવી દેવા જોઈએ. આવાં આભણ માણસો માણસના જીવ સાથે રમત ન રમી શકે.'

હવે વિચારવા જેવી વાત એ છે કે માણસના જીવ સાથે કોણ રમે છે? આ ડૉક્ટરો વિજ્ઞાનની એ મુખ્ય વાત ભૂલી ગયા કે અત્યારે જેટલી માહિતી વિજ્ઞાને આપી છે ત્યાં જ બધું પૂરું થઈ નથી જતું. જ્ઞાન તો અગાધ છે. એને પામવા માટે અનેક રીતે સતત પ્રયત્ન કરવો જોઈએ.

પણ આ એક ચોકઠામાં પુરાઈ ગયેલા માનવીઓ છે. અને એટલે જ એમનો વિકાસ અટકી જાય છે એમના ક્ષેત્રનો.

આપણે પણ માનવીને સમજીએ છીએ એવું માનીએ છીએ. પણ નથી સમજતા. માનવીને સમજવા માટે પુસ્તકો વાંચીએ

છીએ પણ માણસને વાંચતા નથી. દરેક માનવી એક દુનિયા જેવો હોય છે. જેટલા વધુ માનવીઓને મળીએ એટલી માનવી માટેની સમજ વધે.

પણ આજના જમાનામાં આપણે માનવીઓને મળવાનું ટાળીએ છીએ. અમુક નક્કી માણસો સિવાય નવા કોઈની જોડે સંબંધ બાંધતા નથી. નવા માનવી જોડે વાત કરતા નથી, ટાળીએ છીએ.

પણ કલાકાર હંમેશાં વધારે ને વધારે માનવીને મળવાનો પ્રયત્ન કરતો હોય છે. એટલે જ એ વધારે સારી રીતે પોતાની કળા દ્વારા માનવીને, એની લાગણીઓને, એની ભાવનાને, એની ઇચ્છાઓને વ્યક્ત કરી શકતો હોય છે.

હમણાં જ એક પ્રસંગ વાંચ્યો.

એક પ્રખ્યાત લેખક વાતો પણ સરસ કરે. જે કોઈ એમને ત્યાં મળવા જાય એને આનંદ આનંદ થઈ જાય. ગમ્મતના પ્રસંગો પણ પેલા લેખક આવનાર વ્યક્તિને કહે.

કેટલાંયે અઠવાડિયાંઓથી એ અને એમનાં પત્નીને વાતો કરવાનો મોકો જ મળ્યો ન હતો આ બધા મહેમાનોને કારણે. એ લોકો એમના પોતાના કામની વાતો પણ કરી શક્યાં ન હતાં. એમની જિંદગીના પ્રશ્નોની ચર્ચા કરવાનો સમય પણ એમને મળ્યો ન હતો.

એક દિવસ એવું બન્યું કે એમને ત્યાં કોઈ મળવા આવ્યું જ નહીં. સાંજ પડી ગઈ હતી.

'આજની સાંજ ઘણી જ સરસ છે નહીં?'

'ખરેખર સરસ છે. પણ રોજ આવી જ સરસ હોય છે ને? આજે તે ખાસ એવું શું છે?' પત્નીએ હસતાં હસતાં પૂછ્યું.

'અં...! આજે જુઓને કોઈ જ મહેમાન નથી. અને સાંજ તો પડી ગઈ! બહારના માણસો સાથે જ વાતો કરવામાં આપણો સમય પસાર થઈ જાય છે. આજે હવે જો કોઈ ન આવે તો સારું.' લેખકે કહ્યું.

'જો કોઈ પણ આવશે ને તો હું એમને કહી દઈશ કે આજે એ બહુ કામમાં છે.' એમની પત્નીએ દઢતાંથી કહ્યું.

અને એ જ સમયે બારણાની ઘંટડી વાગી. લેખકની પત્ની ઉતાવળે બારણા પાસે ગઈ - પોતે લીધેલ નિર્ણયનો અમલ કરવા.

પણ પત્નીની પાછળ લેખક મહાશય ઊઠ્યા - એમની બે જણાની વાતોમાં ખલેલ કરવા આવનાર વ્યક્તિને આવકારવા.

'ઓહ! આવો આવો, અંદર આવો; કેમ છો? મજામાં?'

લેખકને એ વાતની ખબર છે કે માનવી એક આખું વિશ્વ છે. એની પાસેથી જેટલું જાણીએ એટલું ઓછું છે. માનવીને સમજવા માટે માનવીને મળવું બહુ જ જરૂરી છે. તો જ સાચા માનવીના ગુણો ખબર પડે. અને ઉત્તમ માનવી બની શકાય.

સેમ વોલ્ટર ફોસની કવિતાની સરસ પંક્તિઓ છે :

> Let me live in my house
> by the side of the road,
> And be a friend to man!

પેલા ડૉક્ટરને એની પાસે જે જ્ઞાન છે એનાથી આગળ વિચારવામાં રસ નથી. એને માણસમાં નહીં, ધંધામાં રસ છે. પેલી ડોશીને લોકોને સારા કરવામાં રસ છે. એના પૂર્વજોએ આપેલી વિદ્યાનો ધંધો નથી કરવો. એને માટે માણસને સારો કર્યો એમાં જ બધું આવી ગયું. અહીં કોઈ અંધશ્રદ્ધાનો બચાવ નથી.

આજના સંક્રાન્તિકાળમાં આ ત્રણે પ્રકારના માનવીઓ આપણી આજુબાજુ જ જોવા મળે છે.

ઉત્તમ માનવી બનવા આપણે શું કરવું તે આપણે નક્કી કરવાનું છે. □

આનકથા

વિચાર-નિર્વિચાર

બહાદુરભાઈ જ. વાંક

આગમનમાં ગુરુ બજુવાના દર્શને આવેલા કેટલાક વિચારશીલ માણસોમાંથી એક ભાઈએ તેમને પૂછ્યું : 'અમને બધાને વિચારોની સરહદ ઓળંગીને, નિર્વિચારના પ્રદેશનાં ક્યારેય પણ દર્શન થઈ શક્યાં નથી. તો અમે જાણવા એ માગીએ છીએ કે આપ વિચારમાંથી નિર્વિચારમાં કેવી રીતે જઈ શકો છો?'

'મારા માટે વિચારમાંથી નિર્વિચારમાં જવાનો કોઈ પ્રશ્ન જ નથી.' ને હસતા હસતા બજુવા બોલ્યા : 'જ્યારે હું આકાશ સામે જોઉં છું, ત્યારે નિર્વિચારમાં હોઉં છું, ને ધરતી સામે જોઉં છું ત્યારે વિચારમાં!'

એટલે એક ભાઈએ પૂછ્યું : 'અત્યારે આપ વિચારમાં છો કે નિર્વિચારમાં?'

મંદ સ્મિત સાથે બજુવા બોલ્યા : 'અત્યારે વિચારમાં પણ છું, અને નિર્વિચારમાં પણ છું!'

એ ભાઈએ દલીલ કરી : 'પણ વિચાર અને નિર્વિચાર બંને એકીસાથે કેવી રીત સંભવી શકે?'

'જ્યાં બધું એકીસાથે જ સંભવી શકે છે, એનું જ તો નામ છે અધ્યાત્મ.' બજુવાએ કહ્યું.

ત્યાં વળી પાછા એક ભાઈ બોલ્યા : 'તો એનો મતલબ એ કે અત્યારે આપ ધ્યાનમાં પણ છો અને બેધ્યાનમાં પણ છો, એમ જ ને?'

'ના, અત્યારે હું ધ્યાનમાં પણ નથી, અને બેધ્યાનમાં પણ નથી!' હસતા હસતા બજુવા બોલ્યા.

ફરી એકીસાથે ત્રણ-ચાર માણસોએ પૂછ્યું : ' અત્યારે આપ ધ્યાનમાં પણ નથી અને બેધ્યાનમાં પણ નથી, તો અત્યારે આપ ક્યાં છો એ કહી શકશો?'

ને બજુવા ઉવાચ : 'અત્યારે તો માત્ર છું તમારી સામે!!' □



જેમની આ વર્ષે જન્મશતાબ્દી છે તે
સાને ગુરુજી

શ્રદ્ધા ત્રિવેદી

એક નાનકડો છોકરો. શ્યામ એનું નામ. રોજ સાંજે રમીને આવીને નાહવાની એને ટેવ. એક સાંજે એમ નાહ્યો ને માને બૂમ પાડવા લાગ્યો : 'મા, મારું શરીર જલદી લૂછી આપ.' મા આવી. સાલ્લાના છેડા વડે શરીર લૂછ્યું ને કહ્યું : 'જા, દેવનાં ફૂલ ઉતારી લાવ.' શ્યામે કહ્યું : 'મારાં તળિયાં ભીનાં છે, એને માટી ચોંટશે, મારાં તળિયાં લૂછી નાખ.' 'તળિયાં ભીનાં છે તેથી શું થયું? શાના વડે લૂછું?' મા બોલી. 'તારો છેડો નાવણિયા ઉપર પાથર, એની ઉપર હું પગ મૂકીશ. તેના ઉપર પગ લૂછી નાખીશ અને પછી કૂદકો મારીશ. મને ભીના પગે માટી ચોંટે એ નથી ગમતું. પાથર ને તારો છેડો.' શ્યામ બોલ્યો. બાળકની જીદ પાસે મા ઝૂકી ગઈ. તેણે છેડો પાથર્યો. શ્યામે તેના પર પગ મૂક્યા, ચોખ્ખા કર્યા ને કૂદકો માર્યો. માનો સાલ્લો ભીનો થયો તેની તેને ક્યાંથી પરવા હોય? તે ફૂલ ઉતારી લાવ્યો. મા આરતી લઈ આવી ને બોલી : 'શ્યામ, પગને માટી લાગે નહિ એટલા માટે આટલી ચીવટ રાખે છે; તે જ પ્રમાણે મનને મેલ ન લાગે તેટલા માટેય ચીવટ રાખજે. દેવને પ્રાર્થના કર કે શુદ્ધ બુદ્ધિ આપે.' ને માની આ વાણી દીકરાને હૈયે છપાઈ ગઈ. એ પ્રમાણે એણે જીવી બતાવ્યું. આ 'શ્યામ' તે જ આપણા સાને ગુરુજી. 'શ્યામ' તેમનું હુલામણું નામ હતું.

જેણે જીવનમાં અનેક તડકી-છાંયડી જોઈ, જેણે ધનવાન કુટુંબમાં જન્મીને, થોડો સમય અઢળક સુખ જોયા બાદ અધ્યયન માટે ભિક્ષુકવૃત્તિ પણ ધારી, જેણે પોતાની કૃતિઓ દ્વારા માનવના ચારિત્ર્યઘડતર માટેની સંગીન બુનિયાદ તૈયાર કરી અને જીવનને સાચા પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે વાસ્તવિકતાના પાયા ઉપર ઊભું રહેવા જરૂરી નક્કર જ્ઞાન અને સ્પષ્ટ દૃષ્ટિ અર્પ્યાં તે 'શ્યામ' પ્રસિદ્ધિ પામ્યા 'સાને ગુરુજી'ના નામે. તેમનું મૂળ નામ પાંડુરંગ સદાશિવ સાને. કોંકણના રત્નાગિરી જિલ્લાના દાપોલી તાલુકાના પાલગડ ગામમાં પૈસાદાર ગણાતા એક ચિત્પાવન કુટુંબમાં તા.૨૪-૧૨-૧૮૯૯ના રોજ તેમનો જન્મ થયેલો. પિતા સદાશિવ વડવલી ગામના 'ખોત' (જમીનદાર) હતા. તે કારભારી હતા ને વૈભવશાળી ગણાતા ઘરમાં તેમને સહુ 'ભાઉ' કહેતા ને લોકો તેમને 'ભાઉરાવ' કહી બોલાવતા. તેઓ સ્વમાની, નીડર અને હૃદયથી ખૂબ સરળ હતા. માતા યશોદા (જેનું પિયરનું નામ 'આવડી' હતું) તેમની માત્ર જન્મદાત્રી જ નહોતી, ગુણદાત્રી અને ગુરુ પણ હતી. માતાનાં સંસ્કારો અને ભાવનાશીલતા પાંડુરંગમાં સોળે કળાએ ખીલ્યાં. સો શિક્ષકની ગરજ સારતી આ માતાએ પાંડુરંગની માટી એવી ઘડી, તેમાં કસ્તૂરી એવી સહજ રીતે ભેળવી દીધી કે તે મહેકી ઊઠી. વ્યક્તિના ઘડતરમાં તેની બાલ્યાવસ્થા અને કુટુંબીજનોનું મહત્ત્વ શું છે તે પાંડુરંગનું બાળપણ ઉત્તમ રીતે દર્શાવે છે. માએ પ્રસંગોપાત્ત કરેલાં વિધાનોએ પાંડુરંગના માનસને ઘડવામાં મોટો ફાળો આપ્યો છે. જેમ કે, માતાએ કહેલું કે, 'પાપ કરતાં માણસે શરમાવું જોઈએ, સારું કામ કરવામાં શરમ કેવી?; 'અડધેથી ચૂંટી આણેલી કળીઓ જેમ ખીલતી નથી, તેમ અડધાં-પડધાં કામ પાર પડતાં નથી. જે કામ કરીએ તે સંપૂર્ણ અને સાંગોપાંગ કરીએ. ગમેતેમ વાંકુંચૂંકું કરવા કરતાં ન કરવું એ જ સારું.' માનાં આવાં આવાં શીખ-વચનોમાંથી તેઓ ઘણું પામેલા. શ્યામ ઉમદા માનવી બન્યો -સંત બન્યો. તેના મૂળમાં માતાનાં આવાં સદ્‌વિચારભર્યાં વિધાનો કારણભૂત છે. શ્યામ સત્યનિષ્ઠ, પ્રેમાળ બને, માનવમાત્ર સાથે કોઈ પણ ભેદભાવ વગર સમભાવથી જોડાય, પુરુષાર્થ કરવામાં પાછી પાની ન કરે, સૌ કામને મહત્ત્વનાં સમજે, હંમેશ બીજાની દૃષ્ટિ સમજવા પ્રયત્ન કરે - આવી આવી બાબતો પ્રત્યે માતાએ જે વિચારબીજ તેના ચિત્તમાં રોપેલાં તે પાછળથી ઘટાદાર વૃક્ષ બની ફાલ્યાં-ફૂલ્યાં ને તેથી જ આધુનિક મહારાષ્ટ્રના સર્વને વહાલા-પ્રિયજન-આત્મીયજન-



સાનં ગુરુજી વિચારમુદ્રામાં...

સંતજન તેઓ બની રહ્યા. તેમણે કબૂલ્યું છે કે, 'તે જ સુવાસ આપનારી, રંગ આપનારી. ખરેખર હું તો કશું જ નથી. બધુંય એનું, તે મહાન માતાનું.' ને જુઓ, આ માતૃભક્ત પાંડુરંગની કરુણતા કે જ્યારે માતા મૃત્યુ પામી ત્યારે અભ્યાસ અર્થે તે દૂર હોવાથી તેમનાં અંતિમ દર્શન ન કરી શક્યો! મોંમેળાપ ન થયો!

ઈશાવાસ્ય ઉપનિષદ જેણે જીવનમાં ઉતાર્યું તેવા આ પાંડુરંગના બાળપણનાં બહુ થોડાં વર્ષો સુખમાં ગયાં. પાછળથી કુટુંબના ઝઘડામાં પિતાએ બધું જ ખોયું. રહી માત્ર જમીન. સ્વાભિમાની પિતાએ સસરાની મદદ ન સ્વીકારી ને માતાએ પણ પતિની પ્રતિષ્ઠા જળવાઈ રહે તેવું જ વલણ દાખવ્યું.

પાંડુરંગને ઘરમાં સૌ 'અણ્ણા' કહેતાં, 'પિંઢરી' પણ કહે. બાલ્યાવસ્થામાં માના પાલવ નીચે પાલગડમાં તે થોડુંઘણું ભણ્યો. પછી થોડો સમય મામાને ત્યાં ભણ્યો; પણ માથી દૂર રહેવા ટેવાયેલો નહીં તે થોડા જ સમયમાં પાછો આવ્યો ને નજીક આવેલ દાપોલીની મિશન સ્કૂલમાં ભણ્યો. તે વખતે રજાના દિવસે તે માને મળી જતો ને પછીના અઠવાડિયા માટેનું માનસિક ભાથું મેળવી લેતો. પછી દિવસે દિવસે ઘરની સ્થિતિ ઘસાતી ચાલી. તેથી અંગ્રેજી પાંચમા ધોરણ સુધી ભણ્યા બાદ આગળ ભણવામાં તકલીફ ઊભી થઈ. પિતાએ તો હાથ ઊંચા કરી દીધેલા ને પાંડુરંગને તો ભણવાની તીવ્ર ઝંખના! ત્યાં તેને ખબર પડી કે ઔંધમાં ગરીબ વિદ્યાર્થીને મફત ખાવાનું અને ફી-માફી મળી શકે તેમ છે. બાળકની તાલાવેલી જોઈ માએ ઔંધ જવાની સંમતિ આપી અને ૧૯૧૬માં તેઓ ત્યાં ગયા. પાછળથી ખાવાની તકલીફ પડવા માંડી. ત્યાં ચક્કીમાં નોકરી કરતા એક માણસ જોડે પરિચય થયો. એ આ નાનકડા પાંડુરંગને થોડો લોટ લાવી દેતો. આ કિશોર થોડા દિવસ તો એ લોટની ભાખરી બનાવી ખાતો રહ્યો, પણ એના જીવને ચેન ન પડ્યું! એને થયું : 'પૈસા આપ્યા વિના ખાઉં છું માટે ચોરી જ કહેવાય!' પ્રામાણિકતાનો કેવો સૂક્ષ્મ ખ્યાલ! અને તેથી મિત્રના અતિ આગ્રહ છતાં લોટ લેવાનું બંધ કર્યું ને આખરે ભિક્ષા-માધુકરી માગવાનું નક્કી કર્યું. આ સંદર્ભે તેઓ લખે છે : 'એ રવિવાર હું કોઈ દિવસ ભૂલીશ નહીં. મારું અબોટિયું, થાળી અને એક રૂમાલ લઈ હું ગોવિન્દાને ઘેર ગયો. ત્યાં અબોટિયું પહેરી લીધું. ખભા પર એક ભીનું કપડું લીધું, હાથમાં ઝોળી લીધી. મારાથી ઓરડાની બહાર નીકળાયું નહીં. મારા હાથપગ થરથરતા હતા. આંખોમાં પાણી ભરાયાં હતાં.'

'શ્યામ! આમ કર્યે કેમ ચાલશે?' ગોવિન્દા બોલ્યો.

'ગોવિન્દા! દુઃખ થાય છે.' મેં કહ્યું.

'પણ તું જ કહેતો હતો ને કે આમાં દુઃખ થવા જેવું કશું જ નથી! ત્યારે આજે આમ કેમ?'

હું બહાર નીકળ્યો. ગોવિન્દો અને હું 'ૐ ભવતિ! ભિક્ષાં દેહિ! બોલતા ઘેર ઘેર ગયા.' દુઃખ દબાવીનેય પાંડુરંગે ભણવાનું ચાલુ રાખ્યું. પણ ત્યાં જ થોડા વખતમાં પ્લેગ ફાટી નીકળ્યો ને પાંડુરંગ પુણે ગયા. ત્યાંની જાણીતી મરાઠી વિદ્યાલય નામની સંસ્થામાં જોડાયા. ત્યાં જુદે જુદે ઘેર જમવાનું ગોઠવ્યું ને જ્ઞાનપ્રાપ્તિનું લક્ષ્ય સાધ્યું. ક્યારેક ભૂખ્યા પણ રહ્યા તો કોઈ કોઈ વાર ગુવારની સિંગ ખાઈનેય દિવસ પસાર કર્યા. પણ તેઓ અધ્યયન ન ચૂક્યા. શિક્ષકોને પણ આવા નિષ્ઠાવાન અને ગુણવાન વિદ્યાર્થી પર ખૂબ વહાલ. ને તેમાંય પાંડુરંગના જવાબો પર અધ્યાપક દત્તો વામન પોતદાર તો ખૂબ ખુશ હતા. ૧૯૧૮માં તેઓ મૅટ્રિક થયા. ત્યાર બાદ પુણેની ન્યૂ પુણે કૉલેજમાં જોડાયા. ભૂતનું ઘર આંબલી તેમ પાંડુરંગનું સ્થાન પુસ્તકાલય! તેમની જ્ઞાનપિપાસા ગજબની હતી. એક પળ પણ વેડફવી તેમને ગમતી નહોતી. તેઓ સંસ્કૃત પર અસાધારણ પ્રભુત્વ ધરાવતા હતા. વળી, એ વિષય લેવાથી તેમને લાભ પણ થાત. પણ સ્થૂળ લાભાલાભમાં તેઓ ક્યારેય પડ્યા જ નહીં, ને તેમણે માતૃભાષા મરાઠી વિષય લીધો. એ વખતે બી.એ.માં શીખવવાયોગ્ય મરાઠી પુસ્તકો પણ નહોતાં. તેથી તેમના ગુરુ પ્રા.પોતદારે ખાસ પુસ્તક તૈયાર કર્યું. ૧૯૨૧માં અસહકારની લડત અર્થે તેમણે કૉલેજ છોડી; પણ પિતાની ઇચ્છાને માન આપી તેઓ પુનઃ કૉલેજમાં જોડાયા. ૧૯૨૨માં બી.એ. થયા અને ફેલો તરીકે નિમાયા. ૧૯૨૪માં એમ.એ. થયા. આ રીતે ઔપચારિક શિક્ષણની યાત્રા એમણે પૂરી કરી. ને નોકરીની શોધ શરૂ થઈ. મુંબઈની વિલ્સન કૉલેજમાં તેમણે નોકરી માટે અરજી કરી. પણ ત્યાંથી જવાબ આવે તે

પહેલાં અમલનેરની હાઈ સ્કૂલે તાર કરી તેમને બોલાવ્યા. ત્યાં ૧૯૩૦ સુધી તેઓ શિક્ષક તરીકે રહ્યા. અલબત્ત, તે જે દિવસે અમલનેરની શાળામાં જોડાવાના હતા તે જ દિવસે વિલ્સન કૉલેજનો પત્ર તેમને મળ્યો! પણ તેઓ શાળાના કિશોરો સાથે જ રહ્યા. આ જ અમલનેરે તેમને એક દિશા બક્ષી. આ દરમિયાન તેમણે માતા-પિતા ગુમાવી દીધાં હતાં. જે માતાને માટે તે ભણતા હતા, જે માતાએ તેમના ચિત્તમાં માનવજાત માટે પ્રેમ-કરુણાનાં બીજ વાવેલાં તે માતાએ પોતાની માંદગી વિશે તેમને જણાવેલું નહીં. ને આથી પાંડુરંગને માતાનાં તો નહીં, પણ તેમનાં અસ્થિનાં જ છેવટે દર્શન કરવા મળેલાં. તે વખતે પાંડુરંગના જીવનમાં જાણે અંધારપટ છવાઈ ગયો હતો. પણ ત્યાં જ - 'આ દેશની તમામ માતાઓ મારી માતા છે' - એ જ્ઞાનની સ્ફુરણા થઈ ને તેઓ અધ્યયનમાં લીન થઈ ગયા.

એમને થયું કે આપણે આપણી સંસ્કૃતિનો, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ, ને અમલનેરના તત્ત્વજ્ઞાનમંદિરમાં પાંડુરંગ ખૂંપી ગયા! ભારતના ખૂણેખૂણેથી આવતા ભાઈઓ સાથેના સંવાદોથી તેમને ભારતની આંતરિક એકતાનો ખ્યાલ આવ્યો. એમના અંતરમાં અજવાળું અજવાળું થઈ ગયું કે ખરેખર તત્ત્વજ્ઞાન તો જિવાવું જોઈએ. ઈશાવાસ્ય ઉપનિષદને જીવનમાં ઉતારવાનું તેમણે અહીંથી શરૂ કર્યું. અદ્વૈતના જ્ઞાને જ તેમને બંધુભાવ-માનવતા તરફ પ્રેર્યા ને આ ભાવને જીવવા તેમણે ગ્રંથાલયનું બંધન છોડ્યું ને માનવસમાજની વચ્ચે આવીને વસ્યા. અમલનેરની શાળામાં ભણાવતાં ભણાવતાં તેઓ છાત્રાલયના ગૃહપતિ બન્યા ને છાત્રાલયનું સ્વરૂપાંતર કર્યું. યુવાનોને સંયમી અને ધ્યેયલક્ષી કર્યા. કિશોરો-યુવાનોને સેવા, સ્વાવલંબન ને બંધુતાના ગુણો પ્રત્યે વાળ્યા. મહાપુરુષોનાં ચરિત્રોથી વાકેફ કર્યા. મોતીના દાણા જેવા મરોડદાર સ્વહસ્તાક્ષરમાં 'છાત્રાલય દૈનિક' શરૂ કરી વિદ્યાર્થીઓને આકર્ષ્યા. છાત્રાલયનું વાતાવરણ બદલાતું ગયું. વિદ્યાર્થીઓનું જીવન તેજોમય બન્યું. સૌને લાગ્યું કે 'છાત્રાલય દૈનિક' જેવું સાહિત્ય સારાયે મહારાષ્ટ્રમાં હોવું જોઈએ. ને એમાંથી ૧૯૨૮ના નવેમ્બરમાં 'વિદ્યાર્થી' નામના માસિકનો જન્મ થયો ને એ નિમિત્તે દ્યુતિવંત સાહિત્ય અને તેમના વિચારો મહારાષ્ટ્ર સમસ્તના યુવાજગત સુધી પ્રકાશ પાડતાં પહોંચ્યાં.

એક બાજુથી યુવાનોને તેમણે દિશા ચીંધવા માંડેલી તો બીજી બાજુથી દેશવાસીઓ પર ગાંધીજીની સત્યાગ્રહની ચળવળનો પ્રભાવ વધતો જતો હતો. દેશ સમગ્રમાં રાષ્ટ્રિય ચળવળનું જે વાતાવરણ જામેલું તેના પ્રભાવથી અમલનેરની શાળા પણ અલિપ્ત ન રહે તે સ્વાભાવિક હતું. ને તેમાંય પાંડુરંગ જેવા અતિસંવેદનશીલ વ્યક્તિ તો એ પ્રવાહમાં ભીંજાયા વગર રહી જ કેવી રીતે શકે? તેમને થયું : જ્યારે ભારતમાં એક અનોખો ઇતિહાસ રચાઈ રહ્યો છે ત્યારે વર્ગખંડમાં ભૂતકાળના ઇતિહાસને



પંઢરપુરનું વિઠ્ઠલનાથજીનું મંદિર હરિજનોના દર્શનાર્થે ખુલ્લું મુકાવવાના મુદ્દે ઉપવાસ પર ઊતરેલા સાને ગુરુજી પારણાં કરતા... (૧૦ મે, ૧૯૪૯)

વાગોળ્યા કરવાનો શો અર્થ? ખરેખર તો રચાતા ઇતિહાસના એક અંશ બનવામાં સાર્થકતા છે. ને તેમાંય આ જ શાળાના હરિભાઉ મોહની 'દાંડીકૂચ'માં સામેલ થવા નીકળી પડ્યા ત્યારે પાંડુરંગને થયું : ગરીબોના દુઃખ-દર્દ મિટાવવા આ લડતમાં ઝંપલાવવું જ જોઈએ. ને અંતે શાળાના નાનકડા કાર્યક્ષેત્રને તિલાંજલિ આપી સમાજના વિશાળ ફલક ધરાવતા કાર્યક્ષેત્રે ઝુકાવીને જ રહ્યા.

તેમનું હવેનું જીવન રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું. ગાંધીજીની બધી જ ચળવળોમાં તેઓ સાચા અર્થમાં સક્રિય કાર્યકર હતા. તેમણે ઠેર ઠેર ભાષણો કરવા માંડ્યા. ઘણી વાર પકડાયા. અનેક વાર જેલનિવાસ ભોગવ્યો. થોડો સમય જેલનું બંધન અને તેમાંથી મુક્તિ એ સાતતાળીની એક રમત તેમના જીવનમાં રમાતી રહી. ૧૯૩૦થી ૧૯૩૪ સુધીમાં તેઓ બેત્રણ વાર પકડાયા. ધૂળિયા, ત્રિચિનાપલ્લી, નાસિક - એમ અનેક સ્થળોની જેલમાં રહી આવ્યા. ૧૯૪૦ના સત્યાગ્રહમાં પકડાયેલા ત્યારે બે વર્ષની સખત કેદ પામ્યા હતા. તેમની આગેવાનીમાં મહારાષ્ટ્રમાં ઘણી ચળવળો ને તોડફોડ પણ થઈ હતી ને આગો પણ લાગેલી. ૧૯૪૨માં આખું મહારાષ્ટ્ર જે રીતે સળગી રહ્યું હતું તેના મૂળ પ્રેરણાસ્રોત તેઓ હતા. એ વખતે કાર્યકર્તાઓના પોષણની જવાબદારી એમણે લીધેલી. તેઓ એક આદર્શ જનનાયક બની રહેલા. મહારાષ્ટ્રે જે એક લાખ રૂપિયા તેમને આપ્યા તે પણ તેમણે આ ચળવળમાં જ વાપરી નાખ્યા. ૧૯૪૨ દરમિયાન લોકોએ લડતમાં ફાળો કેવી રીતે આપવો એ બતાવવા એમણે 'ક્રાન્તિચ્યા માર્ગાવર' નામનું પુસ્તક લખ્યું. તે અપ્રકટ છે, પણ તેની સાઈક્લોસ્ટાઈલ્ડ નકલો વેચાતી મળતી હતી. તેમણે પોતાના લેખન દ્વારા પણ ક્રાન્તિ સર્જી. ને લેખનની આવક પણ ક્રાન્તિમાં જ હોમી. તેમના હૃદયમાં દેશ અને ભારતીય સંસ્કૃતિ માટે

એટલો પ્રેમ ભર્યો હતો કે તેમની વાણીમાં તે ઊભરાતો ને તેથી જ હજારોની સંખ્યામાં લોકો તેમને સાંભળવા ઊમટતાં. તેમની વાણીનો એવો પ્રભાવ હતો કે તે માગે તે લોકો તેમને ધરી દેતાં હતાં. ૧૯૩૧માં તેમણે ડાંગરીમાં આશ્રમની સ્થાપના કરી. અમલનેરમાં સૂતરની નિશાળ કાઢી. સૂત્રયજ્ઞમાં અમલનેરની શાળા તરફથી ૨૦ લાખ વાર સૂતર આપવામાં આવેલું. સમાજવાદી હોવાથી રાષ્ટ્રિય સેવાદળના તેઓ પ્રારંભથી જ કાર્યકર હતા ને તેની પ્રવૃત્તિ ખૂબ રસપૂર્વક કરતા હતા. આમ, જીવનની પળેપળ રાષ્ટ્ર અને સમાજના ઉત્થાન માટેની સેવામાં વાપરતા હતા.

આ રાષ્ટ્રિય અને સામાજિક સેવામાંથી ધાર્મિક ક્ષેત્રે કામ કરવાની પરિસ્થિતિ ઊભી થઈ. સમાજના અને તેના એક અંગરૂપ ધર્મના પ્રશ્નો ઉકેલવા માટે અનેક વાર તેમણે ઉપવાસ આદરેલા. ૧૯૩૮માં મજૂરોના પ્રશ્ને ઉપવાસ કરેલા. પ્રજાના પ્રશ્નો માટે સત્તાધારીઓ સામે તે તન-મન-ધનથી લડતા રહ્યા ને પ્રજાને ન્યાય અપાવતા રહ્યા. આ દરમિયાન તેમને સમજાયું કે આપણો ધર્મ એક બાજુ અદ્વૈતમાં માને છે. પરમાત્મા તો સર્વમાં રહેલા છે. તે હરિજનમાં પણ છે. તો દેવનાં દર્શન તેઓ કેમ ન કરી શકે? હરિજનો માટે મંદિરો ખુલ્લાં થાય તે સારુ એમણે જબરજસ્ત ઝુંબેશ ચલાવી. આખા મહારાષ્ટ્રમાં તેઓ ઘૂમી વળ્યા અને અસંખ્ય મંદિરો દલિતો માટે ખૂલ્યાં. પણ હજી પંઢરપુરનું વિઠ્ઠલ મંદિર હરિજનો માટે ખૂલતું નહોતું. પ્રચાર ખૂબ કર્યો પણ ત્યાં કોઈ પરિણામ ન મળ્યું. તેથી તેમણે ઉપવાસની જાહેરાત કરી. મિત્રોને આખરી પત્રો પણ લખ્યા ને ઉપવાસ આરંભ્યા. આખું મહારાષ્ટ્ર 'સાને ગુરુજી કરે પોકાર, ખોલો પંઢરપુરકા દ્વાર'ના નારાથી ગાજી ઊઠ્યું. ને પ્રજાબળ તથા ગુરુજીના આત્મબળ પાસે છેવટે નમતું જોખાયું ને ૭મી નવેમ્બર ૧૯૪૭ના રોજ તે મંદિરનાં દ્વાર સૌને માટે ખૂલ્યાં. હરિનાં જનને હરિનાં દર્શનની તક સાંપડી. જેમ 'ગીતા' માટે અર્જુન તેમ હરિજનોને દર્શન કરવાની તક માટે ગુરુજી નિમિત્ત બન્યા.

સામાજિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે આ રીતે તેમણે જે કાર્યો કર્યાં તેનાથી વધુ ઉમદા ને ચિરપ્રભાવી કાર્ય સાહિત્યક્ષેત્રે કર્યું છે. ૧૯૩૨માં જ્યારે તે પકડાયેલા ત્યારે તેમને ધૂળિયાની જેલમાં મોકલવામાં આવેલા. ત્યારે ત્યાં વિનોબાજી પણ હતા. ત્યાં રાષ્ટ્રિયશાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ હતા. રાષ્ટ્રિય શાળાઓમાં શિક્ષકોને 'ગુરુજી' કહેવામાં આવતા. પરિણામે આજ સુધી 'સાને સર' તરીકે ઓળખાતા પાંડુરંગ સાને 'સાને ગુરુજી' તરીકે ઓળખાવા લાગ્યા. આ જેલમાં એવી પ્રકૃતિના માણસો ભેગા થયેલા કે સૌને મન આ જેલ એ મહેલ કે વિદ્યામંદિર હતી. આ સમય દરમિયાન વિનોબાજી 'ગીતા' ઉપર પ્રવચનો આપતા ત્યારે સાને ગુરુજીએ ગણપતિકૃત્ય કરેલું. પરિણામે વિનોબાનાં ગીતા-પ્રવચનો સમાજને લેખિતરૂપે મળ્યાં. વિનોબાના આ ઉત્તમ પ્રદાનને સમાજ માટે સુલભ કરાવીને સાને ગુરુજીએ પણ મોટી સેવા કરી છે. ૧૯૩૩-માં નાસિક જેલમાં રહ્યા ત્યારે માતાની યાદે તેમને ખૂબ વિહ્વળ ને વ્યગ્ર બનાવી દીધેલા. તા.૯-૨-૧૯૩૩થી તા.૧૩-૨-૧૯૩૩ - માત્ર પાંચ જ દિવસમાં તેમણે 'શ્યામચી આઈ' ('શ્યામની મા')ની બેંતાળીસ રાત્રિઓમાંથી છત્રીસ રાત્રિઓ લખી. માતૃમહિમા-માતૃપ્રેમનું આ એક અદ્ભુત ગદ્યદેહે અવતરેલું મહાકાવ્ય આજે પણ વાંચનારના અંતરને પ્લાવિત કરી દે તેવું છે. જીવનને સમજવાની સાચી દૃષ્ટિ આપતા આ ગ્રંથના લેખન દ્વારા પાંડુરંગે માતા યશોદાને એક ભવ્ય શબ્દાંજલિ - શ્રદ્ધાંજલિ અર્પી છે. પાંડુરંગે સાહિત્યસર્જનની શરૂઆત તો છેક બાળપણથી કરેલી. તે અંગ્રેજી પહેલા ધોરણમાં હતા ત્યારે એક શાસ્ત્રીજી એમને ઘેર ઊતરેલા. તે વિષ્ણુસહસ્રનો પાઠ થોડો ભૂલી ગયા ત્યારે બાળક પાંડુરંગે શ્લોક પૂરો કરી દીધેલો ને શાસ્ત્રીજીના આશીર્વાદ મેળવેલા કે, 'પંઢરિ, આગળ જતાં તું કવિ થશે.' ને ખરેખર મોટપણે તેણે પ્રજામાં તાકાત-શક્તિ-જોમ બક્ષે તેવાં કાવ્યો સર્જ્યાં. બાળપણમાં પણ તેમણે કાવ્યો રચેલાં. તેઓ સંસ્કૃતમાં પણ પદ્યરચના કરી શકતા, પણ પાછળથી પોતાનાં જ કાવ્યોની ગુણવત્તા ઊણી લાગતાં તે ફાડી પણ નાખેલાં. કૉલેજના અભ્યાસકાળ દરમિયાન તેમને અંગ્રેજી ભાષાના મહાન કવિઓનો પરિચય થયો. તેના પરિણામે ઘણાં સુંદર કાવ્યો તેમણે રચ્યાં. એમના પ્રિય કવિ હતા વ્હિટમન. તેમના 'Leaves of Grass' સંગ્રહના આધારે એમણે પોતાના સંગ્રહનું નામકરણ કર્યું 'પત્રી'. તેઓ માનતા હતા કે સાહિત્ય-સર્જન તો સત્ય, શિવ અને સુંદરનો મહિમા વધારવા જ થાય. એટલે કે મૂલ્યનિષ્ઠ સર્જનના તેઓ પક્ષપાતી હતા. વળી, માત્ર બૌદ્ધિકતા નહીં, મનુષ્યનું - જીવનનું ધારણબળ તો ભાવના છે. તેથી જ કદાચ ભાવનાપ્રધાન સાહિત્ય મરાઠી ભાષામાં સૌપ્રથમ તેમની પાસેથી જ મળ્યું છે. વળી, જે સારું જોયું કે ભ્રમરવૃત્તિથી તે ગ્રહણ કરી અનુવાદરૂપે પ્રજા પાસે મૂક્યું જ હોય. ને એમાં પણ સર્જન જેટલો જ આનંદ તે



પામતા હોય. તેમણે કોઈ સાહિત્યકાર તરીકેની પ્રતિષ્ઠાની લાલસાથી નહીં પણ આંતરિક અનિવાર્યતાને લીધે જ લખ્યું છે. ને જે લખ્યું તેમાં સચ્ચાઈનું - સ્નેહનું બળ હોવાથી જ તે વાંચનારના હૈયાસોંસરું ઊતરી જતું. નાસિક જેલમાં જ 'ધંડપડણારી મૂળે' નામની ત્રણ ભાગની નવલકથા લખી. 'પત્રી'માંનાં ઘણાં કાવ્યો પણ ત્યાં લખાયેલાં. તેમનું 'ભારતીય સંસ્કૃતિ' (૧૯૩૭) પુસ્તક આપણી સંસ્કૃતિ વિશેનું એમનું દર્શન સૌને સમજાય એવી ભાષામાં રજૂ કરે છે. આપણા ધર્માચાર્યોએ જે બદી તેમાં ઘુસાડેલી તેની સામેનો તેમનો આક્રોશ તેમાં વ્યક્ત થયો છે. એમની પાસેથી ૧૪ જેટલી નવલકથાઓ, બાળકો માટે 'ગોડગોષ્ટી' ગ્રંથમાળા, નાટકો, પત્રો, લેખો-નિબંધો, ચરિત્રો તેમ જ કેટલુંક અનૂદિત - એમ સમૃદ્ધ ને સત્ત્વશીલ સાહિત્ય મળ્યું છે. ૧૯૪૮ની ૧૫મી ઑગસ્ટે તેમણે 'સાધના' નામનું પોતાનું સામાહિક શરૂ કર્યું, જે દ્વારા મહારાષ્ટ્રના મંગલ જીવનના નિર્માણમાં મોટી ભૂમિકા ભજવી. એ જ રીતે જેલમાંથી બહાર આવ્યા બાદ લોકસાહિત્યના સંગ્રહનું પણ સુંદર કામ તેમણે કર્યું.

તેઓ માનતા કે લગ્ન કરીને પુરુષ હૃદયના ગુણો જેવા કે લાગણી-કોમળતા-કરુણતા વગેરે શીખે છે. માતાએ આ ગુણો સાથે જ પોતાનું લગ્ન કરાવી દીધેલું. વળી, પોતે સમાજકાર્યો-દેશકાર્યોમાં જીવન સમર્પિત કરી દીધેલું તેથી આજીવન અવિવાહિત જ રહેલા.

ક્યારેક તેમને પરમેશ્વરની પ્રાપ્તિની ઝંખના થતી ને ત્યારે હિમાલય જવાનું મન થતું. આ સંદર્ભે એક વાર વિનોબાજીને તેમણે પૂછેલું પણ ખરું કે, 'ભગવાન મેળવવા ક્યાંક બેસી જવાનું મન થાય છે.' ત્યારે વિનોબાજીએ સામું પૂછ્યું: 'ક્યાં જશો? તીર્થક્ષેત્રોનું પાવિત્ર્ય તો રહ્યું નથી. અને ઈશ્વર આપણી આજુબાજુ ક્યાં નથી? આપણી આસપાસનાં લોકો એ જ પરમેશ્વર એવી મારી ભાવના ના હોત તો હું ક્યારનોય હિમાલય પહોંચી ગયો હોત.' પરિણામે સાને ગુરુજીએ પણ આસપાસમાં દીનદલિતોમાં, મજૂરોમાં, સ્ત્રીઓમાં, બાળકોમાં પરમેશ્વરનાં દર્શન કર્યાં. ને 'જે માણસ બાળકોનું મનોરંજન કરશે એનો સંબંધ પ્રભુ સાથે બંધાશે.' એમ કહી બાળકો માટે ઉત્તમ સાહિત્ય સર્જ્યું ને બાળકોની-વિદ્યાર્થીઓની 'મા' બનીને રહ્યા. એમનું એક સૂત્ર હતું કે 'સારાં બીજ વાવતા રહો' - ને પોતે સત્કાર્યોરૂપી સારાં બી વાવ્યાં.

સ્વરાજ્ય-પ્રાપ્તિ પછી ગરીબાઈ દૂર ન થઈ કે ન આવી સમાનતા. ઉપરથી ભાષાવાર રાજ્યરચનાના પ્રશ્ને ઝઘડાઓ થવા માંડ્યા. દેશબાંધવોની સુખ-શાંતિ માટે સતત કાર્યરત રહેલા સાને ગુરુજીને આ પરિસ્થિતિએ અસ્વસ્થ-વ્યગ્ર કરી મૂક્યા. પોતે સારાં વાવેલાં બીનાં ઉત્તમ છોડ ઊગવાને બદલે કંઈક જુદું જ થતું જોયું. ને તેમને જીવન દોહ્યલું લાગવા માંડ્યું. જીવવું અસહ્ય થઈ ગયું. જ્યારે તેમને લાગ્યું કે સમાજને સુખી કરવામાં પોતે કશું જ યોગદાન આપી શકે તેમ નથી ત્યારે, જો પોતાના મૃત્યુથી સમાજ ચેતી શકતો હોય તો તેમ કરવું યોગ્ય માની, જાતે જ ગોળીઓ લઈ, તા. ૧૧-૬-૧૯૫૦ના રવિવારના રોજ ચિરનિદ્રામાં પોઢી ગયા. શું સાને ગુરુજી નિર્ધન હતા? ના, જેને માનવજાત માટે-પરમેશ્વર માટે પ્રેમ હોય, જેનું હૃદય કરુણાથી છલોછલ ભરેલું હોય તે જ સાચો ધનવાન. સાને ગુરુજી આ અર્થમાં ધનવાન હતા પણ એ ધનપતિ સાચવતા દેશબંધુઓને આવડ્યું નહીં ને તે આમ જાતે જ, દેશબંધુઓના વલણથી અકળાઈને તેમની વચ્ચેથી જતા રહ્યા. બાકી તેમણે તો સતત પરોપકાર અર્થે કાર્ય કરવામાં જ જીવન વ્યતિત કર્યું છે ને તેથી જ મહારાષ્ટ્રના આધુનિક સંત તરીકે તેઓ પૂજાય છે. તેમના દેહાવસાનના સમયે આખું મહારાષ્ટ્ર શોકસાગરમાં ડૂબી ગયું હતું. એક પણ આંખ ભીની થયા વિનાની કે હૈયું વેદના અનુભવ્યા વગરનું રહ્યું નહોતું. આબાલ-વૃદ્ધ સૌને પોતાનું 'સ્વજન', 'આત્મીય' જન ગુમાવ્યાનું દુઃખ હતું. સૌએ અનાથતા અનુભવેલી. તેમનો ક્ષરદેહ નાશ પામ્યો પણ તેમનો અક્ષરદેહ અમર રહેશે અને લોકહૃદયમાં તે ચિરંજીવ રહેશે.

તેમણે પોતાના વિશે કેટલાંક પુસ્તકોમાં લખ્યું છે : 'મારા જીવનનો મુખ્ય ધર્મ ભક્તિ છે. મારા જીવનમાંથી ભક્તિ કાઢી નાખો તો મારું મડદું જ રહેશે... ઈશ્વર માટે મેં જેટલાં આંસુ સાર્યાં છે તેટલાં કશાયને માટે નથી સાર્યાં...' તેઓ સાચા અર્થમાં આસ્તિક-ધાર્મિક હતા. તેમને રામકૃષ્ણ પરમહંસ, ગાંધીજી, ટાગોર, વિનોબાજી અને સેનાપતિ બાપટ - આ પાંચ વિભૂતિઓ પ્રત્યે અનહદ આદર હતો. સાને ગુરુજી એટલે મૂર્તિમંત ભાવના! માનવ પ્રત્યેની અગાધ કરુણાનું સદેહે અવતરણ! સાત્ત્વિકતા અને પરોપકારિતાની જીવંત મૂર્તિ! આવી મહાન વિભૂતિને તેમની જન્મશતાબ્દીએ હૃદયનાં પ્રેમભર્યાં શત શત વંદન હો. □

હુમલો

ધીરેન્દ્ર મહેતા

આચિંતો હુમલો આવ્યો. અંદરથી જોરદાર ધક્કો વાગ્યો પણ જે બહાર નીકળવા માગતું હતું એને આડે કશોક અવરોધ આવી ગયો. ફાટી ગયેલી આંખોમાં ડોળા આગળ ધસી આવ્યા હતા, મોઢું ખૂલી શકતું ન હતું, નાકમાં દાટો દેવાઈ ગયો હતો. ક્યાંયથી એ નીકળી શકે એમ ન હતું. તમે સરસ્વતીને પૂછો -

'શું, શું નીકળી શકે એમ નથી?'

તો એ કહેશે, 'મારા પ્રાણ. આ જુઓને, આજે વરસોથી નીકળું નીકળું થઈ રહ્યા છે પણ નીકળે છે? ક્યાંથી નીકળે? એ તો અંદરથી ધક્કા પર ધક્કા મારી રહ્યા છે પણ જુઓ છોને, એને નીકળવાના તમામ મારગ બંધ છે.'

જો કે, આ તો કેવળ કલ્પના છે - લાંબા સમયથી સરસ્વતી જે સ્થિતિમાં જીવી રહી છે એ જોઈને કોઈને પણ સહેજે સૂઝે એવી કલ્પના. આ અત્યારે પણ જુઓને, કેવી છે એની હાલત - એની અંદર કસુંક ઘૂંટાઈ રહ્યું છે... એક વંટોળ ઊઠીને આખા ભીતરને ધમરોળી રહ્યો છે... એનું આખું શરીર કેવું અમળાઈ રહ્યું છે, જુઓ.

આ આમ જે થઈ રહ્યું છે તે કંઈ પહેલવહેલી વાર થઈ રહ્યું છે એવું નથી, પરંતુ થાય છે એવું કે એને અંદરથી જે આવા જોરદાર ધક્કા લગાવી રહ્યું હોય છે તેનું જોર પછી ધીમે ધીમે ઓછું થઈ જાય છે. પછી તો ફક્ત હળવા હળવા આંચકાથી એનું શરીર ઊંચુંનીચું થઈ રહ્યું હોય છે એટલું જ, અને પછી તો એ પણ શાન્ત પડી જાય છે...

આવું તો ઘણી વાર થાય છે. પહેલાં પણ થતું હતું, હજુ પણ થાય છે. અત્યારે રાત છે. રાતના સમયે આવું થાય છે ત્યારે કોઈને ખબર પડતી નથી. એમ તો બાજુમાં જ કૈલાસ અને મધુનો શયનખંડ છે. ત્યાંથી એમની વાતચીતનો અવાજ પણ અહીં સંભળાતો હોય છે. પરંતુ આ પીડા જ એવી નીરવ છે કે બાજુમાં બેઠેલ વ્યક્તિ પણ સમ્મુખ ન હોય તો એને એની ખબર ન પડે; અને હવે તો રાતે આવો હુમલો આવે છે ત્યારે સરસ્વતી બીજે દિવસે પણ એ વિશે કોઈને કશું કહેતી નથી. એને થાય છે, 'કોઈને ખબર પણ ન પડે એમ જીવ નીકળી જાય તો પણ શું? બીજે દિવસે સહુ કહેશે, રાત્રે સૂતાં તે સૂતાં, પછી સવારે જાગ્યાં જ નહિ.'

અને કોઈક વળી આમ પણ કહેશે,

'કેવો શાન્તિથી જીવ નીકળી ગયો, ન કશી પીડા, ન કશો અજંપો!'

પણ એવું થતું નથી. બધું ધીમે ધીમે શમી જાય છે. થોડી વાર પછી તો હાંફ પણ રહેતી નથી અને સરસ્વતી પોતાની આજુબાજુ જોવા લાગે છે. નાઇટલૅમ્પના ઝાંખા અજવાસમાં એ નાનકડા ખંડની એકેએક વસ્તુ પર એની દૃષ્ટિ ફરે છે - કશોક આધાર શોધવા પ્રયત્ન કરતી હોય એમ. એમ કહોને એ જાણે નક્કી કરવા માગે છે કે પોતે ક્યાં છે.

દૃષ્ટિ ફરી રહી હોય છે પરંતુ ક્યાંય સ્થિર થઈ શકતી નથી. દરેક વસ્તુ સરસ્વતીને ક્યાંક ને ક્યાંક ખેંચી જાય છે, જુદા સ્થળે અને જુદા સમયમાં. થોડી વાર પહેલાં ચઢેલી હાંફને લઈને જે થાક લાગ્યો હોય એમાં આ ખેંચતાણ ઉમેરો કરે. સરસ્વતી આંખો મીંચી દે. નાઇટલૅમ્પના ઝાંખા અજવાસમાં જે કંઈ દેખાતું હોય તે અલોપ થાય અને પોતે ક્યાં છે એવું ભાન પણ જતું રહે...

સરસ્વતીને દેખાવા લાગે છે : સામે સરસ્વતી બેઠી હતી. ભાસ્કરરાયના મગજનો પારો સાતમા આસમાને ગયો હતો. સરસ્વતી ચૂપ હતી. વાત સીધીસાદી હતી. એમાં એવું કશું ન હતું કે પતિએ આમ મિજાજ ગુમાવવો પડે. સરસ્વતીને એ વાતનું આશ્ચર્ય ન હતું. આવું ક્યાં આ પહેલી વાર થયું હતું? આ કયો પ્રસંગ હતો એ પણ યાદ આવતું ન હતું. આ કદાચ પતિની કોઈ પણ પ્રસંગ વિનાની એમ ને એમ યાદ હતી. હરહંમેશ આવી જ રીતે મિજાજ ગુમાવતા હતા ભાસ્કરરાય. એ મતભેદ જ ક્યાં સહી શકતા હતા? વાત નાની હોય કે મોટી, એમની સામે કોઈ પણ વાર દલીલ કરી શકાતી હતી? બહુ સલૂકાઈથી કામ લેવું પડતું. એવે વખતે સરસ્વતી મૂંગી જ થઈ જતી. ઘૂઘવતા સાગરનાં પ્રચંડ મોજાં પછડાઈ પછડાઈને પાછાં વળી જતાં...

આ સ્મૃતિ સાથે સરસ્વતીના હોઠ સહેજ ફરક્યા અને એ હોઠની વચ્ચેથી એક આછું ફિક્કું સ્મિત સરકી આવ્યું. અક્કડ થઈ ગયેલા શરીરમાં એને સહેજ સ્ફૂર્તિનો અનુભવ થયો ને એણે આંખો ખોલી.

'હમણાં તો બાને ઘણું સારું છે. ઘણા વખતથી હુમલો આવ્યો નથી.'

મધુનો અવાજ સરસ્વતીના ખંડમાં દાખલ થયો. સરસ્વતીએ એને પોતાની તરફ આવતો જોયો. એની આંખો એ તરફ ફરી.

'તને એટલી રાહત.'

કૈલાસનો અવાજ મધુના અવાજની બાજુમાં આવીને ઊભો રહી ગયો.

'તો પણ ધ્યાન તો રાખવું જ પડે. ક્યારે શું થાય, કશું કહેવાય નહિ.'

શબ્દો આવીને જતા રહ્યા.

સરસ્વતીએ આંખો ફેરવી લીધી. ખંડની એકેએક વસ્તુ એનું ધ્યાન રોકી રહી હતી. પલંગની અડોઅડ પડેલું લૉકર અને એની બાજી બાજુ મુકાયેલી ટ્રૉલી. સરસ્વતીની ચીજવસ્તુઓ કબાટમાંથી, ખાનાંઓમાંથી, મેજ અને છાજલીઓ પરથી નીકળીને આમાં ગોઠવાઈ ગઈ હતી, જોઈએ ત્યારે તરત મળી આવે એ રીતે. એ બધી વસ્તુઓ સરસ્વતીની એટલી નજીક પડેલી હતી કે એના મનમાં ઇચ્છા જાગે એટલી વાર,

એ તરત હાથમાં આવીને પડશે.

વરસો વીતતાં ગયાં હતાં અને સરસ્વતીનું જગત સમેટાતું ગયું હતું. આજે આ બધી વસ્તુઓની વચ્ચે પોતાને જોઈને ઘણી વાર એને એમ થઈ જાય છે, બસ, આવડીક થઈ ગઈ મારી દુનિયા!

કોણ જાણે ક્યારે સરસ્વતીની આંખો ઢળી ગઈ હતી. એને સમજાતું નહોતું કે એ ક્યાં હતી - ક્યા સ્થળમાં અને ક્યા સમયમાં? એનું ગામ-પાદર, કૂવો, તળાવ, બજાર આ બધું એકસાથે એની આંખ આગળ હતું. એ ચકળવકળ આંખે બધું જોવા લાગી હતી. એ પાદરમાં ઓચિંતી ટ્રેન અને બજારમાં બસ દોડવા લાગતી હતી. તળાવની પાળે મોટી મોટી ઇમારતો ઊભી થઈ જતી હતી. કઈ હતી આ દુનિયા? આમાંનું કશું એને અજાણ્યું ન હતું પરંતુ એ બધું આમ એકસાથે? એ જાગતી હતી કે ઊંઘતી હતી, એની આંખો ખુલ્લી હતી કે બંધ, કંઈ ખબર પડતી ન હતી. દશ્યો ઝડપથી બદલાતાં હતાં અને એ પોતે પોતાને એમાં જોતી હતી - ઘડીક એક જગાએ તો ઘડીક બીજી.

કેવું લાગતું હતું! ગમતું હતું, છતાં ગૂંચવાઈ જવાતું હતું. સરસ્વતીએ એક ભારે પ્રયત્ન કરીને આંખો ખોલી નાખી હતી. એણે બરોબર સામે જોયું હતું. ત્યાં ટેલિવિઝનસેટ પડેલો છે. સરસ્વતીએ એની સામે જોયું હતું ત્યારે એનો પડદો બંધ હતો. સરસ્વતીએ અત્યાર સુધી જે કંઈ જોયું હતું તે બધું એ ટેલિવિઝનને પડદે કલ્પવા લાગી.

મધુ ઘણી વાર અહીં બેસીને ટેલિવિઝન જોતી. સરસ્વતીને રસ પડે એવો કોઈ કાર્યક્રમ મૂકીને એ એનું ધ્યાન દોરતી. સરસ્વતી આંખો માંડતી પરંતુ એને કંઈ સમજાતું નહિ. થોડી વાર એ એમ ને એમ ત્યાં જોઈ રહેતી, પરંતુ પછી ક્યારે એની નજર ત્યાંથી ખસી જતી એની એને સરત પણ રહેતી નહિ. મધુને એનો ખ્યાલ આવી જતો. એ કંઈ કહેતી નહિ. પણ ચેનલ બદલી નાખતી. આમેય એની આ ટેવ હતી. એક કાર્યક્રમ જોતી હોય ત્યારે પણ એ રિમોટ કંટ્રોલની સ્વિચ દાબીદાબીને ફટાફટ ચેનલ બદલ્યા કરતી. એ રીતે એ જાણે આખી દુનિયામાં ઘૂમી વળતી અને ક્યાં શું ચાલે છે તે જાણી લેતી. આ એની ટેવ હતી.

મધુ આમ કરતી ત્યારે વળી પાછું સરસ્વતીનું ધ્યાન એ તરફ ખેંચાતું. ટેલિવિઝનને પડદે ઝડપથી બદલાતાં દશ્યો એ વિસ્મયપૂર્વક જોઈ રહેતી. ઘડીક બે જણ નાચતાં ને ગાતાં હોય તો ઘડીક એકબીજાંને મારપીટ કરતાં હોય!

સરસ્વતીની નજર થંભી ગઈ. અત્યારે આ પોતે જે જોઈ રહી છે તે દશ્ય ટેલિવિઝન પર ઊઘડી રહ્યું છે? -

'હવે હદ થાય છે સરસ્વતી!'

સરસ્વતી ચૂપ.

'સહનશક્તિની પણ હદ હોય કે નહિ?'

સરસ્વતીની સ્થિર આંખો અને અવાક્ મોં.

'જવાબ કેમ આપતી નથી? આ બોલું છું તે બકવાસ કરું છું?'

સરસ્વતીની એ જ મુદ્રા.

'મને ઉશ્કેરે છે શું કામ, સરસ્વતી? હવે મારો હાથ ઊપડી જશે, હોં!'

અને સરસ્વતીની આંખ સામેથી અચાનક ચેનલ બદલાઈ ગઈ.

કયો પ્રસંગ હતો? સરસ્વતીને કંઈ યાદ આવતું નહોતું. કૈલાસે કોઈ માગણી મૂકીને પછી એને માટે હઠ કરી હતી? એની ઉમ્મરના છોકરા મૂકે એવી કોઈ માગણી - મનગમતો પોશાક સીવડાવવાની કે સ્કૂટર ખરીદવાની કે ભાઈબંધો સાથે પ્રવાસે જવાની?

ભાસ્કરરાય આમ ગુસ્સામાં ભાન ભૂલી જઈને ફાવે તેમ બોલવા લાગે એની સરસ્વતીને નવાઈ ન હતી પણ એને થતું હતું કે આમ કેમ થાય છે, ગમે તે મુદ્દો હોય, બાપ-દીકરા વચ્ચે સમ્મતિ સધાતી જ નથી! એનું મન ખિન્ન થઈ જતું.

ભાસ્કરરાયને સમજાવવા એ એના હાથની વાત ન હતી અને દર વખતે કૈલાસનો જીવ કચવાય એ એને ગમતું ન હતું, છતાં એનાથી કશું થઈ શકતું ન હતું. આ કેવી કફોડી અને બેહૂદી હાલત હતી કે એ મજબૂર હતી, તેમ છતાં મજબૂર થઈને બેસી રહી શકતી ન હતી. એ બન્ને બાજુ ખેંચ અનુભવતી હતી, એને પરિણામે બાપ અને દીકરા વચ્ચેની મડાગાંઠ માટે એ જવાબદાર હોય એવી પરિસ્થિતિ છેવટે આવીને ઊભી રહેતી.

ટ્રિન... ટ્રિન... ટ્રિન...

સરસ્વતીને સંભળાયું. ટેલિફોનની ઘંટડી રણકતી હતી. ટેલિવિઝન પરનાં દશ્યો ભૂંસાઈ ગયાં અને ટેલિફોનની ઘંટડી રણકવા લાગી. કેમ કોઈ ફોન ઉપાડતું નથી? મધુ અને કૈલાસ, બન્નેને ઊંઘ ચઢી ગઈ કે શું? આ તે કેવી ઊંઘ, હં!

'...મન તો ઘણું ય થાય પણ શું કરીએ, સંજોગાં જ એવા છે કે નીકળાય નહિ.'

આ તો મધુનો અવાજ. એ ક્યાંથી બોલતી હતી? ટેલિફોનની ઘંટડી તો હજુ એમ ને એમ વાગતી હતી.

સરસ્વતીએ અસ્વસ્થ ચિત્તે આજુબાજુ જોયું હતું. બધું એમનું એમ હતું. આ ટેલિફોનની ઘંટડી... ટેલિફોનની ઘંટડીએ એમના ચિત્તનો કબજો લીધો હતો. અહીં વાગી હતી કે પછી બાજુના ફ્લેટમાં?

ટેલિફોન પર થતી આની આ વાત તો સરસ્વતીએ અનેક વાર સાંભળી હતી પણ આ સમયે કોણ ફોન કરે અને તે પણ આવી વાત કરવા માટે?

'ના રે ના, બે જણે સાથે નીકળવાની તો વાત જ કેવી? આ ગયે વરસે ભાઈના બંગલાનું વાસ્તુ હતું તોય નહોતા ગયાને! ક્યાંય જવાય નહિ અને કોઈને તેડાવાય પણ નહિ. ફોન પર મળી લીધાનો સંતોષ.'

શું ખોટું કહેતી હતી મધુ? કેટલાંય વરસ થયાં, એણે

ઘરની બહાર પગ મૂક્યો છે? દમની અસર તો ભાસ્કરરાય જીવતા હતા ત્યારની હતી, પરંતુ સરસ્વતીએ ગણકાર્યું નહિ. ગણકારે પણ કેવી રીતે, ભાસ્કરરાયના આવેગ અને ઉશ્કેરાટની એને ફરતી વાડ હતી પછી? આ બાબત પણ એમણે કેટકેટલી વાર ગુસ્સે થઈને કહ્યું હતું :

'ન ગણકારજો, મુદ્દલ ન ગણકારજો, વાત જયાં સુધી વધે નહિ ત્યાં સુધી ન ગણકારવાનું તો તમે પાણી મૂક્યું છેને!'

ભાસ્કરરાયના જીવતેજીવત તો વાત વધી ન હતી, પરંતુ ત્રણચાર વરસ પર સરસ્વતીને દમનો ઉગ્ર હુમલો આવી ગયો હતો. એ વખતે મધુ એકલી જ ઘેર હતી. અચાનક આ ખંડમાં આવીને એણે જોયું તો સરસ્વતી પલંગમાં તરફડી રહી હતી. માત્ર તેને જ નહિ, આખા પલંગને હાંફ ચઢી હતી. ચઢી ગયેલે ડોળે એણે મધુ સામે જોયું હતું અને મધુ વધારે ગભરાઈ ગઈ હતી. મધુને ડર લાગ્યો હતો. સરસ્વતી કંઈ કહી શકતી નહોતી. એવો પ્રયત્ન કરવા જતાં એ ડચકાં ખાઈ જતી હતી. મધુને એ જ સમજાતું નહોતું કે સરસ્વતીને શું થતું હતું. એણે ઝટઝટ કૈલાસને ફોન કર્યો હતો. ડૉક્ટર આવ્યા હતા અને ઘણા વખત પછી પરિસ્થિતિ કાબૂમાં આવી હતી.

*

'હવે તો ઠીક છે પણ આપણે ઘેર ન હોઈએ તો શું થાય? હજીય યાદ આવે છે ત્યારે મારાં તો હાંજાં ગગડી જાય છે.'

મધુએ કોઈકને ફોનમાં કહ્યું હતું.

*

પછી તો એવા હુમલાઓ આવ્યા કર્યા હતા. મધુ હવે ગભરાઈ જતી ન હતી. પરિસ્થિતિને એ બરોબર સંભાળી લેતી હતી. હુમલો ખાળી શકાયાનો સંતોષ એના ચહેરા પર અને આખાય વ્યવહારમાં દેખાઈ આવતો હતો. એને મન સૌથી મોટી વાત તો એ હતી કે એ વખતે પોતે હાજર હતી. કૈલાસ પાસે, પડોશીઓ આગળ એ આખી પરિસ્થિતિ વર્ણવાતી. ટેલિફોનની ઘંટડીઓ રણકતી. દિવસો સુધી વાતાવરણ જોરજોરથી ધબક્યા કરતું.

સરસ્વતી પોતે જે અનુભવમાંથી પસાર થઈ હોય તે વખતની પરિસ્થિતિનો સાચો અંદાજ એને પોતાને પણ આ બધું સાંભળતી વખતે જ આવતો. પછી દિવસો સુધી એને એ સંભળાયા કરતું. ટેલિફોનની ઘંટડીઓ એના કાનમાં રણક્યા કરતી. ત્યાં સુધીમાં ફરી પાછો એક હુમલો આવી જતો.

*

છેલ્લા કેટલાક વખતથી દિવસે આવતા હુમલાઓ બંધ થયા હતા. જ્યારે દિવસે હુમલા આવતા હતા ત્યારે મધુ રાતે પણ સરસ્વતીના ખંડમાં જ સૂઈ રહેતી હતી. પરંતુ છેલ્લા કેટલાય વખત દરમિયાન હુમલો આવ્યો નહોતો. સરસ્વતીને આમ પણ સારું લાગતું હતું એટલે મધુ પોતાના શયનખંડમાં સૂવા લાગી હતી.

એ ખંડ બાજુમાં જ હતો. બે ખંડની વચ્ચે બારણું હતું તો પણ પોતે મધુને મુક્ત કરી હોવાની લાગણી સરસ્વતીના મનમાં હળવેથી જાગી રહી હતી. હજુ એનું મન આ બિછાનામાંથી ઊઠીને દૂર દૂર નીકળી જવા આતુર હતું - સ્થળમાં નહિ તો સમયમાં. એવો પ્રયત્ન સરસ્વતીને ઘડીક ભૂતકાળમાં તો ઘડીક વર્તમાનમાં ખેંચી જતો. સ્થળ અને સમય, બેઉની ભેળસેળ થઈ જતી અને મધુને મુક્ત કર્યાની લાગણી એમાં છિન્નભિન્ન થઈ જતી.

સરસ્વતી એ લાગણીને અકબંધ રાખવા માગતી હતી. છેલ્લા કેટલાક સમય દરમિયાન દમનો હુમલો રાતના સમયે જ આવ્યો હતો. એમાં પોતાની આ લાગણી ઘવાઈ ન જાય એની કાળજી રાખતી હોય એમ સરસ્વતી બીજે દિવસે એનો અણસાર આવવા દેતી નહિ.

*

'...કૈલાસ તો કહે છે, કોઈ બાઈ રાખી લઈએ. આમ કેટલાં વરસ ઘરમાં ગોંધાઈ રહીશ? પણ હું જ ના પાડું છું. આ આટલાં વરસ નીકળી ગયાં તો હવે રહી રહીને -'

આ કોણ બોલતું હતું અત્યારે, કોને કહેતું હતું? આજે મધુનો બોલાશ કેમ સતત સંભળાયા કરે છે? કે પછી આ એનો પહેલાં કોઈક વાર સાંભળેલો અવાજ છે?

સરસ્વતીને કંઈ સમજાતું ન હતું.

ત્યાં ઓચિંતો હુમલો આવ્યો.

સવારે બિછાનામાં પડેલું સરસ્વતીનું નિશ્ચેષ્ટ શરીર આ વાત કોઈથી છુપાવી ન શક્યું. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૩(૩)

પ્રા. પ્રવીણ ન. શેઠ

વડીલો-કલાઈડસ્કોપની પેટર્ન • શું માબાપે અમેરિકાવાસી થવા જેવું ખરું ?

જો કે અદ્યતન ભારતીય સમાજમાં વડીલોની સ્થિતિ પણ એટલી સારી નથી. ભારતના ૬૦ વર્ષની ઉપરના વૃદ્ધોનો એક અભ્યાસ, 'ઇન્ડિયાઝ એલ્ડરલી' રાજન, મિશ્ર અને શર્મા એ ત્રણ લેખકોએ ૧૯૯૯માં બહાર પાડ્યો છે. તે પ્રમાણે ૨૦૧૨ના વર્ષમાં વૃદ્ધોની વસતી ૧૦૦ મિલ્યન (૧૦ કરોડ) જેટલી થશે. એક બાજુ પ્રણાલીગત કુટુંબપ્રથા લગભગ નામશેષ થઈ ગઈ છે. બીજી બાજુ, નોર્વે-સ્વીડન-અમેરિકા-ઇંગ્લંડની જેમ રાજ્ય કાંઈ તેમની અસરકારક કે યોગ્ય સંભાળ લઈ શકે તેવી તેની આજની સ્થિતિ નથી. પુત્ર-સંતાનો અને તેમની વહુ વડીલોની ઉપેક્ષા કરે છે, એમની ૧૩ પ્રશ્નોવાળી પ્રશ્નોત્તરીને આધારે તારણો કાઢ્યાં છે. જે તેમાં ૭૨.૯ ટકા વૃદ્ધો બાળકો સાથે રહે છે. અને જેમની પાસે અલગ રહેવા માટે પૂરતાં નાણાં નથી. તેવાં વડીલો ૭૧.૧ ટકા છે. જરૂરિયાતના સમયે પોતાને કોઈ મદદ કરનાર નથી એવી ૭૦ ટકા વૃદ્ધો ફરિયાદ કરે છે અને વળી તેઓની માંદગીમાં તેમને મદદ કરનાર કોઈ નથી. આ પુસ્તકના ૧૫ કેસ સ્ટડીઝમાંના કેટલાક હૃદયદ્રાવક છે. અને અમેરિકાની જેમ, જુદો જ સામાજિક સંદર્ભ અને રાજ્યપ્રેરિત અર્થકલ્યાણ વ્યવસ્થા હોવા છતાં, બંને પ્રકારની સિસ્ટમમાં એક બાજુ ધોળા-ભૂખરા વાળવાળી વસતી વધતી જાય છે, તે સાથે તેમના શારીરિક જ નહિ, મનો-સામાજિક પ્રશ્નો પણ વધતા જાય છે. બંને સિસ્ટમમાં સારી એવી સંખ્યામાં વૃદ્ધો બહુ લાંબી જિંદગી ઇચ્છતા નથી!

આ બધી માહિતીસામગ્રી અને અનુભવોનું વિશ્લેષણ એવુ સંકુલ ચિત્ર ઊભું કરે છે ક, 'પાછલી ઉંમરે અમેરિકાવાસી સંતાનોનાં માબાપે ત્યાં જઈને 'સેટલ' થવું કે નહિ?' તેનો સ્પષ્ટ ઉત્તર મેળવવો ખૂબ જ મુશ્કેલ છે. કેટલાંક વૃદ્ધોના અનુભવોમાંથી થોડી પેટર્ન આકારી શકાય છે - હકાર અથવા નકારાત્મક રેખા પર - પણ ઘણા કેસ આગવા હોય તેવા છે.

પોતે ઓછુંવત્તું વેઠીને પણ પોતાનાં સંતાનોને વિદેશ-ખાસ કરીને છેલ્લા અઢીએક દસકાઓમાં તો અમેરિકા-મોકલનાર માબાપને મોકલતાં સારું લાગ્યું. ખુદ એવાં માબાપો છે જેમણે પોતાનાં બધાં સંતાનોને અમેરિકા મોકલ્યાં, ત્યારે પોતાની પાછલી ઉંમરે ભારતમાં શું થશે - તેની થોડી વિમાસણ, પોતે ત્યારે હજુ જીવનના મધ્યબિન્દુએ હોવા છતાં, તેઓ અનુભવતાં હતાં. છતાં બાળકોના વિકાસ અને ઊંચા જીવનધોરણ માટે તેમને તક મળે તે માટે આમ કર્યું. શરૂઆતમાં સંતાનોએ અમેરિકામાં સારી પ્રગતિ કરી. તેઓ સંપન્ન જીવન જીવવા લાગ્યાં ત્યારે તે જોઈને, કે ત્યાં પહેલી વાર જઈને ત્યાં હરીફરીને સુખગૌરવનો ભાવ પણ અનુભવ્યો છે, પણ જ્યારે તેમની સાથે કાયમી રહેવાનું થાય ત્યારે જુદી જ વાસ્તવિકતાનો અનુભવ થાય છે. માબાપની આદર સાથે કાળજી રાખનાર સંતાનોને ત્યાં માબાપને ગોઠે છે. વિદેશમાં વસવું એટલું વસમું લાગતું નથી.

અને પેલા હૈદરાબાદી વૃદ્ધ જેવાં એવાં કેટલાંય વૃદ્ધો છે, જેઓ ભારત પાછાં ફરી શકે તેમ નથી. તેમાંનાં કેટલાંકને સંતાનો તરફથી ઠંડી ઉપેક્ષા, કે ભારરૂપ ડોસા-ડોસીભાવ અનુભવવા પડતા હોય છે.

કેટલાંકને પ્રત્યક્ષ-પરોક્ષ અપમાનિત દશાનો. ને સૌથી વિચિત્ર તો એકલવાયાપણાની લાગણી ઘણાને અનુભવવી પડતી હોય છે તે છે. અમેરિકન મેડિકલ એસોસિએશન (આમા-AMA) અનુસાર ઘણાં અમેરિકનો એકલવાયાપણાને કારણે મૃત્યુ પામે છે. (ત્યાં ૨૨ મિલ્યન અમેરિકનો એકલાં રહે છે. જે પુખ્ત વયના અમેરિકનોના ૧૨ ટકા જેટલા થાય છે). 'આમા' કહે છે, 'એકલવાયા હોવું, તે જ હકીકતમાં તો, એક રોગગ્રસ્ત સ્થિતિ છે.' વિશ્વના સૌથી આગળ વધેલા કહેવાતા સમાજમાં કોઈ સગાસંબંધી વિના રહેવું અને એવી જ સ્થિતિમાં મૃત્યુ પામવું - એવું એકલતાની રોગિષ્ઠ સ્થિતિમાં સૌથી ખેદજનક મૃત્યુ સંખ્યાબંધ અમેરિકનોના નસીબમાં નોંધાયું છે. ભારતીય અમેરિકન સમાજ પણ શું આ જ માર્ગે આગળ ધપવાનો છે?

જીવન લગભગ અર્થશૂન્ય બને છે. જીવનનો કોઈ પણ મકસદ નહિ રહ્યો હોય (પૌત્ર-પૌત્રીને રમાડવાનો, ઉછેરવાનો, કે તેમને શૈક્ષણિક અને સંસ્કારને ધોરણે કેળવવાનો પણ નહિ) તો આકર્ષક ફેમિલીરૂમ, મોટરગાડી કે ઘરની સુવિધાઓ પણ અર્થશૂન્ય બની રહે છે. પોતાના શૂન્યાવકાશને પૂરવા માટે મિત્ર-પડોશીની ભારતીય જીવનની સાહજિક તકોથી સતત વંચિત રહેવાનું હોય, ત્યારે ખાલીપો ડંખે છે. ઘરડાં માબાપના આવા ન કળાય તેવા ચૂંથારાને તેમના વ્યસ્ત અને સુખી પુત્ર, પુત્રવધૂ કે પુત્રીને પૂરતો સમય તો નથી હોતો, પણ કેટલાક કિસ્સામાં તે સમજવા માટેની સંવેદનશીલતા પણ સુકાઈ જતી જણાય છે.

સંસ્કારી ગણાતાં કુટુંબોમાંથી આવેલી યુવતી પણ અમેરિકામાં પુત્રવધૂ તરીકે ઉદ્ધત વર્તન કરતી હોય છે. ભારતની એક અગ્રિમ રાષ્ટ્રિય વિજ્ઞાન સંશોધન સંસ્થાના નિયામક અને

એમનાં પત્ની એમના પુત્રને ત્યાં થોડો સમય રહેવા આવ્યાં. નિયામકનાં પોસ્ટ-ગ્રેજ્યુએટ પત્ની ભારતમાં હતી તે ટેવ પ્રમાણે સવારે વહેલા ઊઠીને રસોડામાં વાસણો ગોઠવતાં હતાં. તેમાં થોડો ખખડાટ તો થાય જ. ત્યારે એમની પુત્રવધૂ રસોડામાં આવી અને કહેવા લાગી : 'મમ્મી, તમે અત્યારે આ બધું શું કામ કરો છો? અમને ઊંઘમાં ડિસ્ટર્બ થાય છે!' વતનમાં મોભાદાર અને મહિલાઓની 'અભિરુચિ' નામક સંસ્થામાં ભાગ લેનાર આ આધેડ મહિલા તો અવાક્ જ થઈ ગયાં. વતનમાં ખાધેપીધે સુખી અને સામાજિક સન્માન ધરાવનાર માબાપોને આઘાત એ લાગે છે કે સામાન્ય સ્થિતિમાં આવેલી યુવતી પોતાના પુત્ર સાથેનાં લગ્નને નાતે અહીં ગ્રીન કાર્ડ કે નાગરિકત્વનું સ્ટેટસ મેળવનાર વહુ તરીકે કેવા સંસ્કાર પ્રદર્શિત કરે છે!

તો બીજી બાજુ, માબાપો પણ અહીં આવીને પોતાનાં પુત્ર-વહુ કે પુત્રી-જમાઈ એમની સંપન્ન સ્થિતિને કારણે ઉપભોગવાદી સમાજમાં સારો એવો ખર્ચ કરે કે મનગમતી વસ્તુઓ 'સેલ'માંથી લાવતાં રહે તો બળાપો કાઢતાં હોય છે. પ્રભુએ પોતાનાં સંતાનોને આવી સારી સ્થિતિમાં મૂક્યાં છે, તેવો સંતોષ લેતાં તેમને આવડતું નથી. અહીં પુત્રં કે વહુઓ અહીંની જીવનશૈલીએ રહે, અમેરિકામાં રહેનાર માટે સ્વાભાવિક એવા શૉર્ટ કે ફેશનેબલ વસ્ત્રો પહેરે, યા તો હેમ્બરગર યા તો ડ્રિંક્સ લે, તેને સર્વસામાન્ય માનીને ચાલવાનું અનુકૂલન સાધતાં પણ ઘણાં જૂનવાણી વડીલોને ખાસો એવો સમય લાગે છે. સંતાનોએ પણ એ સમજવું જોઈએ કે કેટલીક બાબતોમાં એમનાં માબાપને અહીં 'એડજસ્ટ' થવું મુશ્કેલ લાગવાનું જ. આખી જિંદગી સુધી અમુક રીતે રહેવા ટેવાયેલાં, કે ચોક્કસ જીવનદૃષ્ટિ કે મૂલ્યો ધરાવનાર, યા તો ભારત માટે સહજ એવી જીવનશૈલીથી ઘડાયેલાં માબાપ 'અહીં તેઓ જાતે કેમ આમ (આ, કામ) કરી લેતાં નથી?' એવો સંતાનોનો આગ્રહ માબાપને કઠે છે.

સંતાનોએ એ સમજવું જોઈએ કે માબાપ ભારતમાં રહેતાં હોય ત્યારે કોઈ શારીરિક તકલીફ ઊભી થાય તો તરત પોતાના ફેમિલી ડૉક્ટર પાસે દોડી જનાર અને દવા લઈ આવનાર કે જરૂર પડે તો તરત 'મોટા ડૉક્ટર' પાસે ચેક-અપ કરાવવા જઈ શકનાર માબાપને અહીંની ડૉક્ટરોને મળવાની કે સારવાર લેવાની પદ્ધતિને અનુકૂળ થતાં થોડીઘણી મુશ્કેલી પડે અને તે માટે ડૉક્ટરના કન્સલ્ટિંગ રૂમ પર મોટરમાં જવા માટે પણ છોકરા-વહુની અનુકૂળતાનો ખ્યાલ રાખવો પડે. વળી, માબાપો (ભારતમાં પોતાની 'ગાડી' ડ્રાઈવ કરવાની ટેવવાળાં પણ) અહીં બહુધા બસ-કોચસેવા સુલભ નહિ હોવાથી પોતાનાં સંતાનો પર આધાર રાખે છે. મંદિરે જવું હોય કે પોસ્ટ ઑફિસ, યા તો પોતાના સમવયસ્ક સંબંધીને મળવા જવું હોય - પોતાનું સંતાન લઈ જાય ત્યારે આમ તેઓ હાથેપગે ચાલતાં-ફરતાં હોવા છતાં એક નવા પ્રકારની 'અપંગાવસ્થા' અનુભવતાં હોય છે, વળી, પોતાનાં બાળકોને (પુત્ર-વહુઓ કે પૌત્ર-પૌત્રીને) એમની 'બર્થ-ડે' નિમિત્તે 'ગિફ્ટ' આપવી હોય, પાસે પોતાના ડૉલર પણ હોય તો પણ વસ્તુ લેવા સ્ટોર પર જવા તો સંતાનો પર જ આધાર રાખવાનો. કેટલાંકને ભારતની આબોહવામાં રહ્યાં પછી અહીંનાં કેટલાંક રાજ્યોમાં અતિશય ઠંડીનો લાંબો કાળ માફક આવતો નથી. અને આમાં તમે ઉમેરો સંતાનોની ઉપેક્ષા અને ત્યાંની એકલતા. એક નવા પ્રકારના મનોરોગ (સાઇકોસોમેટિક) દર્દથી વડીલો પીડાતાં હોય, તો તેમાં નવાઈ નથી. આથી એક નિરીક્ષકે તો એમ પણ કહ્યું કે આ બધું જોતાં, જેમના કોઈ સંતાન ભારતમાં હોય - ત્યાં ભલે જુદાં પણ રહેતાં હોય - અને ત્યાં ખાધેપીધે સુખી હોય તેવાં માબાપ અહીં રહેવા આવે એ તો ત્યારે જ બને કે તેમને અહીં આવી રહેવાની ઘેલછા હોય, કે ભારતમાં પોતાનું સ્થાન ન હોય, પોતાને કોઈ સગુંવહાલું ગણતું ન હોય યા તો ત્યાં ખૂબ જ ખરાબ અનુભવ થયો હોય.

બાકી અહીં મોટા ભાગનાં માબાપો અને તેમનાં સંતાનો ક્રમશઃ એકબીજાંની જરૂરિયાત અને સ્થિતિને સમજીને સાથે રહેવાનું અનુકૂલન સાધી શક્યાં છે. પુત્ર અને વહુઓ સમજે છે કે વ્યાપારી મનોવૃત્તિવાળી બેબિસીટર કરતાં દાદા-દાદી પોતાનાં નાનાં સંતાનોના ઉછેરમાં કેવું અમૂલ્ય પ્રદાન કરી શકે તેવાં હોય છે! વૃદ્ધ મા કે બાપથી ઘરમાં કપ કે બીજું તૂટી જાય તો તેમાં 'કચ કચ' કરનારી વહુઓ ખૂબ જૂજ હોય છે. તે જ પ્રમાણે જરૂરી બાબતમાં પોતાનાં મિત્ર-સંબંધીને વડીલો ફોન કરે તેમાં પણ સંતાનોને વાંધો હોવો જોઈએ નહિ. બીજી બાજુ માબાપે પણ ઘરના કામકાજમાં શક્તિ હોય તે પ્રમાણે પોતાનો હાથ લંબાવવો જોઈએ અને પૌત્ર-પૌત્રીઓના ઉછેરમાં રસ લેવો જોઈએ. આ લખનારને જ્યારે અમેરિકાનાં ભારતીય વર્તુળો સમક્ષ વાર્તાલાપ આપવાનું થાય ત્યારે વડીલોની ભૂમિકા બાબત આ મુદ્દા પર ભાર મૂકવાનું થાય છે. 'વડીલોએ એ સમજવું જોઈએ કે સંતાનોનો ઉછેર એ કાંઈ બેબિસીટિંગ નથી. ઇટ્સ અ ક્રીએટિવ પ્રોસેસ.' કોલંબસ - ઓહાયો-ના એક મોટેલમાલિક ઉમેશ પટેલનો આ લખનાર રાત્રે તેમની મોટેલમાં ઇન્ટર્વ્યૂ લેતા હતા. દરમિયાન મારાં પત્ની સુરભિ મોટેલના જ એક ભાગમાં રહેતા ઉમેશભાઈનાં ૭૪ વર્ષનાં માતા કલાબહેન સાથે બેઠાં હતાં. સુરભિએ સ્વાભાવિક રીતે પુછાતો પ્રશ્ન કલાબહેનને પૂછ્યો : 'તમને અહીં ગમે છે?' ખેડા જિલ્લામાંથી આવેલાં આ વૃદ્ધ મહિલાએ કહ્યું : 'એમાં શું? છોકરાંઓને ખવડાવવા-રાખવા માટે રહેવાનું જ્યાં થાય ત્યાં - અહીં શું, ત્યાં શું?' એમની છોકરા-વહુ ઉમેશભાઈને કોલંબસ બહાર આવેલી બીજી એક મોટેલ સંભાળતી હતી એટલે ત્યાં રહેતી હતી. જ્યારે એમની નાની દીકરી ઉમેશભાઈ

સાથે શહેરમાં રહેતી હતી, જેથી દીકરીનું સારી સ્કૂલમાં ભણવા જવાનું સચવાય. તો બીજી બાજુ ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય સચિવ લલિત દલાલ અને તેમનાં પત્ની મીનાક્ષીબહેન અમેરિકામાં ૧૯૮૦ના દસકાથી વધારે વાર અમેરિકા પોતાનાં પુત્રી અને પુત્રને ત્યાં રહેવા જવા લાગ્યાં. કારણ કે એમનાં સંતાનોને ગોરી તરુણી એવી બેબિસીટર રાખવામાં પૌત્ર-પૌત્રી બાબત આવા ડૉલરલક્ષી બેબિસીટર્સ કેવો વર્તાવ કરે છે, તેનો કડવો અનુભવ થયો હતો. પોતાનાં પુત્ર-પુત્રીના વિકાસમાં ફાળો આપવાની ભૂમિકા સમજનાર દાદા-દાદી કુટુંબના વિકાસસાતત્યમાં શારીરિક-માનસિક સ્થિતિ પ્રમાણે બને તેટલો રસ લે અને ફાળો આપે તો ભારતીય કુટુંબપ્રથા અને સાંસ્કૃતિક આત્મઓળખના સંપોષણમાં તેઓ યથાશક્તિ પ્રદાન કરી શકશે.

આમ, વડીલોને જોઈતી વસ્તુ માટે થોડા ડૉલર ખર્ચવામાં માબાપને ઓશિયાળાપણું અનુભવવા નહિ દે. તેમજ માબાપને વીકએન્ડમાં સસ્તા દરે ભારતમાં રહેતા સગા કે ખાસ સંબંધીને લૉંગ-ડિસ્ટન્ટ કૉલ કરવા માટે દીકરા કે વહુની દર વખતે પરવાનગી લેવી નહિ પડે તેવી સ્થિતિ હોય, તો માબાપને અહીં જચે છે. માબાપ તેમની સાથે પિકનિક કે પ્રવાસે જાય, સાથે ટી.વી. જુએ, કથામાં કે મંદિરમાં તેમને લાવવા-મૂકવાનું ધ્યાન રાખે ત્યાં ભારતીય માબાપો અહીં દુ:ખી થતાં નથી, માબાપને થોડો સમય ભારત જઈ રહી આવવા માટે વર્ષે-બે વર્ષે સગવડ કરી આપે તો તેથી પણ માબાપને એકલવાયપણું કે અલગાવવૃત્તિ કઠતી નથી. માબાપને ઝી ટી.વી. પર, ટી.વી. એશિયા કે બીજી ચૅનલ પર ભારતીય સીરિઅલ જુએ કે ત્યાંના સમાચાર જુએ તો તેને અંગે યુવાન સંતાનોએ પ્રશ્ન ઊભો કરવો જોઈએ નહિ. ઘણાં સંતાનો તો વડીલનો સમય જાય તે માટે હવે આવી જે સુવિધા મળી છે, તે ડિશ-એન્ટેના નાખીને ઘરમાં આ ચૅનલો ચાલુ કરાવી લે છે, જો કે કેટલાંક કાચી સમજના પુત્ર-પુત્રીઓ આવા સમાચારો કે ટી.વી. સીરિઅલ જોવાની અહીં રહ્યાં પછી પણ શું જરૂર છે, એવું પૂછતાં હોય છે. જાણે અમેરિકન મીડિઆના સમાચાર કે બીજા કાર્યક્રમ સમસ્ત વિશ્વને સમાવી લે છે કે તે જ પ્રસ્તુત છે, એવું માનતાં હોય છે. માબાપ અમેરિકા આવ્યાં એટલે એમણે બધું જ ભૂલી જવું જોઈએ, એટલે કે એક જ જિંદગીમાં પોતાનાં સંતાનો માટે બીજી વાર બધું છોડી દેવું જોઈએ, એને જ અનુકૂલન માનતા લાગે છે! તેમ માત્ર વડીલો પાછળ થોડા ડૉલર ખર્ચવાથી વડીલો પ્રતિની ફરજ પૂરી થઈ જાય છે, તેવું માનવાની ભૂલ કરવા જેવું નથી, પણ ઑફિસેથી ઘેર આવ્યા હોય, કે મા યા બાપને કોઈ પ્રકારની અસ્વસ્થતા હોય તો પાંચ મિનિટની લાગણીભરી પૃચ્છા અને થોડીઘણી હૂંફ જાદૂઈ થેરપી તરીકે કામ કરે છે. મધ્યમ વર્ગનાં માબાપે નાણાંકીય ખેંચ અનુભવીને પણ પોતાને અમેરિકા આવવાની શૈક્ષણિક ભૂમિકા અને પાયાનો ટેકો આપ્યો હતો પોતે તેથી જ આજે અહીં સુખીસંપન્ન છે. પત્નીએ પણ સમજવું જોઈએ કે અન્યથા ભારતમાં સામાન્ય ઘરની યુવતી તરીકે પોતે ભારતમાં કેવા પ્રકારની જિંદગી જીવત ? જો આ રીતે પતિના ગ્રીનકાર્ડ કે એવા આધારે પરણીને અહીં આવીને તદ્દન જુદી, સંપન્ન અને સામાજિક રીતે મુક્ત જીવન જીવવાની તેને તક ન મળત તો? આમ, માબાપે પુત્ર અને વહુના ઉડ્ડયન માટેના 'ટેક-ઑફ' માટે એરફીલ્ડ પરના રન-વેનું પાયાનું કામ કર્યું છે, તેનો થોડો પણ એહસાસ અને એહશાન અનુભવશે, તો યુવાન સંતાનો માબાપની કદી ઉપેક્ષા, ઉપહાસ કે અનાદર કરશે નહિ. બીજી બાજુ માબાપે પણ પોતે સંતાન માટે શું શું કર્યું છે, તે વારંવાર યાદ કરાવવું એ પણ યોગ્ય નથી.

અમેરિકાવાસીને કે ખુદ આવા વડીલોને ઘરડાંઓ માટેનાં નર્સિંગ હોમ, વૃદ્ધાશ્રમ કે બીજાં રૂપાળાં નામે ચાલતાં આશ્રય-કેન્દ્રોમાં રહેવાનો વિચાર આવે, તો તે સ્વાભાવિક છે; પણ આવા પ્રયોગો હજુ સુધી ખાસ સફળ થયા નથી. એક સામાજિક કાર્યકરે આવો પ્રયત્ન કર્યો; પણ માસિક ખર્ચ પેટે, એમને મળતા એસ.એસ.આઈ. જેવા સરકારી સહાયફાળામાંથી ૫૦૦ ડૉલરનો ખર્ચ આપવા તથા મહિને વૃદ્ધાવસ્થાને લગતાં સામાન્ય કામોને આટોપવા માટે ૨૦ કલાક આપવાનું ઠરાવ્યું. ભારતીય જૈફોને આવી વ્યવસ્થા માન્ય નહોતી. કેટલાંક સંતાનોને પણ પોતાના વડીલને કારણે મળતા આવા ડૉલરની આવક જતી કરવા માટે વૃદ્ધાશ્રમનો વિચાર ખાસ જચ્યો નહિ! તેવા સંદર્ભમાં ઉભય પક્ષે સમાયોજન સાધવાનો અને પોતાના ગમાઅણગમા કે સગવડ-અગવડના બે છેડા પરનાં વલણો છોડીને પ્રામાણિક પ્રયાસ કરવો, એ ઇચ્છનીય નથી? વિકલ્પે, ભારતમાં પોતાનાં ઘરબાર કે સંપત્તિ બધું કાઢી નાખીને અમેરિકા આવી જવા કે પુત્ર-પુત્રીને બધું પહેલેથી આપી દેવાની પણ જરૂર નથી. પોતાના વર્ષોપર્યન્ત કેળવેલા ભારતના સંબંધોને કાપી નાખવા, કે ભૂલી જવાની પણ જરૂર નથી, જેથી અંતિમ કિસ્સામાં ભારત પાછા ફરીને, ત્યાં ફરીથી રહેવાનો ભૌતિક આધાર હાથવગો રહે.

અમારા અભ્યાસમાં વડીલોને મોકળાં બનીને, પોતાની હકીકત કહેવા તૈયાર કરવા મુશ્કેલ જણાયું છે. વળી, જેઓને ફરિયાદ કરવાનું વધુ હતું તેઓએ મન મોકળું કર્યું. તેથી તેવા કિસ્સાઓ અહીં વધારે નોંધાયા છે, છતાં જેમને અનુકૂલન સાધતાં આવડ્યું છે કે 'પૉઝિટિવ' છે, તેમને કાંઈ કહેવાપણું નહોતું. પરન્તુ એવા 'સ્વસ્થ' વડીલોના કિસ્સાઓ ઓછા છે, તેવું લાગે છે. પણ જાડી રીતે એવી છાપ પડે છે કે પહેલી પેઢી અને સીનિઅર સિટીઝન્સ બંને પરસ્પર અનુકૂલન માટે તૈયાર થતાં ગયાં છે, થતાં જાય છે. સંજોગોના દબાણ, પરસ્પર

(અનુસંધાન પૃ. ૫૯૪)

સંગીતશાસ્ત્ર - ૩૦

ડૉ. હસુ યાજ્ઞિક

કર્ણાટકી સંગીતધારા

ભારતીય શાસ્ત્રીય સંગીતની પ્રદેશ અને પ્રકારની ભિન્નતાને કારણે મુખ્ય બે શાખાઓ છે તે ઉત્તરી સંગીત અને કર્ણાટકી સંગીત તરીકે ઓળખાય છે. ઉત્તરી શાખામાં પશ્ચિમ ભારત, પશ્ચિમોત્તર ભારત, પૂર્વ ભારત અને મધ્ય ભારતનો સમાવેશ થાય છે. દક્ષિણી સંગીતના ભૌગોલિક અને ભાષાકીય વિસ્તારોમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરાલા અને તમિલનાડુનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રની દક્ષિણની સીમા જે કર્ણાટકને અને આંધ્રપ્રદેશને સ્પર્શે છે તેના સન્ધિપ્રદેશોના સંગીત પર પણ દક્ષિણી સંગીત જેનું સર્વસ્વીકૃત અને પ્રચલિત નામ કર્ણાટકી સંગીત છે, એની કેટલીક અસર છે. સીમા પરના પ્રદેશની ભાષા પર જે રીતે બન્ને પ્રદેશોની ભિન્ન એવી ભાષાઓના સંમિશ્ર સ્વરૂપની અસર હોય છે તેવું સંગીત તથા અન્ય કલાઓમાં પણ બનતું હોય છે.

હકીકતે, તાત્ત્વિક દૃષ્ટિએ તો ઉત્તરી કર્ણાટકી સંગીત એક જ વંશ કે કુળનું છે. એનો ઉદ્‌ગમ એક જ સ્રોતમાંથી થયો છે. બીજી જાતિઓ અને તેની પરંપરાઓની અસર, ખાસ તો પર્શિયન અસર, ઉત્તરી પરંપરા પર પડી તેથી તેનું સ્વરૂપ મુઘલકાળ દરમિયાન બદલાયું, એવું મનાય છે. અને દક્ષિણના સંગીતે આવી અસરને ન સ્વીકારી અને પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખ્યું તેથી દક્ષિણની સંગીત-પરંપરા, અર્થાત્ કર્ણાટકી સંગીત જ મૂળભૂત ભારતીય શાસ્ત્રીય સંગીત છે, એવું મનાતું આવ્યું છે.

આ બન્ને શાખાઓ વચ્ચેના મહત્ત્વના ભેદની તથા મૂળ ભારતીય પરંપરા કઈ અને તેમાં ક્યાં, કેટલાં પરિવર્તનો આવ્યાં એની સાધાર સવીગત ચર્ચા ડૉ. મધુસૂદન ઢાંકીએ તેમના પુસ્તક 'સપ્તક'ના પહેલા જ લેખ 'આગિયો અને સ્વર્ણભ્રમર'માં કરી છે. આ બન્ને શાખાઓનાં સામ્યભેદનાં સ્થાનો અને તેનાં કારણોના ઊંડાણમાં ન ઊતરતાં મહત્ત્વનો ભેદ જ જાણી કર્ણાટકી સંગીતની પરંપરાને જ જાણીએ.

આ બન્ને શાખાઓનાં સપ્તક, સ્વરસ્થાન, વિવિધ રાગ અને તેના સ્વરૂપને પ્રકટ કરવાની પદ્ધતિ, તાલ અને લયના વિવિધ સ્વરૂપોમાં તાત્ત્વિક કોઈ ભેદ નથી. દક્ષિણની પરંપરામાં સ્વરને એની નિશ્ચિત શ્રુતિના સ્થાને સ્થિર કરીને લેવાને બદલે તેની ઉપરની અને નીચેની શ્રુતિઓ સાથે આંદોલિત સ્વરૂપે લેવામાં આવે છે. આ કારણે જ એના સ્વરલગાવમાં રાગના પ્રસ્તુતીકરણમાં ઉત્તર ભારતીય સંગીતથી ટેવાયેલા કાનને થોડું વૈચિત્ર્ય લાગે છે. મીંડ-ઘસીટનો સતત પ્રયોગ લાગે છે. કેટલાક રાગ સમાન છે, માત્ર નામ જુદાં છે. કર્ણાટકી પદ્ધતિમાં ખયાલ પદ્ધતિને બદલે મૂળ ધ્રુપદશૈલીનો સમ્યન્તરી વિકાસ અને ભિન્નતા છે. કૃતિને, સાહિત્યને એમાં પૂરતું, ઉત્તરી શાખાને મુકાબલે વિશેષ સ્થાન છે. ઉત્તરી શાખાના મોટા ભાગના રાગોના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ વચ્ચે ષડજ-મધ્યમ, ષડજ-પંચમ ભાવ જળવાય છે, અર્થાત્ જો રે શુદ્ધ હોય તો એનો ધ શુદ્ધ હોય, <u>રે</u> કોમળ તો <u>ધ</u> કોમળ. એ રીતે ગંધાર અને નિષાદ વચ્ચે સામ્ય હોય છે. રાગ આહિરભૈરવમાં છે તેમ '<u>રે</u>' કોમળ અને 'ધ' શુદ્ધ ઉત્તરી પરંપરાના રાગોમાં અપવાદ રૂપે જ હોય છે. બહુધા કોઈ પણ રાગના પૂર્વાર્ધના સ્વરોનું શુદ્ધ કે કોમળ સ્વરૂપ હોય તે પંચમભાવે સાધી એવી ઉત્તરાર્ધના સ્વરનું સ્વરૂપ હોય છે. કર્ણાટકી સંગીતમાં ષડજ અને પંચમભાવે પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ સમાન રૂપના જ હોય એવું સામાન્ય નિયમરૂપમાં જોઈ શકાતું નથી. તાલના નામમાં પણ ભેદ છે અને પ્રથમ માત્રા પરના સ્વરને, શબ્દને 'સમ' તરીકે જે મહત્ત્વ ઉત્તરી સંગીતમાં છે, તે કર્ણાટકીમાં નથી. એમાં તો એક આવર્તન પૂર્ણ થયું અને બીજું શરૂ થાય એવી રીતે જ આગળ વધાય છે. આથી ઉત્તરી સંગીતમાં લયનું જે ચક્ર બંધાય અને 'સમ' વિશિષ્ટ સ્થાને આવીને મુખરિત બને એવું પ્રબંધ સ્વરૂપ કર્ણાટકી સંગીતમાં નથી. બેકી સંખ્યાના તાલમાં પાંચ કે સાત માત્રાનો મુખડો લેવાથી તેના તાલના ખંડોનું વિષમ આયોજન થાય અને વચ્ચે 'સમ' આવતાં ગાયક-ભાવક વિશિષ્ટ લયસૌન્દર્ય માણે છે. જો ત્રિતાલની ચીજ કે ગત ૧૨મી માત્રાથી થાય તો મુખડો પાંચ માત્રાનો બને છે. ૧૬ માત્રા જે ચાર ચાર માત્રાના એક એવા ચાર ખંડના એકમમાં છે તેનું રજૂઆતમાં સ્વરૂપ ૫+૪+૪+૩ એવું બને. આથી પ્રથમ ખંડ, એનો મુખડો, આરંભ પાંચ માત્રાનો પૂરો થાય કે સમ આવે અને પછીના બે ખંડ તાલખંડના માપમાં ચાલે; પરંતુ એના આવર્તનના છેડાનો અંત ત્રણ માત્રાનો હોય એટલે તિસ્ર જાતિનું રૂપ ધારણ કરે અને આવર્તન પૂર્ણ થાય ને નવું આવર્તન શરૂ થતાં પાછો પાંચ માત્રાનો ખંડ અને તરત 'સમ' એટલે કે પહેલી માત્રા. દક્ષિણી પદ્ધતિમાં દિગુન, તિગુન, આડલય હોય છે, પરંતુ 'સમ'નું આવું વિશિષ્ટ સ્વરૂપ નથી હોતું.

આવા કેટલાક મહત્ત્વના ભેદ આ બન્ને શાખા વચ્ચે છે. પરંતુ તત્ત્વતઃ બન્ને એક વૃક્ષની જ બે શાખા છે. આથી દક્ષિણની પરંપરાને જાણવા માટે તે પ્રદેશના સંગીતશાસ્ત્ર પર દૃષ્ટિપાત

કરીએ, તો જણાશે કે બન્ને શાખાઓ તત્ત્વતઃ સમાન કુળની છે અને તેમના રાગો પણ સમાન છે. ઉત્તરી કે હિન્દુસ્તાની સંગીતનું શુદ્ધ સ્વરોનું સપ્તક બિલાવલ રાગના સ્વરોના સ્વરૂપનું છે, જ્યારે દક્ષિણી એટલે કે કર્ણાટકી સંગીતનું શુદ્ધ સ્વરસપ્તક મુખારી મેલ અથવા કનકાંગી મેલનું છે. એટલે કે કર્ણાટકી સંગીતના શુદ્ધ સપ્તકના રે અને ધ કોમળ છે. હિન્દુસ્તાની સંગીતની દૃષ્ટિએ સા રે રે મ પ ધ ધ તેના સપ્તકના, શુદ્ધ કે આધારરૂપ કે મૂળ એવા સપ્તકનાં સ્વરસ્થાન છે. આથી હિન્દુસ્તાનીમાં જે સ્થાન શુદ્ધ રે અને ધ - ના છે તે કર્ણાટકીમાં ગ અને નિ - ના છે. આમ, હિન્દુસ્તાની સપ્તકના જે કોમળ રે અને ધ છે તે કર્ણાટકી સપ્તકના શુદ્ધ કે મૂળ રે અને ધ - ના શ્રુતિસ્થાનો છે. અને હિન્દુસ્તાની શુદ્ધ રે અને ધ કર્ણાટકી સંગીતના ગ અને નિ છે. આથી હિન્દુસ્તાની શુદ્ધ સપ્તકને આધારે કર્ણાટકી શુદ્ધ સપ્તક સા રે ગ મ પ ધ નિ ગાતાં સા રે રે મ પ ધ ધ આવે. કર્ણાટકી સંગીતે નીચેની શ્રુતિની સ્વરની સ્થિતિને, સ્થાનને તેનું મૂળ સ્થાન માન્યું છે. આથી મૂળ સ્થાનને બદલે જો સ્વરનું બીજું રૂપ લેવું હોય તો હિન્દુસ્તાનીમાં નીચે ઊતરવું પડે છે તેને બદલે કર્ણાટકીમાં ઉપર ચડવું પડે છે. ભારતીય સંગીતનું શુદ્ધ સ્વરોનું સપ્તક આપણે માનીએ છીએ તેમ પ્રાચીન કાળે કાફી થાટને બદલે ભૈરવી થાટનું હશે એવી જે સંભાવના ડૉ. મધુસૂદન ઢાંકીએ દર્શાવી છે તે પણ આ કર્ણાટકી સ્વરસ્થાનને લક્ષમાં લેતાં સ્વીકાર્ય લાગે છે. સંભવ છે કે પ્રાચીન કાળના મુખ્ય સપ્તકના ગાંધાર અને નિષાદ નહીં, પરંતુ રિષભ અને ધૈવત કોમળ હોય.

કેટલાક રાગો આ બન્ને શાખામાં સમાનરૂપે છે તે આપણા પ્રાચીન રાગો ગણાય. કર્ણાટકીમાં એનાં નામ જુદાં પડે છે. આવા રાગોમાં કલ્યાણી (યમન), હિંડોલમ (માલકૌંસ), પન્તુવરાડી (પુરિયાધનાશ્રી), માયા માળવગૌડ (ભૈરવ), શુદ્ધ સાવેરી (દુર્ગા), કર્ણાટક દેવગંધાર (ભીમપલાસી), હમીરકલ્યાણ (કેદાર), કારી, શુભપન્તુવરાડી (તોડી) અને ગમનાશ્રમ (પુરિયાકલ્યાણ)નો સમાવેશ થાય છે.

આ પછી કેટલાક રાગો હિન્દુસ્તાનીમાંથી કર્ણાટકીમાં ગયા તો કેટલાક રાગો કર્ણાટકીમાંથી હિન્દુસ્તાનીમાં આવ્યા. કર્ણાટકી સંગીતે ઉત્તર ભારતીય પરંપરાના સારંગ, બિહાગ, જયજયવંતી, બાગેશ્રી, દરબારી, પરજ, દેશ, ઝિંઝોટી, ખમાજ, જૌનપુરી, અડાણા, સિંધભૈરવી અને ચન્દ્રકૌંસ સ્વીકાર્યા અને નામભેદે તે પ્રચલિત બન્યા. આ રીતે હિન્દુસ્તાની ઉત્તરી શાખાએ દક્ષિણી અર્થાત્ કર્ણાટકી શાખાના કિરવાણી, ચારુકેશી, સિહેન્દ્રમધ્યમમ્, મલહરી, વસંતમુખારિ, આભોગ, શિવરંજની અને જોગ જેવા રાગો સ્વીકાર્યા અને પ્રચલિત કર્યા.

ભારતમાં જે સંગીતશાસ્ત્ર રચાયાં તેમાં પણ કેટલાક ઉત્તરી તો કેટલાક દક્ષિણી પરંપરાનાં છે. અને તે પણ ભારતીય સંગીત તરીકે જ રચાયાં છે. એમાં પણ પારસ્પરિક આદાનપ્રદાન થયું છે. ઉત્તરના ગ્રન્થોનો દક્ષિણે અને દક્ષિણના ગ્રન્થોનો ઉત્તરે લાભ લીધો છે. કર્ણાટકી સંગીતના શાસ્ત્રીય સંગીત પરના ગ્રન્થોમાં અને શાસ્ત્રકારોમાં રામામાત્ય સ્વરમેલ કલાનિધિ, પુંડરિક વિઠ્ઠલ, સોમનાથકૃત રાગવિબોધ, વેંકટમખી, ભાવભટ્ટ, શ્રીનિવાસકૃત સંગીતસારામૃત મુખ્ય છે. વેંકટમખીના ૭૨ મેળ વિશે આગળ જોઈ ગયા છીએ, એથી બાકી રહેતા શાસ્ત્રીઓ અને તેમણે રચેલાં શાસ્ત્રોનો પરિચય કરીએ.

રામામાત્યે ઈ.૧૫૫૦માં 'સ્વરમેલ કલાનિધિ'ની રચના કરી, તે કર્ણાટકી સંગીતનો મહત્ત્વનો ગ્રન્થ છે. આ લઘુગ્રન્થમાં ઉપોદ્ઘાત-પ્રકરણ, સ્વરપ્રકરણ, વીણાપ્રકરણ, મેલપ્રકરણ અને રાગપ્રકરણ એમ પાંચ પ્રકરણ છે. તેમાં સોળમી સદી સુધીની કર્ણાટકી સંગીતનાં મહત્ત્વનાં બધાં જ અંગો સમાવી લેવામાં આવ્યાં છે. આરંભનું પ્રકરણ ભૂમિકા બાંધે છે. સ્વરપ્રકરણમાં ગાંધર્વ અને ગાનનું સ્પષ્ટીકરણ છે. અહીં સાત શુદ્ધ અને તેના સાત વિકૃત સ્વરૂપો એટલે કે શ્રુતિસ્થાનની ભિન્નતાની ચર્ચા કરી છે. વીણાના પ્રકરણમાં આ ૭x૨ = ૧૪ સ્વરોનાં સ્થાન દર્શાવ્યાં છે. મેળના પ્રકરણમાં વીસ થાટની વીગત આપી રાગપ્રકરણમાં ૬૩ જન્યરાગનાં સ્વરૂપ આપ્યાં છે. આ થાટ ઉત્તરી સંગીતના છે, પરંતુ નામ બદલાયાં છે. એમાં આપેલા રાગનાં સ્વરબંધારણ પણ આધુનિક રાગસ્વરૂપથી જુદાં છે.

આ પછીના કર્ણાટકી સંગીતશાસ્ત્રી પં.પુંડરિક વિઠ્ઠલ (ઈ. ૧૫૯૯ આસપાસ) સદ્રાગચન્દ્રોદય, રાગમાલા, રાગમંજરી અને નર્તનનિર્ણય એવા ચાર ગ્રન્થ આપે છે. સત્તરમી સદીના રાગ અને નૃત્ય વિશે અહીં વીગતો મળી રહે છે. વીણા પર ૨૨ શ્રુતિઓનાં સ્થાન દર્શાવી વીણાના તાર મેળવવાની તથા સ્વરસ્થાનના પરદા બાંધવાની પદ્ધતિ દર્શાવી છે. આ સાથે ૧૯ થાટના ૫૮ રાગોનું વર્ગીકરણ આપ્યું છે. 'રાગચન્દ્રોદય'માં એક-ગતિક નિ, દ્વિગતિક નિ અને ત્રિગતિક નિ - ની જાતિ દર્શાવી છે. આ ગતિનું માપ એક શ્રુતિ છે. આ રીતે એક જ સ્વરનાં શ્રુતિભેદે જે ત્રિવિધ રૂપ છે તે દર્શાવીને રાગાંગના વાદી, સંવાદી, અનુવાદી, વિવાદી, ગ્રહ, અંશ, ન્યાસ સ્વરો પણ આપ્યા છે. રાગના પ્રકરણમાં પુરુષ, સ્ત્રી અને પુત્ર એવું વર્ગીકરણ છે, જેમાં ૬ પુરુષરાગ, દરેક પુરુષરાગની પાંચ પાંચ પત્ની અને પ્રત્યેકના પાંચ પાંચ પુત્રોરૂપ રાગ આપ્યાં છે. સમાન સ્વરબંધારણ ધરાવતા સામ્યમૂલક રાગોને આ પ્રકારનું રૂપક આપીને વર્ગીકૃત કરવાની પદ્ધતિ ભારતીય સંગીતશાસ્ત્રમાં પ્રચલિત છે. જે રાગ વિસ્તારક્ષમ હોય, પોતીકું વિશિષ્ટ લક્ષણ ધરાવતો હોય, ડોમિનન્ટ એટલે કે વર્ચસવ ધરાવતો હોય અને ગંભીર પ્રકૃતિનો હોય, તેને પુરુષરાગ ગણવામાં આવે છે. આવા જ કુળના સામ્યમૂલક ચંચળ પ્રકૃતિના રાગને તેની પત્નીનું, રાગિણીનું રૂપક અપાયું છે અને આવા

રાગ અને રાગિણીની છાયારૂપ ગૌણ રાગ હોય તેને પુત્રરાગ તરીકે ઓળખાવવામાં આવે છે. અહીં જે શ્રાવ્ય ઇમેયૂજને દશ્ય માધ્યમે ઉતારવાનો પ્રયત્ન કરીને રાગનું ચિત્ર પણ આપ્યું છે અને તેનો ગાન સમય આપ્યો છે. દરેક રાગને એનું સ્વરૂપ છે. આ સ્વરૂપ ભાવકના ચિત્તમાં ઇમેયૂજ રૂપે બંધાય છે. આ ઇમેયૂજને રંગ અને રેખાના માધ્યમે દશ્ય એવું વ્યક્તિરૂપ આપવાની વિશિષ્ટ પરંપરા પણ ભારતીય સંગીતશાસ્ત્રનું વ્યાવર્તક, લાક્ષણિક, સુંદર અંગ છે અને તેની પણ પરંપરા રહી છે. કલાનાં શાસ્ત્રોમાં પણ કલાનો જ, એના અંગનો વિનિયોગ, ભારતીય શાસ્ત્રોની વિશિષ્ટતા છે.

પુંડરિક વિઠ્ઠલના 'રાગમાલા'માં સ્વરસ્થાનની ચર્ચા સાથે જન્ય રાગોનું ૨૦ થાટમાં વર્ગીકરણ છે. અહીં ફારસી રાગો જે હિંદુસ્તાની સંગીતમાં પ્રચલિત બન્યા તે હુસૈની, યમન, સરપરદા, બાજરજ, હિજાજ, ઉશ્શાક વગેરેનું પણ સ્વરૂપ આપ્યું છે.

આ પછી ૧૭મી સદીના આરંભના કર્ણાટકી સંગીતશાસ્ત્રી જે ઈ.૧૬૦૫થી ૧૬૨૭ના શાસનકાળમાં થઈ ગયા તે દક્ષિણના રાજમુંદ્રીના પં.સોમનાથ, જેમણે ઈ.૧૬૧૦માં 'રાગવિબોધ'ની રચના કરી એમાં રાગના વર્ગીકરણ સાથે વિવિધ વીણાનો પરિચય આપી ૨૨ શ્રુતિઓ પર ૭ શુદ્ધ અને ૧૫ વિકૃત સ્વરનાં સ્થાન દર્શાવ્યાં. અહીં ૨૩ મેળમાં ૭૫ જન્ય રાગોનો પરિચય આપ્યો. દક્ષિણના આ પંડિતે જ ઉત્તરી પરંપરાના રાગોનો પરિચય આપ્યો છે. આમ, સત્તરમી સદીમાં, જ્યારે ઉત્તરી સંગીત પર ફારસી અસર પડી અને રાગસંગીતમાં પરિવર્તન આવ્યું ત્યારે પણ કર્ણાટકી સંગીતકારોએ એક કે સમાન કુળની પરંપરા રૂપે જ આ બે શાખાઓ જોઈ. આ ગાળામાં પણ આ બે ધારા પારસ્પરિક સંબંધ ધરાવતી હતી. ઈ.૧૬૬૦ના કર્ણાટકી સંગીતશાસ્ત્રી વેંકટમખી શારંગદેવની ગુરુપરંપરાના હતા અને એમણે 'ચતુર્દંડપ્રકાશિકા' નામના ગ્રન્થમાં ગાણિતિક ધોરણે ૧૨ સ્વરોના ૭૨ મેળ અને તેના ૧૯ થાટ અને ૪૮૪ રાગોની ચર્ચા કરી.

પં. ભાવભટ્ટ (ઈ.૧૬૭૪-૧૭૦૯ આસપાસ) પણ દક્ષિણના સંગીતશાસ્ત્રીની એમણે 'અનૂપ-વિલાસ', 'અનૂપાંકુશ' અને 'અનૂપસંગીતરત્નાકર' નામના ત્રણ ગ્રન્થો લખ્યા. એમણે મુખારીના થાટના સ્વરબંધારણને શુદ્ધ સપ્તક કહ્યું. ૨૦ થાટમાં રાગોને વર્ગીકૃત કર્યા. અનૂપવિલાસ તો શારંગદેવના 'સંગીતરત્નાકર'ને જ અનુસરે છે. એમાં સ્વર, ગ્રામ, મૂર્ચ્છના, જાતિ, શુદ્ધતાન, કૂટતાન, અલંકાર વગેરેની સમજ આપી છે અને એમાં 'સંગીત રત્નાકર' અને 'સંગીતપારિજાત'નો જ આધાર લીધો. આમ, અઢારમી સદીના કર્ણાટકના વિદ્વાનો પણ ઉત્તરી પરંપરાથી જ સંકળાયેલા રહ્યા છે. 'અનૂપસંગીત-રત્નાકર'માં પણ શ્રુતિ, સ્વર, ગ્રામ, મૂર્ચ્છના, તાન, વર્ણ, અલંકારનાં લક્ષણો ઉત્તરી પરંપરાને અનુસરીને જ આપ્યાં છે. એક જ કુળના રાગ વચ્ચેના સ્વર અને સ્વરચલનના ભેદની પણ એમણે ચર્ચા કરી છે. નટરાગના કુળના સાલંગનટ, છાયાનટ, કેદારનટ, કલ્યાણનટ, વરાટીનટ, સારંગનટ, વિભાસનટ, હમીરનટ, પૂરિયાનટ એટલા પ્રકારો આપ્યા છે. અઢારમી સદીમાં બે રાગોના સંયોગે જન્મતા વિવિધ મિશ્રરાગો પૂર્ણ રૂપે પ્રચલિત હતા તે જોઈ શકાય છે. 'અનૂપાંકુશ'માં શ્રુતિ, રાગવર્ગીકરણ પણ 'સંગીતદર્પણ'ને દૃષ્ટિમાં રાખીને આપ્યાં છે.

આવા જ પ્રસિદ્ધ કર્ણાટકી સંગીતશાસ્ત્રી 'રાગતત્ત્વવિબોધ'ના કર્તા શ્રીનિવાસ. એમણે ૧૨ સ્વરસ્થાન દર્શાવ્યાં અને કાફી થાટના સ્વરબંધારણ જેવું જ શુદ્ધ સપ્તકના સ્વરોનું સ્થાન નિશ્ચિત કર્યું. અહીં રાગના ઉદ્ગ્રાહ, સ્થાયી, સંચારી અને મુક્તથી એવા ચાર ભાગ ચર્ચ્યા.

આમ, શાસ્ત્ર અને તેની પરંપરાની દૃષ્ટિએ કર્ણાટકી સંગીત ઉત્તરી હિંદુસ્તાની સંગીતની સાથે જ સંકળાયેલું છે. રાગનામ, સ્વરસ્થાન, સ્વરલગાવ, તાલ અને રાગને કૃતિ દ્વારા રજૂ કરતા પ્રબંધ સ્વરૂપ પરત્વે કેટલીક ભિન્નતા છતાં આ બન્ને ધારાઓ એક જ વૃક્ષની બે શાખાઓ છે. બન્નેને પોતાનું આગવું વ્યક્તિત્વ છે, પરંતુ કુળમૂળ એક હોવાને કારણે તથા આદાનપ્રદાન થતું રહ્યું હોવાને કારણે ભારતીય સંગીતના વિકાસમાં બન્નેનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

અનુસંધાન] અમેરિકામાં ભારતીયો [પૃ.૫૯૧થી

જરૂરિયાતનો ખ્યાલ અને બીજી સક્ષમ વિકલ્પી વ્યવસ્થાનો અભાવ - આ મુદ્દા તેમાં નિર્ણાયક બને છે. દેશસમાજ છોડીને આવેલાંઓ માબાપને પોતાનાં દીકરા-વહુ કે દીકરી-જમાઈ તરફથી સતત અવગણના જ થતી જોવા મળે, તો એકલવાયાપણું વધુ ઘૂંટાય છે. તેમને હિજરાવા સિવાય બીજું કાંઈ રહેતું નથી. (ગામમાં, સોસાયટીમાં તો એમને 'કેમ છો, દાદા? કેમ છો, અમ્મા? એમ હેતથી બોલાવનારા કે જરૂરી દવા કે શાક લઈ આપનારા પાંચેક જણાં મળી રહેશે.) એવા ય વડીલો જરૂર છે, જેઓ અહીં આવીને પોતાની લીલી વાડી અને સંતાનની પ્રગતિ કે સંપન્નતાનો ઘૂંટ પી પીને સુખસંતોષ અનુભવે છે. એક માયાળુ પુત્રવધૂ તો પોતાની બાળકીને ઘેર મળતાં 'ઇન્ફોર્મલ એજ્યુકેશન' વિશે કહે છે : 'કિન્નરી તો દાદાની નિશાળમાં ભણે છે.' દાદાદાદીને અડધાપડધા અંગ્રેજીમાં અને પૌત્રપૌત્રીઓને ખરીખોટી ગુજરાતીમાં કે હિન્દીમાં સાંભળતાં જોવાં, એ પણ લ્હાવો છે.

લીમડો કડવો પણ હોય, અને મીઠો પણ હોય. વડના પાતળી વડવાઈઓ વડના જેવી ચીકટ અને દૂધવાળી હોય તો તેનાં (કુટુંબનાં) મૂળ ફરીથી જામે જ - અમેરિકાની કુટુંબશૂન્ય સમાજસંસ્કૃતિના હવામાનમાં પણ! ◻


પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

મોટા વાચક, બંસરીવાદક તથા ચિત્રકાર

તા.૩૧-૮-૯૯. ગયે અઠવાડિયે બે વિશિષ્ટ વ્યક્તિઓને યાદ કરી. એક રાવસાહેબ પટવર્ધન. તેમનું ગયા મંગળવારે પૂનામાં અવસાન થયું. અહમદનગરના પટવર્ધન ભાઈઓ આઝાદીની લડાઈમાં મોખરે હતા. તેમાંનો નાનો ભાઈ અચ્યુત પટવર્ધન ૧૯૪૨ની ભૂગર્ભ ચળવળમાં જયપ્રકાશ નારાયણનો સાથીદાર હતો. પરંતુ મોટો ભાઈ રાવસાહેબ પટવર્ધન બુદ્ધિ અને શક્તિમાં અચ્યુત કરતાં ઘણો આગળ. પોતાનો નાનો ભાઈ આગળ આવી શકે માટે તે સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થઈ ગયેલા. રાવસાહેબ મોટા વાચક હતા. જેટલાં મળી શકે તેટલાં પુસ્તકો ભેગાં કરવાં અને વાંચવાં. જવાહરલાલ નેહરુ પણ મુંબઈ કે પૂના આવે ત્યારે રાવસાહેબને મળે અને પોતે કયાં પુસ્તકો વાંચ્યાં તે રાવસાહેબને કહે અને રાવસાહેબ પાસેથી વાંચવા જેવાં પુસ્તકોનાં નામ મેળવે. ગાઈડો અને નોટો વાંચીને ફર્સ્ટ ક્લાસ પાસ થતા આજનાં યુવક-યુવતીઓએ રાવસાહેબ પટવર્ધન કે આપણા નીરુ દેસાઈ જેવા પાસેથી વાચનની ભૂખ કેળવતાં શીખવું જોઈએ.

ગયે રવિવારે બંસરીવાદક પન્નાલાલ ઘોષની સાઠમી જન્મતિથિ ગઈ. પન્નાબાબુનું નવ વર્ષ પહેલાં અવસાન થયું છે છતાં તેમની સાઠમી જન્મતિથિ ઉજવાઈ કારણ કે ભારતના રેડિયોઘરમાં પન્નાબાબુ હજુ જીવન્ત છે. કૃષ્ણ ભગવાને બંસરી વગાડી ગોપીઓને મુગ્ધ કરી હતી તે વાતને તો ચાર-પાંચ હજાર વર્ષ વીતી ગયાં. તે વર્ષો દરમિયાન બંસરીનો શાસ્ત્રીય ઉપયોગ કોઈએ કર્યો નહિ. પન્નાબાબુએ પ્રયોગો કરી જૂની ચાલી આવતી પ્રણાલિકાગત બંસરીનાં છ કાણાંમાં સાતમું કાણું ઉમેરી ઘેરો અવાજ ઉત્પન્ન કરી કૃષ્ણની બંસરીથી ગાયો પણ કેમ થંભી જતી હશે તે તાદૃશ કરી આપ્યું અને આ બધું પોતાની મેળે કોઈ ગુરુની મદદ વગર! શાસ્ત્રીય સંગીતમાં



રાવસાહેબ પટવર્ધન



પન્નાલાલ ઘોષ



કનુ દેસાઈ



રવિશંકર રાવળ

તેમણે છેક ૩૬ વર્ષની ઉંમરે ગુરુ મેળવ્યા. તે પહેલાં બંસરીને વાદ્ય તરીકે તેમણે પરફેક્ટ કરી લીધી હતી.

આઝાદીના સૈનિક રાવસાહેબ પટવર્ધન અને કલાના સર્જક પન્નાબાબુને વંદન કરીએ.

તા.૧૫-૧૨-૮૦. જાણીતા કનુ દેસાઈનું ગયે મંગળવારે ૭૩ વર્ષની વયે મુંબઈમાં અવસાન થયું. આજથી ૪૦ વર્ષ પહેલાં મારા મિત્ર હિમ્મત શાહે મારાં પત્નીને કનુ દેસાઈનો, નારીવ્રતોનો ચિત્રસંપુટ ભેટ આપ્યો હતો ત્યારથી અમારા કુટુમ્બમાં તે જાણીતા. રવિશંકર રાવળના એ પહેલા વિદ્યાર્થી. પણ કનુ દેસાઈએ ફિલ્મ લાઈનમાં Art Director (કલાનિર્દેશક) તરીકે કામ કર્યું એટલે આમ જનતામાં તેના ગુરુ ર.મ.રા. કરતાં વધુ જાણીતા થયા. 'ઝનક ઝનક પાયલ બાજે'ના કલાનિર્દેશક તરીકે તે જાણીતા થયા હતા. મુખ્યત્વે ધાર્મિક ફિલ્મોના કલાનિર્દેશનમાં તે ખૂબ કમાયા. ભરતમિલાપ, રામરાજ્ય, નરસી ભગત, બૈજુ બાવરા, સંપૂર્ણ રામાયણ, મીરાંબાઈ એ ફિલ્મોમાં આર્ટ ડિરેક્ટર તરીકે તે ખ્યાતિ પામ્યા. તેથી તેમના મૃત્યુની નોંધ ભારતભરનાં છાપાંએ લીધી.

પણ તેથી કલાકાર તરીકેની તેમની ઉજ્જ્વળતા ઢંકાઈ જતી નથી. દાંડીકૂચનું રવિશંકર રાવળનું વિખ્યાત ચિત્ર ગુરુ-શિષ્ય બન્નેનું સહિયારું ચિત્ર છે. નામ ભલે ગુરુનું રહ્યું. ન્યૂ યોર્કના નિકોલસ મ્યૂઝીઅમમાં પણ તેમનું ૧૯૬૪નું એક વૉટરકલર ચિત્ર સચવાયું છે.

ગુરુ નાનક દેવ

તા. ૩૦-૧૧-૯૯. આજકાલ અમદાવાદનું હવામાન ડહોળાયેલું છે. સવારના ૯.૪૫ વાગ્યા છે છતાં ટ્યૂબ લાઈટ કરવી પડે તેવું અંધારું છે. અને જેવું હવામાન ડહોળાયેલું છે તેવું જ દેશનું રાજકીય વાતાવરણ પણ ડહોળાયેલું છે. આ રાજકીય કાદવ ઉછાળતા વાતાવરણમાં બે શુભપ્રસંગો આવી ગયા. એક તો આ વર્ષનું રાષ્ટ્રો વચ્ચેના સુમેળ માટેનું નેહરુ પારિતોષિક 'સરહદના ગાંધી' તરીકે જાણીતા ખાન અબ્દુલ ગફારખાનને અપાયું અને બીજું આખા દેશે ગુરુ નાનકની

પાંચસોમી જન્મશતાબ્દી ઊજવી.



ગુરુ નાનક

હિન્દુ અને મુસલમાન બન્ને કોમોના હૃદયમાં બાદશાહ ખાને ખાસ સ્થાન મેળવ્યું છે. આવી જ રીતે ભારતમાં વસેલી આ બે મહાન કોમો વચ્ચે ઐક્યનો સેતુ બાંધનાર ગુરુ નાનકનો જન્મ ૧૪૬૯ના નવેમ્બરની ૨૩મીએ થયો હતો. ગયે રવિવારે તેમનો પંચશતાબ્દી દિન હતો. શીખ ધર્મના સ્થાપક નાનકનો કાળ એટલે ભારતમાં મુસલમાન રાજકર્તાઓને આવે ૩૦૦ વર્ષો વીતી ગયેલાં. ઉત્તરમાં ઠેર ઠેર મુસલમાની સુલતાનોનું રાજ્ય હતું. પંજાબના સુલતાનપુર ગામમાં નાનકનો જન્મ થયેલો. તે ગામનું નામ હવે નાનકાના સાહિબ થયું છે અને આજે તે ગામ પાકિસ્તાનમાં છે છતાં તે શીખો અને મુસલમાનો બન્ને માટે યાત્રાનું ધામ છે.

સુલતાનપુરના ગાઝીની નોકરીમાં નાનક હતા ત્યારે એક દિવસ નદીમાં સ્નાન કરવા ગયા અને તેમને સમાજને સાચે રસ્તે લઈ જવાનો રસ્તો સૂઝ્યો. હિન્દુ અને મુસલમાન, ગરીબ અને તવંગર, ઊંચાં અને નીચાં બધાં જ એક જ પ્રભુનાં સંતાનો છે અને પ્રભુએ બધાંને સરખાં જ સર્જ્યાં છે. આ સિદ્ધાન્તો નાનકને સૂઝ્યા. આપણી પ્રણાલિ પ્રમાણે આપણે એમ કહીએ છીએ કે નાનકને પ્રભુનો સાક્ષાત્કાર થયો!નદીએ સ્નાન કરવા ગયેલા નાનક ત્રણ દિવસ સુધી પાછા ફર્યા નહિ તેથી ગામમાં તો શોધાશોધ થઈ રહી. પણ ચોથે દિવસે જ્યારે પાછા ફર્યા ત્યારે નાનક બદલાઈ ગયા હતા. તેમના ઉપદેશમાં લુહાર, સુથાર, કુંભાર, હરિજન વગેરે જેને આપણે હિન્દુ કે મુસલમાનનું 'હલકું વર્ણ' કહીએ છીએ એ લોકોને ખૂબ રસ પડ્યો. એમણે નાનકને તેમના ગુરુ માન્યા. આમ, નાનક ગુરુ કહેવાયા અને તેમને માનવાવાળા તેમના શિષ્ય કહેવાયા. આ શિષ્યમાંથી જ શીખ શબ્દ થયો છે. પંજાબી ગામડાંની ભાષામાં શિષ્યને શીખ કહે છે અને નાનકના શિષ્યો તો ગામડાના ભોળા લોકો જ હતા.

નાનકના શિષ્યોમાં હિન્દુઓ અને મુસલમાનો બન્ને હતા. નાનકે પોતે હિન્દુ તીર્થધામોની યાત્રા કરેલી અને મક્કા તથા મદીના પણ ગયેલા. અને બધે પોતાની વાત કહેતા રહ્યા કે સઘળાં માનવી એક જ પ્રભુનાં સંતાન છે અને સાચો હિન્દુ કે સાચો મુસલમાન એકબીજાથી જરાયે જુદો પડતો નથી. પૂર્વમાં આસામ અને મણિપુર સુધી, પશ્ચિમમાં મક્કા અને બગદાદ સુધી, ઉત્તરમાં કાશ્મીર સુધી અને દક્ષિણમાં લંકા સુધી તેમણે સફર કરી હતી અને પોતે રચેલાં પદો અને સાખીઓ દ્વારા પોતાના વિચારોનો પ્રચાર કર્યો હતો.

અત્યારે જે શીખ સંપ્રદાય છે તેમની નિશાની દાઢી, કિરપાણ વગેરે તો દસમા ગુરુ ગોવિંદસિંહે સ્થાપિત કરી હતી. સ્થાપક ગુરુ નાનક તો બધાં જ પ્રભુનાં સંતાન સરખાં છે તેવો બોધ હિન્દુ-મુસલમાન બન્નેને આપેલો. તેથી જ કહેવાયું છે કે-

બાબા નાનક શાહ ફકીર,
હિન્દુઓં કે ગુરુ, મુસલમાનો કે પીર!

અને આજે પણ દિલ્હીમાં જ્યારે શીખોના તહેવારે ગ્રંથ સાહેબની સવારી નીકળે છે ત્યારે સવારીમાં શામિલ શીખોને મુસલમાનો મીઠાઈ વહેંચે છે તેવો રિવાજ ચાલુ છે. નાનકની પંચશતાબ્દી શીખોએ ઊજવી છે, હિન્દુઓએ ઊજવી છે તેમ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં પણ ઉજવાઈ છે.

હિન્દુ-મુસ્લિમ વચ્ચે આટલાં બધાં હુલ્લડ થયાં, આટલી બધી કાપાકાપી થઈ, વેરઝેર થયાં છતાં પણ આ દેશમાં ઘણા બધા હિન્દુ-મુસલમાનો ભાઈભાઈની જેમ રહી શક્યા છે તેનું કારણ આવાં વેરઝેર ઊભાં કરવાવાળા થોડાક શેતાનોની સાથે, નાનક, ગાંધી, બાદશાહખાન જેવા કેટલાયે ફિરસ્તા આ ભૂમિમાં પાકતા રહે છે એ જ છે.

વિદ્યુલ્લેખામાં હળવી પળો

તા. ૧૬-૮-૭૦. આજ ત્રણ દિવસથી લાગલગાટ બેસીને ઇંગ્લન્ડ અને ડબ્લિનથી લખેલા પત્રોને વ્યવસ્થિત જુદા કાગળ ઉપર લખી નાખ્યા જેથી કાલે 'કુમાર'ને છાપવા માટે સોંપી દેવાય. એટલે અત્યારે તો મગજમાં એ પત્રોની દુનિયા ફરી જીવંત થઈ છે. એ બર્નેડેટ ડેવ્લિન, બેન્કની હડતાળ, બેલફાસ્ટનાં તોફાનો, હ્યુમ સ્ટ્રીટનાં જ્યોર્જિયન મકાનો આવું બધું જ મગજમાં ફર્યા કરે છે. એટલે પહેલાં તો વિચાર કર્યો કે આજે તમને લખવાનો આ પત્ર આજે ન લખવો - મૂડ જામે પછી કાલે લખવો.

પરંતુ તેટલામાં બે બિલાડીને બાઝતી અને એકબીજા સામે ઘૂરકતી જોઈ અને મને થયું કે તમને લખાતા આ પત્રમાં દેશના કે ગુજરાતના જ બનાવો વિષે લખવું એવું કાંઈ થોડું જ છે. જેમ દેશમાં કે આપણા રાજ્યમાં નિત નવા બનાવો બનતા રહે છે તેમ આપણા ઘર 'વિદ્યુલ્લેખા'માં પણ થતું રહે છે. તેથી આજે તો એવી ઘટનાઓનું વર્ણન જ લખવું છે.

ડબ્લિનમાં (પેલા પત્રો લખ્યા છે એટલે ડબ્લિન તો યાદ આવી જ જવાનું!) અમે ઝૂ જોવા ગયાં હતાં. ત્યાં ખુલ્લામાં રહેતાં પંખીઓ જોયાં હતાં. ખાસ્સી ચાર શિલિંગની ટિકિટ કઢાવી ઝૂ જોવા ગયાં હતાં. ઘરઆંગણે કાંકરીઆના ઝૂમાં પણ દસ પૈસાની ટિકિટ કઢાવી જઈ શકાય છે. એથી નજીક હવે વિદ્યુલ્લેખાના ચોક-કમ-ડાઇનિંગ હૉલમાં વગર ટિકિટે

(અનુસંધાન પૃ. ૬૦૪)

ગુજરાતની શિલ્પસમૃદ્ધિમાં લોકકલાનાં પ્રતિબિંબો

ડૉ. આર.ટી. સાવલિયા

લોકકલા એ તત્કાલીન સમાજની સ્વયંભૂ પ્રવૃત્તિ છે, પ્રજાના ત્યારના જીવનને તે કઈ રીતે સમૃદ્ધ અને પરિપુષ્ટ કરતી હતી એ આસ્વાદવાનું સાધન છે. તેમાં એમને બહારની બનાવટો કે દેખાડાની જરૂર લાગતી નથી. પ્રજાની પોતાની ભૂમિ, પોતાનાં સાધનો અને પોતાની વાણીમાં તે પ્રકટ થાય છે. એને શિષ્ટ કલાનાં વ્યાકરણ કે નિયમોની પડી હોતી નથી. એને તો તત્કાલની જીવનપ્રણાલી, દેશકાલ, ઋતુઓ અને જીવનમર્યાદાઓમાં જે આનંદ કે અનુભવો પ્રાપ્ત થાય એને પ્રકટ સ્વરૂપ આપવામાં જ મોજ મળે છે, એટલું જ બસ છે. તેથી જ એમાં પ્રામાણિકતા, સચ્ચાઈ અને જોમ હોય છે. જે પળે એમાં કોઈ સુધારાવધારા કે બહારની ટાપટીપ ઉમેરવાનો પ્રયત્ન થાય છે તે જ વખતે એમાંથી લોકકલાનું તત્ત્વ ઊડી જાય છે.

ભારતના પ્રાંતેપ્રાંતમાં લોકભાષા અને લોકકલાએ એ રીતે યુગની પ્રધાન ભાવનાઓ અને આદર્શોને વિશાળ જનસમુદાયમાં પ્રતિષ્ઠા અને સમ્માન અપાવ્યાં છે. દેશના સંસ્કૃતિ કાલમાં જ્યારે મહાકાવ્યો અને ગ્રંથો રચાતાં હતાં ત્યારે પણ નગરોથી દૂર વસેલી ગ્રામ-જનતાએ મંદિરોને શિલ્પો, ચિત્રપટોથી સભર બનાવી તેમજ વસ્ત્રો, વાહનો અને પશુઓના શણગાર દ્વારા કલાપ્રેમ વ્યક્ત કર્યો છે.

લોકકલામાં જનસમાજના વિસ્તારવાળાં ઘરોમાં એમના મનોભાવોનું ચિરંજીવ તત્ત્વ ગર્ભાએલું હોય છે. તેથી દરેક વસ્તુના અસલ રૂપનિર્માણમાં એમની સર્જનશક્તિનું પ્રતિબિંબ દેખાય છે. લોકકલા પણ લોકમાનસ અને લોકજીવન જેટલી જ પુરાણી છે. એમાં અનેક જમાનાની સર્જનભાવનાનાં કલાસ્વરૂપો ઝળહળી ઊઠ્યાં છે. અનેકની કૃતિઓના એ સમુદાયને અખંડ રૂપે આલોકવાનું આજની દૃષ્ટિથી સરળ બનતું નથી.

કલા સર્વત્ર ફાલતી. એના અનામી સર્જકોને ઓળખવા હોય તો એમની સાદી કલાકૃતિઓ કે સાદાં કલાસ્વરૂપોમાં જ એમને શોધવા જોઈએ. એ કલાકૃતિઓમાં ચિરયૌવન ઝગારા મારે છે. કંઈક મધુરું મનોહર રચવાની કે કરવાની વૃત્તિથી એમણે સુશોભનો કર્યાં, અલંકારો અને વસ્ત્રોમાં તે ઉતાર્યાં. રસવૃત્તિ વિકસાવી અને કંઈક ફેરબદલીઓ કરી શુદ્ધ લોકકલાને સ્વરૂપ આપ્યાં. એમાં કોઈ મહાન કલાસ્વામીએ જશ ન લીધો, કે ન કોઈએ પોતાની છાપ મારી. એ બધાં સ્વરૂપ પ્રજાજીવનના પારણામાંથી જ બહાર પડ્યાં છે.

લોકજીવન અને લોકસંસ્કૃતિમાં રસ ધરાવતા અભ્યાસીઓ



મહાકાલીની કાષ્ઠમૂર્તિ (પાટણ)



ગાત્રંડા માતા - વલભીપુરના બુદ્ધેશ્વર મહાદેવનું સંવતના ૧૯મા સૈકાનું લોકશિલ્પ



ભીમ - વડનગરના હાટકેશ્વર મંદિરનું ૧૯મા સૈકાનું એક લોકશિલ્પ



અજપાલની ખાંભી - દેલમાલનું ૧૩મા સૈકાનું લોકશિલ્પ

તથા સંશોધકો માટે લોકસાહિત્યનો અને લોકકલાનો પરિચય કેળવવો અનિવાર્ય બની જાય છે. લોકસંસ્કૃતિનાં અંગપ્રત્યાંગોનું નિરૂપણ કરવા માટે એકલી પ્રત્યક્ષ નિરીક્ષણની સ્થૂલ દૃષ્ટિ કામ આવતી નથી. એની સાથે સાથે ઇતિહાસમાંથી મળતું દર્શન તથા પ્રજા પ્રજા વચ્ચેના સંપર્કોનું તુલનાત્મક અધ્યયન પણ આવશ્યક બને છે.

લોકકલાની વાત કરીએ તો લોકજીવનમાં સાહજિક બની ગયેલી કપડાનાં ભરતની કલા, ગૃહસુશોભનોની કલા, જુદી જુદી જાતિઓના પહેરવેશનું અને આભૂષણોનું વૈવિધ્ય એ કાંઈ અમસ્તું ઊભું થયું નથી. આ બધી ગૃહકલાઓ તથા હસ્તકલાઓ પાછળ જે સંસ્કૃતિની ભૂમિકા રહેલી છે તેમાં લોકસમાજની પ્રકૃતિપરાયણતા કારણભૂત મનાઈ છે.

આપણું લોકજીવન સર્વાંશે પ્રકૃતિપરાયણ છે. આવી પ્રકૃતિને ખોળે રમતાં ગ્રામ બાળકો જન્મથી જ પ્રકૃતિની સાથે એકરૂપતા કેળવે છે. એટલે જ એમના જીવનમાં પ્રકૃતિનાં અનેકવિધ તત્ત્વોને સ્થાન હોય છે. આવી રીતે જન્મેલું અને પ્રેરાયેલું જે લોકજીવન છે એમાં ભક્તિ, શક્તિ અને સૌંદર્યનો અનુપમ સમન્વય સધાયો હોય એ સ્વાભાવિક છે.

આમ, લોકજીવનમાં જોવા મળતી સમૂહજીવનની કલા એ બહારથી આવેલી હોતી નથી. પરંતુ જીવનમાંથી જ અથવા જીવન સાથે એ જડાયેલી હોય છે. લોકકલા એ જીવનના સાદા પોત ઉપર ચોડેલું ઉપરનું થીગડું માત્ર નથી; એ તો પોતની સાથે જ તૈયાર થયેલી રંગરંગીન ભાત છે. તેમ ગ્રામજીવનની કલા એ પણ આગન્તુક વસ્તુ નથી, એ તો જીવન સાથે અને જીવનમાંથી જ અવતરણ પામેલી કલા છે. લોકકલા એ લોકોના જીવનના વ્યવહારમાંથી નીપજેલી છે. આ કલા કાંઈ લોકોને રીઝવવા માટે રચાઈ નથી; એ તો 'સ્વસુખાય' રચાયેલી છે. એમાં જોનાર અને અનુભવનાર



↑ ખાંભીનું લોકશિલ્પ - ૧૮મો સૈકો (શિહોર)



↑ લોકશિલ્પનાં કાર્તિકેય - સંવતનો ૬ઠ્ઠો સૈકો (ઢાંક)



↑ સંવતના ૧૫મા સૈકામાં લોકશિલ્પમાં ચામરધારિણી (પોશીના પંથો)



કિશનગઢના ચામુંડા મંદિરના સભામંડપની પેનલ ઉપરથી તૈયાર કરાવેલું ગૌખેલનનું લોકશિલ્પ

મોટે ભાગે ઘડનાર પોતે જ હોય છે. એમાં જીવનવ્યવહારમાંથી નીપજેલું લાગણીનું સંવેદન વાચા પામ્યું હોય છે.

લોકકલાના આવા કેટલાક નમૂનાઓ ગુજરાતની પ્રાચીન શિલ્પસમૃદ્ધિમાં જળવાયેલા દષ્ટિગોચર થાય છે, જેમાં ગુજરાતની લોકજીવનની સરવાણી વહેતી જોઈ શકાય છે.

ભારતવર્ષમાં પાષાણયુગમાં માનવી પશુ-પક્ષી અને મનુષ્યની રોજિંદી ક્રિયા-પ્રક્રિયાના આકારો પથ્થરમાં ઉતારવા મથ્યો હોય તેવા કેટલાય નમૂનાઓ પથ્થરયુગી વસાહતોનાં ખોદકામમાંથી મળી આવ્યા છે. તામ્રયુગી વસાહતોમાંથી પણ કેટલીક તામ્રની અને પથ્થરની લોકકલાને પ્રદર્શિત કરતી આકૃતિઓ ઉપલબ્ધ થઈ છે. મૌર્યકાલ અને તે પછીના કાલમાં શિલ્પકલાનો ખૂબ જ વિકાસ થયેલો જોઈ શકાય છે, જેમાં પણ આવાં લોકકલાનાં અનેક શિલ્પો નજરે પડે છે, જે તત્કાલીન સમાજજીવનનું પ્રતિબિંબ પૂરું પાડે છે. ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાના શામળાજી નજીકના દેવની મોરીના ખોદકામમાંથી મળેલ સ્તૂપની જગતિ ઉપર અર્દિત પટ્ટિકા (અડદિયાની પટ્ટી)નું લોકશિલ્પ પથ્થરના કે ઈંટના ઊભા કે આડા પટ્ટામાં નાના નાના ચોરસ ખાડાઓ કરી કોતરવામાં આવેલું છે. આવા ખાડાઓ સમચોરસ અને ઊભી, આડી તથા ત્રાંસી રેખાઓથી જોવામાં આવે તો હારબંધ દેખાય છે. આ અર્દિત પટ્ટિકાનું લોકશિલ્પ છેક ક્ષત્રપકાલથી આદ્યપર્યંત થયેલી કોતરણીમાં જોવા મળે છે. આ ઉપરાંત સ્તૂપમાંથી મળેલ બૌદ્ધમૂર્તિઓ, સ્થંભાવલીઓ, પટ્ટિકાઓ અને ભરણીના ભાગ ઉપર થયેલ કંડારકામમાં લોકકલાની ઝાંખી ઊપસી આવે છે. દેવની મોરીના સ્તૂપને કંઈક અંશે મળતા તત્કાલીન મીરપુર ખાસ (પાંકિસ્તાન)ના સ્તૂપમાંથી પ્રાપ્ત બુદ્ધમૂર્તિઓનું ભાસ્કર્ય, ખાસ કરીને મુખાકાર અને મુખભાવમાં સ્થાનિક લોકકલાની અસર નજરે પડે છે.

મૈત્રકકાલમાં નિર્માણ પામેલાં મંદિરો, વાવો, કુંડો વગેરે સ્થાપત્યોના કંડારકામ ઉપર ગુપ્તકાલીન ચૈત્યકમાનનું અને અમુક પ્રકારના રૂપકામ સિવાય લોકકલાની સંપૂર્ણ અસર દેખાય છે. મૈત્રકકાલનાં મંદિરો મહદ્ અંશે ગુજરાતની સ્થાનિક બાંધણી અને સ્થાનિક લોકકલાનાં અંગો કહી શકાય. આવાં મંદિરોમાં ગોપ, ખિમેશ્વર, બિલેશ્વર, વિસાવાડા, હરિસિદ્ધમાતા - મિયાણી, ઘુમલી, કળસાર વગેરે ગણી શકાય.

રાષ્ટ્રકૂટ, સૈંધવ અને ચાપકાલ દરમિયાન ગુજરાતની શિલ્પસમૃદ્ધિ ઠીકઠીક અંશે ગુપ્તકાલીન અસરવાળી દેખાય છે, પણ આ શિલ્પોમાં ગુજરાતની આગવી લોકશિલ્પ-કલાની અસર તો વરતાય જ છે.

ખાસ કરીને ઈસુના સાતમા સૈકાથી દસમા સૈકા સુધીમાં બંધાયેલાં મંદિરોમાં લોકકલા મળી હોવાનું જણાય છે. આ સમયનાં મંદિરોનાં શિલ્પોનાં વેશપરિધાન અને આભૂષણોમાં ચોખ્ખી સ્થાનિક અસર દેખાય છે. રોડા, વઢવાણનું રાણકદેવીનું મંદિર વગેરેનાં મૂર્તિ વિધાનમાં તથા ભદ્ર ઉપરના કંડારકામમાં અને રૂપપટ્ટિકામાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરેનાં સમકાલીન એકાંકી મંદિરો જેવી શૈલી દેખાય છે, છતાં ગુજરાતે પોતાનાં આગવાં અંગોનો વિકાસ કર્યો હોય એમ સ્પષ્ટ જણાય છે. ઉપરોક્ત મંદિરોમાં જોવા મળતી ફૂલપટ્ટિકાઓ ગુજરાતના વારસાગત કાષ્ઠકામમાં નજરે પડે છે. ટાચકાઓની પટ્ટી (લુમ પટ્ટિકા) ગુજરાતની લોકકલાનું આગવું અંગ છે. આવી પટ્ટિકાઓ ગુજરાતભરમાં પુરાણા કાષ્ઠકામમાં જોવા મળે છે.

સોલંકીકાલ દરમિયાન ગુજરાતમાં દરેક પ્રકારનાં બાંધકામો અંગેની વ્યવસ્થિત પીઠ (કેન્દ્ર) શરૂ થઈ હોય એમ સ્પષ્ટ દેખાય છે. આ પીઠના સોમપુરા સ્નાતકો કે ગુરુ પરંપરા જાળવનાર કારીગર વર્ગે શિલ્પકામમાં લોકકલાને ખૂબ આદર આપ્યો જણાય છે. ગુજરાતના સોમપુરા શિલ્પીઓએ તથા બીજા સલાટોએ ગુજરાતની લોકકલાને મૂર્તિવિધાનમાં અને બીજી કોતરણીમાં પચાવી હોવાનું તે કલાના પ્રાપ્ત નમૂનાઓથી પ્રતીત થાય છે. ગુજરાતમાં વપરાતાં વિવિધ પરિવાહનનાં સાધનો, લોકજીવન, વેશભૂષા, આભૂષણો, કેશગુંફન અને વસ્ત્રપરિધાનને શિલ્પીઓએ મૂર્તિવિધાનમાં સુંદર રીતે વણી દીધું છે.

આ કાલમાં ગુજરાતના ગ્રામ વિસ્તારમાં વસતા સાધારણ કારીગરોએ એ યુગની સત્તાવાર સોલંકી શ્રેણીનું અમુક બાબતમાં અનુકરણ કર્યું છે, જ્યારે અમુક બાબતમાં લોકકલાનાં અંગોને વિકસાવ્યાં છે. જેમ કે પોશીના પટ્ટામાં આવેલ મહાદેવના મંદિરનું બાંધકામ સોલંકી શ્રેણીને અનુસરે છે છતાં એ મંદિરના સ્તંભો ઉપર કોતરાયેલ કળશકન્યા, ચામરધારિણી વગેરેનાં શિલ્પો લોકકલાથી સભર છે. આ જ રીતે પંચમહાલ જિલ્લો, સૌરાષ્ટ્રના કેટલાંક ભાગો અને સાબરકાંઠાના અમુક ભાગોનાં

મંદિરોમાં લોકકલાનો ઠીકઠીક વિકાસ થયેલો નજરે પડે છે. સૌરાષ્ટ્રનાં કેટલાક સોલંકીકાલીન મંદિરોનાં શિલ્પોમાં કારીગરોએ લોકકલાને મંદિરનાં મંડોવરો, રંગમંડપો, સભામંડપો, ભદ્રભાગ અને વિત્તાનમાં ઈરાદાપૂર્વક ઉતારી હોય એમ સોલંકીકાલીન શિલ્પોના નમૂનાઓ ઉપરથી જોઈ શકાય છે. ત્યાર પછીના સમયમાં મંદિરોમાં આ પ્રકારે લોકકલાના નમૂનાઓ અવિરતપણે કંડારેલા દૃષ્ટિગોચર થાય છે.

લોકકલાની શિલ્પશૈલી ખાસ કરીને વધારેમાં વધારે ખાંભી-પાળિયાઓમાં વિકસેલી જોવા મળે છે. સાધારણ કારીગરોથી માંડીને સારા શિલ્પીઓ અને આદિવાસી કારીગરોએ ખાંભીઓને લોકકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ બનાવ્યા છે. એક હાથમાં ભાલો ધારણ કરી અશ્વ ઉપર સવાર થઈ ભૂંડનો શિકાર કરતા અજેપાળ આરસની ખાંભીઓ લોકશિલ્પને વાચા આપતી છેક આઠમા સૈકાથી માંડીને ચૌદમા સૈકા સુધીમાં કંડારાયેલી ગુજરાતમાં અનેક ઠેકાણે નજરે પડે છે. દેલમાલની જેઠ્ઠી પહેલવાનોની ખાંભીઓ, પોળોની કેન્યાટા મહાદેવ મંદિર નજીકના ટેકરા ઉપરની ખાંભીઓ વગેરે પહેલવાનોનાં લોકશિલ્પના પ્રતીક સમી છે. પોળોના જંગલમાં સારણેશ્વર મહાદેવ પાસેની, શામળાજીના રણછોડરાય મંદિરના પ્રાંગણમાં તથા સોખડાના વૈજનાથ મહાદેવ મંદિરની ખાંભીઓમાં શિવપૂજા કરતા મનુષ્યોનું શિલ્પાંકન લોકકલાનાં અંગોનો વિકાસ દર્શાવે છે.

સોલંકીકાલ અને તે પછીના સમયની ખાંભીઓમાં ઘોડેસવાર, ઊંટસવાર, રથમાં બેઠેલ, બળદગાડીમાં બેઠેલ, પાયદળ ચાલતા એમ જુદી જુદી રીતિઓના મનુષ્યોનું ખાંભીઓમાં થયેલું અંકન ગુજરાતની લોકકલાનો સંપૂર્ણ વિકાસ થયાનું સૂચવે છે.

ગુજરાતની રાજસત્તા મુસ્લિમ બાદશાહોના હાથમાં ગયા પછી મંદિરોનાં બાંધકામોમાં ઓટ આવી, પણ મસ્જિદોનાં બાંધકામોમાં થયેલું કંડારકામ, ખાસ કરીને ફૂલવેલો, ભૂમિતિના કોણોવાળી જાળીઓ, વૃક્ષો, વેલીઓ વગેરેનાં કંડારકામથી ગુજરાતની લોકકલાને આદર આપ્યો છે.

પંદરમા અને સોળમા સૈકામાં અને ત્યાર પછી બંધાયેલાં કેટલાંક હિંદુ અને જૈન મંદિરોમાં કારીગરો સોલંકી શ્રેણી વિસરી ગયા હોઈને આવા બાંધકામમાં ઝીણી કોતરણી, ફૂલવેલો વગેરેને વધારે પડતો ઓપ આપી જૂનું મૂર્તિવિધાન સારું દેખાડવાના પ્રયત્નો કર્યા છે. સાથોસાથ મૂર્તિવિધાન થોડું ભારે અને અણઘડ બન્યું હોવાથી લોકકલાની અસર થઈ હોય એવું દેખાય છે. આ કાળનાં મંદિરોની મૂર્તિઓમાં આભૂષણો, વેશભૂષા, વગેરેમાં તત્કાલીન સમાજમાં પ્રચલિત ઘરેણાં અને વસ્ત્રપરિધાનનું પ્રતિબિંબ પડેલું જોઈ શકાય છે. આમાંની કેટલીક મૂર્તિઓ તો લોકકલાના ઉત્તમ નમૂનાઓ ગણાય છે. જેમ કે દૂધરેજના મંદિરનાં શિલ્પો, સુપેડીના મોરલી મનોહરનાં મંદિર અને દેવગામના હેમજામાતાના મંદિરનાં શિલ્પોને ગણી શકાય.

કેટલાક લોકશિલ્પને કે મૂર્તિવિધાનને બેડોળપણું ગણે છે અને એ નજરે જુએ છે. પરંતુ સ્થાનિક કારીગરો પોતાની નજરે જે જુએ તેવું કંડારવાનો પ્રયત્ન કરે એને બેડોળપણું કહેવું યોગ્ય નથી, કેમ કે એ જનમાનસ અને સમુદાયની કલા છે. જે લોકશિલ્પમાં લોકહાર્દના ધબકારા સંભળાય એ જ ખરું લોકશિલ્પ - લોકકલા. □

પ્રસંગપરાગ

હું મુંબઈ ૧૯૬૫-૬૬માં કમર્શ્યલ આર્ટ પ્રથમવર્ગમાં અભ્યાસ કરતો હતો. ત્યાં એક વર્ષનો અભ્યાસ કરીને અમદાવાદ શેઠ સી.એન. કલા વિદ્યાલયમાં ડી.ટી.સી. ડ્રૉઈંગ ટીચર સર્ટિફિકેટના કોર્સમાં દાખલ થવા માટે ૧૯૬૬-૬૭માં આવેલો. પ્રથમ પ્રેક્ટિકલનો ટેસ્ટ લેવાયો. ત્યાર બાદ બીજા દિવસે રૂબરૂ ઓરલ ટેસ્ટ લેવાયો. ઓરલ ટેસ્ટ લેવાયા બાદ કલાવિદ્યાલયની આગળની લૉબીમાં મારી થેલી સહ ઊભો હતો. જૂન માસમાં વરસાદી વાતાવરણ હોઈ સૌકોઈ વિદ્યાર્થી અનુકૂળતા મુજબ ચાલ્યા ગયા હતા, પરંતુ હું ત્યાં મારી થેલી પલળી ન જાય માટે ઊભો રહી ગયો હતો.

કાર્યાલયમાંથી સ્વ. શ્રી રસિકભાઈ પરીખ પોતાના અલગારી સ્વભાવ મુજબ સિસોટીમાં ગીત ગણગણતા વરસાદી વાતાવરણ જોતા બહાર ચક્કર મારતા હતા. તેઓએ મને પૂછ્યું કે કેમ ઊભા છો, ક્યાંથી આવો છો, અમદાવાદમાં ક્યાં ઊતર્યા છો વગેરે. તેમજ આ તમારી થેલીમાં શું છે તે પૂછ્યું. મેં કહ્યું કે તેમાં મારું પ્રથમ વર્ષ કમર્શ્યલ આર્ટનું વર્ક છે. તેઓએ કહ્યું કે હજુ ઑફિસમાં ઓરલ કમિટીના સભ્યો બેઠા છે. ચાલો તમારું ચિત્રકાર્ય તેમને બતાવો. આમ, મને તેઓ ઑફિસમાં દોરી ગયા તેમજ સૌને મારું કાર્ય બતાવી ડી.ટી.સી.માં પ્રવેશ માટે ભલામણ કરી. અને મને કહ્યું કે તમે રોકાયા છો તો કાર્યાલયમાં પ્રથમ સત્રની ફી પણ ભરી દો.

મેં શ્રી રસિકભાઈ પરીખને કહ્યું કે હું મારા સંબંધીના ઘરે ઉતર્યો છું. અહીંથી અજાણ્યો છું તેમજ મારી પાસે ફી ભરવાના રૂપિયા નથી. આમ, મેં મારી અકળામણ દર્શાવી.

મારો પરિચય પણ નહોતો છતાં પણ મારી પ્રવેશફી અને પ્રથમ સત્રની ફી સ્વ. શ્રી રસિકભાઈ પરીખે પોતાના ગજવામાંથી કાઢીને મારા વતી ભરી દીધી અને કોઈ પણ કામકાજ માટે નિઃસંકોચ જણાવવાનું પણ કહ્યું.

આ પ્રસંગની મારા મન ઉપર એટલી છાપ પડી કે જેને આજ પર્યંત હું ભૂલી શક્યો નથી.

આવા માનવીય ગુણ ધરાવતા ગુરુજી તો ખૂબ જ ઓછા વિદ્યાર્થીઓના નસીબમાં હોય છે. સ્વ. રસિકભાઈના ઉમદા ગુણો, સાલસ સ્વભાવ તેમજ તેમણે અમને આપેલ મંત્ર કે 'કલાના વિદ્યાર્થીઓના આપ સૌ પથદર્શક બનજો' ભુલાય તેમ નથી.

- બી.જી. વ્યાસ (ઊના)

એક દરબારી ઉતારાનું રહસ્ય

રવીન્દ્ર ભટ્ટ

મુંબઈમાં પોતાનું વિશિષ્ટ કામ સંભાળી લીધાં પછી થોડા વખતમાં જ મહેન્દ્રસિંહજીને એક વિચિત્ર પ્રકારનો કિસ્સો ઉકેલવાની તક સાંપડેલી, જેનાં ભયનાં અને રહસ્યનાં તત્ત્વોનો વિચાર કરતાં સહેજે એમ થઈ જાય કે એક માણસ પુરુષાર્થ માંડે છે ત્યારે પ્રારબ્ધ એને ક્યાંનું ક્યાં લઈ જાય છે!

દેશી રાજ્યોનું વિલીનીકરણ થયું તે પહેલાં સૌરાષ્ટ્રના બીજા વર્ગના રાજ્યના દીવાનના સેક્રેટરી એક જરૂરી કામે મુંબઈ આવેલા. એ કામ પતાવી એમણે મહેન્દ્રસિંહજીને પોતાના તાજમહાલ હોટેલના ઉતારે બોલાવ્યા. એમનો સંદેશો એવા પ્રકારનો હતો કે મહેન્દ્રસિંહજીને ત્યાં જાતે જવાની જરૂર સમજાઈ ગઈ. નમતા બપોરે બરાબર ચાર વાગે મેળાપના સમયે એ ત્યાં પહોંચી ગયા. 'આવો, આવો.' સેક્રેટરીએ એમને આવકાર આપ્યો. 'કેટલીક વાર્તા એવી હોય છે કે જેને માટે આવી હોટેલનો સ્વતંત્ર રૂમ વધારે અનુકૂળ પડે. બેસો, હું ચા મંગાવું. ચા પીતાં પીતાં વાતો કરવાની વધારે મજા પડશે' એટલું કહી એમણે ચા મંગાવી. પછી મહેન્દ્રસિંહજી તરફ એક ખુરશી ખેંચી બસીને બોલ્યા, 'તમારે અમારા રાજ્યના મહેમાન થવાનું છે. અમારા દીવાન સાહેબ તમને સારી રીતે ઓળખે છે. એમના વતી આમંત્રણ આપું છું - એમ સમજો. અને જો આવી અમારું કામ કરી દેશો તો અમારા ઠાકોર- સાહેબ ખુદ પોતે તમારી સેવાની કદર કરશે.'

'તમારું રાજ્ય તો પ્રગતિશીલ ગણાય છે. ત્યાં એવી શું તકલીફ થઈ છે કે બહારની મદદની જરૂર પડી? ચોરી, લૂંટફાટ તો થતાં નથી.'

'ચોરી-લૂંટફાટ નહિં, પણ ભય અને રહસ્ય અમારા એક દરબારી ઉતારાને ઘેરી વળ્યાં છે અને એ ઉકેલવા તમારી જરૂર છે. હું તમને માંડીને વાત કરું. લ્યો, આ ચા આવી ગઈ.'

પછી ચાના પ્યાલા ભરી સેક્રેટરીએ આસપાસ જોઈ વાત રજૂ કરી :

'અમારું ગામ એ અમારા રાજ્યની સરહદનું એક મહત્ત્વનું ગામ છે. ત્યાં પાસે જંગલ હોઈ અમારા હાલના ઠાકોરસાહેબના શિકાર-શોખીન પિતાશ્રી શિકારે જાય ત્યારે ઊતરવા માટે એક મોટો ઉતારો બંધાવેલો, જેનો ઉપયોગ હજી હમણાં સુધી અમારા રાજ્યના અધિકારીઓ ડિસ્ટ્રિક્ટમાં જાય ત્યારે કરતા. એ દરબારી ઉતારો ગામથી થોડો દૂર પણ બધી સગવડો-વાળો અને સુંદર છે. આ દરબારી ઉતારા પર છેલ્લા એક વર્ષમાં એવો કોઈ શાપ ઊતર્યો છે કે એ ઉતારો ઉતારો નથી રહ્યો, પણ જાણે કે કોઈ ભૂતનો આવાસ થઈ ગયો છે.'

'ભૂત!'

'અરે, ભૂતથી પણ કંઈક વિશેષ. ભૂત તો અવાજ કરે કે કોઈને દેખાય પણ ખરું. પણ આ ભૂત -' સેક્રેટરી ભૂત ઉપર મજાકમાં આટલું કહી અટક્યા અને પછી ધીરેધીરે ગંભીર થતા બોલ્યા, 'આ ભૂત તો ઉતારાને જાણે ખાઈ ન જતું હોય એવું લાગે છે. ઉતારાનો એક એક ખંડ જાણે કે એ ભૂત સાથે આપણને ખાવા ધાય છે. ત્યાં કોઈ રહી શકતું નથી. અમારા બે મહત્ત્વના અધિકારીઓ - એક વહીવટદાર અને એક મેડિકલ ઑફિસર - છેલ્લા એક વર્ષમાં એ ઉતારામાં ભયથી છળીને મરી ગયા છે, એ વાત તો અમારે દાબી દેવી પડેલી; પણ ત્યાર પછી એ ઉતારા માટે રાખેલા નોકરો અને એક માળી ત્યાં રાતે રહી શકતા નથી અને ગામમાં સૂવા ચાલ્યા જાય છે. ગામના માણસોમાં એવી સમજ ફેલાઈ છે કે જંગલ નજીક હોવાથી આ માણસો માટે રાત્રે ત્યાં રહેવું સહીસલામત નથી. પણ એ વાત બધાને ગળે ઊતરતી નથી અને અમારા એ દરબારી ઉતારા માટે ગામમાં જાતજાતની વાતો થવા માંડી છે.'

'જંગલ, ઉતારો અને ગામ વચ્ચે અંતર કેટલું અને ગામની વસ્તી કેટલી?' મહેન્દ્રસિંહજીએ બે પ્રશ્નો પૂછ્યા.

'જંગલથી ઉતારો લગભગ માઈલેક દૂર છે અને ત્યાંથી ગામ લગભગ દોઢેક માઈલ દૂર છે. પણ ગામ તરફ નવો વસવાટ થઈ ગયો હોવાથી એકાદ માઈલ જ રસ્તો નિર્જન લાગે છે. ગામની વસ્તી હશે લગભગ પંદરેક હજાર.' સેક્રેટરીએ જવાબો આપ્યા.

'જંગલનો વિસ્તાર કેટલો?'

'હશે લગભગ માઈલ પહોળું અને દોઢેક માઈલ લાંબું. પ્રાણીઓ તો હવે ઓછાં છે પણ જંગલ ગાઢ અને બિહામણું તો હજીય લાગે છે.'

'તમારા એ બે અધિકારીઓ - જે મરી ગયા - એની કંઈ વિશેષ વિગત છે?'

'બન્ને અધિકારીઓ પહેલી જ રાત્રિએ મરી ગયેલા અને ઉતારાની જંગલ તરફની પડશાળમાં ચત્તાપાટ પડેલા મળી આવેલા. મોઢા ઉપર કેવળ ભય અને ત્રાસના ભાવ સિવાય બીજું કોઈ મારનું ચિહ્ન નહિ. પહેલા વહીવટદાર ગયા અને ત્યાર પછી મેડિકલ ઑફિસર ગયા. એ પછી લગભગ ચારેક મહિના ગયા છે. અમારી પોલીસતપાસમાં કંઈ પત્તો ખાધો નહિ. એ દરબારી ઉતારા આસપાસ એવી કોઈ ભયની હવા ફેલાઈ ગયેલી કે તપાસ દરમિયાન પણ ત્યાં કોઈ સૂતેલું નથી. ટૂંકમાં, આજે એ ઉતારો સૂમસામ અને ભયગ્રસ્ત પડ્યો છે અને એનો ભેદ ઘેરો બનતાં અમને તમારા જેવા હોશિયાર અને સમજુ માણસની મદદ લેવાની જરૂર લાગી. બોલો,

અમારું આમંત્રણ સ્વીકારો છો?'

'જયાં ભય હોય ત્યાં દોડી જવા માટે તો ઘણા વખતથી નિશ્ચય કરી લીધો છે એટલે ના પાડવાનું કારણ નથી, પણ હું આઠેક દિવસ પછી નીકળી શકું.'

'ખુશીથી.' સેક્રેટરીએ કહ્યું. 'જુઓ, આજે ગુરુવાર થયો. આવતા શુક્રવારે નીકળો. શનિવારે વળતી બપોરે અમારે શહેર પહોંચી જશો. ત્યાં તમને દીવાનસાહેબ તથા ઠાકોરસાહેબની પહેલા મુલાકાત કરાવી દઈશ. પછી તમારી ઇચ્છા હોય તો તે જ દિવસે અથવા બીજે દિવસે તમને એ દરબારી ઉતારે પહોંચાડી દેશું. અમારા શહેરથી ૧૭-૧૮ માઈલનો રસ્તો છે, પણ પાકો છે. મોટરમાં અડધા-પોણા કલામાં ખુશીથી પહોંચી જવાશે.'

મહેન્દ્રસિંહજીએ એ દિવસ સ્વીકારી લીધો.

*

શુક્રવારે રાત્રે કાઠિયાવાડ મેઈલમાં (તે વખતે આજનો સૌરાષ્ટ્ર મેઈલ 'કાઠિયાવાડ' મેઈલ કહેવાતો.) મહેન્દ્રસિંહજી મુંબઈથી ઊપડ્યા ત્યારે પોષ મહિનાનો શુકલ પક્ષ હતો એટલે અડધી રાત્રિ સુધી તો પશ્ચિમે ક્ષિતિજ તરફ ઢળતા ચંદ્રને મહેન્દ્રસિંહજી જોતા જ રહ્યા. દૂરનું એ તટસ્થ સૌન્દર્ય પેલા દરબારી ઉતારા વિષે મહેન્દ્રસિંહજીના ચિત્તમાં અનેક વિચારો પ્રેરી રહ્યું. એમના લગભગ દરેક પરાક્રમનો સાથી પેલો બહાદુર કિરીટસિંહ પણ આ પ્રવાસમાં સાથે હતો. ભય મહેન્દ્રસિંહજીને સ્પર્શતો નહોતો પણ ભયને ઓળખવાનું તો જાણે કિરીટને જ ફાવતું. એના વગર કેમ ચાલે? એટલે એને સાથે લેવાની પરવાનગી લઈને જ મહેન્દ્રસિંહજી મુંબઈથી નીકળેલા.

બીજે દિવસે નમતે બપોરે જયારે વીરમગામથી બદલેલો મીટરગેજનો મેઈલ - શહેરના રળિયામણા સ્ટેશને આવીને ઊભો રહ્યો ત્યારે બન્નેનું સ્વાગત કરવા પેલા દીવાનના સેક્રેટરી પોતે હાજર હતા. મહેન્દ્રસિંહજીનો ઊંચો પડછંદ બાંધો અને એમણે ખાસ પહેરેલો બંધ કૉલરનો કોટ અને ગુલાબી સાફો આસપાસના બીજા પ્રવાસીઓ અને રેલવે અધિકારીઓ જોઈ રહ્યાં. 'કોઈ રાજયના મહેમાન હશે' એમ સૌ વિચારી રહ્યા. એ પ્રકારની જ છાપ પાડવાની મહેન્દ્રસિંહજીની ઇચ્છા હતી. એમની સાથે તરવરાટથી ચાલતો એકવડા બાંધાનો કિરીટ પણ એક નિર્દોષ ક્ષત્રિય યુવાન જેવો જ લાગતો હતો. બન્ને ક્ષત્રિય જ હતા ને વળી પોતાની સૌરાષ્ટ્રની ધરતી ઉપર જ ઊતરી આવ્યા હતા ને!

એ બન્નેને લઈને સેક્રેટરી સ્ટેશનની બહાર નીકળ્યા જયાં એક આછા લીલા રંગની મોટર ઊભી હતી. એ ત્રણેયને લઈને જયારે મોટર ઊપડી ગઈ ત્યારે સ્ટેશન માસ્તર પોતાના આસિસ્ટંટને કહી રહ્યા હતા કે 'માળુ, ક્યારેક ખબર જ નો પડે કે મોટરથી મહેમાન શોભે છે કે મહેમાનથી મોટર શોભે છે!'

રાજયના મહેમાનો માટેના દરબારી ગેસ્ટહાઉસ પાસે જયારે મોટર આવીને ઊભી રહી ત્યારે ફૂલઝાડને છંટાઈને નીચે પડેલા પાણીથી સુગંધિત બનેલી ધરતી જાણે કે સૌનું સ્વાગત કરી રહી.

'તમે બન્ને સ્વસ્થ થાવ. નહાવું હોય તો ગરમ પાણી તૈયાર છે.' સેક્રેટરી બન્નેને સૂચના આપી રહ્યા. 'પછી ચા-નાસ્તો લઈ લો. તે દરમિયાન મારે દીવાનસાહેબ સાથે કામ છે તે પતાવી લઉં. આ મોટરમાં જ તમે દીવાનસાહેબને બંગલે આવી પહોંચો.' આટલું કહી એ મોટરના ડ્રાઈવરને કેટલીક સૂચના આપી સેક્રેટરી ત્યાં એક પડેલી બીજી નાની મોટરમાં દીવાનસાહેબના બંગલા તરફ ઊપડી ગયા.

*

મહેન્દ્રસિંહજીએ એકલા જ દીવાનસાહેબની મુલાકાતે જવાનું નક્કી કરેલું એટલે ન્હાઈ, સ્વસ્થ થઈ બન્નેએ ચા-નાસ્તો લીધો. પછી એ એકલા જ દીવાનસાહેબને બંગલે ઊપડી ગયા. એ મુલાકાત ઔપચારિક હતી. ત્યાર પછી દીવાનસાહેબ એમને ઠાકોરસાહેબ પાસે લઈ ગયા. એ બે ક્ષત્રિયોની મુલાકાત કેવળ ઔપચારિક ન રહી શકી. સૌરાષ્ટ્રના એક રાજયના રાજવી કુટુંબ સાથે સંકળાયેલી એ વ્યક્તિ મુંબઈમાં હાથમાં માથું લઈને કામ કરે છે એ વાત જ એ જ સૌરાષ્ટ્રના બીજા એક રાજયના ધણી માટે કેવી ગર્વ લેવા જેવી બની જાય! એ મુલાકાતથી મહેન્દ્રસિંહજી સમજી શક્યા કે ઠાકોરસાહેબ પોતાના પિતાશ્રીએ બંધાવેલા ઉતારા માટે એમની પ્રજામાં ઊભા થતા ભય કે કોઈ પણ પ્રકારની ગેરસમજ ચલાવી લેવાને તૈયાર નહોતા.

આ મુલાકાત પૂરી થયા પછી જયારે મહેન્દ્રસિંહજી પોતાને ઉતારે જવા રવાના થયા ત્યારે એમણે નક્કી કરી નાખ્યું કે, ગામને દરબારી ઉતારે બીજે દિવસે સવારે જવું, જેથી દિવસ દરમિયાન ત્યાંની સ્થાનિક પરિસ્થિતિની માહિતી મેળવી શકાય. એમની ઇચ્છાથી એ ગામમાં તરત જ સૂચના મોકલી દેવામાં આવી કે બે મહેમાનો શિકાર માટે આવે છે અને તેમના માટે સારામાં સારો બંદોબસ્ત કરવો. મહેમાનો કાચાપોચા નથી અને રાત ઉતારે જ કાઢશે એ પણ કહેવરાવી દેવામાં આવ્યું.

*

આમ બીજે દિવસે સવારે રાજયના આ બે મહેમાનો પેલા ભેદી દરબારી ઉતારે આવી પહોંચ્યા.

એ દરબારી ઉતારો વહેલી સવારથી સાફ થવા માંડેલો અને આ મહેમાનો પહોંચ્યા ત્યારે લગભગ એમનું સ્વાગત કરવા તૈયાર હતો. ઉતારાના નોકરો, માળી તથા રસોઈયો પોતપોતાના કામમાં પરોવાઈ ગયેલા.

મહેમાનોએ સૌપ્રથમ તો ઉતારાની ગામ તરફ પડતી પડશાળમાં બેસી ચા અને નાસ્તો લીધાં. પછી બન્નેએ આખો ઉતારો અને એનો એકેએક ખંડ ઝીણવટથી જોયો. ઉતારાની

રચના સાદી છતાં ગમી જાય તેવી હતી. વચમાં મોટો હૉલ અને બન્ને બાજુ બે બે મળી એમ ચાર અડધી ગંદી દીવાલવાળા સૂવાના ઓરડા. આગળ પાછળ ઠીકઠીક પહોળી એવી હૉલ જેટલી જ લાંબી બે પડશાળો. જંગલ તરફની પડશાળમાંથી ઊતરીને એ તરફ રસોડું તથા કોઠાર અને બીજી તરફ નહા-વાધોવાના ખંડો. રસોડામાં જઈ શકાય તેવી સગવડ, પણ મોટે ભાગે મહેમાનો વચલા હૉલમાં જમતા જ્યાં એક તરફ ડાઈનિંગ ટેબલ મૂકવામાં આવેલું. ઉતારાથી દૂર ગામ તરફ નોકરો માટે એક ખૂણે આઉટ હાઉસ બાંધવામાં આવેલું. ચારે બાજુ ઊંચી દીવાલ જેને આગળપાછળ બે દરવાજા. મુખ્ય ઉતારા આસપાસ સરસ રીતે ગોઠવેલો બગીચો. રાત્રે દીવા કરવા માટે એક નાનું જનરેટર મૂકવામાં આવેલું. આખો ઉતારો એટલો સરસ હતો કે અજાણ્યાને થોડા દિવસ ત્યાં રહેવાનું મન થઈ જાય.

ચા-નાસ્તો લઈ મહેન્દ્રસિંહજી તથા કિરીટ ગામના પગીને લઈ જંગલ તરફ આંટો મારી આવ્યા. પગી પાસેથી શક્ય તેટલી જંગલની માહિતી મેળવી. બીજે દિવસે શિકારે જવું છે એવું પગીને સમજાવી બંને ઉતારે પાછા ફર્યા. ઉતારા પાસે જુદા પડતા પગી કહેતો ગયો : 'બાપુ, રાત વેળાનું ઉતારે નહિ ફાવે હો. આખો ઉતારો ખાવા ધાશે.'

ઉતારે પાછા ફર્યા પછી બન્ને નિરાંતે જમ્યા. ઉતારાનું સાદું પણ સ્વાદિષ્ટ ભોજન લેતા લેતા મહેન્દ્રસિંહજી કિરીટને કહી રહ્યા : 'મુંબઈની તાજ હોટેલમાં ભલે જમવાનો ભપકો હોય પણ અહીંનું આ પ્રેમથી બનાવાયેલું અને પીરસાયેલું ભોજન આ ઉતારાની રહીસહી રજવાડી હવામાં લેતાં ઓર મજા આવે છે.'

જમીને આરામ કર્યા બાદ બન્ને ઊઠ્યા ત્યારે ત્રણેક વાગવા આવ્યા હતા અને શિયાળાનો તડકો ઉતારાની જંગલ તરફ પડતી પડશાળમાંથી જાણે કે આરામ કરી આળસ મરડી પગથિયાં ઊતરી રહ્યો હતો. ત્યાં બેઠક જમાવી મહેન્દ્રસિંહજીએ - બધા નોકરો હજી આઉટ હાઉસમાં હોઈ યોગ્ય એકાંત જોઈ - કિરીટને કહ્યું :

'આ દરબારી ઉતારાની વાત જ્યારે મને જાણવા મળી ત્યારે મેં અહીં આવતાં પહેલાં આઠ દિવસનો સમય માગેલો. તે દરમિયાન જ મેં કેટલીક માહિતી મેળવી લીધેલી. તે ઉપરથી એમ લાગે છે કે, આ રાજ્યે ગુમાવેલા પેલા બે અધિકારીઓ વહીવટદાર તથા મેડિકલ ઑફિસર કોઈ ગુપ્ત માહિતી મેળવવા જતા અકાળ મોતને ભેટ્યા છે. એમના એ સાહસને પોતપોતાના મોત સાથે કેટલો સંબંધ છે તે જોવાનું રહે છે.

'એ શંકા તો મને પણ આવેલી' કિરીટે કહ્યું, 'પણ એમના બન્નેનાં મોત પછી પણ આ ઉતારો ભેદી રહ્યો છે અને રાતે કોઈ સુવાની હિંમત કરતું નથી એ ઉપરથી એમ લાગે છે કે કોઈ ત્રીજી વ્યક્તિ અથવા એકથી વધારે વ્યક્તિઓ આ ઉતારમાં હજી રસ લઈ રહી લાગે છે અને બીજા સૌ માટે એને અવાવરું કરવાનો પ્રયત્ન કરે છે.'

'એમ હોય અથવા જે બે અધિકારીઓ મરી ગયા તેના મોતનો ભેદ અમુક સમય સુધી કોઈ ન જાણે તે કારણ પણ હોય. જે હોય તે, આપણે તે શોધી કાઢવાનું છે, પણ આપણે હવે આ વાતો કરવી નથી. આઉટ હાઉસની આ ઘંટડી વગાડી જો, જોઈએ કોઈ આવે તો.'

કિરીટે ઘંટડી વગાડી એટલે એક નોકર પાણીના બે પ્યાલા લઈ આવ્યો અને ઊભો રહ્યો. પાણી પિવાઈ રહ્યા પછી પણ એ ઊભો રહ્યો એટલે મહેન્દ્રસિંહજીએ એની સામે જોયું.

'બાપુ, એક વાત કરવી છે.' નોકરે અચકાતાં અચકાતાં કહ્યું.

'શું? બોલોને.'

'અમે બધા માળી અને રસોઈયા, તમે જો રજા આપો તો રાત પડે ઈ પેલા ગામમાં પૂગી જવા માગીએ છીએ. ચા-પાણી તો હમણે પતી જશે. પછે રાતની રસોઈ પણ થઈ જાશે, ઈ જમવાનું બધું ટેબલ પર ગોઠવીને અને પથારિયું તૈયાર કરીને જાશું. બસ, બાપુ આટલી રજા આપો. ગામમાં જઈને સૂઈ રેશું અને સવારે વહેલા પાછા આવી જાશું. તમને તો બાપુ ખબર પડી હશે આંઈની બધી વાતુની.'

મહેન્દ્રસિંહજીની એવી ઇચ્છા હતી કે રાત્રે પોતે અને કિરીટ સિવાય ઉતારે કોઈ ન હોય. વળી, કોઈની ઉતારા વિષે ભળતીસળતી વાતુ પણ સાંભળવાની એની ઇચ્છા નહોતી એટલે એણે કહ્યું, 'ભલે.'

નોકર રાજી થતો ગયો અને થોડી વાર પછી ચા લઈ આવ્યો. એ ચા પિવાઈ રહી ત્યાર પછી થોડી વારે ગામના એકબે પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને રાજ્યના સ્થાનિક અધિકારીઓ મળવા આવ્યા. સૌએ વિવેક બતાવ્યો, કેટલાકે સ્થાનિક માહિતી આપી, કામકાજ માટે પૂછ્યું અને પાછા જતા હતા ત્યારે ગામના જે નગરશેઠ જેવા હતા એમણે કહ્યું, 'બાપુ, આ તમે પધાર્યા તો આ ઉતારામાં આજ ઘણે દા'ડે જીવ આવ્યો એટલે અમે તો રાજી; પણ બાપુ, રાતવેળાનો ઉતારાનો સીનો ફરી જાશે હોં. આંઈ રાત ન રોકાવ તો? ગામમાં વયા આવોને? ઘણી ખમા અમારાં ઠાકોરસાહેબને કે એમની કૃપાથી બે મેમાનોને સાચવી શકીએ એમ છીએ.'

'ના, ના. એવી કોઈ જરૂર નથી. નાનાં ગામડાંઓ બાજુ તો કેટલાંય ઘરોની કેટલીય વાતુ સંભળાયાં જ કરે. એ બધાં સાચી માનીને કાંઈ બી જવાય છે?'

'તો, ભલે બાપુ, જેવી તમારી મરજી.'

એ બધા ગયા પછી એક વિચિત્ર પ્રકારનો માણસ ઉતારે આવી ચડ્યો. આમ તો બન્ને દરવાજે સવારથી દરવાનો ગોઠવાઈ ગયેલા એટલે આ નવા આવનારને દાખલ થવાની તકલીફ

ન પડી, એ ઉપરથી મહેન્દ્રસિંહજી સમજી શક્યા કે આવનાર કાંઈ અસામાન્ય હતું. એ હતા ગામની શાળાના હેડમાસ્તર. ઊંચો બાંધો, કંઈક દુબળું શરીર, એક જ લાંબી શિખાવાળી ચમકતી ટાલ, ઊંડી ઊતરી ગયેલી આંખો અને ધોતિયું, કફની તથા પાઘડીવાળો પહેરવેશ. મહેન્દ્રસિંહજી જોઈ રહ્યા. એણે જે વાત કરી તે તો એ બન્ને મહેમાનોના ચિત્તમાં કેટલાય દિવસો સુધી પડઘા પાડતી રહી હતી.

'મારું એક ગરીબ બ્રાહ્મણનું કામ કરી દેશો, બાપુ?' એમ વિનંતી સાથે ગૌરવભેર અવાજમાં એણે જે વાત કરી હતી તે અવાજમાં અને વાતમાં કેટલું બધું કારુણ્ય હતું! એને સંતાનમાં એક જ પુત્ર થયેલો. જેને જોતાં જ આઘાત પામી ગયેલી એની માતા એને ઉછેરતાં કેવળ રોઈને દિવસો કાઢતી હતી અને પછી તો જીવી પણ ન શકી. પુત્ર હતો બેડોળ - ન સાંભળી શકે કે ન બોલી શકે એવો; પણ એની સૂંઘવાની અને જોવાની શક્તિ પાછળથી માતાના અવસાન પછી ગજબની ખીલેલી. છોકરામાં ભય તો હતો જ નહિ. આ ગુણો એને રખડવા દૂર દૂર જંગલમાં પણ લઈ જતા. એ છોકરાના નાના - હેડમાસ્તરના સસરા - એ પણ છોકરાને પહેલી વાર જોઈ હેબતાઈ ગયેલા.

'એ રત્નપારખુ અને જ્યોતિષી હતા. આજે હયાત નથી.' હેડમાસ્તરની આંખમાં એ કહેતાં તો ઝળઝળિયાં આવી ગયેલાં. એમણે છોકરાને એક માદળિયું બાંધી કહેલું કે, 'છોકરો ઝાઝું જીવશે નહિ. ક્યાં કેમ મરશે એ પણ કોને ખબર; પણ... પણ બાજાના કલ્યાણનું નિમિત્ત તો જરૂર બનશે.'

'આવો આ છોકરો સ્વર્ગસ્થ ઠાકોરસાહેબ શિકારે આવેલા તે દિવસનો ગુમ થઈ ગયો છે. આજે એ વાતને દશ વરસ થઈ ગયાં. તે દિ માંડ બારેક વર્ષનો હશે.' હેડમાસ્તરનો અવાજ એ કહેતાં કેટલો બધો કારુણ્યમાં ઘૂંટાઈ ગયો હતો!

'બાપુ, તમને શિકાર કરતાં એક એ છોકરાના અવશેષ હાથમાં આવે તો મને મેળવી દેશો? બધા કહે છે કે, એને કોક જંગલી જાનવરે ફાડી ખાધો હશે. તે દિવસે સાંજે જ એ જંગલ તરફ રખડવા ગયેલો એ સાચું પણ છોકરો ભારે કાળજીવાળો હતો. હશે, જે હોય તે, ઈશ્વરની મરજી. આ તો મને એમ કે તમે જંગલ તરફ જાઓ છો એટલે આટલી વિનંતી કરતો જાઉં આટલે વર્ષે હવે અવશેષ કેવા અને કોના એ તમને અજાણ્યાને તો શું ખબર પડે, પણ બાપનો જીવ રહ્યોને એટલે બોલાઈ જવાય છે. મારાથી પંડ્યે તો જંગલની દિશામાં જતાંય ક્યાં પગ હાલે છે! બસ, બાપુ રજા લઉં છું. ઘણા મને ગાંડો કહે છે. કદાચ તમેય કહેશો; પણ જીવમાં શોક એવું ઘર કરી બેઠો છે કે અજાણ્યા પાસેય હૈયું હળવું કરવા દોડી જવાય છે.'

આવી આ વાત કરી એ શાળાના હેડમાસ્તર નામે કરુણાશંકર ધીરે પગલે પાછા ગામ તરફ ચાલ્યા ગયા. કિરીટે એ હેડમાસ્તર દેખાતા બંધ થયા એટલે મહેન્દ્રસિંહજીએ ભારે અવાજે કહ્યું, 'ઈશ્વર સૌની કસોટી કરે છે, પણ કસોટીકસોટીએ શું એ કારણે લઈને બેઠો હશે?'

'તમને આ છોકરાના મોતમાં કંઈ ભેદ લાગે છે?' કિરીટે વાતને વાળવા પ્રશ્ન પૂછ્યો.

'હોય પણ ખરો અને ન પણ હોય.' મહેન્દ્રસિંહજીએ જવાબ આપ્યો. 'મને મળેલી માહિતી પ્રમાણે અહીંથી એ છોકરાને બાવાઓ ઉપાડી ગયાના અને બીજાને કોઈ જાનવરે ફાડી ખાધાના કિસ્સા બન્યા છે. જોઈએ, હવે રાત કહેશે જો રાત અહીંની ફરી જતી હોય તો. જો રાતે કંઈ બને તો જરૂર અહીં આપણે રહસ્યનો તાગ મેળવશું; પણ એમાં આ હેડમાસ્તરનો છોકરો...' એકદમ મહેન્દ્રસિંહજી બોલતા અટકી ગયા. કિરીટના કાન પણ સરવા થયા. જંગલની દિશામાંથી તીણો, ન સાંભળવો ગમે તેવો, નહિ ચીસ જેવો નહિ હસવા જેવો અને નહિ રોવા જેવો, એવો એક અમાનુષી વિચિત્ર અવાજ આવી રહ્યો હતો. (ક્રમશઃ)

અનુસંધાન] **પસ્તીનાં પાનાં** [પૃ.૫૯૬થી

જૂની મજા માણી શકાય છે. આ હૉલમાં પણ કોઈ પણ જાતનાં બંધન વગર પંખીઓ ફરતાં, ઊડતાં, ચીંચીં કરતાં માળો બનાવતાં નજરે ચઢે છે. એટલું જ નહિ પણ વિદ્યુલ્લેખાના આ ઝૂમાં તો પ્રાણીમાત્રમાં વ્યાપક રહેલો જીવનસંઘર્ષ - પેલું ડાર્વિનનું શું કહેવાય છે? survival of the fittest - તે સિદ્ધાંતની સત્યતા પણ વગર ટિકિટે અનુભવવા મળે છે. ઘણી વાર ચકલીઓના માળા પાસે કાબર જઈ ચઢે છે અને ચકલીઓ ચીંચીં કરી હૉલ ગજવી મૂકે છે. ત્યારે હાથમાં લાકડી લઈ, લાકડીને છેડે પ્લાસ્ટિકની થેલી ભરાવી ચાડિયા જેવું હાથમાં લઈ ડોલીબેન દાદર ઉપર પરેડ કરતાં ચઢે અને કાબર ઊડી જાય, ચકલીઓને રાહત થાય. આ આખી ડૉક્યુમેન્ટરી ફિલ્મ જમતાં જમતાં જોવા મળે!

તેમાં વળી આજે જમી લીધા પછી જોયું તો એ જ ચિડિયાઘરમાં બિલાડીએ પ્રવેશ કર્યો, ત્યાં પાછું ચીંચીં તો થઈ ઊઠ્યું, પણ કોણ જાણે ક્યાંથી એક બીજી બિલાડી પણ ભોજનની સુગંધથી આકર્ષાઈને ત્યાં આવી પહોંચી અને પછી એકબીજા સામે ઘૂરકવા લાગી ત્યારે મને થયું કે મારા અઠવાડિક પત્રમાં લખવાનો આ સરસ મસાલો છે!

ગ્રાહકોને વિનતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઓર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

કલાવાર્તા

કલાકાર શ્રી રસિકલાલ ન. પરીખ

ગુજરાતની કલાના જ્યોતિર્ધરોમાં શ્રી રસિકલાલ પરીખના નામની ગણના કરવી



રહી. 'કુમાર' માસિક દ્વારા તેમનાં અનેક ચિત્રો પ્રકટ થયાં અને ગુજરાતની આમ-જનતા સુધી પહોંચ્યાં. ૧૯૪૧માં 'કુમાર' દ્વારા જ તેમનું પુસ્તક 'ચિત્રસાધના' પ્રકટ થયું. તેમાં ૨૧ રંગીન ચિત્રો અને ૩૪ સાદાં ચિત્રો છે. તે હાલ અપ્રાપ્ય છે. તે સમયમાં તેમણે વુડકટ, લીનોકટ અને છાયાચિત્રો પણ કરેલાં. ૧૯૨૬માં તેઓશ્રીના મોટાભાઈ નગીનભાઈ દ્વારા મુ. રવિભાઈ પાસે ચિત્રના અભ્યાસ માટે આવ્યા. ૧૯૨૯માં મદ્રાસની કલાશાળાના આચાર્ય અને શિલ્પી-ચિત્રકાર શ્રી રૉય-ચૌધરી પાસે ભણવા ગયા. '૩૧માં સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટમાં દાખલ થયા. પ્રિન્સિપાલ સૉલોમને કામ જોઈ તેમને સીધા ડિપ્લોમામાં બેસાડ્યા અને પરીક્ષામાં 'કૃષિમહોત્સવ' ચિત્ર પર પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા.

મુ. રસિકભાઈ અભ્યાસકાળ દરમિયાન એટલે કે માત્ર ૨૦ વર્ષની ઉંમરે ઉત્તમ કોટીનાં સર્જનો કરી ચૂક્યા હતા. જેમાં સાગરબાળ, કૃષિમહોત્સવ, દેવદાસી, ઢીંગલી, બુઢ્ઢા ડોસાનું રેખાંકન વગેરે હતાં. સાગરબાળમાં ઘૂઘવતો દરિયો આલેખ્યો છે. તેની રેખાઓ પણ ટાંક મારફતે ઘૂઘવતી બહાર આવે છે. તેનું વણાટ રેમ્બ્રાં કે આલ્બર્ટ ડ્યુરરની યાદ આપે છે. બુઢ્ઢા ડોસાનું મસ્તક પણ તે કોટીનું છે. વળતા પડછાયામાં સંધ્યાનું એ ગાન પ્રકાશની મીઠાશથી બહાર આવે છે.

તેમનું ચિત્ર કૃષિમહોત્સવ વર્ષના શ્રેષ્ઠ ચિત્ર તરીકે ૧૯૩૪માં ગોલ્ડ મેડલ મેળવે છે. તે જ રીતે તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો. મુંબઈના ચિત્રકારો ત્યારે તેમને જાણતા હતા. પ્રદર્શનની તેમની કૃતિ જોઈ કહેતા : 'ગુજરાતચા રસિક આલા' ગુજરાતનો રસિક આવ્યો છે. નવધાન્ય ચિત્ર માટે શ્રી શાંતિ શાહ ચિત્રના પાત્રને 'વિનસ ઑવ્ ગુજરાત' કહેતા. શું એ પાત્રનું સૌષ્ઠવ છે! સંધ્યાના વાતાવરણમાં ગ્રામીણ યુવતીનું ધારદાર વ્યક્તિત્વ રજૂ થાય છે. જલરંગમાં થયેલું



સાગરબાળ



પરબ (વુડકટ)



પૂર્ણિમા પાછી ઊગી રે ↑



રંગભર્યું આંગણું ↑

આ ચિત્ર રેખાની પણ અદ્ભુત શક્તિ બતાવે છે. ઢીંગલી ચિત્ર ગુરુના (ચૌધરી) લેપ્ચકન્યા દ્વારા પ્રેરિત છે, પરંતુ રચના-કૌશલ્ય સબળ છે. એક ગુજરાતી ચિત્રકાર તરીકે તેમણે ગુજરાતની નારી, ઘર, આંગણું, શેરી, મંદિર અને વતનનો નર્મદાકિનારો ચીતર્યો છે. તેમના સમકાલીન સોમાલાલ શાહે સૌરાષ્ટ્ર ચીતર્યું જ્યારે રસિકલાલ પરીખે તળ ગુજરાત અને દક્ષિણ ગુજરાત તથા મદ્રાસ ચીતર્યું. શ્રી સોમાલાલ શાહ રંગ, રચના અને ભારતીયતામાં સૂરજ સમા હતા. તે કહેતા, 'રસિકભાઈનું ડ્રોઈંગ મારા કરતાં સારું.' આ એમનું ઔદાર્ય હતું. તેમના સમકાલીન ચિત્રકારો સર્વ શ્રી કનુ દેસાઈ, સોમાલાલ શાહ, વાય.કે. શુક્લ, છગનલાલ જાદવ, બંસી વર્મા, રવિશંકર પંડિત અને ત્રિગુણાતીત પંચોલી હતા.

શ્રી રસિકભાઈનો જન્મ મોસાળ વાલિયામાં ૧૯૧૦, મે તારીખ ૧૬મીએ થયો. એ રીતે તેમના જન્મને ૯૦ વર્ષ થશે. ગુજરાતના આ પનોતા પુત્રનું વ્યક્તિવિશેષ તરીકે સ્મરણ કરીએ. શ્રી રસિકભાઈ માત્ર આઠ ધોરણ ભણેલા, પરંતુ ચિત્રમાં પાવરધા નીવડ્યા. અક્ષર-જ્ઞાનને બદલે રંગરેખાનું જ્ઞાન મેળવ્યું. સાધનાને જોરે તે ગુજરાતના અગ્રિમ ચિત્રકાર બન્યા. હા, ન ભણ્યાનો તેમના દીલમાં રંજ હતો એટલે બીજાને કહેતા 'ભણતાં આવડે છે તો ભણો.' તે પ્રણાલીગત ચિત્રકાર હતા. અદ્યતન કલાના પ્રયોગો કરેલા, પરંતુ તેમાં એટલો રસ ન પડ્યો એટલે સીમિત રહ્યા.

સ્વભાવે તે સ્વાશ્રયી, ઓછાબોલા ને મનમોજી હતા. અવાજ સૂરીલો. સરસ ગાતા. ચિત્રનો વારસો દીકરી ઊર્મિને મળ્યો, સંગીતનો વારસો રેખાબહેનને. પત્ની વિદ્યાબહેને તેમના જીવનમાં સતત સાથ આપ્યો. લગ્નજીવનના આરંભમાં ને પાછલી ઉંમરે એમણે પણ ચિત્રકામ કર્યું. શ્રી રસિકભાઈ મોજમાં હોય ત્યારે ગાય કે વિસલ વગાડે. વિસલ દ્વારા એકાદ તરજ સાંભળી લેવી એ લ્હાવો હતો. તેમના ગુરુ રવિભાઈ પરના પત્રો 'સન્નિષ્ઠ



બીજ



વાત્સલ્ય



પનિહારી



તુલસીને પાણી



નાગપૂજા



શાહી અને કલમ વડે કરેલું પાત્રાલેખન

વિદ્યાર્થીના પત્રો' તરીકે 'નવચેતન' માસિકમાં પ્રકટ થયેલા. તેમના બધા ગુણોમાં નિરાડંબરપણું પ્રશસ્ય ગુણ હતો. તે એક સાચા આજીવન શિક્ષક હતા.

શ્રી રસિકભાઈ શરીરે કદાવર ને પોષાકમાં ઝભ્ભો ધોતી ને બંડી પહેરતા. તેમને જોતાં જ કલાકાર તરીકેની અનોખી છાપ ઊપસતી. પેલી સંસ્કૃત ઉક્તિ પ્રમાણે બધું જ મધુરમ્ મધુરમ્... હતું.

ગુજરાતના કલાશિક્ષણમાં શ્રી રસિકભાઈ, શ્રી સોમાલાલ શાહ અને શ્રી એન.એસ. બેન્દ્રેએ ઘણું મોટું કામ કર્યું. એક જમાનામાં બૉમ્બે આર્ટ સોસાયટીનો મેડલ શ્રી બેન્દ્રે અને રસિકભાઈ વચ્ચે વહેંચાયેલો. શ્રી રસિકભાઈની કર્મભૂમિ અમદાવાદ બની. શ્રી બેન્દ્રેએ વડોદરામાં ધૂણી ધખાવી. શ્રી ઝીણાભાઈ દેસાઈ ઇન્દુમતિબહેન શેઠ અને હરિકૃષ્ણ આણંજીવાલાના પ્રયત્નોથી સી.એન.ના કલાવર્ગો કલા-મહાશાળામાં ફેરવાયા.

૧૯૭૧માં ગુજરાત સરકાર દ્વારા સન્માન થયું. તેમનું ચિત્રસાધનાને ફરી પ્રકટ થયું. સાથે મુંબઈની જહાંગીર આર્ટ ગેલરીમાં પ્રદર્શન યોજયું. ત્યાં ચાહકોએ ઘણાં ચિત્રો ખરીદેલાં. મને યાદ છે કે પ્રદર્શનની પૂર્વસંધ્યાએ એક કચ્છી યુવાન આવ્યા. નમ્યા અને સાત ચિત્રો ખરીદી ગયા. અમને નોતર્યા ને જમાડ્યા. શ્રી રસિકભાઈ માટે અનહદ પ્રેમ. આ બધું જાણવાનો લાભ મળ્યો એનો આજે આનંદ છે.

તેમનાં ચિત્રો મુંબઈ, ત્રિવેન્દ્રમ્, મૈસુર અને વડોદરાની આર્ટ ગેલરીમાં છે. આ પર્વ નિમિત્તે તેમનાં ચિત્રો ગુજરાત લલિતકલા દ્વારા પ્રદર્શિત થઈ શકે. જે નવી પેઢી છે તે જુએ ને માણે. ખાનગી સંગ્રહની મોટા કદની અનેક તૈલરંગી કૃતિઓ ક્યાંથી જોવા મળે?



રંકમાતા

કલાના પ્રવાહો તો બદલાતા રહેશે. પ્રત્યેક કલાકાર જુદો છે. ટ્રેડિશનલ કે અદ્યતન કલાકાર જીવંત છે તેનામાં રહેલ કલાતત્ત્વથી. અભિવ્યક્તિની શક્તિથી કૃતિ ચિરંજીવ બને છે. આજે પણ શ્રી રસિકભાઈનાં ચિત્રો જોતાં તેમાં ખોવાઈ જવાય છે એ જ એમની સફળતા. ૧૯૮૨માં રથયાત્રાને દિવસે એમણે વિદાય લીધી. આવા માતબર અને મુલાયમ ચિત્રકાર અને ચિત્રશિક્ષક વારંવાર મળવા દુર્લભ છે.

– નટુ પરીખ



વંદના

પુષ્ટિમાર્ગમાં ચિત્રકળા

પિછવાઈ

હિમાંશુ શાહ

અષ્ટછાપ કવિઓમાના એક સુરદાસે એક વાર લખ્યું હતું : 'વમળો વગરનું પાણી શા કામનું? ડહાપણ વગર મગજ શા કામનું? અને ચિત્રો વગર દીવાલ શા કામની?'

નાથદ્વારામાં ભીંતચિત્રોનું મહત્ત્વ સદીઓથી સચવાઈ રહ્યું છે. દર વર્ષે અન્નકૂટના ઉત્સવનાં થોડાં અઠવાડિયાં પહેલાં શ્રીનાથજીની હવેલીની દીવાલોને સફેદ ચૂનો કરવામાં આવે છે તેમજ તેને રંગોથી ફરીથી રંગવામાં આવે છે. આ ચિત્રો પુષ્ટિસંપ્રદાયના સિદ્ધાંતો, વિચારધારા અને ફિલસૂફીનાં પ્રતીક છે. ભીંતચિત્રોમાં કોઈ પણ ફેરફાર કરવામાં આવતો નથી, કારણ કે કોઈ પણ જાતનો ફેરફાર પુષ્ટિસંપ્રદાયની ભાવનાને નષ્ટ કરે છે. મંદિરના સત્તાવાળાઓ દ્વારા એક મુખ્ય ચિત્રકારને નીમવામાં આવે છે. તે નાથદ્વારામાં રહેતા ૫૦ થી ૧૦૦ ચિત્રકારોને પસંદ કરે છે. નિયમ પ્રમાણે ચિત્રકારોના દરેક કુટુંબમાંથી એક ચિત્રકારને પસંદ કરવામાં આવે છે. ચિત્ર દોરવાનાં સાધનો મંદિર તરફથી પૂરાં પાડવામાં આવે છે અને દશેરાના દિવસે કામ શરૂ થાય છે. આ દિવસે મુખ્ય ચિત્રકાર અન્ય ચિત્રકારોને કમળચોકમાં ભેગા કરે છે અને કામની વહેંચણી કરે છે. અનુભવી ચિત્રકારો ઝીણવટપૂર્વકનાં કામો જેવાં કે માનવીય આકૃતિ - છડીદાર, મહાવત, ચોબદાર વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જ્યારે ઓછા અનુભવી



અન્નકૂટ (આશરે ઈ.સ. ૧૮૯૦)

ચિત્રકારોને અન્ય આકર્ષક આકૃતિઓ રંગવા માટે અપાય છે. તમામ ચિત્રકારો એક જ દિવસે સૂરજપાલની દીવાલના ચિત્રો રંગી નાખે છે. અનારચોકની બહાર બંને બાજુ બે આદમ કદની સખીઓ બનાવવાની પરંપરા છે, જે અત્યંત બારીક કાર્ય છે. એક સખી આરતી માટે અને બીજી સખી મંગલકલશ માટે ચિત્રિત કરવામાં આવે છે.

હાથીપોલ, સુરજપોલ, કમલચોક, નગારખાના વગેરે જગાએ



દાણલીલા (૧૯મી સદી)



રાસલીલા (૧૯મી સદી)

બનાવેલાં ચિત્રો નાથદ્વારાના ચિત્રકારોની કલાસાધનાનું સ્પષ્ટ પ્રમાણ છે, જેમાં ખાસ કરીને મોતીમહલના પ્રવેશ દ્વાર પર તિલકાયત શ્રી ગોવિંદલાલાજીના યજ્ઞોપવિત સંસ્કાર સમયે બનાવેલું હાથીચિત્ર ચિત્રકળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

હવામહેલમાં બનાવેલાં ભીંતચિત્રો નમૂનેદાર છે. અહીં ૦ ચિત્રો બનાવેલાં છે. ચિત્રકારોએ દૈવી ભાવોને રૂપરંગ ...પી ચિત્રરૂપે મૂર્તિમંત કર્યા છે, પુષ્ટિસંપ્રદાયની પ્રેરણાથી ઉદ્‌ભવ પામેલી ચિત્રકળા કાવ્ય, ભક્તિ અને સાહિત્યના એક અંગરૂપ બની છે.

નાથદ્વારાના ચિત્રકારો શરૂઆતમાં પોતે રંગ તૈયાર કરતા હતા. તે રંગ માટી, પથ્થર, ઝાડની છાલ, મૂળ અથવા ફૂલની પાંદડીઓમાંથી બનાવવામાં આવતો હતો. આંબાનાં પાન, બાવળનાં મૂળ, પીળી માટી અને દેશી રંગો જેવા કે ગેરુ,સિન્દૂર વગેરેનો ઉપયોગ કરતા હતા. આજકાલ વિદેશી રંગ અને તેલનો ઉપયોગ થાય છે.

નાથદ્વારાની ચિત્રકળા પર મેવાડ શૈલીની વિશિષ્ટ છાપ છે. નાથદ્વારાની ચિત્રકળાથી પ્રભાવિત મેવાડના મહારાણા ચિત્રકારોને પોતાના મહેલમાં બોલાવી ચિત્રો બનાવડાવતા. આજે પણ ભારતનાં વિભિન્ન મંદિરોમાં ચિત્રકળા માટે નાથદ્વારામાંથી ચિત્રકારોને બોલાવવામાં આવે છે.

મંદિરની દીવાલોને પોતાની ચિત્રકળાથી ભરી દેનાર આ ચિત્રકારોને પોતાની સેવા માટે રોકડ રકમ આપવામાં આવતી નથી, પણ તેના બદલે 'સીધુ' એટલે કે ચોખા, પ્રસાદ, અનાજ વગેરે આપવામાં આવે છે. આ ઉપરાંત મંદિરની અંદરના ભાગમાં-ઘોલીપટિયામાં સમગ્ર વર્ષ દરમિયાન પોતાનાં ચિત્રોને વેચવા માટે પરવાનગી આપવામાં આવે છે.

પિછવાઈ : પિછવાઈ એટલે કે જે શ્રીજીના સ્વરૂપ પાછળ લટકાવવામાં આવે છે તે. પિછવાઈ પુષ્ટિમાર્ગનાં મંદિરોમાં અનોખું આકર્ષણ છે. સામાન્ય રીતે મંદિરમાં પિછવાઈનો ઉપયોગ મંદિરના ગર્ભગૃહની સુંદરતા વધારવા માટે હોય છે. મંદિરમાં જે સમયસમયનાં દર્શન કરાવવામાં આવે છે, તેને અનુરૂપ તથા ખાસ પર્વ અને ઉત્સવોના પ્રસંગોએ વિશેષ જાતની પિછવાઈ પધરાવવામાં આવે છે. તે જોઈને સામાન્ય જ્ઞાન ધરાવતો ભક્ત કયાં દર્શન થાય છે અને તે કયા પર્વ કે ઉત્સવ સાથે સંબંધિત છે તેમજ તે કઈ ઋતુનું દર્શાવે છે તે જાણી શકે. પિછવાઈ રાખવા પાછળનો આ મુખ્ય ઉદ્દેશ છે.

રંગકામ, છાપકામ, વણાટકામ, ભરતકલા, એમ્બ્રોયડરી, કિનખાબ તેમજ તેમાં નાનાં આભલાં ચોંટાડવા, સોયથી ઝીણું કામ કરવું વગેરે દ્વારા પિછવાઈ બનાવવામાં આવે છે.

શ્રીનાથજી મંદિરમાં પિછવાઈ ૩ મીટર પહોળાઈ અને ૧.૮ મીટર ઊંચાઈવાળી હોય છે.

શ્રીજીના સ્વરૂપની પાછળનો ભાગ કોરો રાખવામાં આવે છે. કેટલીક વાર પિછવાઈની મધ્યમાં વૃક્ષને દર્શાવવામાં આવે છે, જેથી એમ લાગે કે પિછવાઈ લટકાવવામાં આવી છે અને શ્રીજી તેની નીચે ઊભા છે.

નવનીતપ્રિયજીની હવેલી કે જેમાં સ્વરૂપ ઘણું નાનું છે અને દૂર અંતરથી સ્પષ્ટ દેખાતું નથી ત્યાં પિછવાઈમાં દોરેલા સ્વરૂપનું મોટું ચિત્ર પાછળ મધ્યભાગમાં લટકાવવામાં આવે છે, જેથી ભક્તો સ્પષ્ટ રીતે દર્શન કરી શકે. તેમાં શૃંગારને વિસ્તૃતરૂપે દર્શાવવામાં આવે છે. અન્યથા ભક્તો સ્પષ્ટ રીતે દર્શન કરી શકતાં નથી.

પિછવાઈ પરંપરાગત ચિત્રકળાના જગતમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. આ પિછવાઈ રંગીન અથવા છાપેલી સુતરાઉ ચાદરની અથવા તો જરી-ભરતકામ માટે સાટીન અથવા મખમલની હોય છે. પિછવાઈઓ દેશી બ્રશ અને દેશી રંગો દ્વારા બનાવવામાં આવે છે. દરેકમાં પોતપોતાની અનોખી કલાકૃતિ હોય છે. સામાન્ય રીતે તે શ્રીજીના સ્વરૂપની પાછળ દીવાલ પર લટકાવેલી હોય છે પણ કોઈ વાર ખાસ વિશેષ પર્વ પર મંદિરની અંદર કે છત તેમજ દીવાલને ઢાંકવા માટે પડદા તરીકે તેનો ઉપયોગ થાય છે. તે ચંદરવો કહેવાય છે. ચંદરવો દેખાવમાં સુંદર, ચિત્રોથી ભરપૂર તેમજ તેમાં વેલબુટ્ટા હોય છે.

પિછવાઈમાં શ્રીનાથજીના ઉત્સવો સંબંધી કે ભાગવતમાં વર્ણવેલી કૃષ્ણલીલા સંબંધી ચિત્રો ખૂબ સુંદર રીતે બનાવવામાં આવે છે, જેવાં કે અન્નકૂટ ઉત્સવ, ગોપાષ્ટમી, જન્માષ્ટમી, રાસલીલા, શિખરકન્દરા, દાણલીલા, ચીરહરણ વગેરે. તેમાં શ્રીનાથજીના વિવિધ શૃંગારો ઉપર આધારિત સ્વરૂપ મુખ્ય છે. નાથદ્વારામાં આ પિછવાઈઓ શ્રીનાથજી તથા નવનીત પ્રિયજીનાં વિવિધ દર્શનો, પર્વો અને ઉત્સવો પર પધરાવવામાં આવે છે.

નાથદ્વારામાં નવી પિછવાઈ તિલકાયતશ્રીની પરવાનગી સાથે જ દર્શાવવામાં આવે છે. ખાસ કરીને તિલકાયત તરીકે વરણી થયા બાદ પ્રથમ જન્મદિવસે નવી જવાબદારીના અનુસંધાનમાં પિછવાઈ બનાવવામાં આવે છે. પરંપરાથી આ ચાલતું આવે છે. આ ઉપરાંત પિછવાઈ ગોસ્વામી તેમજ ભક્તો તરફથી ભેટ રૂપે સ્વીકારવામાં આવે છે. આ ભેટ સ્વીકાર્યા બાદ તિલકાયતની અનુમતિ પછી જ શ્રીજીને પધરાવવામાં આવે છે. અહીં જૂની પિછવાઈઓનો નાશ કરવામાં આવતો નથી, પરંતુ ભક્તોને ભેટ સ્વરૂપે પરત કરવામાં આવે છે. જુદી જુદી પિછવાઈઓ સમય સમયના તિલકાયતની અંગત અભિરુચિ દર્શાવે છે.

શ્રીનાથજીમાં પિછવાઈ તૈયાર કરાવવા માટે મંદિરના સત્તાવાળા તરફથી આપવામાં આવતું આમંત્રણ તેની કલાકાર તરીકેની પ્રતિષ્ઠામાં વધારો કરે છે. પિછવાઈ સામાન્ય રીતે કલાકારોના સમૂહ દ્વારા તૈયાર થતી હોય છે. તેની પર મુખ્ય ચિત્રકાર દેખરેખ રાખે છે. નાથદ્વારાના ચિત્રકારો ઝીણવટપૂર્વકનું કામ કરવામાં નિષ્ણાત છે. કૅનવાસ પર તૈયાર કરવામાં આવતી પિછવાઈ તેમની કુશળતા દર્શાવે છે.

સાત પેઢીથી નાથદ્વારામાં પિછવાઈ બનાવતા કન્હૈયાલાલ શર્મા અને તેમના પુત્ર પીયૂષ શર્માએ બસો વર્ષ જૂની એક પિછવાઈ અમને બતાવી. તાજેતરમાં તૈયાર કરી હોય તેવી સોનેરી રંગોથી ભરપૂર શ્રીજીનાં તમામ સ્વરૂપો સહિતની આ પિછવાઈ મનમોહક હતી.

વૈષ્ણવ હવેલીમાં પિછવાઈનો ઉપયોગ ક્યારથી શરૂ થયો તેનો ઈતિહાસ ઉપલબ્ધ નથી. પિછવાઈ અન્ય ધર્મનાં મંદિરોમાં જોવા મળતી નથી. અષ્ટછાપ કવિઓની કવિતામાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. ગુંસાઈજીના સમયમાં સોળમી સદીમાં પિછવાઈની શરૂઆત થઈ. કાંકરોલીના ગોસ્વામી સ્વ. વ્રજભૂષણલાલજીના મત અનુસાર પુષ્ટિમાર્ગમાં આનો ઉપયોગ મોગલોની અસર નીચે થયો. મોગલોના રાજાશાહી તંબુઓમાં પડદા, ચંદરવા વગેરે લગાવવામાં આવતા હતા. ગુંસાઈજી અકબરના દરબાર સાથે નજીકના સંપર્કમાં હતા. શક્ય છે કે આ આકર્ષક વિચાર તેમણે મોગલ સંસ્કૃતિમાંથી મંદિરના ઉપયોગ માટે લીધો હોય.

ચિત્રણ પામેલી પિછવાઈ ક્યારે પધરાવવામાં આવી તેનો પણ કોઈ ઉલ્લેખ નથી. પરંતુ પ્રથમ પિછવાઈ ઈ.સ. ૧૭૩૯માં તિલકાયત શ્રી ગોવર્ધનેશજીએ હાંડીઉત્સવ સમયે શ્રીજીને પધરાવેલી. આ પિછવાઈ કૃષ્ણ અને બલરામ ગાયોને ચરાવવા માટે લઈ જાય છે તેવા ભાવસહિતની હતી. ત્યાર બાદ તે વારંવાર ઉપયોગમાં લેવામાં આવી અને પછી પિછવાઈ પુષ્ટિમાર્ગનું પ્રધાન અંગ બની ગઈ.

ઈ.સ. ૧૭૭૯ની એક હસ્તપ્રત દર્શાવે છે કે કેટલીક પિછવાઈ મંદિરમાં અર્પણ કરવામાં આવી તેને 'સોનેરી રંગમાં વ્રજવાસીઓની શ્યામ પિછવાઈ' તરીકે ઉલ્લેખવામાં આવી છે. તેમાં દર્શાવેલ છે કે વર્ષમાં પચીસ પ્રસંગોએ પિછવાઈ લગાવવામાં આવતી. આજે વર્ષમાં ૫૯ દિવસોએ પિછવાઈ લગાવવામાં આવે છે. તે દિવસોમાં મોટા ભાગે એક જ પિછવાઈ વારંવાર ઉપયોગમાં લેવાતી. એક રેકોર્ડ પ્રમાણે માત્ર ત્રણ જ તિલકાયતો ગોવર્ધનેશજી, દામોદરજી અને ગોવર્ધનલાલજીએ પોતાના જન્મદિવસે પિછવાઈઓ લગાવેલી.

હાલમાં જે પિછવાઈઓ શ્રીનાથજીના મંદિરમાં છે તે લગભગ ઓગણીસમી સદીના મધ્યભાગથી વીસમી સદી સુધીની છે. પિછવાઈઓ ભાગ્યે જ બદલવામાં આવે છે. આ પિછવાઈઓની કિંમત રૂા. ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની છે. હાલમાં પિછવાઈ રૂા. ૨૦,૦૦૦ સુધીની બને છે.

શ્રીકૃષ્ણની અનેક લીલાઓ દર્શાવતી ઘણી પ્રાચીન અને અતિ કીમતી એવી લગભગ નેવું જેટલી પિછવાઈઓનો સંગ્રહ અમદાવાદમાં કેલિકો મ્યૂઝીઅમ ઑવ્ ટેક્ષ્ટાઈલ્સ, સારાભાઈ ફાઉન્ડેસન, રીટ્રિટ, શાહીબાગ ખાતે રાખવામાં આવેલ છે, જે જોવાલાયક છે. - ('નાથદ્વારાના શ્રીનાથજી'માંથી)

ઈતિહાસધારા

ધર્મેન્દ્ર મ. માસ્તર

ઝાંસીની રાણીનો તોપચી ગુલામ ગૌસ ખાં

ઈ.સ. ૧૮૫૭માં થયેલ ભારતીય પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ તથા તેની અગ્રગણ્ય સેનાની ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અવિસ્મરણીય છે. પોતાની રાષ્ટ્રભક્તિ, સ્વાભિમાન, વીરતા અને કુરબાનીથી એનું નામ દેશભક્તોની



યાદીમાં સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે અને રહેશે. પરંતુ એના વફાદાર ને સન્નિષ્ઠ સાથીઓની કુરબાનીથી આપણે મહદંશે અનભિજ્ઞ છીએ. એવા સાથીઓમાં ગુલામ ગૌસ ખાં નામના રાણીના તોપચીનું નામ મુખ્ય છે. રાણી લક્ષ્મીબાઈ ધર્મે હિંદુ હોવા છતાં એનો વફાદાર તોપચી મુસલમાન હોવાની હકીકત તત્કાલીન હિંદુ-મુસ્લિમ એકતાનો ભાવ અને તેનું સદ્ભાવજન્ય વાતાવરણ સૂચવી જાય છે. એમાં ય એ તોપચી ગુલામ ગૌસ ખાંની નિષ્ઠા શંકાતીત હતી.

ગંગાધર રાવના મૃત્યુ પછી પોતાની ખાલસાનીતિથી એક પછી એક રાજ્યો હડપ કરી જવાની વૃત્તિના પરિણામે જ્યારે ઝાંસી રાજ્યને અંગ્રેજો દ્વારા ખાલસા કરવામાં આવ્યું ત્યારે ઝાંસીમાં અંગ્રેજોના વિરોધમાં ભારે આક્રોશની ચિનગારીઓ ફૂટી હતી. ઝાંસીના મંગલ પાંડેની ભારતભક્તિના પરાક્રમો જેવી બેરકપુર લશ્કરી છાવણીમાં સ્વાતંત્ર્ય સંગ્રામની જ્વાળા ભભૂકી ઊઠી કે તરત જ ઝાંસીમાં રાણી લક્ષ્મીબાઈની આગેવાની હેઠળ ક્રાંતિનું રણશિંગું ફૂંકાયું. રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજોની વિરુદ્ધ ભયંકર ઘમસાણ યુદ્ધ ખેડીને ૫ જૂન ૧૮૫૭ના રોજ પોતાનો કબજો ઝાંસી પર જમાવ્યો. એમાં 'કડક વીજળી તોપ'નો હવાલો સંભાળનાર રાણીના તોપચી ગુલામ ગૌસ ખાંની કામગીરી અત્યંત વીરતાભરી ને મહત્ત્વની હતી. ઘણી લાંબી પહોળી અને ચાલતી વખતે હાહાકાર મચાવનાર એ વિક્રમી તોપ આજે પણ ઝાંસીના કિલ્લામાં મોજૂદ છે.

જ્યારે હ્યુ રોજે તા. ૨૩ માર્ચ ૧૮૫૮ના રોજ ઝાંસીના કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો ત્યારે તોપચી ગુલામ ગૌસ ખાંએ ભારે શૂરાતન દેખાડ્યું હતું અને છેવટે તેણે કુરબાની આપી હતી. એ વીર બલિદાન આપનાર તોપચીની સમાધિ આજેય ઝાંસીના કિલ્લામાં જોવા મળે છે. એની વીર કુરબાની જોઈને આપણું મસ્તક ઝૂકીને વંદી રહે છે. જ્યાં સુધી રાણી લક્ષ્મીબાઈનું નામ ભારતના શહીદોની યાદીમાં સુવર્ણાક્ષરે લખાયેલું રહેશે ત્યાં સુધી તેના તોપચી ગુલામ ગૌસ ખાં પણ અમર રહેવા સર્જાયેલા છે. હિંદુ-મુસ્લિમ એકતાના ઉપાસક ને ભારતીય સ્વતંત્રતા ખાતર શહીદી અપનાવનાર વીર સ્વાતંત્ર્ય સેનાની તોપચી ગુલામ ગૌસ ખાંનું નામ ભારતીય સ્વાતંત્ર્યના ઈતિહાસમાં ગર્વ સાથે લેવાય છે અને લેવાશે, એમાં કોઈ સંદેહ નથી. □

એક અદ્ભુત નવી ટેક્નોલૉજિ લેસર

પ્રા. સુરેશ ર. શાહ

વીસમી સદીનાં ઉત્તરાર્ધમાં વિકસાવાયેલી એક અત્યંત અદ્ભુત અને ઉત્તેજનાત્મક નવી ટેક્નોલૉજિ તે લેસર છે. અમેરિકાના વિજ્ઞાની ડૉ. થિઓડોર મેઈમેને જુલાઈ, ૧૯૬૦માં સૌપ્રથમ લેસરની ભેટ વિશ્વને ચરણે ધરી. વિજ્ઞાનકથાઓમાં દર્શાવાય છે તેવું, પેન્સિલની અણી જેવું પાતળું અને અત્યંત તેજસ્વી તથા પ્રબળ લેસર કિરણ હોય છે.

તેની વિશિષ્ટતા


પ્રકાશનું ઉદ્‌ભવસ્થાન એવી એક મીણબત્તી કે વીજળીના ગોળાને એક બંધ ખોખામાં મૂકી અને ખોખાની દીવાલ ઉપર એક નાનું છિદ્ર પાડીએ ત્યારે છિદ્રની નજીક મૂકેલા પડદા ઉપર છિદ્રમાંથી ગોળાનો પ્રકાશ પડશે. જો પડદો છિદ્રની બહુ નજીક હશે તો પડદા ઉપરનું છિદ્ર નાનું ટપકાં જેવું તથા તેજસ્વી દેખાશે. જો પડદાને છિદ્રથી દૂર લઈ જઈએ તો આપણે જોઈ શકીશું કે આ ટપકું હવે મોટું થતું જાય છે. તેમજ તેની તેજસ્વિતા ઓછી થાય છે. તેનું કારણ પણ સ્પષ્ટ છે. પ્રકાશ કિરણ જેમ દૂર જાય છે. તેમ તે વધુ પહોળું થતું જાય છે, અને તેથી તે જ્યાં પડે છે ત્યાં તેની તેજસ્વિતા ઓછી થાય છે.

આવું જ ટૉર્ચમાં થતું પણ આપણે અનુભવીએ છીએ. ટૉર્ચનો પ્રકાશ દૂર પડે છે ત્યારે તે પહોળો થાય છે અને એથી વધુ વિસ્તારને આવરી લે છે. સાથેસાથે આ પ્રકાશની તીવ્રતા ઓછી થાય છે એટલે ઝાંખો થાય છે. વિજ્ઞાનની ભાષામાં કહીએ તો પડદા ઉપર પડતા પ્રકાશની તીવ્રતા પડદા અને પ્રકાશનું સાધન (ઉદ્‌ભવસ્થાન)નાં અંતરના વર્ગને વ્યસ્તપ્રમાણમાં હોય છે.

લેસર કિરણની ખાસિયત એ છે કે તે ઘણે દૂર - લાખો કિલોમીટર દૂર પહોંચતાં પણ સાંકડું રહે છે અને છૂટું પડતું નથી, અને તેથી તેની તીવ્રતા પણ જળવાઈ રહે છે. એટલે તે ખાસ ઝાંખું પડતું નથી.

લેસર કિરણ વડે માપન

લેસર કિરણનો અનેકવિધ ઉપયોગ થાય છે. તેમાંનો એક અતિ લાંબા અંતરોને ચોકસાઈપૂર્વક માપવા માટે કરાય છે. પૃથ્વીથી ચંદ્રની ધરતીનું અંતર ચોક્સાઈપૂર્વક લેસર કિરણથી માપવામાં આવે છે. ઈ.સ.૧૯૬૯માં અમેરિકાએ અપોલો મિશનમાં અંતરિક્ષયાત્રીને ચંદ્રની ધરતી ઉપર ઉતાર્યો હતો. તે વેળા તેમણે ચંદ્રની ધરતી ઉપર એક ખાસ પરાવર્તક અરીસો ગોઠવ્યો હતો. આ પરાવર્તક અરીસો એક સો જેટલાં નાનાં કાચનાં ચોસલાંઓ - cubes નો બનાવેલો હતો. તેને cube



corners કહે છે. તે એક refro-refractor છે એટલે કે જે દિશામાંથી પ્રકાશ આવે તે જ દિશામાં પ્રકાશનું પરાવર્તન કરાવે છે. પૃથ્વીથી ચંદ્રની ધરતી સુધી લેસર કિરણ પહોંચે તેટલા સમય સુધીમાં પેન્સિલની અણી જેટલું પાતળું લેસર કિરણ બહુ જ નાના પ્રમાણમાં વિસ્તૃતિ પામે છે. પણ આના બદલે જો પ્રકાશનું કિરણ હોય તો તે હજારો કિલોમીટર જેટલું વિસ્તૃત થાય. અને તેથી અત્યંત ઝાંખું પડી જાય. આથી તેનું પરાવર્તન મેળવી જ ના શકાય. પૃથ્વી ઉપરથી લેસરના સ્પંદનો-ઝબકારા ચંદ્ર ઉપર ગોઠવાયેલા અરીસા વડે પરાવર્ત થઈ પૃથ્વી ઉપર પરત આવે છે. આ દરમિયાન ત્યાં જઈને પરત આવતા જે સમય લાગે છે તે માપીને ચંદ્ર-પૃથ્વીનું અંતર ચોક્સાઈપૂર્વક મેળવવામાં આવે છે.

અમેરિકાની ઑસ્ટિન ખાતેની ટેક્સાસ યુનિવર્સિટીની મેકડોનાલ્ડ વેધશાળામાંથી દરરોજ ત્રણ વખત લેસરનું પ્રબળ કિરણ ચંદ્રની સપાટી ઉપર મોકલવામાં આવે છે. આ કિરણ ચંદ્રની ધરતી ઉપર ગોઠવેલા 'ક્યુબ-કૉર્નર' અરીસા સાથે અફળાઈ પરાવર્ત થઈને પાછા આવે છે. કિરણને ત્યાં જઈ પાછા આવતાં લાગતો કુલ સમય માપીને તેના ઉપરથી પૃથ્વી-ચંદ્ર વચ્ચેના અંતરનું ચોક્સાઈપૂર્વક માપન કરાય છે. આવાં બીજાં મથકો ફ્રાન્સ, જર્મની અને ઑસ્ટ્રેલિયા ખાતે પણ કાર્યરત છે. આવી રીતે ચંદ્રનું અંતર માપવામાં ૧૦૦ ફૂટ એટલે કે લગભગ ૩૦ મીટરથી પણ ઓછો ફેર પડે છે.

ધરતીકંપનો અભ્યાસ

પૃથ્વીથી ચોક્કસ અંતરે યોગ્ય કક્ષામાં ઘૂમતા કૃત્રિમ ઉપગ્રહ ઉપર લેસર સ્પંદનો મોકલીને તેમાંથી પરાવર્ત થયેલાં સ્પંદનો મેળવીને તે માટેનો સમય માપવામાં આવે છે. સમાન બાજુઓવાળા - સમભૂજ ત્રિકોણના ત્રણ છેડે આવેલાં ત્રણ સ્થળો ઉપરથી આવા કોઈ એક ઉપગ્રહ ઉપર ત્રણ લેસર કિરણો મોકલી પરાવર્ત થયેલાં આવા કિરણો મેળવાય છે અને તે માટે લાગતો સમય માપીને અંતર મપાય છે. આના ઉપરથી ધરતીના પોપડામાં થતી નાની સરખી હિલચાલ અંગેની જાણકારી મેળવવામાં આવે છે. અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં સમુદ્રકિનારા પાસે આવેલા સાન એન્ડ્રુસ વિસ્તાર ભરચક

વસ્તીવાળો પણ ધરતીકંપનો વિસ્તાર છે. ત્યાં આવી રીતે ત્રિકોણાકારે આવેલાં ત્રણ ભૂમિકેન્દ્રો ઉપરથી લેસર કિરણ વડે માપેલાં અંતરો મેળવીને ધરતીની અંદર થતી અતિસૂક્ષ્મ હિલચાલો અંગે જાણકારી મેળવાય છે, અને તેના ઉપરથી ધરતીકંપનો અભ્યાસ કરાય છે.


લેસરના આગમનથી આશ્ચર્ય અને અચંબો

દુનિયામાં આ પહેલાં કોઈએ પણ ના જોયો હોય તેવો અત્યંત તેજસ્વી આ લેસર પ્રકાશ મેળવવામાં મળેલી સફળતાની જાહેરાત કરવા તેના શોધક વિજ્ઞાની ડૉ. થિઓડોર મેઈમેને એક પત્રકાર પરિષદ બોલાવી હતી. આ સભામાં આ લેસર પ્રકાશ કેવો પ્રચંડ તેજસ્વી છે તે અને તેની અનેકવિધ ક્ષેત્રે ઉપયોગિતા તેમણે જણાવી. તેમણે એમ પણ જણાવ્યું કે હીરા જેવા કઠણ પદાર્થમાં પણ એ છિદ્ર પાડી શકે છે. આ પત્રકાર પરિષદને અદ્વિતીય સફળતા મળી.

અમેરિકાનાં અને વિશ્વભરનાં અગત્યનાં સમાચારપત્રોએ લેસરયંત્રની રચનાને બિરદાવી અને તેની ઉપયોગિતા અંગેના સમાચારોથી લોકો આશ્ચર્ય અને અચંબામાં ગરકાવ થઈ ગયાં. કેટલાંકે આને મૃત્યુ-કિરણો તરીકે ઓળખાવ્યાં. બીજા કોઈકે તેને રોગચિકિત્સા અને રોગોપચાર માટે અત્યંત ઉપયોગી મેડિકલ ટેક્નિક તરીકે બિરદાવ્યાં હતાં. વળી, કોઈકે તેને સંદેશાવ્યવહારમાં અતિઉપયોગી ક્રાંતિકારી શોધ તરીકે ગણાવી.

સમાચારો વાંચીને બીજા દિવસે એક સ્થાનિક અમ્યુઝમેન્ટ પાર્ક-મનોરંજન બાગ-ના માલિકે તરત જ મેઈમેનને ફોન ઉપર પૃચ્છા કરી કે અમારા મનોરંજન પાર્કમાં બતકોનું નિશાન તાંકવા હાલમાં અમો ગ્રાહકોને રાઈફલ આપીએ છીએ. શું તેને બદલે તમે શોધેલાં લેસર કિરણો-મૃત્યુ કિરણો-નો ઉપયોગ કરી શકાય? શું તમો અમને એ માટે નાનકડી લેસર બંદૂક બનાવી આપવા સહાયભૂત થઈ શકો તેમ છો? જેમ આપણે ત્યાં મનોરંજન સ્થળોએ અને મેળાઓમાં રાઈફલ શૂટિંગ માટે હવાભરેલા રંગબેરંગી ફુગ્ગાઓ ગોઠવ્યા હોય છે અને તેને રાઈફલ વડે તાકી ફોડી નાખનારને ઇનામ મળતાં હોય છે તેવી જ રીતે યુરોપ, અમેરિકામાં કેટલાક મનોરંજન પાર્કમાં પાણીમાં તરતાં જીવંત બતકો હોય છે. તેને શૂટિંગ માટે નિશાન બનાવાય છે અને જે બરાબર નિશાન તાકી શકે તેને ઇનામો અપાતાં હોય છે.

સમાચારો વાંચીને બીજી એક કંપનીના પ્રતિનિધિ તેમને મળવા આવ્યા. તેમણે જણાવ્યું કે અમારા સરકસમાં કલાકારો તેમના અંગબળના તેમજ ભાતભાતના ઝુલાના પ્રયોગો કરતાં હોય છે. ત્યારે તેમના પ્રયોગો તરફ પ્રેક્ષકોનું અધિક ધ્યાન કેન્દ્રિત કરવા સરકસવાળાઓ અત્યંત તેજસ્વી પ્રકાશનાં સ્પોટ લાઈટો વાપરતાં હોય છે. તેમનાં સ્થાને શું આવાં અત્યંત તેજસ્વી અને પ્રબળ લેસર કિરણો વાપરી શકાય? આ ઉપરાંત



પ્રિઝમમાંથી પસાર થતો સફેદ પ્રકાશ અને લેસર કિરણ (એક દિશ)

અનેક લોકો પણ પત્રો તેમજ ટેલિફોન દ્વારા આવા અદ્ભુત લેસર કિરણો તેમનાં હુન્નરઉદ્યોગનાં ક્ષેત્રોમાં વાપરી શકાય કે કેમ તેની પૃચ્છાઓ કરતા હતા.

આ અદ્ભુત શોધને જાહેર થયે ત્રણ દાયકા પછી પણ કેટલાંયે લોકો તેના શોધકને બિરદાવે છે, અને તેની અનેકવિધ ઉપયોગિતાથી આશ્ચર્ય વ્યક્ત કરે છે. એવી પણ વ્યક્તિઓ તેમને મળવા આવે છે અને આભાર માનતા જણાવે છે કે તમોએ સર્જેલાં લેસર કિરણોથી અમારાં દાદીમાની આંખોની દ્રષ્ટિ બચાવી લેવાઈ છે.

લેસર નામકરણ

એમ્પ્લિફાયર અને લાઉડસ્પીકર વાપરીને ધ્વનિનું એમ્પ્લિફિકેશન એટલે કે વિવર્ધન કરવાની રીતથી તો આપણે પરિચિત છીએ જ. પ્રકાશનું પણ વિવિધ રીતે વિવર્ધન કરવામાં આવે છે. વિકિરણોના ઉદ્દીપ્ત ઉત્સર્જન દ્વારા પ્રકાશનું વિવર્ધન એટલે કે Light Amplification by Stimulated Emission of Radiationના પ્રથમાક્ષરો પરથી બનેલા આ ટૂંકાક્ષરી લેસર (LASER) શબ્દ ઉપરથી આ વિકિરણોને લેસર તરીકે ઓળખવામાં આવે છે. આવાં જ બીજાં મેસર (MASER) વિકિરણો અંગેની ચર્ચા આપણે આગળ ઉપર કરીશું. લેસરની આ એક આધુનિક ટેક્નિક છે જેની મારફતે અતિ તીવ્ર દ્રશ્યમાન પ્રકાશ, અલ્ટ્રાવાયોલેટ (પારજાંબલી) કે ઇન્ફ્રારેડ (પારરક્ત) પ્રકાશ વિકિરણોનું એકસમાન તરંગલંબાઈનું કિરણપુંજ (બીમ)

(અનુસંધાન પૃ. ૬૪૪)

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૬)

જયન્તીલાલ મહેતા



નેહરુની માર્ક્સિઝમ પ્રેરિત વિદેશનીતિનો સરદાર પટેલ શરૂથી જ વિરોધ કરતા રહ્યા હતા. પરિણામે ગાંધીજીના ડાબા-જમણા બે હાથ જેવા આ દેશનેતાઓ વચ્ચે ખુલ્લા દિલે વિચારોની આપલે કરવા જેવો વ્યવહાર પણ રહ્યો ન હતો. સરદાર પટેલ પોતાની વિચારણા નેહરુને લાંબા પત્રો લખી જણાવતા, જેથી ભાવિ પેઢી આ દસ્તાવેજી મૂલ્યવાળા પત્રવ્યવહારથી સત્ય પામી શકે કે દેશના સ્વાતંત્ર્યની ચિંતા કોને વધારે હતી. આ પત્રવ્યવહારના પાંચ ખંડો અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયા છે તેમાંથી મુનશી 'કુલપતિના પત્રો'માં પોતાના ૧૯ માર્ચ ૧૯૬૭માં સરદારનો નેહરુ પરનો ૭મી માર્ચ ૧૯૫૦નો પત્ર ટાંકી લખે છે : '... જો નેહરુનું ધાર્યું થયું હોત તો નિઝામનું હૈદરાબાદ ભારતમાં બીજું પાકિસ્તાન બની બેઠું હોત... નેહરુએ શેખ અબ્દુલ્લાના પ્રભાવ હેઠળ આવી સરદારના રિયાસતી ખાતામાંથી કાશ્મીરનું દફતર ન લઈ લીધું હોત તો કદાચ કાશ્મીરનો આવડો જટિલ પ્રશ્ન ઊભો જ ન થયો હોત... જો તિબેટના પ્રશ્ન વિશે નેહરુએ સરદારની સલાહ માની હોત તો આજે ભારત અને ચીન વચ્ચે તિબેટનું સ્વાયત્ત રાજ્ય ઊભું હોત. સરદારની સ્વચ્છ દૂરંદેશીને કારણે છેક ૧૯૫૦માં તેઓ આપણી ઈશાન ઉપર ઝઝૂમતા ભયને જોઈ શક્યા હતા. આપણી વિદેશનીતિનાં કેવાં ખતરનાક પરિણામો આવી શકે એ પણ એઓ જાણતા હતા...' અને આજે આઝાદીના ૫૦ વરસો પછી ભારતની ભૂમિ પર પાકિસ્તાન અને ચીન ગેરકાયદેસર કબજો જમાવી બેઠાં છે ત્યારે હજુ પણ કેટલાક રાજકારણીઓની આંખ ઊઘડતી નથી તે જોઈ પ્રત્યેક દેશપ્રેમીનું હૈયું વેદનાથી વલોવાય છે.

પરંતુ મુનશી તો ૭૭ વર્ષની જૈફ ઉંમરે પણ સક્રિય કર્મયોગી હતા.

મુનશી તો બહાદુરના બેટા હતા. એટલે 'કુલપતિના પત્રો' ક્રમાંક ૧૩૦ થી ૧૩૫ એપ્રિલ ૨૭, ૧૯૬૯થી ઑગસ્ટ ૧૭, ૧૯૬૯ સુધી તેમણે 'હું આસ્તિક કેમ બન્યો'ની કથા નીડર નિખાલસતાથી અને અનન્ય શુદ્ધ ભાવથી વર્ણવી છે. આ ૧૫ પૃષ્ઠો હકીકતમાં તો મુનશીની ધાર્મિકતાના ઘોષણાપત્ર જેવાં છે અને તેની પુસ્તિકા છપાવી દુનિયાભરમાં વહેંચવા જેવી છે. સ્થળસંકોચને કારણે આપણે તો થોડીક કંડિકાઓ જ અહીં વાંચીએ : ''... ડિસેમ્બર ૩૦, ૧૯૬૮ના રોજ બપોરે મને ૮૨મું વર્ષ બેઠું. ત્યારથી મને ભૂત અને ભવિષ્યનો સમન્વય કરતી સંધ્યામાં હું ઊભો હોઉં એમ લાગે છે... બુદ્ધિમુક્ત પ્રયાસો વડે ઈશ્વરમાં શ્રદ્ધા ઊભી કરાવતા પ્રયાસો ફળદાયી બનતા નથી એમ મને દેખાઈ આવ્યું... હું ધ્યાનમાં અને જપમાં ઠીકઠીક સમય ગાળતો. એક વાર ચમત્કાર થયો. પતંજલિએ જેને જ્યોતિપુંજ નામ આપ્યું છે એવો લીલારંગનો જયાતપુજ મ જાયા.... " દિવસ પછી હું ધ્યાન પૂરું કરી હંમેશની જેમ ટેબલ પાસે જઈને લખવા બેઠો ત્યારે હું કોઈ બીજી જ દુનિયામાં હોઉં એવો અનુભવ થયો. મારી સામે દાઢીવાળા એક ઋષિ ઊભા હતા. મેં માથું ધુણાવ્યું. મને થયું હું કાંઈ ભ્રમણામાં હતો કે શું? પણ ના, એ ભ્રમણા નહોતી. સામે જ હું ઋષિને ઊભેલા સ્પષ્ટ જોઈ શકતો હતો. એમણે મને આ સંદેશ આપ્યો : 'તપ વિના, એટલે કે દેહ અને મનની શુદ્ધિ વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી'... મારી નજર સામેનું દૃશ્ય દેખાતું બંધ થયું. આ ભારત કેટલો સમય રહ્યો હશે તે હું કહી શકતો નથી. મારો ખંડ કેટલાય વખત સુધી સુવાસથી ભરેલો રહ્યો. આ દૃશ્યે મારા મન ઉપર જબ્બર અસર કરી. એ મારી ઉત્તેજિત કલ્પનાએ ઊભો કરેલ દેખાવ હતો કે પછી આજ્ઞાચક્ર દ્વારા સધાયેલો સંપર્ક હતો? મને રાત્રે ઊંઘ ન આવી. અને સવારે ઊઠ્યો ત્યારે મારું શરીર કંપતું હતું... આ દૃશ્યે કેટલેક અંશે મારું દૃષ્ટિબિંદુ બદલી નાખ્યું. ત્યાર પછી જ્યારે જ્યારે હું કોઈ કટોકટીમાં મુકાયો હોઉં ત્યારે મને એ દર્શન થતું. હું એનો આદેશ સાંભળતો અને વિનમ્રભાવે ઝીલતો...''

આમ, ધ્યાનયોગ દ્વારા કુંડલિની જાગ્રત કરી આજ્ઞાચક્ર સુધી પહોંચી જ્યોતિર્દર્શનના કિસ્સા 'શ્રી રામ-કૃષ્ણ કથામૃત'માં પણ તારીખ-વાર-સમય સહિત વર્ણવાયા છે અને પછીની જાણ પેઢીના આજના રામકૃષ્ણ મિશનના સાધુચરિત સંન્યાસીઓના આવા નક્કર જાત-અનુભવો અમે સ્વમુખે સાંભળ્યા પણ છે. જેમ શ્રી રામકૃષ્ણ પરમહંસની સમાધિ-અવસ્થાઓ એ ભ્રમણા ન હતી તેમ તત્કાલીન બૅરિસ્ટરો, ડૉક્ટરો, પંડિતો, બ્રાહ્મસમાજીઓએ કબૂલ કરી લેખો લખ્યા હતા અને સુવિખ્યાત બંગાળી, અંગ્રેજી સામયિકોમાં છપાણા હતા તેમ મુનશીની આ ધ્યાનસિદ્ધિ એક તેમના જેવા સાચુકલા સન્નિષ્ઠ શ્રદ્ધાવાનને થઈ જ હશે. પછી ભલે કેટલાક અહંવાદી સંશયાત્માઓ પોતાના રચેલા અશ્રદ્ધાનાં કરોળિયા-જાળાંમાં મિથ્યા અટવાયા કરે. તેમને માટે તો ભગવાન વાસુદેવે કહ્યું જ છે કે 'સંશયાત્મા વિનશ્યતિ.'

૧૧મી મે ૧૯૬૯ના પત્રમાં મુનશી લખે છે : "... મેં

પ્રવચનો, લેખો, સાહિત્ય, કલ્પિત કથાઓ, 'ભગવાન પરશુરામ' અને 'કૃષ્ણાવતાર' દ્વારા બને તેટલી વસ્તુને અક્ષરદેહ આપીને એ ઈશ્વરી હુકમનું પાલન કર્યું છે. હવે જીવનનાં બાકી રહેલાં વર્ષોમાં, હું, ભલે નિર્બળ તો નિર્બળ, એવું ઈશ્વરનું સાધન બની રહેવા મારી જાતને તત્પર રાખવાની આશા રાખું છું અને મારી નિશ્ચેતન આંગળીઓમાંથી નિયત સમયે કલમ સરી પડે અને તે અંતિમ પળ સુધી એ નિશ્ચયને જ વળગી રહેવાની ઉમેદ સેવું છું...''

જેમની આસ્તિકતા આટલી ઊંડી અને અવિચળ છે તેવા મુનશીને બિનસાંપ્રદાયિકતાના ઓઠા હેઠળ નઘરોળ નાસ્તિકતા ફેલાવતા માણસો ક્યાંથી ગમે? એટલે તા.૬-૯-૧૯૬૪ના કુલપતિના પત્રનું શીર્ષક છે : 'ભારતીય બિનસાંપ્રદાયિકતા અને કોમી યુયુત્સા.' તેમાં મુનશી લખે છે : 'બિનસાંપ્રદાયિક એટલે ઈશ્વર વિનાનું નહિ, પરંતુ જેમાં બધા નાગરિકોને પોતાની પસંદગીના ધર્મનું પાલન કરવાની છૂટ અપાતું હોય તેવું... હિંદુ ધર્મને અનુસરતી બહુમતિવાળી સંસદે હિંદુ કાયદાઓને બિનસાંપ્રદાયિક રૂપ આપી દીધું છે, પણ મુસ્લિમ 'શરિયત'ને સંસદે સ્પર્શ પણ કર્યો નથી. જો કે મિસર અને પાકિસ્તાનમાં શરિયતના ધારામાં ફેરફાર થયા છે... છતાં લખનૌ ખાતેના મુસ્લિમ અધિવેશનમાં કેટલાક પીઢ કોન્ગ્રેસીઓએ એવાં પ્રવચનો કર્યાં છે કે આપણા દેશમાં મુસ્લિમો સર્વ દિશાઓમાંથી આક્રમકતાનો ભોગ બને છે... આ મુસ્લિમ યુયુત્સા કોની સામે? સરકાર સામે કે હિંદુ સમાજ સામે? શું એવું સૂચવાઈ રહ્યું છે કે ભારતમાં રાજ્ય બિનસાંપ્રદાયિક મટી મુસ્લિમ તરફી અથવા હિંદુ-વિરોધી સ્વરૂપ લે?... આ પ્રકારનાં આંદોલનો દેશને ક્યાં દોરી જશે?...'' અને આવા આંદોલનના પરિપાકરૂપે દિલ્હીના શાહી ઇમામે બાબરી બચાવવા અમે પાકિસ્તાની લશ્કર બોલાવશું એવી જાહેરસભામાં ધમકી આપી ત્યારે વી.પી. સિંહ, મુલાયમસિંહ યાદવ વગેરેએ મુસ્લિમ મતો મેળવવા શાહી ઇમામને ફરમાન કાઢવા વિનંતિ કરી હતી ! અને પરિણામ શું આવ્યું? મુનશીની ભવિષ્યવાણી કાળવાણીમાં ફેરવાઈ ગઈ!

૧૧મી મે ૧૯૬૯ના પત્રમાં કુલપતિ મુનશીએ નિર્ધાર જાહેર કરેલ કે : '...હવે જીવનનાં બાકી રહેલાં વર્ષોમાં હું ભલે નિર્બળ તો નિર્બળ એવું ઈશ્વરનું સાધન બની રહેવા મારી જાતને તત્પર રાખવાની આશા રાખું છું. અને મારી નિશ્ચેતન આંગળીઓથી નિયત સમયે કલમ સરી પડે તે અંતિમ પળ સુધી એ નિશ્ચયને વળગી રહેવાની ઉમેદ સેવું છું...' આ શબ્દો ફરી વાંચતા આપણને અંદેશો જાગે છે કે મુનશીને અગમનાં એંધાણનું ઓસાણ આવી ગયું હતું. છતાં તેની સાચી જીવનસંગિની અને પ્રાણાધાર જેવી કલમને તેમણે ક્યારેય તજી નહિ. અવસાનના ૧૨ દિવસ અગાઉ પણ મુનશી લખતા જ રહ્યા! બીમાર શરીરે ધ્રૂજતા હાથે અને આવી રહેલા પરમ સખા મૃત્યુને જિંદગીના દરવાજે થોડીક વાર ખમી ખાવા વિનવતા રહ્યા; કારણ તેમને તો પોતાના સહુથી પ્રિયાતિપ્રિય પાત્ર ભગવાન શ્રીકૃષ્ણની અવતારકથાનાં પંદરવીસ પ્રકરણો હજુ લખવાનાં બાકી હતાં. પરંતુ વિધિનાં વિધાન ટાળ્યાં કોઈથી એ ક્યાં ટળ્યાં છે?

આમ તો ઋષિમુનિઓનાં મૂળ આર્યાવર્તની પવિત્ર ભૂમિ ઉત્તરપ્રદેશમાં વસતા હતા ત્યારથી જ નટવર નાગરે એમના દિલોદિમાગનો પૂરો કબજો લઈ લીધો હતો. એટલે ૧૯૫૯-૬૦માં જ તેમણે પોતાના સાહિત્યસર્જનનું મહાભારત જેવું ભગીરથ કાર્ય - 'કૃષ્ણાવતાર'ની નવલકથામાળા લખવાનું આરંભી દીધેલું. ડિસેમ્બર ૧૯૬૩માં તેનો પ્રથમ ખંડ નામે 'મોહક વાંસળી' પ્રસિદ્ધ થયો ત્યારે ઉપોદ્‌ઘાતમાં લખેલું : '... ભગવદ્‌ગીતાના પ્રવકતા જેમને ભાગવત 'ભગવાન' સ્વયં કહે છે, એવા શ્રીકૃષ્ણ ભગવાનનું નામ કોણે નથી સાંભળ્યું?... બાળપણનાં સ્મરણો જયારથી સચવાયેલાં છે ત્યારથી શ્રીકૃષ્ણ મારી કલ્પનાસૃષ્ટિમાં મઢાઈ ગયા છે. નાનો હતો ત્યારે તેમનાં પરાક્રમો સાંભળી દિંગ બની જતો. પછી તેમના વિષેનાં કાવ્યો ને કથાઓ વાંચી, એમને ઉદ્દેશીને લખાયેલાં પદો ગાઈ, એમનો સત્કાર કર્યો. અનેક મંદિરોમાં એમની પૂજા કરી. પ્રત્યેક જન્માષ્ટમીએ ઘરઆંગણે એમને અર્ઘ્ય આપ્યા. દિવસો વીત્યા, વર્ષો વીત્યાં, એમનો સંદેશ મારા જીવનની પ્રબળ શક્તિ બની ગયો છે. એમના આકર્ષક વ્યક્તિત્વની ઝાંખી મૂળ મહાભારતમાં મળે છે. પણ દુર્ભાગ્યે તેના પર ત્રણ હજાર વર્ષ સુધી દંતકથાઓ, ચમત્કારો અને ભક્તિભાવે પ્રેરેલાં સ્તોત્રોના સ્તર ચઢતા ગયા છે. શ્રીકૃષ્ણ શાણા અને સુર હતા, સ્નેહાળ અને સ્નેહભાજન હતા. એમની જીવનચર્યા અદ્દભુત હતી. છતાં ક્ષણેક્ષણે જીવનના ઉલ્લાસથી તરબોળ હતા. એમનામાં પૂર્ણ માનવની પ્રફુલ્લતા હતી. શ્રીકૃષ્ણના વ્યક્તિત્વનો પ્રભાવ દૈવી હતો... મને એમના જીવન અને પરાક્રમોની કથા નવેસરથી રચવાની વારંવાર ઈચ્છા રહ્યા કરતી હતી. આ કાર્ય અશક્ય હતું. છતાંય ભારતના અસંખ્ય સાહિત્યકારોની માફક, હું પણ મારી પાસે જે કાંઈ કલ્પના તથા રચનાત્મક સર્જનશક્તિ છે એ વડે નાનીશી અંજલિ આપ્યા વિના રહી શક્યો નહીં... શ્રીકૃષ્ણ ભગવાનનાં જીવન અને પરાક્રમોને આલેખતી વેળા ઘણા પુરોગામીઓની માફક, એમના વ્યક્તિત્વ, આચરણ અને દૃષ્ટિબિંદુને સુસંગત બનાવવા માટે મેં કેટલીક ઘટનાઓ ઉપજાવી કાઢી છે. મહાભારતમાં ઉલ્લેખાયેલાં કેટલાંક નામોને મૂર્તિમંત કરવાનો પ્રયત્ન પણ મેં કર્યો છે. લોકહૃદયમાં વસી ગયેલાં કેટલાંક પાત્રો સાથે મેં અક્ષમ્ય છૂટો લીધી છે ખરી. પણ હું આશા રાખું છું કે ભક્તજનો મને તે બદલ ક્ષમા કરશે...'

આ ઉપોદ્ઘાતમાં પ્રકટતી નરવી નિખાલતા તો મુનશીની તાસીર માટે લાક્ષણિક ગણાય. પરંતુ તેમાંથી ભક્તિભાવ-નત વિનમ્રતા પ્રકટે છે તે અલાક્ષણિક છે, અને છતાં પ્રામાણિક છે કારણ તેના મૂળમાં શ્રીકૃષ્ણ નામે ભારતીય ઇતિહાસનું એક અપૂર્વ અને અનન્ય પૂર્ણ પુરુષોત્તમનું પાત્ર છે. શ્રીકૃષ્ણ વિષે વાંચતા, વિચારતા કે બોલતા કે લખતા કોણ એવો હતભાગી હશે જે તેની મોહિનીથી અભિભૂત ન થયો હોય? તો મુનશી તો આજીવન સનાતન ધર્મના અખંડ આસ્તિક અને ભારતીય સંસ્કૃતિના સન્નિષ્ઠ પૂજક હતા એટલે તેઓ પણ શ્રીકૃષ્ણકથા કરતા કરતા સર્વભાવે કૃષ્ણમય થઈ વિગલિત પ્રેમમૂર્તિ રાધા જેવા બની જાય તો તેમાં નવાઈ શી? અને આપણે તો 'કૃષ્ણાવતાર'ના સાડાસાત ખંડો (૧થી૭ પૂરા અને આઠમો અધૂરો)ના ૨૧૫૨ પૃષ્ઠોની મુનશી રચિત 'કૃષ્ણસમાહ' પૂરી કરતાં 'ધન્ય મુનશી! ધન્ય કૃષ્ણ કનૈયાના નામધારી કનૈયાલાલ માણેકલાલ મુનશી' એમ બોલાઈ જવાય છે.

'કૃષ્ણાવતાર'નો પ્રથમ ખંડ શ્રીકૃષ્ણના પ્રાકટ્યથી આરંભી કંસવધ સુધીના વ્રજના કૃષ્ણની ૧૪ વરસની જીવનકથા ચીતરે છે. અને તેમાં શ્રીકૃષ્ણની બાળલીલા અને કિશોરકથા જ વર્ણવાઈ છે એટલે મુનશીએ એનું શીર્ષક સમુચિત રીતે જ રાખ્યું છે : 'મોહક વાંસળી'. અને મુનશીની ભવ્ય કલ્પનાસમૃદ્ધ અને અતિ સર્ગશીલ સર્જકતામાંથી પણ શ્રીકૃષ્ણની વાંસળીના જેવા મોહક, મધુર સૂરો જ પ્રકટે છે. મુનશીને મતે શ્રીકૃષ્ણ ભગવાન હોવા છતાં માનવી ક્યારેય મટ્યા નથી. અને શ્રીકૃષ્ણ જીવનનાં પ્રથમ ૧૪ વર્ષો દરમિયાન તો હજુ તે અવતારરૂપે પૂર્ણપુરુષોત્તમ રૂપે પ્રકટ પણ થયા ન હતા. એટલે પ્રથમ ખંડનાં કેટલાંક પ્રકરણોનાં શીર્ષક પણ મુનશી આવાં રાખે છે : 'માખણચોર', 'ગાંડુ સાહસ', 'રાધા' વગેરે. ભક્તકવિઓએ જે પ્રસંગોને ઈશ્વરીય ચમત્કારો તરીકે વર્ણવી તેમાં અપાર્થિવતા આણી છે, તે પ્રસંગોને વ્રજભૂમિમાં એક સૌથી વધુ ગાયોના પાલક નંદના તોફાની, બળવાન, બહાદુર પુત્રરૂપી 'ગોવાળિયા' શ્રીકૃષ્ણને જ માનવીયરૂપે મુનશીએ ચીતર્યાં છે અને છતાં તેમાં શ્રીકૃષ્ણનો મહિમા ક્યાંય મોળો પડવા દીધો નથી તેમાં તેમની કલમની તાકાત છે, તાજગી છે. તેની થોડીક પ્રસાદી પામીએ : "...કૃષ્ણે એમ કહીને રાધાને છાતીસરસી ચાંપી. બન્ને થોડી વાર મૂંગાં રહ્યાં. પછી રાધા ઊંચે જોઈને, જાણે પોતાની જાત સાથે વાતો કરતી હોય તેમ કહેવા લાગી : 'ક્હાના, તું તો મથુરા જઈને વિજયી બનશે - હું એ જાણું છું. હું તો હંમેશાં માનતી આવી છું કે તું દેવ છે. પછી તને એ લોકો રાજા બનાવશે. તું ભારે પરાક્રમી નીવડશે - મને એ પણ ખબર છે. લોકો પગે પડી તારી પૂજા કરશે. બધા રાજાઓના તારણહાર સમો તું વિજયી બનીને એમની વચ્ચે ઘૂમતો રહેશે.' 'અને તું બનશે મારી રાણી - જીવનભરની મારી સહચારિણી.'' કૃષ્ણે કહ્યું.

કંઈક વિચાર કરતી હોય એમ રાધા થોડીક ક્ષણપર્યંત નીચી નજરે જમીન તરફ જોઈ રહી. પછી માથું હલાવીને એણે કહ્યું : 'ના, ક્હાન! હું તો ગરીબ ગોવાળની છોકરી! રાજકુમારી હું ક્યાંથી થઈ શકું? તારી પૂજા કરવાને આતુર ને તારે ખાતર પોતાના પ્રાણ દઈ દેવાને તત્પર એવી અનેક રાજકુંવરીઓના ટોળા વચ્ચે હું તો ગામડાની ગમાર જ ગણાઈ જાઉં!'

'ના, ના! તું તો એ સૌની શિરોમણિ થઈને રહેશે.' કૃષ્ણે કહ્યું.

'ના, ના.' રાધાએ ફરી માથું હલાવીને કહ્યું. ને કાંઈક વિચારમાં સરી પડીને એ નદી તરફ જોઈ રહી. 'પછી તું મારો ક્હાન નહિ રહે. પછી તું મુકુટમણિ ધારણ કરશે. હાથમાં શસ્ત્રો ધારણ કરીને રણાંગણમાં જશે... મોટા મોટા વીર યોદ્ધાઓની - કઠોર, ક્રૂર, લોહીતરસ્યા યોદ્ધાઓની - વચ્ચે તું ઘૂમતો રહેશે... ના, ના! એવે વખતે હું તો ફક્ત ભારરૂપ થઈ પડું! તે વેળા હું તારી આનંદમૂર્તિ નહીં બની શકું. તારા જ દેહના એક અંગ સમી નહીં રહી શકું. રાસમાં તારી ભેરુ પણ નહીં બની શકું...'

કૃષ્ણ મૂંગો જ રહ્યો.

'ક્હાન આમ કહીને હું તને દુઃખી કરતી હોઉં તો મને માફ કરજે' રાધાએ કહ્યું. એના અવાજમાં હવે દૃઢતા તથા શાંતિ આવ્યાં હતાં. 'તારી સાથે મારાથી મથુરા નહીં આવી શકાય. મારી આંખોમાં વસી રહેલા ક્હાનના કાનમાં તો જંગલી ફૂલો અને હાથમાં વાંસનો દંડ શોભી રહ્યાં છે. મને એ ગાયો ચરાવવા જતો દેખાય છે. એ વાંસળી વગાડી રહ્યો છે. એ આનંદી છે, એ શૂરવીર છે. એના હોઠ પર સદૈવ સ્મિત રમતું હોય છે. તું રાજવી બનીને આવે તે તો મારાથી જોયું ન જાય... મથુરા તો મારાથી નહીં જ અવાય.' ડૂસકાં ભરતી, જાણે ચક્કર ન આવતાં હોય તેમ, એ કૃષ્ણને વળગી પડી.

'ક્હાન, જરા મારું કહેવું સાંભળ.' જાણે કોઈ સત્યવાણીનો ઉદ્‌ગાર કાઢતી હોય તેમ રાધાએ ચલાવ્યું : 'હું જાણું છું કે હવે તું કદી વૃંદાવન પાછો નહિ આવે. અને કદાચ પાછો આવશે તો પણ પહેલાંનો મારો મનમાન્યો ને મારા જીવનનો આધાર બની ગયેલો એવો એ ક્હાન નહીં રહ્યો હોય! મને અહીં જ રહેવા દે. અહીં રહીને હું મારાં મા-બાપની સેવાચાકરી કરીશ.' ડૂસકું અટકાવીને, જાણે સ્વપ્નમાં હોય તે રીતે બોલતાં તેણે આગળ ચલાવ્યું : 'મારા હૃદયની વ્યથાને દબાવીને, તારાં પગલાંની વાટ જોતી, હું રોજ ને રોજ આપણી પ્રિય યમુના નદીને કાંઠે ફર્યાં કરીશ - હમણાં ફરું છું તે જ રીતે. જ્યાં આપણે ખૂબ આનંદથી સમય વીતાવ્યો હતો તે નિકુંજ આગળથી હું પસાર થઈશ. ત્યાંનાં વૃક્ષો મને તારી વાતો કહી સંભળાવશે. અને તારા શણગારને માટે મને ફૂલો આપશે.'

ફરી થોડી વાર થંભીને એણે આગળ ચલાવ્યું : 'જો હું

કદાચ મથુરાં આવી ચડું તો પણ મને ત્યાં મળશે માત્ર યાદવરાજ કૃષ્ણ - મારો ક્હાન મને નહીં મળે! હું તો તારાં દર્શન કરીશ તેં જેને પ્રિય માન્યાં હતાં તે વૃક્ષોમાં અને વેલીઓમાં. તારો અવાજ હું સાંભળીશ પંખીઓના કલકલ નાદમાં. તું જ્યાંથી ચાલીને ગયો હશે તે માર્ગની રજ મને તારાં ઝડપથી પડ-ઉપડ થતાં પગલાંની યાદ અપાવશે. ને વૃક્ષો વચ્ચેથી વાંસળી જેવો સૂર કાઢીને આવતી પવનની લહરીઓ મને તારો સંદેશ પહોંચાડશે. કદાચ ક્હાન, એ મને જેવો તું અત્યારે છે તેવા તારાં ગીતો ગાઈ સંભળાવશે.'

થોડી વાર બંને મૂંગાં મૂંગાં ઊભાં રહ્યાં. પછી કૃષ્ણે જાણે આંખો ઊંડી ઉતારીને ખૂબ દૂરની વસ્તુનું અવલોકન કરતો હોય તેમ આકાશ તરફ મીટ માંડી. હવે કેવા પ્રકારનું જીવન પોતાના માટે નિર્માણ થયું છે એ એને સમજાયું. ખોંખારો ખાઈને એણે કહ્યું : 'રાધા, તું કહે છે એ સાચું છે. તું મથુરા આવે તો મને બહુ ગમે, ને હું સમજી શકું છું કે અત્યારે હું જેવો છું તેવો તો હવે નહીં જ રહી શકું. અને તું મારા - જીવનની આનંદમૂર્તિ - પણ અત્યારે છે તેવી મનોહર કુસુમકલિકા જેવી નહીં રહી શકે. બાલ રવિના ચુંબનનો આદર્શ સ્વીકારવાને આનંદની સુવાસ સર્વત્ર ફેલાવવા સારુ તારો જન્મ થયો છે.'

થોડીક વાર અટકીને પછી કૃષ્ણે આગળ ચલાવ્યું : 'અને સાંભળ, રાધા તું પણ મથુરા આવીને રહેશે તો પછી વૃંદાવન વૃંદાવન નહીં રહે. તું જ્યાં સુધી અહીં રહેશે ત્યાં સુધી એ દેવમંદિર જેવું બનીને રહેશે. અને તું એ મંદિરમાં આનંદ અને સૌંદર્યની દેવી બનીને પ્રતિષ્ઠા પામશે. તું અહીં છે એ વાતનું સ્મરણ કરતો કરતો હું સદૈવ નવજીવન પ્રાપ્ત કરતો રહીશ. અને સૃષ્ટિના પ્રલયકાળ પર્યંત સર્વ સ્રીઓ અને પુરુષો પણ તારું સ્મરણ કરતાં કરતાં નવજીવન પ્રાપ્ત કરતાં રહેશે.'

કૃષ્ણે રાધાને ફરીથી ઊંચકીને બાહુપાશમાં લીધી અને રાધા, ડૂસકાં ભરતી ભરતી, બાળકની પેઠે એને વળગી રહી. રાધાએ કહ્યું : 'મારા ક્હાન, મારું સર્વસ્વ મેં તને ન્યોછાવર કરી દીધું છે. મારે તારી પાસે હવે ફક્ત એક છેલ્લી માગણી કરવાની છે. તું જાય ત્યારે તારી વાંસળી મને આપીને જ જજે! તું તો રાજકુમાર છે, અને હું છું ગરીબ ગોવાળની પુત્રી! કોઈ મારી સામે આંગળી ચીંધે ને મારે નીચું જોવું પડે, એ મારે નથી જોઈતું.'

'સમજ્યો. ચાલ, આપણે સાંદીપનિ ગુરુ પાસે જઈએ. પવિત્ર અગ્નિની સાક્ષીએ ત્યાં આપણાં લગ્ન થશે.' કૃષ્ણે કહ્યું, 'અને વાંસળી અને તું, એ બંને તો એક જ છો - વાંસળી તારી પાસે જ રહેશે.'

ઉપરોક્ત પંક્તિઓને આપણે શું કહી માણશું? મુનશીએ રચેલ આગવું ગોપિકાગીત? શ્રીમદ્ ભાગવતમાં ઉદ્ધવજી આવીને

(અનુસંધાન પૃ. ૬૧૮)

લઘુકથા

ઘડિયાળ

રમેશ ત્રિવેદી

નવો ફ્લેટ ને નવું વૉલક્લૉક, ને એની સામે બાની છબી. છબીમાંનાં બાને ઘરમાં આવેલું નવું ઘડિયાળ કદાચ ગમ્યું ના હોય તેમ એ એની સામે તાકી રહ્યાં હતાં! નવમાં પાંચ મિનિટ બાકી હતી. મારી નજર ફરી હાથમાંના છાપા પર મંડાઈ, પણ મનમાં તો બાનું જૂનુંપુરાણું ઘડિયાળ ઘૂસી ગયું હતું જાણે -

હા, ફ્લેટમાં આવ્યાં તે પહેલાં અમે એ ઘડિયાળને કામવાળી બાઈને પધરાવી દીધું હતું. બાઈ તો બિચારી ઘડિયાળ મેળવીને બહુ રાજી થઈ ગયેલી. એના ધણીને વહેલી સવારે નોકરીએ જવાનું હોવાથી ઊઠવામાં રાહત થઈ જશે એવો એનો ખ્યાલ હશે. માંડ મહિનોય નહીં થયો હોય ત્યાં મારી પત્નીએ સમાચાર આપ્યા કે - જોયુંને, આ લોકોએ પણ છેવટે કંટાળીને ઘડિયાળને કોઈક અજાણ્યાને ભટકાડી દીધું, ચાર દા'ડામાં જ બંધ પડી ગયેલું, બોલો!'

હું કશું જ બોલેલો નહીં. મનમાં થયેલું : શું કરે ત્યારે એ લોકોય! નહીં નહીં તો એક નવું સારું ઘડિયાળ આવે એટલો ખર્ચ તો આપણે એને રિપેર કરાવવામાં ક્યાં નો'તો કર્યો!?

બાની ગેરહાજરીમાં કાયમ મારી પત્ની ઘડિયાળ કાઢીને નવું વૉલક્લૉક લાવવા કહ્યા કરતી, ને હું એની વાતને ધ્યાનમાં લેતો નહીં, કેમ કે ઘડિયાળ માટે બાની અંગત લાગણી હતી એની મને જાણ હતી. વરસો પહેલાં બાપુજી નોકરીમાંથી રિટાયર્ડ થયેલા ત્યારે સ્ટાફ તરફથી મળેલી એ સ્મૃતિભેટ આમ જુઓ તો સુંદર કોતરણીવાળું એ સીસમનું અસલ ઇટાલિયન ઘડિયાળ પહેલી જ નજરે કોઈ પણને ગમી જાય તેવું હતું, પણ ઘરનાં છોકરાંએ રમકડું સમજીને વારંવાર ચાવી ભરીભરીને એને બગાડી મૂકેલું.

બા હંમેશાં કહેતાં : 'ભૈ, ઘરમાં ઘડિયાળ નો'તું તોય તારા બાપુજી એક દા'ડોય નોકરીમાં લેટ પડતા નઈ, તલવારની ધારે નોકરી કરી.' કોઈ કોઈ વાર નોકરીધંધે જતા મારે મોડું થઈ જતું તો બા ધૂળ કાઢી નાખતાં : 'ઘરમાં ઘડિયાળ સુ કોમ બાળી છે!? વખતનું ભૉન નઈ રાખો તો પસ્તાસો ઓવ...'

રોજ રાતે ગીતાપાઠ કર્યા પછી બા ઊભાં થતાં, હાથમાં ગીતાનો ગુટકો લઈ ઘડિયાળ પાસે જઈને ઊભાં રહેતાં, ને પછી ખાટલા પર બેસતાં. હાથમાં માળા ને નજર ઘડિયાળ પર...

બા મરણપથારીએ સૂતેલાં ત્યારે એમની નજરમાં કદાચ એક જ સવાલ હતો : 'કેટલા વાગ્યા!?'

બાએ દેહ છોડેલો ત્યારેય યોગાનુયોગ નવ જ વાગ્યા હતા!

હા, એ એમનો ગીતાપાઠ પૂરો કર્યાનો, ઘડિયાળ સામે જઈને ઊભા રહેવાનો સમય.

ઘડિયાળમાં નવના ટકોરા પડ્યા. ને હું એકાએક ચમકી ઊઠ્યો. છાપા પરથી ઊંચકાયેલી નજર બાની છબી તરફ દોડી ગઈ. આજે બાની મૃત્યુતિથિ!! □

હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ



[સંસ્થા પરિચય]

અંગ્રેજ અધિકારી એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સે ગુજરાતની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રગતિ સાધવાના હેતુથી કેટલાંક સ્થાનિક જનોની મદદથી ૧૮૪૮માં અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી. સંસ્થાના કામમાં સહાયરૂપ થવા ફાર્બસના આમંત્રણથી કવિ શ્રી દલપતરામ વઢવાણથી અમદાવાદ આવ્યા. દલપતરામના આગમનની સાથે ગુજરાત મધ્યયુગમાંથી નવજાગૃતિકાળમાં પ્રવેશ્યું એવું પ્રકાશ ન. શાહનું નિરીક્ષણ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની મહત્તા સૂચવવા માટે પૂરતું છે. નવજાગૃતિકાળની હાર્દ સમી વિદ્યાકીય પ્રવૃત્તિમાં વિદ્યાસભા સદા અગ્રેસર રહી છે. આ વિદ્યાસભાએ ૨૬ ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ ૧૫૦ વર્ષ પૂરાં કર્યાં. ત્યારે એ વાતથી અજાણ ગુજરાતની પ્રજા મૂંગી રહી, એ શરમની વાત છે. આ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી એટલે જ અત્યારની ગુજરાત વિદ્યાસભા.

'ગુજરાતી ભાષા સાહિત્યનો ઉત્કર્ષ કરવો, ઉપયોગી જ્ઞાનનો પ્રચાર કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી' એ વિદ્યાસભાના ઉદ્દેશો હતા. તેને સિદ્ધ કરવા માટે વિદ્યાસભા આરમ્ભથી જ જ્ઞાનલક્ષી કાર્યો કરતી રહી. આ કાર્યોમાં તેની સાથે સંકળાયેલા વિદ્યાપુરુષોની ઉદાત્ત બુદ્ધિ, પ્રચંડ કાર્યશક્તિ અને સૂક્ષ્મ દૃષ્ટિનો સરસ પરિચય થાય છે. ગુજરાતનું પ્રથમ



કિન્લોક ફાર્બ્સ

વર્તમાનપત્ર 'વર્તમાન'નું પ્રકાશન થતું હોવાથી લોકો તેને 'બુધવારિયું' કહેતાં. અત્યારે પણ જાણીતું માસિક 'બુદ્ધિપ્રકાશ' વિદ્યાસભાએ ૧૮૫૪માં પોતાને હસ્તક લીધું ત્યારથી આજ દિન સુધી નિયમિત બહાર પડતું રહ્યું છે. અમદાવાદમાં અત્યારે પણ રાવબહાદુર રણછોડરાય, છોટારામ કન્યાશાળા નામે ચાલતી કન્યાશાળા એટલે જ વિદ્યાસભાની હરકુંવરબા કન્યાશાળા. તે સમગ્ર ગુજરાતની પ્રથમ કન્યાશાળા છે. ગુજરાતી ભાષામાં સેંકડો ઉત્તમ મૌલિક અને અનુવાદિત પુસ્તકો પ્રસિદ્ધ કરવાની જંગમ પ્રકાશન પ્રવૃત્તિનો આરંભ કરવાનું શ્રેય પણ વિદ્યાસભાને જાય છે. ગુજરાતી કોશ માટે શબ્દસંગ્રહ કરવાનો પ્રથમ પ્રયત્ન પણ વિદ્યાસભાએ જ કર્યો.

આમજનતાની વિદ્યાપીઠ એવી પુસ્તકાલય પ્રવૃત્તિ શરૂ કરવાનું શ્રેય પણ ગુજરાત વિદ્યાસભાને જાય છે. ગુજરાતનું પ્રથમ પુસ્તકાલય ૧૮૨૪માં સુરતમાં શરૂ થયું પણ તે અલ્પજીવી નીવડ્યું. માટે ૧૮૪૯માં વિદ્યાસભા દ્વારા શરૂ કરવામાં આવેલું 'નેટિવ પુસ્તકાલય' ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. અને જનસામાન્ય માટેના સ્વતંત્ર પુસ્તકાલય તરીકે ગુજરાતમાં જો કોઈ સૌથી પહેલું પુસ્તકાલય હોય તો વિદ્યાસભાની 'નેટિવ લાઈબ્રેરી' જ ગણાય.

વિદ્યાસભા સ્થાપવાનો નિર્ણય થયો તેના થોડાક જ દિવસોમાં 'તા. ૫ જાન્યુઆરી, સન ૧૮૪૯ ને રોજ ઠરાવ્યું કે નેટિવ લાઈબ્રેરી એટલે રહેવાસીઓને માટે પુસ્તકખાનું કરવું ને વરસે-દહાડે એક રૂપૈઓ ફી ઠરાવી કે જેણે કરીને વરસેદહાડે લોકોને વાંચવાનું સહેલું પડે.' અત્યારે પુસ્તકાલય સમાજજીવનનો સર્વસામાન્ય ભાગ ગણાય છે, પણ દોઢ સદી પૂર્વે તે એક નવાઈ હતી. આ લાઈબ્રેરી અમદાવાદમાં ભદ્રના કિલ્લામાં એક મેડા પર ઊભી કરવામાં આવી હતી. તેના પહેલા વર્ષે સભાસદોની સંખ્યા ૫૬ની હતી. અને તેનું ખર્ચ આશરે રૂ.૧૫૦ નોંધાયેલું છે. આ નેટિવ લાઈબ્રેરી પાસે શરૂઆતમાં ૪૫૩ પુસ્તકો હતાં, જેમાંનાં ઘણાં ખરાં અંગ્રેજી (૨૫૦) અને ગુજરાતી (૧૨૪) હતાં.

નેટિવ લાઈબ્રેરીનો લાભ લેનારા વાચકોમાં યુરોપિયનો વધુ અને સ્થાનિક લોકો ખૂબ ઓછાં હતાં! વળી, પુસ્તકાલયનું ખર્ચ તેની આવકના પ્રમાણમાં વધુ હતું. આવી કંગાળ પરિસ્થિતિમાં પણ પુસ્તકાલયનો લાભ લેવા લોકો તેની તરફ આકર્ષાય તે માટે ૧૮૫૪માં રૂ. ૫૦૦નાં નવાં પુસ્તકો અને ચોપાનિયાં ખરીદવામાં આવ્યાં. તદુપરાંત રૂ. ૪૦૦ના કિંમતનાં પુસ્તકો રા.સા. ભોગીલાલ સ્મારક ફંડ દ્વારા મળ્યાં હતાં.

આમ છતાં પુસ્તક-વાચન તરફની લોકોની



દલપતરામ

અભિરુચિ વધી નહીં, અને પુસ્તકાલય ચલાવવાનું ખર્ચ વધતું જતું હતું. તેમાં વળી મકાનની મુશ્કેલી ઊભી થઈ. પુસ્તકાલયના મકાનની બાબતમાં એક રસપ્રદ કિસ્સો નોંધાયેલ છે. લાઇબ્રેરીની એક બાજુ કેદખાનાનું જાળિયું પડતું હતું. એક વખત વિદ્યાસભાના ચોકીદારે આ જાળિયામાંથી કેદીને ચીંથરામાં તમાકુ બાંધીને આપી. આ વાત જાહેર થવાથી ચોકીદારને વિદ્યાસભાએ છૂટો કર્યો. કેદખાનાના અમલદારો તથા વિદ્યાસભાને પહેલેથી વૈમનસ્ય હતું. તેમાં આ બહાનું મળ્યું. તેથી અમલદારોએ લાઇબ્રેરીને સરકારી જગ્યામાંથી બીજે ક્યાંક ખસેડી લેવા તાકીદ કરી. વિદ્યાસભા પાસે નવું મકાન બાંધવાની આર્થિક ક્ષમતા ન હતી. તેથી લાઇબ્રેરી બંધ થઈ જાય તેવી કટોકટી ઊભી થઈ.

મકાનની મુશ્કેલીનો ઉપાય શોધી કાઢવા દલપતરામે ૫ સપ્ટેમ્બર, ૧૮૫૫માં અમદાવાદના શહેરીજનોની એક જાહેરસભા ભરી. તેમાં લાઇબ્રેરીના નિભાવ માટે અપીલ કરી. તે પછી સભામાં ટીપ ફેરવવામાં આવતાં જ જુદા જુદા સદ્‌ગૃસ્થો તરફથી રૂ. ૫૩૦ ભેગા થયા. નગરશેઠ હિમાભાઈએ લાઇબ્રેરીનું મકાન બાંધવા રૂ.૩૦૦૦ આપવાનું જાહેર કર્યું. કલેકટર હેડોએ સરકારી જમીન આપી. જાણીતા ઇજનેર કહનદાસે લાઇબ્રેરીનો પ્લાન દોરી આપ્યો. ૧૮૫૫ની ૨૪ ડિસેમ્બરે મુંબઈના ગવર્નર એલ્ફિન્સ્ટનના હસ્તે મકાનનું ખાતમુહૂર્ત થયું.

મકાન તૈયાર થઈ જતાં તેને ખુલ્લું મૂકવા માટે શહેરવાસીઓની જાહેર સભા ૧૪ નવેમ્બર, ૧૮૫૭ના રોજ મળી. તે પ્રસંગે પુસ્તકાલયનું 'નેટિવ લાઇબ્રેરી' એ નામ બદલીને 'હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ' રાખવામાં આવ્યું, જે નામે તે આજે પણ ઓળખાય છે. લાઇબ્રેરીના એક ભાગને સંગ્રહસ્થાન માટે રાખવાનો નિર્ણય થયો હતો. પણ એ યોજના અમલમાં આવી નહીં. લાઇબ્રેરીનો મધ્યસ્થ હૉલ તો ઘણા સમય સુધી જાહેર વ્યાખ્યાનો માટે વપરાતો હતો.

નવું માકન થતાં વિદ્યાસભાએ લાઇબ્રેરીનો વહીવટ એક જુદી સમિતિને સોંપી દીધો. તે વખતે લાઇબ્રેરી પાસે ૩૧૫૮ પુસ્તકો અને ૧૭૫ સભાસદો હતા. ૧૯૦૧ સુધી વિદ્યાસભાનું કાર્યાલય લાઇબ્રેરીની બાજુમાં હોવાથી તે માતૃસંસ્થાની છત્રછાયામાં પોતાની પ્રગતિ સાધી રહી હતી. વિદ્યાસભાનું કાર્યાલય પોતાના અલાયદા મકાનમાં ગયું પછી લાઇબ્રેરીની પ્રગતિ મંદ થઈ ગઈ હતી. ઈ.સ. ૧૯૨૨ થી ૧૯૪૮ સુધી યાહેવાલા નામના એક સદ્‌ગૃહસ્થે લાઇબ્રેરીનો વહીવટ સંભાળ્યો. તે દરમિયાન તેનું કામકાજ સારું ચાલ્યું. પોતાના કાર્યકાળ દરમિયાન યાહેવાલાએ શેઠ શ્રી ચીમનલાલ પાસેથી ૧૯૪૩માં રૂ.૪૦૦૦નું દાન મેળવ્યું ને મકાનનો જીર્ણોદ્ધાર કરાવ્યો. યાહેવાલા પછી ડાહ્યાભાઈ પટેલ મંત્રીપદે આવ્યા. સંસ્થા આર્થિક રીતે પગભર થાય એ હેતુથી તેમણે રૂ.૧૮,૦૦૦ના ખર્ચે જૂના મકાનની પશ્ચિમે અને ઉત્તરે નવું બાંધકામ કર્યું, જેના ભાડાની રકમે સંસ્થાને પગભર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. સંસ્થાનો શતાબ્દી મહોત્સવ નવેમ્બર, ૧૮૫૭માં ઊજવવામાં આવ્યો.

અનેક સ્થિત્યંતરોની વચ્ચે પણ પુસ્તકાયલને ચાલુ રાખવામાં પુસ્તક દ્વારા મળતા જ્ઞાનનું મૂલ્ય સમજનારા પ્રાજ્ઞજનો અને વાચનપ્રેમી પ્રજાજનોએ દાખવેલી નિસબતની નોંધ લેવી ઘટે. આજે પણ આ પુસ્તકાલયનો લાભ લેનાર એક ચાક્કસ વર્ગ છે. અત્યારે આ પુસ્તકાલયની સભ્યસંખ્યા ૭૦૦ જેટલી છે અને તેમાં ૧૧,૫૦૦ પુસ્તકો છે.

ગુજરાતની જૂનામાં જૂની લાઇબ્રેરી હોવાથી હમણાં સુધી અહીંયાં જૂનાં અને મૂલ્યવાન પુસ્તકો હતાં એમ નોંધાયેલું છે. પરંતુ જાણવા મળ્યું કે 'વરસાદી પાણીના લીધે' આ બધાં પુસ્તકોનો નાશ થયો! સમયની બલિહારીને કારણે હોય કે પછી સાંસ્કૃતિક ઉપેક્ષાને કારણે હોય - પણ આજે જૂજ લોકો જ આ લાઇબ્રેરી વિશે જાણે છે. નવાઈની વાત એ છે કે એ ભદ્રકાળીના મંદિર પાસેના ભરચક વિસ્તારમાં આવેલી છે છતાં તેનું મકાન, મકાનની એક દીવાલે મુકાયેલું દલપતરામનું બાવલું, લાઇબ્રેરીના નામનું પાટિયું - બધું જ દુકાનો - મકાનોની ભરમાર વચ્ચે ઢંકાઈ ગયું છે. અખંડ ચાલતા જનપ્રવાહને આ નાનકડો પણ પ્રાચીન દીપસ્તંભ દેખાતો નથી! ૧૪ નવેમ્બર, ૧૮૫૭ના દિવસે આ જ મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે કવીશ્વર દલપતરામે કહ્યું હતુ : 'હવે આ નવી થયેલી પુસ્તકશાળાનું નામ 'હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ' કહેવાશે અને તે નામ સેંકડો વર્ષો સુધી પ્રખ્યાત રહેશે.' એકવીસમી સદીમાં તે વધુ ધ્યાનાકર્ષક બને તેવી કામના કરીએ. - આશિષ જે. વશી

અનુસંધાન] જ્યોતિર્ધર ક.મા. મુનશી [પૃ.૬૧૬થી

ગોપીઓને મનાવે છે ત્યારે રાધા તો સ્વયંસ્ફુરણાથી માની જ ગયેલી હોય એવું મુનશીનું અર્થઘટન સૂચવે છે તેમાં જ સાચી સાર્થકતા છે. કારણ રાધાએ તો કૃષ્ણ સંગ એવું અકલ્પ્ય સાયુજ્ય સાધેલ કે તેને તો કૃષ્ણના મનમાં ઊઠે તે દરેક વિચાર, ઊર્મિ કે તરંગ તત્ક્ષણ જ પ્રસ્ફુરિત થાય. એટલે ઉદ્ધવજી જ્યારે ગોપીઓને કહે છે કે હવે તો કૃષ્ણસ્મરણથી જ કૃષ્ણને પામો, તે તો રાધાની સહેલીઓ માટે જ જાણે હોય તેમ મુનશી સૂચવે છે. કારણ રાધાએ તો વિદાયવેળાએ એકાંતમાં જ કૃષ્ણસ્મરણને પોતાના શ્વાસોચ્છ્‌વાસમાં સમાવી લીધું હતું. અને તેનું ગદ્યકાવ્ય તે મુનશીની ઉપરોક્ત પંક્તિઓ છે. 'ઓધાજી મારા વ્હાલાને વઢીને કહેજો રે...' એ લોકગીતની હૃદયભેદક વાણી તો જાણે લલિતા, વિશાખા આદિ અન્ય ગોપીગણ ઉચ્ચારી કૃષ્ણરથનું ચક્ર ધરી રાખી અટકાવતી હોય નહિ!

શ્રીકૃષ્ણજીવનનાં ચૌદ વર્ષોના વૃંદાવનવાસનું સૌથી ચિરંજીવ અને પુણ્યશાળી જીવનકાવ્ય તો ભગવાન વેદવ્યાસ પછી સેંકડો કવિઓએ લાખ્ખો પંક્તિઓમાં ગાયું છે. છતાં માણસજાતને એનો ક્યારેય ધરવ જ નથી થયો. એટલે કોણ જાણે હજુ પણ સદીઓની સદીઓ સુધી એ ગવાતું જ રહેશે અને પ્રજાઓ મહાપ્રેમનાં પીયૂષ પીધાં જ કરશે. (ક્રમશઃ)

રૉબી

મૂ.લે. આઈઝેક આસિમોવ • અનુ. અશોક હર્ષ

'અઠ્ઠાણુ... નવ્વાણુ... સો!' આઠ વર્ષની ગ્લોરિયાએ આંખો ચોળતાં આજુબાજુ જોયું. તેને પાછળથી પગલાંનો અવાજ કાને પડતાં તે એ તરફ ફરતી બોલી, 'રૉબી, હવે મારો વારો છે સંતાવાનો. પણ મારે હવે સંતાકૂકડી નથી રમવી.'

રૉબીએ જવાબ ન આપ્યો - આપી શકે તેમ નહોતો, કારણ વિજ્ઞાન હજુ યંત્રમાનવોમાં સ્વરયંત્ર પૂરેપૂરું વિકસાવી શક્યું નહોતું.

'રૉબી, ગ્લોરિયા બોલી, 'મને હવે તાર પર સવાર થવા દે, જો નહિ થવા દે તો હું તને એકે વાર્તા નહિ સંભળાવું.'

રૉબીએ વિના કશી શરતે ગ્લોરિયાનું કહેવું સ્વીકારી લઈ તેને ઊંચકીને પોતાના પહોળા લોખંડી ખભા પર બેસાડી દીધી. એના શરીરની અંદર ભારે પ્રતિકારક કોઈલો ગોઠવેલી જોઈને ધાતુની બનેલી એની ચામડીનું ઉષ્ણતામાન સિત્તેર અંશથી કદી ઉપર જતું નહોતું.

'હું જાણતી જ હતી' ગ્લોરિયા બોલી, કે તું વાર્તા સાંભળવા માટે મને તારા પર સવારી કરવા દઈશ જ.' અને ખડખડાટ હસી પડી.

રૉબીએ ગ્લોરિયાને ખભે લઈને દોટ મૂકી. કેટલેક સુધી આગળ વધ્યા બાદ એક ઘાસિયા મેદાનમાં તે એકાએક ઊભો રહી ગયો.

'હું સમજી ગઈ. તને વાર્તા સાંભળવાની ઉતાવળ છે, ખરું ને? લે, તો સાંભળ. જો, એક છોકરી હતી, એનું નામ ઇલિયા. તેને એક સાવકી મા હતી, ભારે ક્રૂર અને...'

'ગ્લોરિયા.'

એકાએક એના નામનો સાદ પડતાં ગ્લોરિયા બોલી; 'મા મને બોલાવે છે, ચાલો ઘેર, રૉબી.'

અને ઘેર પહોંચતાં જ મા આંખો કાઢતી બોલી, 'કેટલા ઘાંટા પાડ્યા? જમવાના વખતનો પણ ખ્યાલ ન આવ્યો?' અને પછી રૉબી તરફ ફરતી બોલી, 'તું તારે જા હવે. અને જો, મારા બોલાવ્યા વિના પાછો અહીં ન આવતો.'

'એને અહીં જ રહેવા દો, મા. મેં અધૂરી મૂકેલી વાર્તા એને પૂરી સંભળાવવી છે. એ છાનોમાનો બેસી રહેશે.'

રૉબીએ પણ સંમત થઈ માથું હલાવતાં ગ્લોરિયાની મા શ્રીમતી વેસ્ટન બોલી, 'ગ્લોરિયા, તું આટલી જક કરીશ તો અઠવાડિયા સુધી હું રૉબીને ફરકવા નહિ દઉં. તું તારે જા, રૉબી.'

રૉબી ચાલતો થયો. ગ્લોરિયાથી એક ડૂસકું નીકળી ગયું.

શ્રીમતી વેસ્ટનનો પતિ જ્યૉર્જ વેસ્ટન આ બધું જાતે સાંભળી રહ્યો હતો, પરંતુ મૂંગો જ રહેલો. શ્રીમતી વેસ્ટને એ બોલે એ માટે બે મિનિટ રાહ જોઈ, પછી ખામોશી તોડતી બોલી, 'જ્યૉર્જ!'

'હં.'

'જ્યૉર્જ, હું કહું છું કે તમે છાપું નીચું મૂકીને જરા મારી સામે જોશો?'

'શી વાત છે?' છાપું નીચે મૂકતાં જ્યૉર્જે પૂછ્યું.

'વાત તમે જાણો જ છો, જ્યૉર્જ, ગ્લોરિયા અને પેલા ભયાનક યંત્રની.'

'કયું ભયાનક યંત્ર?'

'હવે અજાણ્યા હોવાનો ઢોંગ ન કરો. હું પેલા માનવયંત્રની વાત કરું છું. જેને ગ્લોરિયા રૉબી કહીને સંબોધે છે. એ તેને ઘડી યે અળગી પડવા નથી દેતો.

'તેથી શું થયું? એ એક ભયાનક યંત્ર તો નથી જ અને મેં મારા અરધા વરસની આવક ખરચીને એ સારામાં સારો રોબોટ ખરીદ્યો છે. એના પર ખરચેલા પૈસા જરા યે ખોટા નથી. મારી ઓફિસના અરધા જેટલા કર્મચારીઓ કરતાં તે વધુ હોશિયાર છે.'

આમ કહી એણે છાપું પાછું હાથમાં લેવાનો પ્રયત્ન કર્યો, પણ તેની પત્નીએ ઝડપભેર તે ઊંચકી લીધું.

'તમે મારી વાત સાંભળો, જ્યૉર્જ, હું કોઈ યંત્રને મારી દીકરી સોંપવા માગતી નથી, પછી તે ગમે તેટલું બુદ્ધિમાન હોય. ધાતુનું બનેલું એ યંત્ર મારી દીકરીની સંભાળ રાખશે?'

'માનવ નર્સ કરતાં તો રોબોટ અનેકગણો વિશ્વાસપાત્ર ગણાય. બાળકોના ભેરુ બની રહેવા માટે જ એ સર્જાયેલ છે. એનું આખું માનસ એ હેતુએ ઘડવામાં આવ્યું છે. એ વિશ્વાસુ, માયાળુ અને પ્રેમાળ જ રહી શકે. એ યંત્ર છે, પણ એ જ નજરે બનાવવામાં આવેલ છે.'

'બરાબર છે પણ...' શ્રીમતી વેસ્ટનને યંત્રમાનવની આંતરરચનાનો સ્પષ્ટ ખ્યાલ ન હોઈ બોલી, 'ક્યારેક કશુંક અઘટિત બની જાય...'

'તું કેવળ પડછાયા પકડવા જાય છે. ધારી લે કે રૉબી એક કૂતરો છે. બાળકો તેમના પાળેલા કૂતરા પાછળ ગાંડાં નથી બનતાં?'

'કૂતરાની વાત જુદી છે, જ્યૉર્જ. આપણે એ ભયાનક ચીજથી છુટકારો મેળવવા કંપનીને તે પરત કરી દેવી જોઈએ.'

'બસ, બહુ થયું, ગ્રેસ માટે ફરી આવી દલીલો નથી સાંભળવી. બહેતર છે કે તું 'ફ્રેન્કેન્સ્ટાઈલન' જેવું કંઈ વાંચતી હો તો વહેલી તકે તે પડતું મૂક.'

અને એક ભારે ઉચ્છ્વાસ સાથે તે બહાર નીકળી ગયો. છતાં યંત્રમાનવને દૂર કરવાની તેની પત્નીની જીદ ચાલુ જ રહી.

છેવટે એક દિવસ એવો આવ્યો જ્યારે વેસ્ટને અપરાધભાવે પોતાની પુત્રી સમક્ષ એક ખેલ જોવાની દરખાસ્ત મૂકી.

'મારી સાથે રોબી પણ?' દરખાસ્ત સાંભળી તાળીઓ પાડતી ગ્લોરિયાએ પૂછ્યું :

'ના, બેટી. તેઓ યંત્રમાનવને અંદર પ્રવેશવા નથી દેતા, પરંતુ તું ઘેર પાછી ફરીને તેને બધું કહી શકીશ.'

અનેરા આનંદભેર ઘરમાં દોટ મૂકતાં તેની નજરે એક સરસ કૂતરો પડ્યો. 'કેવો સરસ કૂતરો છે?' તે એને થાબડતી બોલી, 'ડેડી, એ મારા માટે છે?'

વેસ્ટને હા પાડતાં તેણે નીચે દોડી જઈ બૂમ મારી, 'ઓહ રોબી! આવીને જો તો ખરો કે ડેડી મારા માટે શું લાવ્યા છે?'

પરંતુ રોબી ન ફરકતાં તેણે રડમસ ચહેરે તેની માને પૂછ્યું, 'મમા, રોબી ક્યાં છે?'

'શ્રીમતી વેસ્ટન ગ્લોરિયાને પોતાની નજીક ખેંચતી ધીમેથી બોલી, 'માઠું ન લગાડીશ, ગ્લોરિયા, રોબી અહીંથી ચાલ્યો ગયો છે.'

'ચાલ્યો ગયો છે? ક્યાં ગયો છે એ, મમા?'

'કોણ જાણે. અમે કેટલોય શોધ્યો પણ પત્તો જ ન ખાધો.'

'એટલે હવે એ દેખાશે જ નહિ?' ગ્લોરિયા વિસ્ફારિત નેત્રે બોલી.

'મળી આવશે ક્યારેક. ત્યાં સુધી તું આ કોલી (કૂતરા) સાથે ગેલ કરજે.'

'ના, મારે તો રોબી જોઈએ' કહેતી ગ્લોરિયા ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

ગ્લોરિયાએ કૂતરાની સામું પણ ન જોતાં તેને પાછો આપી આવવો પડ્યો. પત્નીએ આ વાત કરતાં વેસ્ટન આંખોમાં કંઈક ચમક સાથે બોલ્યો, 'કદાચ - હા, કદાચ રોબીને આપણે પાછો મેળવી શકીએ.

'ના, મારે એ આ ઘરમાં જોઈએ જ નહિ.' પત્ની બોલી. 'આપણે ગ્લોરિયાને અન્ય કશોક રસવિષય પૂરો પાડવો જોઈએ.'

ન્યૂ યોર્ક શહેર આઠ વરસની ગ્લોરિયાને આકર્ષ્યા વિના નહિ રહે એમ લાગતાં વેસ્ટન દંપતીએ તેને ન્યૂ યોર્ક લઈ જવાનું નક્કી કર્યું.

ન્યૂ યોર્કમાં જુદાં જુદાં સંગ્રહાલયોની મુલાકાતમાં ગ્લોરિયાને ખૂબ રસ પડ્યો. હવામાં, દરિયામાં અને લૉન્ગ ટાપુમાં તો દરિયાની ભીતરમાં કાચના જહાજમાં ઘૂમી આવવામાં તેને ખૂબ મજા પડી.

એકાદ મહિનો ગ્લોરિયાને આમ ફેરવ્યા પછી તેના માબાપને લાગ્યું કે આટલું બધું અવનવું જોયા પછી ગ્લોરિયા રોબીને ભૂલી ગઈ હશે. પરંતુ તેની ઉદ્યોગ અને વિજ્ઞાનના સંગ્રહાલયની મુલાકાતે તેમની આ ધારણા ગલત હોવાનું પુરવાર કરી આપ્યું. પતિ-પત્ની એક વિશાળ ઇલેક્ટ્રો-મેગ્નેટ જોવામાં લીન હતાં ત્યાં એકાએક ગ્લોરિયા ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ. વેસ્ટનદંપતીને આની જાણ થતાં તે એકદમ ગભરાઈ ઊઠ્યાં અને સંગ્રહાલયના ત્રણ કર્મચારીઓની સહાયે ગ્લોરિયાની શોધ શરૂ કરી.

સંગ્રહાલયના ત્રીજા મજલે 'બોલતા યંત્રમાનની પાસે ઊભેલી ગ્લોરિયા મળી આવતાં જ તેની માતાએ તેનો ઊધડો લેવો શરૂ કર્યો.

'મમા, હું તો અહીં બોલતા યંત્રમાનવને જોવા આવેલી. મને એમ કે તે રોબીને ઓળખીતો હશે, બંને યંત્રમાનવ ખરાને? મમા, મને મારો રોબી જોઈએ' ગ્લોરિયા ડૂસકાં ખાતી બોલી.

અલબત્ત, ગ્લોરિયાએ જોયેલો બોલતો યંત્રમાનવ બોલતો હતો, પરંતુ અમુક મર્યાદિત જ શબ્દો. ગ્લોરિયાના મતે તે રોબી કરતાં અરધો પણ હોશિયાર નહોતો.

'આ અસહ્ય છે, જ્યોર્જ. હવે સીધા ઘરભેગાં જ થઈ જઈએ.' શ્રીમતી વેસ્ટન બોલી.

જ્યોર્જ સંમત થયો, પણ એ રાતે કશું બોલ્યા વિના તે ક્યાંક ચાલ્યો ગયો.

વળતી સવારે પત્નીને મળી તેણે કહ્યું, 'ગ્રેસ, મારા મનમાં એક ખ્યાલ ઘોળાયા કરતો હતો.'

'શાના વિષેનો?'

'ગ્લોરિયા વિષેનો.'

'તો કહો, હું સાંભળીશ. ગ્લોરિયા માટે હું તો કંઈ કરી શકું તેમ નથી, પરંતુ એટલું યાદ રાખજો કે હું પેલા ભયાનક યંત્રને ઘરમાં ફરી પેસાડવા નથી માગતી.

'અલબત્ત નહિ. મુશ્કેલી એ છે કે ગ્લોરિયા રોબીને એક નિર્જીવ યંત્ર નહિ, પરંતુ જીવંત માનવી સમજે છે, એટલે તો તેને ભૂલી નથી શકતી. હકીકતમાં તો તાંબા અને પોલાદનાં પતરાં નીચે તારોનાં ગૂંચળાંમાં થઈને વહેતા વિદ્યુતપ્રવાહ સિવાય એ કશું જ નથી. ગઈ રાતે જ હું ફિનમાર્ક રોબોટ કોર્પોરેશનના વડા ફિનમાર્કને મળી આવ્યો છું, આપણે ત્રણે ત્યાં ઊપડીશું. ગ્લોરિયાને એનો જનરલ મેનેજર મિ. સ્ટ્રથર્સ ખાતરી કરાવી આપશે કે રોબોટ માત્ર યંત્રો જ હોય છે. તેના કહેવા પ્રમાણે તેના પ્રોજેક્ટ પર બધા રોબોટ જ કામ કરતા રહ્યા છે, પણ એ શરૂ કર્યાને પાંચ વરસ થયાં તેને ત્યાં એકે અકસ્માત થવા નથી પામ્યો.

'આ પણ એક દુશ્ચક્ર - રોબોટ દ્વારા નવા રોબોટોનું ઉત્પાદન. પણ અમને એ સાથે નિસબત નથી. અમે તો મેં કહ્યુંને કે...'

'હા, હા ચોક્કસ' જનરલ મેનેજર સ્ટ્રથર્સે વેસ્ટનના મુદ્દાનો સ્વીકાર કરતાં તેમને ત્રણેને પોતાની સાથે લીધાં. તેમને એક વિશાળ પટ નજીક લઈ જતાં તેણે બોલવાનું શરૂ કર્યું. પરંતુ

(અનુસંધાન પૃ. ૬૩૦)

→

નવધાન્ય
ચિત્રકાર : રસિકલાલ પરીખ



અશ્વયુદ્ધ
કાગળ પર ઈ.સ. ૧૮૦૦માં
દેવગઢ રાજસ્થાનમાં ઓપેક
જળરંગમાં તૈયાર થયેલું ચિત્ર
↓





સુગરી અને તેનો માળો |હેમેન્દ્ર એ. શાહ

ભવાઈ શૈલીનું દ્વિઅંકી નાટક

હાથીરાજા

પ્રવીણ પંડ્યા

પાત્રસૂચિ

(૧) માંડણ - ભવાઈનો કલાકાર, (૨) અસાઈત - ભવાઈનો કલાકાર, (૩) હાથણી - પ્રતીક પાત્ર, (૪) ભવાઈ - લોકકલા ભવાઈનું પાત્રસ્વરૂપ, (૫) કનકનંદન - ભરતપુરનો ભ્રષ્ટ રાજા, (૬) પ્રધાન. (૭) સકળસેન - રાજયનો અધિકારી, (૮) અકળસેન - રાજયનો અધિકારી, (૯) ગજાધર - શાહુકાર, (૧૦) વિદ્યાધર - બુદ્ધિજીવી, (૧૧) ભગો - ગરીબ પ્રજાજન, (૧૨) ભીમજી - ખેડૂત, (૧૩) છડીદાર, (૧૪) સાંઢ - પ્રતીક પાત્ર. પ્રજાના કોરસ માટે નટસમૂહ

[અસાઈત અને માંડણ મંચ પર પ્રવેશી ગણેશવંદના કરે છે.]

ગણેશવંદના :

પરથમ ગણપતિ નમીએ તમને વિઘ્ન જગતનાં હરજો.
ભવાઈ કરશું અમે હ્રદયથી સિદ્ધ તમે એ કરજો.
અમે ચાહીએ ઉદય શુભનો અને અશુભથી મુક્તિ.
ભરતપુરના જનમનગણને દેજો શુભની શક્તિ.
વિનાયક દેજો શુભની શક્તિ.

[ભૂંગળ તથા અન્ય વાદ્યો સાથે વેશનું આવણું ગવાય છે. નાટકના બધાં પાત્રો ગાતાંગાતાં મંચ પર પ્રવેશે છે.]

આવણું :

હાથીરાજાનો વેશ લાવ્યા, ભવાયા
હાથીરાજાનો વેશ લાવ્યા... ... ...
કળશ ઢોળીને નિમે, રાજા જે હાથણી.
લોકો ગણે છે એને, બચ્ચાડી બાપડી. (૨)
એની કથાને વણી લાવ્યા, ભવાયા... ... ...

ગજની ઘોડીને સવા ગજનું છે ભાહું,
ભરતપુર રાજનું છે ભાંગેલું ઠાઠું.
ભાંગ્યું ગાડે ઘાલીને લાવ્યા, ભવાયા... ... ...

રાજા નઠોર છે, તો પરધાનો ચોર છે.
રૈયત એ સહુને માટે, પાળેલું ઢોર છે.
ખળખળ હસવાનું લૈ'ને આવ્યા, ભવાયા... ... ...
છાનું રોવાનું લૈ'ને આવ્યા.

હાથીરાજાનો વેશ લાવ્યા, ભવાયા
હાથીરાજાનો વેશ લાવ્યા... ... ...

[મંચ પરથી માંડણ અને અસાઈત સિવાયનો નટસમૂહ જાય છે.]

અસાઈત : બેટા માંડણ.

માંડણ : બોલો અસાઈત બાપા.

અસાઈત : એલા તને ખબર છે ને આજે આપણે હાથીરાજાની ભવાઈ ભજવવાની છે?

માંડણ : બાપા, મેં બધી તૈયારી કરી રાખી છે, જુઓ આ ગાજર!

[ગજવામાંથી દોરી સાથે બાંધેલું ગાજર બહાર કાઢે છે.]

અસાઈત : ગાજર! આ હાથીરાજાના નાટકમાં વળી ગાજર ક્યાંથી આવ્યું?

માંડણ : બાપા, પહેલા તમે ગળે ગાજર તો બંધાવો!

[ગળામાં ગાજર પહેરાવે છે.]

હવે બોલો આ નાટક શેનું?

અસાઈત : હાથીરાજા નાટક ભરતપુરની પ્રજાનું. અહીંના રાજાનું, આ નાટક છે કળશ ઢોળીને રાજા નિમનાર હાથણી-માતાનું. પણ એમાં ગાજર!

માંડણ : બાપા, આ નાટક રાજકારણનું ખરું કે નહીં?

અસાઈત : પણ રાજકારણ અને ગાજરને શું સંબંધ?

માંડણ : રાજકારણને અને ગાજરને તો ગાઢ સંબંધ છે. આ ભરતપુર રાજ્ય છે બાપા, અહીં તમે ગમે તેને જોશોને તો તેના ગળામાં ગાજર અચૂક લટકતું દેખાશે. અને બાપા, જે માણસ બીજાના ગળે ગાજર બાંધી શકેને તે જ સાચો રાજકારણી!

અસાઈત : એલા માંડણિયા, તું આ નાટક છોડીને રાજકારમમાં ક્યાં પગપેસારો કરવા માંડ્યો?

માંડણ : બાપા, હવે નાટકચેટકમાં કાંઈ લેવાનું નથી સમજયા, રાજકારણમાં ઘી-કેળાં છે ઘી-કેળાં. મને તો રોજ સપનાં આવે છે સપનાં!

અસાઈત : શેનાં સપનાં, પૂતર!

માંડણ : એ જ કે ન કરે નારાયણ, ને કાલે સવારે આ રાજા દેવ થઈ જાય, ને હાથણી પાછી કળશ ઢોળવા નીકળે, ને ક્યાંક મારા માથે કળશ ઢોળે તો?

[નેપથ્યમાંથી ત્રણ વખત 'મહારાજા માંડણનો જય હો' બોલાય છે. માંડણ રાજાની જેમ ચાલવા માંડે છે. અસાઈત એની પીઠ પર લાત મારે છે. માંડણ પડી જાય છે.]

માંડણ : મને શેના પાટુ મારો છો? પાટુ મારવી જ હોય તો આ બધાંને મારો ને! જયારથી ભરતપુરમાં હાથણી વડે કળશ ઢોળીને રાજા નિમવાની પ્રથા આવી છે ત્યારનો પ્રજાનો તો એકડો ઊઠી ગયો છે, સહુના મનમાં એવું છે કે ક્યારેક હાથણી આપણાં ઉપર કળશ ઢોળશે અને આપણે રાજા થશું.

અસાઈત : એલા અક્કરમી, મુરખના સરદાર, આમ ધોળે દિવસે સપનાં જોવાનું બંધ કરીને કાંઈક કામધંધો કર. આ કૂદકે ને ભૂસકે વસતી વધી રહી છે અને ઘરમાં હાંડલાં કુસ્તી કરી રહ્યાં છે. તને કાંઈ લાજશરમ ખરી કે નહીં?

માંડણ : લો કરો વાત, મને શેની લાજ અને મને શેની શરમ? આ જ્યાં સુધી કળશ ઢોળીને રાજા નિમનાર હાથણીમાતા બેઠાં છે ત્યાં સુધી આપણે તો.... [નાચે છે.]

તાક ધિના ધિન, ધિના ધિન તાક ધિના ધિન.

જ્યાં સુધી કનકનંદન જેવા રાજા બેઠા છે ત્યાં સુધી આપણે તો... [નાચે છે.]

તાક ધિના ધિન, ધિના ધિન તાક ધિના ધિન.

જ્યાં સુધી રાજ્ય તરફથી જાહેર થતી ગરીબોના કલ્યાણની યોજનાઓ છે ત્યાં સુધી આપણે તો...

તાક ધિના ધિન, ધિના ધિન તાક ધિના ધિન.

સકળસેન : [નેપથ્યમાંથી] કોણ આ તાક ધિના ધિન કરી રહ્યું છે?

[રાજ્યના બે હસ્તિનીપાળ સકળસેન તથા અકળસેન દંડા સાથે બૂમાબૂમ કરતાં પ્રવેશે છે.]

સકળસેન : એલાવ કોણ છો તમે?

અકળસેન : અહીં શું કરો છો?

સકળસેન : ક્યાંના છો?

અકળસેન : નાતે કેવા છો?

સકળસેન : જવાબ આપો.

માંડણ : ભવાયા છીએ. આ મારા અસાઈત બાપા છે.

અસાઈત : અને આ છે મારો ગગો માંડણ.

માંડણ : અમે અહીં નાટક ભજવી રહ્યા છીએ.

અસાઈત : હાથીરાજાનું નાટક.

સકળસેન : હસ્તિનીપાળ અકળસેનજી.

અકળસેન : બોલો હસ્તિનીપાળ સકળસેનજી.

સકળસેન : આવાં નાટક-બાટક અહીં થવા દેવાય?

અકળસેન : વ્યવસ્થા એમ કહે છે કે જો જરૂરી પરવાના હોય તો નાટક ભજવવા દેવાય.

સકળસેન : સાંભળ્યું? પરવાના ક્યાં?

અસાઈત : ભૈ'સાબ, અમે તો કલાકારો છીએ. અમને એવી બધી વિધિમાં ખબર ન પડે.

સકળસેન : પરવાના આપવાનું કામ અકળસેનજીનું છે.

અકળસેન : અને પરવાના વગર નાટકચેટક કરનાર સામે સકળસેનજી કાયદાથી કામ લે છે.

માંડણ : ભૈ'સાબ, આ કાયદો એટલે શું એ કહેશો જરા?

સકળસેન : [દંડો માંડણની છાતી પર અડકાડતાં] આને કાયદો કહેવાય, સમજ્યો. ચાલો નાટક-ચેટક બંધ કરો ને ઘરભેગીના થાવ. પરવાના વગર નાટક ભજવાય નહીં, અને એમાંય આવાં રાજકારણનાં નાટક તો નહીં જ. ચાલો ભાગો અહીંથી, નહીંતર ઘાણીએ તેલ કાઢીશ.

અસાઈત : એ જુઓ હોં, તમે અમને આ રીતે નાટક ભજવતાં રોકી ન શકો હોં. હાથણીપ્રથા પ્રમાણે અમને સહુને ભરતપુર રાજ્યમાં મુક્ત રીતે હરવા-ફરવાનો અને બોલવાનો અધિકાર છે, સમજ્યા?

સકળસેન : એવા અધિકાર-ફધિકાર માર્યા ફરે, રાજ્ય કાંઈ એવા હક્ક અને અધિકારોથી નથી ચાલતું, સમજ્યા. રાજ્ય ચાલે છે અમારી મુનસફી પ્રમાણે. ચાલો ભાંગો અહીંથી.

માંડણ : હાથ આઘા રાખજો.

સકળસેન : નહિંતર તું શું કરી લેવાનો?

માંડણ : કોરટમાં જઈશ, ન્યાય માટે ધા નાખીશ.

અકળસેન : ભોળો છે બચારો, એલા કોરટની બહાર તો એવડી લાંબી લાઈન લાગી છે કે તારો વારો આવતાં પહેલાં તો તું અને તારા વંશજોય ઉપર પહોંચી ગયા હશો.

સકળસેન : હાથણીપ્રથાથી રાજ ચાલે છે એટલે ફાટીને ધુમાડે ગયા છો? અહીં ને અહીં જીવતા દાટી દઈશને તો હાથણીમાતા ય બચાવવા નહીં આવે! ભાગો અહીંથી.

[માંડણ અસાઈત પાસેથી ડાંગ લઈને બન્નેની સામો થાય છે.]

માંડણ : તમારી તો માના ખદળાવ...

અસાઈત : રહેવા દે, બેટા, માંડણ.

માંડણ : મૂકી દો બાપા મને. આજે તો હું આમને પૂરા જ કરી નાખીશ.

અસાઈત : તને મારા સમ છે, બેટા.

માંડણ : તમારા સમ પણ નહીં માનું. આ લોકોએ આપણું અપમાન કર્યું છે. આપણા અધિકાર કચડ્યા છે. આ લોકોએ પવિત્ર હાથણીમાતાની મજાક ઉડાવી છે.

અસાઈત : તને હાથણીમાતાના સમ છે બેટા, જવા દે..

[માંડણ ડાંગ પાછી વાળે છે.]

માંડણ : જે હાથણીમાતાની તમે મજાક ઉડાવી હતીને એની આણ આડે આવતા તમને જીવતા છોડું છું. હાથણીમાતામાં શ્રદ્ધા રાખનાર મારા અસાઈતબાપાના વેણ પર ડાંગ પાછી વાળું છું.

અસાઈત : અમે તો ભવાયા છીએ ભવાયા. લોકોની સામે ભવાઈમાં સાચ અને જૂઠને ખુલ્લા કરનારા.

માંડણ : એક વાત ગણીને ગાંઠે બાંધી લેજો, જે દિવસે અમે વિફર્યા ને એ દિવસે લોકો વિફરશે. ને જે દિવસે લોકો વિફરશે ને તે દિવસે તમારાં નામોનિશાન નહીં રહે, સમજ્યા. ચાલો બાપા. [અસાઈત અને માંડણ જાય છે.]

છડીદાર : [નેપથ્યમાંથી] ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, દયાળુ, દાનવીર, પરાક્રમી, મહારાધાધિરાજ કનકનંદન પધારે છે.

સકળસેન : ચાલો, વ્યવસ્થામાં લાગીએ. એલા ભૈ' આઘા હટજો, ભાળતા નથી મહારાજ પધારે છે. એય ટોપી, બાજુ હટ.

[બન્ને હસ્તિનીપાળો બૂમાબૂમ કરતા જાય છે. ગજાધર, વિદ્યાધર અને ભગો મંચ પર પ્રવેશે છે.]

વિદ્યાધર : [ગજાધરને] ત્યાં વિલાયતમાં આટલી ગંદકી નહીં હોય કેમ, ગજાધરજી?

ગજાધર : ગંદકી, નોટ એટ ઓલ. વિદ્યાધરજી ત્યાં તો તમે રસ્તા ઉપર થૂંકોને તોય ફાઈન થાય ફાઈન! આ મહારાજ કરનકનંદન ખરાને, એમની સાથે તો અમારા ઘણા જૂના સંબંધ, હાથણીએ એમના પર કળશ ઢોળ્યોને એ પહેલાંના.

વિદ્યાધર : હાથણીએ યથોચિત સ્થાને જ કળશ ઢોળ્યો છે.

મહારાજ કનકનંદન અત્યંત વિદ્વાન-વિચક્ષણ અને મેધાવી છે.

ભગો : આજે મહારાજ જરૂર અમારા કલ્યાણની એકાદ યોજના જાહેર કરશે, ન્યાલ કરી દેશે ગરીબોને.

[નેપથ્યમાં 'રાજા કનકનંદનનો જય હો' ગવાય છે. રાજાને સિંહાસન સમેત પ્રધાન તથા એક અનુચર ઊઠાવીને ગાતાગાતા પ્રવેશે છે.]

રાજા કનકનંદનનો જય હો, જય હો.
રાજા કનકનંદનનો જય હો, જય હો.

અધર્મનો ક્ષય હો, પાપનો નાશ હો.
સુખ હો ચોતરફ, ચોતરફ હાશ હો.
રાજા કનકનંદનનો જય હો, જય હો... ... ...

ચોતરફ જ્ઞાન હો, ચોતરફ પ્રકાશ હો,
સમગ્ર વાયુમંડલે, પ્રેમનો જ પાશ હો.
રાજા કનકનંદનનો જય હો, જય હો... ... ...

[ગીત દરમિયાન રાજાને આખા મંચ પર ફેરવી મંચની મધ્યમાં બેસાડાય છે. રાજાને છીંકો આવે છે. બધા 'મહારાજને ઘણી ખમ્મા' બોલે છે.]

કનકનંદન : ઇતિહાસમાં નોંધો.

[પ્રધાન ભગાને વાંકો વાળી અંની પીઠ ઉપર લખે છે.]

પ્રધાન : બસ્સો છીંક, મહા વદ, બારશ, પ્રાતઃકાળ, સંવત ૨૦૫૩ [રાજા પાસે જઈ] મહારાજ, પ્રજાજનો આવી ગયાં છે.

કનકનંદન : હેં હેં!

પ્રધાન : પ્રજાજનો, [કાનમાં શ્રવણયંત્ર લગાવી દેતાં] પ્રજાજનો!

[રાજાના હાથમાં દૂરબીન પકડાવે છે.]

કનકનંદન : હંઅઅ, પ્રજાજનો. હટી જાવ, અમારી અને પ્રજાની વચમાંથી હટી જાવ. હા, બોલો ભાઈ.

ગજાધર : મહારાજનો જય હો, ઓળખ્યો મહારાજ?

કનકનંદન : [પ્રધાન કાનમાં કહે છે તે પછી દૂરબીન હટાવતાં] પશાભાઇ શેઠનો ગજાધર. એલા તારા બાપા અને મારા અદા તો લંગોટિયા ભાઈબંધ હતા. આપણે તારા બાપાનું પૂતળુંય ગામની વચ્ચોવચ્ચ મુકાવ્યું છે.

ગજાધર : ભલો ઓળખ્યો, મહારાજ. બાકી મને તો એમ હતું કે હાથણીમાતાએ તમને કળશ ઢોળીને રાજા બનાવ્યા પછી તમે બધું ભૂલી ગયા હશો. હવે તો તમે અમને આ મશીનમાંથી જ જુઓ અને સાંભળો છો. તમે રાજા અને અમે પ્રજા, વચ્ચે આ મશીનનું તંત્ર.

કનકનંદન : એમ આડું આડું ન બોલીશ, ભાઈ. હું હજુ પણ નખથી માથાના વાળ સુધી એનો એ જ કનકનંદન છું, તમારામાંનો જ એક. આ તો હાથણીમાતાએ તમારા સહુનો સાદ સાંભળી મારા ઉપર કળશ ઢોળ્યો તે હું રાજા થયો. કોઈ આલિયા-માલિયાના માથે ઢોળ્યો હોત તો એ રાજા થાત. બોલ, ભાઈ બોલ, શું કામ હતું?

વિદ્યાધર : મહારાજ, ગજાધરજી આપને સોનામહોરોથી તોલવા ઇચ્છે છે.

કનકનંદન : વિદ્યાધરજી, ગજો તો કહે પણ તમેય એની હામાં હા કરો છો! આવું બધું કરવાની કાંઈ જરૂર ખરી? હું જાણું છું કે તમે બધા મને બહુ પ્રેમ કરો છો. એ સોનામહોરો પણ હું તો ગરીબોમાં વહેંચી દઈશ.

ગજાધર : મહારાજ, આ તો અમારી ભાવના છે. અમને ય ખબર છે કે તમને સોનામહોરોની કાંઈ પડી નથી. તમે તો ભગવાનની જેમ ભાવનાના ભૂખ્યા છો. એલા ભૈ', ત્રાજવું માંડો અને સોનામહોરો લાવો.

[ભગો બે હાથ પહોળા કરી ત્રાજવાની જેમ ઊભો રહે છે. ભગાના એક હાથ નીચે પલ્લામાં બેસતો હોય એમ રાજા બેસે છે. ભગો રાજાની બાજુ નમી જાય છે. ભગાના બીજા હાથ પાસે ગજાધર સોનામહોરો મૂકતો જાય છે, રાજા ઊભો થતો જાય છે અને ભગો સીધો થતો જાય છે. રાજા પૂરો ઊભો રહી જાય છે ત્યારે તોલવાનું કાર્ય પૂર્ણ થાય છે. ભગો હાંફતો હાંફતો પોતાના મૂળ સ્થાન પર જઈ ઊભો રહે છે.]

કનકનંદન : ગજાધર, તારો પ્રેમ જોઈને મારી આંખો ભરાઈ આવે છે, ભાઈ, તું તો ભરતપુરનો ભામાશા છું ભામાશા. પ્રધાનજી, આ સોનામહોરો જુદી જ રાખજો. દુષ્કાળથી પીડાતી ગરીબ પ્રજામાં વહેંચવા. ગજાધર માગ માગ હું તારા પર ખુશ છું.

ગજાધર : મહારાજ, હું તો ભરતપુરની માટીનો અને આપનો દેવાદાર છું. અહીંની ગરીબી જોઈને કાળજું ચિરાઈ જાય છે. મહારાજ.

કનકનંદન : અમને ઊંઘે નથી આવતી. ખાવું ય નથી ભાવતું.

ગજાધર : મહારાજ, આપણી ગરીબીનો ઇલાજ મેં વિલાયતમાં જોયો!

કનકનંદન : વિલાયતમાં! આ ખરું હોં, પ્રધાનજી! ગરીબી અહીં ને એનો ઇલાજ વિલાયતમાં!

ગજાધર : મહારાજ, આ છે કમ્પ્યૂટર. આમાં કેટલીક યોજનાઓ છે. જો આ યોજનાઓ આપણે ત્યાં થશે તો ગરીબી હટી જશે.

કનકનંદન : પ્રધાનજી, ગરીબી હટી જશે!

પ્રધાન : તો હટાવી દો મહારાજ!

[ગજાધર રાજાના હાથમાં કેલક્યુલેટર જેવું કાંઈક આપે છે અને પોતે બટન દબાવી યોજનાઓ બતાવે છે.]

ગજાધર : જુઓ મહારાજ, યોજના નંબર એક ડિંગ ડોંગ ડિંગ ડોંગ... યોજના નંબર બે ટિંગ ટોંગ ટિંગ ટોંગ ટિંગ ટિંગ... યોજના નંબર ત્રણ ઢૂંમ ઢામ ઢીમ ઢૂંમ ઢમ્મ... યોજના નંબર...

કનકનંદન : વાહ ગજા વાહ. તારી યોજનાઓથી હું ખુશ થયો. બોલ તારી આ યોજનાઓ માટે શું જોઈએ છે?

ગજાધર : વધુ કાંઈ નહીં મહારાજ, દસ-પંદર હજાર એકર જમીન, વીજળી અને પાણી. વિલાયતથી મશીનરી લાવવા પૈસા.

કનકનંદન : પ્રધાનજી, ગજાધર જે જમીન પર આંગળી મૂકે એ જમીન એને આપો. વીજળી આપો, પાણી આપો, રાજ્યનો ખજાનો એના માટે ખુલ્લો મૂકી દો. બોલ ગજાધર, બીજું કાંઈ?

ગજાધર : બસ મહારાજ, આપની મીઠી નજર...

કનકનંદન : એ તો છે જ. જા, ખા, પી ને સાંઢ જેવો થા. [નેપથ્યમાંથી રાસનો ઢોલ વાગે છે અને રાજા તથા ગજાધર રાસ લેતા લેતા ગોળગોળ ફરે છે.]

તારી ને મારી જોડી ગજાધર
તારી ને મારી જોડી રે લોલ...
અમને સાંભળો તમે ગજાધર
તમને સાંભળીએ અમે રે લોલ...
તારી ને મારી જોડી ગજાધર...

[રાસનું સંગીત ભગાના ભેંકડો તાણીને થતા રુદનથી અટકે છે.]

ભગો : [મોટેથી રડતાં] એંએંએં, મહારાજ, હાથણીમાતાએ તો અમારા વતી કળશ ઢોળીને તમને રાજા બનાવ્યા જેથી તમે અમારાં દુઃખ દૂર કરી શકો. પણ મહારાજ, અમારી પાંહે ખાવા ધાન નથી, પહેરવા લૂગડાં નથી, રહેવા છાપરું નથી. એંએંએં...

કનકનંદન : એલા આને છાનો રાખો. વિદ્યાધરજી, આ ભગાને ભૈ'સાબ છાનો રાખો.

વિદ્યાધર : વત્સ ભગા, બધાં દુઃખનું મૂળ ઈચ્છા છે ઈચ્છા. મૂલો નાસ્તિ કૂતો શાખા? અર્થાત્ જેનું મૂળ જ ન હોય તેની શાખા ક્યાંથી હોય? વત્સ ભગા, ઈચ્છાઓનો ત્યાગ કર. નિસ્પૃહ બની જા. સંસાર તો માયા છે માયા.

ભગો : પણ ભગવાન હું દુઃખી છું.

વિદ્યાધર : દુઃખ? વત્સ ભગા, પ્રત્યેક દેહધારી પ્રાણી દુઃખી છે. સુખની કામના જ દુઃખની જનેતા છે, મૂર્ખ. નાના સુખની કામના છોડ અને મોક્ષની આરાધના કર. [શ્લોક ગાય છે.]

અંગમ્ ગલિતમ્ પલિતમ્ મૂંડમ્.
દશનમ્ વિહિનમ્ જાતમ્ તુંડમ્.
વૃદ્ધો યાતિ ગૃહિત્વા દંડમ્.
તદપિ ન મૂંચત્યાશા પિંડમ્.
ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્
ભજ ગોવિંદમ્ ભજ મૂઢમતિ.....

[મંચ પર 'ભજ ગોવિંદમ્'ની ધૂન ગુંજી ઊઠે છે. બધાં 'ભજ ગોવિંદમ્' કરતાં નાચી રહ્યા છે. ભગો ભક્તિમાં લીન છે. પ્રધાન રાજાને રોકે છે. ગાન પૂર્ણ થાય છે.]

કનકનંદન : જોયું? વિદ્યાધરજી ભરતપુરની કેવી સેવા કરી રહ્યા છે? એમના જેવા સરસ્વતીના ઉપાસકોને કારણે જ આપણે ઊજળા છીએ. પ્રધાનજી, વિદ્યાધરજીની અમૂલ્ય સેવાઓ બદલ એમને રાજ્ય તરફથી ગાજરસન્માન આપવામાં આવે.

પ્રધાન : [મોટેથી] ગાજરસન્માન લાવવામાં આવે.

[અનુચર એક મોટું ગાજર ત્રાસકમાં લઈને આવે છે. વિદ્યાધરના ગળામાં રાજા ગાજર પહેરાવે છે.]

વિદ્યાધર : મહારાજ, મારા પર આપનો આટલો અનુગ્રહ! ક્યાં હું અલ્પજ્ઞાની અને ક્યાં આ વિરાટ ગાજરસન્માન! ધન્ય હો, મહારાજ. ધન્ય હો.

કનકનંદન : વિદ્યાધરજી, આમ જ સમગ્ર ભરતપુરને ધર્મનો અમલ પીવડાવ્યે રાખો. નશ્વરની માયામાંથી પ્રજાને મુક્ત કરી અનશ્વરના માર્ગે લઈ જાવ. છેવટે તો મોક્ષ એ જ અંતિમ સત્ય છે. [રાસનો ઢોલ વાગે છે અને રાજા તથા વિદ્યાધર એકમેકની સામે તાળી દેતા ગોળગોળ ફરતા રાસ રમે છે.]

તારી ને મારી જોડી વિદ્યાધર,
તારી ને મારી જોડી રે લોલ... ... ...
અમને સંભાળો તમે વિદ્યાધર,
તમને સંભાળીએ અમે રે લોલ... તારી ને મારી...

છડીદાર : [નેપથ્યમાંથી] ભૂમિપુત્ર, ધરતીના છોરુ, હળધર, ભીમજીભાઈ પધારે છે. [ભીમજી ખેડૂત મોટા અવાજે બોલતો પ્રવેશે છે.]

ભીમજી : ત્યાં અમરા ઊભા પાક સુકાય છે અને આમને રાસલીલાઓ કઈરે રાખવી છે. મહારાજ, આ શું માંડી છે, ભૂંડોવ. તમને અમારી કાંઈ પડી છે કે નહીં? ત્યાં પાણી વિના અમારો જીવ સુકાય છે ને તમે અહીં સિંહાસને બેઠાબેઠા ખેલ કઈરે રાખો છો. મહારાજ, પાણીની મોંકાણનું કાંક કરો હવે. નહીતર સારાવાટ નહીં રહે!

કનકનંદન : અરે ભીમજી, આકરો-ઉતાવળો શું કામ થાય છે? એલા, હાથણીમાતાએ મને કળશ ઢોળીને રાજા બનાવ્યો એ પહેલાં હું પણ ખેડૂત જ હતો ને?

ભીમજી : ઈ બધું ય સમજ્યા, પણ તમે રાજા થયા પછી ખેડૂતોએ શું કાંદા કાઢ્યા? ગિયે વખતે તમે ગામમાં તળાવ ખોદાવવાનું કીધું'તું પછી ઈનું શું થ્યું? ઢેફું ભાંગી ન ધૂળ. મહારાજ, અમારી પાંહે પીવા સારું પાણી નથી.

કનકનંદન : પ્રધાનજી, પાણીમાં આપણે ક્યાં સુધી પહોંચ્યા?

પ્રધાન : ગળા સુધી મહારાજ. પ્રજાની આ સમસ્યાથી અમે વાકેફ છીએ. આપણા વિદ્વાન મંત્રીઓએ ક્યારેય પાણી ન ખૂટે એવી વાવ બનાવવાની એક યોજના બનાવી છે.

કનકનંદન : તો પછી એ યોજના પ્રજા સમક્ષ રજૂ કરો.

પ્રધાન : યોજના રજૂ કરો.

['યોજના રજૂ કરો' વાક્ય નેપથ્યમાંથી પડઘાય છે. ગડગડાટનો ધ્વનિ, રાજા સિંહાસન પર ઉભડક પગે બેસી જાય છે.]

કનકનંદન : યોજના ભારે મોટી લાગે છે, પ્રધાનજી?

પ્રધાન : મહારાજ, આ યોજના પાછળ આપણા મંત્રીઓનો અગાધ પરિશ્રમ છે. [અનુચર એક મોટું ભૂંગળું લઈ પ્રવેશે છે.]

કનકનંદન : જોયું, કેવી વિરાટ યોજના છે તમારા કલ્યાણની? એલા, આ યોજનાને ખોલો. પ્રધાનજી, તમે બધાને એ સમજાવો કે એ કેવડી મોટી વાવ હશે! એમાં કેટલું પાણી હશે એ પાણી કેટલી જમીનને મળશે એ જમીનમાંથી કેટલો પાક થાશે, એ પાકને કેટલી સમૃદ્ધિ આવશે. પ્રધાનજી, તમે પ્રજાજનોને આ બધું સમજાવો.

[પ્રધાનના સંકેતથી અનુચર ભૂંગળું ખોલીને પાથરે છે. પ્રજાજનો વિસ્મયથી જોઈ રહે છે. ભગો વાવના નકશા ઉપર ચાલવા જાય છે.]

પ્રધાન : અલ્યા, ઊભો રહે, ઊભો રહે, આગળ ન જઈશ. બહુ ઊંડી વાવ છે. પાછો ડૂબી જઈશને તો મહારાજને માથે કાળી ટીલી આવશે. પાછા તમે લોકો જ કહેશો કે પ્રજાને તારવાની યોજનામાં એક ગરીબ પ્રજાજન ડૂબી મૂવો. મહારાજ, પચ્ચીસ વાંસ ઊંડી આ વાવ પ્રજા માટે પાણીનો અખૂટ ભંડાર બની રહેશે. પછી પાણીના કારણે ખેડૂતોના પાક નહીં સુકાય, રાજ્યમાં સમૃદ્ધિની છોળો ઊડશે, દૂધ-ઘીની નદીઓ વહેશે, ઉજ્જડ જમીન નંદનવન સમી ખીલશે, ભરતપુર રાજ્યની કાયા પલટાઈ જશે. મહારાજ, આ યોજના એક સ્વપ્ન છે. જનકલ્યાણનું સ્વપ્ન, અને આ સ્વપ્ન સાકાર કરવા આપણને જરૂર પડશે અખૂટ ધનરાશિની.

કનકનંદન : વાવ બંધાવવાના ખર્ચ માટે તમે નિશ્ચિંત રહો. પ્રધાનજી, જનકલ્યાણની આ ભગીરથ યોજનાને પાર પાડવા ખજાનો ખુલ્લો મૂકી દેવામાં આવશે. જરૂર પડશે તો મહાજનો પાસેથી દાન લેવામાં આવશે.

પ્રધાન : મહારાજ, આ યોજનાની રૂપરેખા તૈયાર કરવા પાછળ અઢળક ખર્ચ થયો છે. રાજ્યની તિજોરીનું તળિયું દેખાઈ રહ્યું છે. આપણે મહાજનસભા પાસેથી દાન લેવાની ય જરૂર પડશે. પણ મહાજન, આ યોજના લોકોની છે માટે આ યોજનામાં લોકોનો પણ ફાળો હોવો જરૂરી છે, જેથી પ્રજાને પણ થાય કે આ વાવમાં અમારું પણ યોગદાન છે.

કનકનંદન : પ્રધાનજી, તમારી વાત સોળ આના સાચી છે. તો આ બાબતે શું કરવું જોઈએ?

પ્રધાન : મહારાજ, અમારું સૂચન છે કે વાવવેરો નાખવામાં આવે!

પ્રજાવૃંદ : વાવવેરો!

કનકનંદન : આ યોજના કોની?

પ્રજાવૃંદ : અમારી.

કનકનંદન : પાણી કોને મળશે?

પ્રજાવૃંદ : અમને.

કનકનંદન : સમૃદ્ધ કોણ થાશે?

પ્રજાવૃંદ : અમે.

કનકનંદન : તો વાવવેરો કોણ ભરશે?

પ્રજાવૃંદ : અમે.

કનકનંદન : એલા ભૈ', વાવવેરો નાખો.

[અનુચર નકશાનું ભૂંગળું વાળી એક પછી એક પ્રજાજનના માથા પર ફટકારે છે. જ્યારે જ્યારે અનુચર માથા પર ભૂંગળું મારે છે ત્યારે ત્યારે 'મહારાજનો જય હો' બોલાય છે. નેપથ્યમાંથી 'પકડો' 'પકડો'ની બૂમો સંભળાય છે. પ્રથમ મંચ પર કાળાં કપડાંમાં માંડણ પ્રવેશે છે અને પાછળ પાછળ સકળસેન તથા અકળસેન. માંડણ મંચ પર અવ્યવસ્થા ફેલાવે છે. માંડણને ફટકારવા જતા સકળસેન તથા અકળસેનના હાથે દરબારીઓ અને પ્રજાજનો માર ખાય છે. બધા જમીન પર પડેલા છે. કનકનંદન સિંહાસન પાછળ સંતાયેલો છે.]

કનકનંદન : પ્રધાનજી, આ શું હતું?

પ્રધાન : જીવલો ઠગ, મહારાજ!

કનકનંદન : એક ઠગ આપણા રાજ્યને આ રીતે ઉપરતળે કરી જાય! આપણાં હસ્તિનીપાળો સકળસેન-અકળસેન ક્યાં છે? બોલાવો એમને.

વિદ્યાધર : મહારાજ, મારે ઘણા દુઃખ સાથે કહેવું પડે છે કે આપણાં રાજ્યનું તંત્ર કથળી રહ્યું છે. રાજ્યના ડાહ્યા માણસ તરીકે મારી એ ફરજ બને છે કે હું આપને સત્યથી વાકેફ કરું.

કનકનંદન : વિદ્યાધરજી, રાજ્યમાં શું ચાલી રહ્યું છે એની શું અમને ખબર નહીં હોય? શું અમને ભરતપુરની અને ભરતપુરની પ્રજાની દરકાર જ નહીં હોય? એમ ને એમ હાથણીમાતાએ અમને કળશ ઢોળીને રાજા બનાવ્યા હશે, કેમ?

ભગો : [મોટેથી રડતાં] એઁએઁએઁ... મહારાજ...

કનકનંદન : [ક્રોધથી ભગાનું ગળું દબાવતાં] હવે શું છે તારે?

ભગો : એઁએઁએઁ, મહારાજ, તમે અમને ગરીબોને જ ધમકાવો છો. એઁએઁએઁ...

કનકનંદન : [ક્રોધ પર મહાપરાણે કાબૂ રાખતાં ભગાનું ગળું છોડે છે.] ભગા, મારા ભાઈ, મારા દોસ્ત, બોલ બોલ શું થયું તને?

ભગો : એઁએઁએઁ, અભયવચન આપો મહારાજ તો કહું!

કનકનંદન : અભયવચન આપું છું, જા. કોઈનોય ડર રાખ્યા વિના કહે, શું થયું?

ભગો : એઁએઁએઁ, મહારાજ, ગયા શિયાળામાં તમે ગરીબો માટે પહેરણ આપવાની યોજના કરી હતીને એ વખતે અમને પહેરણને બદલે પહેરણ ઉપર ટાંકવાનું એકએક બટન જ મળ્યું હતું!

કનકનંદન : પ્રધાનજી, આ બધું શું છે?

પ્રધાન : [પાસે જઈ ધીમેથી] મહારાજ! આપણે... .

કનકનંદન : આમ મચ્છરની જેમ મારા કાન પાસે ગણગણ કરવાનું બંધ કરો. જે કહેવું હોય તે જાહેરમાં કહો!

પ્રધાન : [મોટેથી] મહારાજ, આપણે યોજના તો દરેક ગરીબ પ્રજાજનને પહેરણ મળે એવી કરી હતી, પણ ખજાનામાં ધનનો અભાવ હોવાથી આપણે સકળસેન તથા અકળસેનને કહેલું કે દરેક પ્રજાજનને શિયાળામાં પહેરણ ન આપી શકાય તો કાંઈ નહીં પણ એકએક કોલર તો જરૂર આપવો.

કનકનંદન : પણ આમને તો કોલરે નથી મળ્યો. બટન જ મળ્યું છે, કોલર ક્યાં?

પ્રધાન : [ધીમેથી] મહારાજ જરા બાજુ પર આવો.

કનકનંદન : [મોટેથી] પ્રધાનજી, કોલર ક્યાં?

પ્રધાન : [ધીમેથી] મહારાજ, હવે તો બાજુ પર આવો!

કનકનંદન : [મોટેથી] નહીંતર!

પ્રધાન : [ધીમેથી] મહારાજ, બાજુ પર આવો; નહીંતર ઇતિહાસ કલંકિત થઈ જશે.

કનકનંદન : [પ્રધાનની પાસે જઈ ધીમેથી] કોલર ક્યાં?

પ્રધાન : મહારાજ, એ કોલરોમાંથી આપણા કુંવરોએ કોટ સિવડાવી નાખ્યા છે!

કનકનંદન : હેં! [સિંહાસનમાં જઈ ફસડાય છે.]

છડીદાર : [નેપથ્યમાંથી] હસ્તિનીપાળ સકળસેન તથા હસ્તિનીપાળ અકળસેન પધારે છે!

કનકનંદન : પ્રધાનજી, હવે આ કામચોર સેવકોનું શું કરીશું?

પ્રધાન : બીજું બધું તો ઠીક મહારાજ, પણ કામચોરી તો ન જ ચલાવી લેવાય. કડક હાથે કામ લો, મહારાજ.

કનકનંદન : પ્રધાનજી, ગયા વખતે આપણે કડક હાથે કામ લીધેલું તો હાથ તૂટ્યો હતો, પણ કામચોરી તો નહીં જ ચલાવી લેવાય. ઝાટકે દે'શ.

[સકળસેન તથા અકળસેન પ્રવેશે છે. ને વઢતાં હોય એવા અવાજે 'મહારાજનો જય હો' બોલે છે. કડક થયેલો રાજા સિંહાસનમાં જ ઢીલો પડી જાય છે.]

કનકનંદન : [કડક સ્વરે] હસ્તિનીપાળ સકળસેન અકળસેન, તમારું કામ શું છે?

સકળસેન : પ્રજાની સેવાનું મહારાજ!

કનકનંદન : [ક્રોધથી] પ્રજાની સેવા! અમે તો સાંભળ્યું છે કે તમે અને તમારા સેવકો કચેરીઓમાં બેસતા જ નથી એ વાત સાચી?

સકળસેન : સોળ આના સાચી, મહારાજ.

અકળસેન : અમે રાજ્યનો ખર્ચ બચાવવા કચેરીઓમાં નથી બેસતા.

સકળસેન : જો અમે કચેરીઓમાં બેસીએ તો અમારી તથા અમારા અન્ય સેવકોની સેવા માટે બીજા ઘણા દાસ રાખવા પડે.

અકળસેન : અને એનો ખર્ચ રાજ્યના ખજાનામાંથી જાય.

સકળસેન : મહારાજ, જો અમે ખરેખર કચેરીઓમાં બેસીને કામ કરવા મંડીશુંને તો રાજ્ય તકલીફમાં આવી જશે.

કનકનંદન : એ કેવી રીતે?

અકળસેન : મહારાજ, રાજ્ય તરફથી આપે થોકબંધ જનકલ્યાણની યોજનાઓ જાહેર કરી છે.

સકળસેન : જો અમે અને અમારા સેવકો દરેકે દરેક પ્રજાજનને આપની યોજનાઓના લાભ દેવા બેસીશુંને તો રાજ્યનો ખજાનો તળિયાઝાટક થઈ જશે.

અકળસેન : આ તો અમે કચેરીમાં હોતા નથી.

સકળસેન : એટલે પ્રજાજનો અમારી શોધાશોધ કરે છે.

અકળસેન : અડધા ઉપરના તો દોડાદોડી કરી થાકી જાય છે.

સકળસેન : એટલે રાજ્યે એમને યોજનાના લાભ નથી આપવા પડતા.

અકળસેન : જે ખરેખરા જરૂરતમંદ હોય છે એ તો અમને અમારા ઘરેથી પણ શોધી કાઢે છે.

સકળસેન : અને અમે એમને રાજ્ય તરફથી મળતા બધા લાભ આપીએ છીએ.

અકળસેન : મહારાજ, જો આપને એવું લાગતું હોય કે અમે કામચોરી કરીએ છીએ...

સકળસેન : તો કાલથી અમે બમણા જોરથી કામ કરવા માંડીએ.

અકળસેન : પછી જે થાય એની જવાબદારી રાજ્યની.

સકળસેન : બોલો, શું કરવું છે?

કનકનંદન : પ્રધાનજી, બોલો શું કરવું છે?

પ્રધાન : મહારાજ, એમની વાત સાચી છે. જો આ બધાય બરાબર કામે લાગી જશે ને તો આપણે ધર્મસંકટમાં મુકાઈ જશું!

કનકનંદન : તો પછી!

પ્રધાન : જેમ ચાલે છે એમ ચાલવા દો, મહારાજ. ધક્કેલ પંચાં દોઢસો.

કનકનંદન : ઠીક છે. તમારો ખુલાસો અમારા ગળે ઊતરી ગયો છે. તમે હવે જઈ શકો છો.

સકળસેન : મહારાજ, અમારે બધાએ આપને એક નમ્ર નિવેદન કરવાનું છે.

કનકનંદન : બોલો.

અકળસેન : આ દર મહિને અમારે બધાએ રાજદરબારમાં પગાર લેવા આવવું પડે છે એ મોટી તકલીફ છે, એમાં અમારો અને આપનો સમય બગડે છે.

કનકનંદન : તો એમાં શું થઈ શકે ?

સકળસેન : મહારાજ, અમારા સહુની એવી લાગણી છે કે દર મહિને અમને સહુને પગાર અમારા ઘરે પહોંચતો કરવામાં આવે તો સારું.

કનકનંદન : પ્રધાનજી!

પ્રધાન : મહારાજ, એમની માગણી વાજબી છે. એ લોકો, એમની રીતે પૂરેપૂરી કાળજીપૂર્વક રાજ્યના હિતમાં કામ કરી રહ્યા છે.

કનકનંદન : [ઊભા થઈ] તો પછી હું, ભરતપુરનો રાજા કનકનંદન, ઘોષણા કરું છું કે આજથી રાજ્યના તમામ સેવકોને ઘેરબેઠા પગાર પહોંચતો કરવામાં આવશે.

વૃંદ : મહારાજનો જય હો...

કનકનંદન : પ્રજાજનો, તમારી સહુની વિનવણીથી હાથણીમાતાએ કળશ ઢોળી મને રાજા બનાવ્યો છે. તમે છો તો હું છું. તમે સહુ તો મારાં કાર્યોનું બળ છો, મને ટકાવનારી ધરી છો. મારું મન તમારા સહુ માટે ઉદાર છે. તમારા સાથસહકાર અને પ્રેમના પ્રતાપે હું ભરતપુરને વિશ્વના ઇતિહાસમાં ધ્રુવનક્ષત્ર જેવું સ્થિર સ્થાન અપાવવા ઇચ્છું છું.

[વૃંદ 'મહારાજનો જય હો' બોલતાં બોલતાં રાજાની ફરતે ગઢની આકૃતિ રચે છે.]

કનકનંદન : આ ગઢની બહાર મારા પતનનાં કાવતરાં ઘડનારા મારા શત્રુઓ, જ્યાં સુધી આ ગઢ છે ત્યાં સુધી હું હેમખેમ છું. મને ગઢ બનીને રક્ષનારામાં બધા જ આવી જાય છે, બધા જ. એ તમામ લોકો મારી સાથે છે, જેમનામાં ધન-વિલાસ-

વૈભવ અને સત્તા મેળવવાની તસુભાર પણ ઝંખના છે. અને આ દુનિયામાં એવા લોકો ખૂબ ઓછા છે જેમને ધન-વિલાસ-વૈભવ કે સત્તાનો મોહ નથી. હું નિશ્ચિત છું.

[કરુણ આલાપ સાથે હાથણી પ્રવેશે છે. સાથે ગરીબ પ્રજાજનો છે. સહુના હાથમાં હાથણીના ચિત્રવાળાં પ્લેકાર્ડ છે. રાજા ગોળ ફરે છે અને રાજાની પાછળથી સાંઢ પ્રકટ થાય છે. સાંઢ ગઢમાંથી બહાર આવી સહુને ડરાવી હાથમાંના પ્લેકાર્ડ પડાવી લે છે. હાથણી અને ગરીબ પ્રજા ભાગે છે. રાજા ગઢમાંથી બહાર આવે છે. સાંઢ બધાં પ્લેકાર્ડ રાજાને આપે છે. રાજા એ પ્લેકાર્ડને ચાવીની જેમ ગઢમાં લગાડે છે. અને ગઢ ફરતો થાય છે.]

ગીત : [ગઢનું કોરસ ગાય છે.]

જૂઠની ચાવી ચાલે ચાલે સિક્કાની ખનખન,
રાજતંત્રમાં અમે રચ્યું છે દરવાજાનું વન.
સત્તા-વિલાસ-વૈભવ સઘળું ભીતર છે તૈયાર,
નિયમ પ્રમાણે દ્વાર ખોલાવી કરો મનોરથ પાર.
સિક્કા આપો, ઇમાન છોડો, નેવે મૂકો લાજ,
પછી તમારી પડખે રહેશે આ રાજાનું રાજ.
જૂઠની ચાવી ચાલે ચાલે સિક્કાની ખનખન,
રાજતંત્રમાં અમે રચ્યું છે દરવાજાનું વન.

[અટ્ટહાસ્ય કરતું કરતું ગઢનું કોરસ અને રાજા મંચ પરથી જાય છે. અટ્ટહાસ્યના પડઘા યથાવત. માંડણ અને અસાઈત ગાતાંગાતાં પ્રવેશે છે.]

ગીત :

ગઢ બહારના અંધારામાં આંખોમાં અંગાર લઈ,
જીવે લાખ-કરોડો લોકો પીડાનો સંસાર લઈ...
ગઢમાં કાળ વહે જળ થઈને અહીં સમય છે પથ્થર.
ટાઢ તાપ ને ચોમાસું છે, માથે ભૂખનું છત્તર.
ઇતિહાસોમાં ઊથલપાથલ અહીં કશું ન બદલે,
સુખના ઢગલા ગઢમાં થાતા દુઃખ અહીં હર પગલે.
ગઢની ભીંસથી ભરતપુરનો આતમરામ ભીંસાતો,
ભરતપુરની ભીતર સનનન કાળો વાયુ વાતો...

અસાઈત : માણસને ચીરી નાખે એવો હુંકાર છે આ ગઢનો. ગઢના માણસોનો પડકાર તેં સાંભળ્યો, માંડણ? આમની સામે કેમ બાખડી શકાય? જ્યાં સુધી આ ગઢ છે ત્યાં સુધી ભરતપુરનો તો ભગવાન જ બેલી છે.

માંડણ : આનો એક જ ઇલાજ છે, બાપા. એક ઘા ને બે કટકા...

અસાઈત : માંડણ, તને તો મારકાપ જ સૂઝે છે.

માંડણ : તો પછી કર્યે રાખો ભજ ગોવિંદમ્ ને જોયા કરો આમની પાપલીલાઓ. ટીકા કરો, નિસાસા નાખો. ભાંડો આ નફ્ફટ નઘરોળ ગઢને અને પછી સૂઈ જાવ ઘસઘસાટ.

અસાઈત : તો શું તલવારો અને બરછીઓ ચલાવવી છે, તારે? તને ખબર છે ગઢમાં કેટલા માણસો છે?

માંડણ : મને તો એય ખબર છે કે એ લોકો ગઢમાં કેમ છે?

અસાઈત : પણ તને એ નથી ખબર કે એ લોકો અહીં કેમ નથી?

માંડણ : તો શું હું પાવો વગાડીને એમને ગઢમાંથી બહાર લઈ આવું?

અસાઈત : એવો કોઈ પાવો હોય તો વગાડ, માંડણ. છેડ કોઈ એવો સુર કે મોસમ બદલાઈ જાય, ગાંડા, આ બધાં એની જ વાટ જોઈ રહ્યા છે અને પછી જો કે ક્યાં જાય છે આ ગઢ, ગઢનો રાજા અને રાજાનું તંત્ર.

માંડણ : બાપા, મને પાવામાં નહીં આ ડાંગમાં વધારે રસ છે. મને રસ છે એ ઘણમાં કે જે ઘમંડી લોખંડ અને કાળમીંઢ પથ્થરનોય ભુક્કો પાડી દે છે.

અસાઈત : જે સાધનથી જે પ્રાપ્ત કરશો એને ટકાવી રાખવા એ જ સાધન વાપરવું પડશે. ભય અને શક્તિથી જે મેળવાય છે એ ભય અને શક્તિથી જ ટકાવવું પડે છે. માંડણ, મેં હજુ શ્રદ્ધા ગુમાવી નથી. વાત એટલી વણસી નથી ગઈ.

માંડણ : તો પછી જાવ અને અનુભવ કરો રાજાના શઠ તંત્રનો. ને હા, આપણા માટે તો રાજાએ ઢોલ પીટીને યોજના ય જાહેર કરી છે કે દરેક ગરીબ બ્રાહ્મણને ગાય લેવા માટે પૈસા આપવામાં આવશે.

અસાઈત : ગાય મેળવવાની યોજના મારો હક્ક છે, કાંઈ ભીખ નથી. ને મારો હક્ક હું મેળવીને જ રહીશ.

માંડણ : હક્ક, ન્યાય! ભરમ તમારો ભાંગી જાશે બાપા અને હા, જો ગાય મેળવવાની યોજનાના પૈસા તમને નહીં મળે ને તો હું લાવી બતાવીશ.

અસાઈત : કેવી રીતે?

માંડણ : એ તો સમય જ બતાવશે.

[બન્ને જુદી જુદી દિશામાં જાય છે. નેપથ્યમાંથી મદાંધ હસ્તિનીપાળોની બૂમો તથા 'હસ્તિનીપાળ' ગીતની ધૂન સંભળાય છે. છાકટા થયેલા સકળસેન તથા અકળસેન ગાતાંગાતાં મંચ પર પ્રવેશે છે.]

ગીત :

હસ્તિનીપાળ
અમે હસ્તિનીપાળ
અમે એવા રખેવાળ
ગળે ચીભડાં જ્યાં વાડ... હસ્તિનીપાળ અમે...

ખાળે છે ડૂચા, ને ખુલ્લા દરવાજા,
સિંહાસન માથે, ઘોરે હાથીરાજા.
અમે મસ્ત ઉન્મત્ત
દંડ વીંઝી સટ્ટસટ્ટ
ચલ્લ એય બાજુ હટ્ટ... હસ્તિનીપાળ અમે...

સજ્જન જે થાશે, ભૂખે મરી જાશે,
પીંઢારો થાશે, એ શિરોપુરી ખાશે.
અહીં છળ ને કપટ
એ જ રાજની રમત
કોણ હોય સીધું સટ્ટ... હસ્તિનીપાળ અમે...

અસાઈત : [પ્રવેશ] અરે સકળસેનજી, અકળસેનજી, હું તમને ક્યારનોય ગોતી રહ્યો છું.

અકળસેન : કેમ?
સકળસેન : કોણ છે, તું?
અકળસેન : કયા ગામનો છું?
સકળસેન : નાતે કેવો છું?
અસાઈત : બામણ છું. રાજ્ય તરફથી કહે છે કે ગરીબ બામણોને ગાય આપવાની યોજના છે.
અકળસેન : યોજના તો છે, પણ બ્રાહ્મણ ક્યાં?
અસાઈત : હું બ્રાહ્મણ છું.
સકળસેન : લાગતો નથી. માથે પાઘડી પહેરી છે. તારા દરહણ ઉપરથી તું ગરીબે નથી લાગતો. પાઘડી ઉતાર જોઉં!
[અસાઈત પાઘડી ઉતારે છે. માથા પર વાળ છે.]
અકળસેન : એલા, બામણના માથે તો મૂંડો હોય, ચોટલી હોય, કપાળ પર ત્રિપુંડ હોય! રાજ્ય સાથે છેતરપિંડી કરવા આવ્યો છું.
અસાઈત : ના ભાઈ, હું સાચું બોલું છું. હું ખરેખર બામણ છું, ઠગ નથી.
સકળસેન : તો જા. પહેલાં મુંડન કરાવ, ચોટલી રાખ, પછી આવજે હોં. જા.
અસાઈત : પણ યોજના...
અકળસેન : ગરીબ બામણને ગાય આપવાની છે, તું અમને બામણેય નથી લાગતો અને ગરીબે નથી લાગતો. ચાલ, ઘરભેગીનો થા. નહીતર રાજ્ય સાથે છેતરપિંડી કરવા બદલ ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ. [અસાઈત જાય છે.]
અસાઈત : મારા બેટા, ઢોલ પીટીને મોટી મોટી જાહેરાતો કરે છે પણ કાંઈ દેતા નથી. લપોડશંખ છે લપોડશંખ!
[માંડણ બ્રાહ્મણના વેશમાં મંચ પર પ્રવેશે છે.]
માંડણ : [સ્વગત] લાગું છું ને એકદમ સનાતની બ્રાહ્મણ? [પ્રકટ] નારાયણ પ્રસન્ન, બ્રહ્મતેજ વૃદ્ધિ...
સકળસેન : એલા, તું બ્રાહ્મણ છે?
માંડણ : હરિઓમ હરિઓમ. જુઓને માથે મુંડન છે, ચોટલી છે, કપાળે ત્રિપુંડ પણ છે. બીજું વળી શું જોઈએ? હરિઓમ!
અકળસેન : પણ યોજના ગરીબ બામણને ગાય ખરીદવા પૈસા આપવાની છે.
માંડણ : હરિઓમ હરિઓમ! તે તમને હું ગરીબ નથી લાગતો હરિઓમ? આ પહેરીને એ જ એક ધોતી છે મારી પાસે. કહેતા હો તો કાઢું હરિઓમ?
સકળસેન : પણ ભટજી, તમે ગાય લીધી છે એની ખાતરી અમને કેવી રીતે કરાવશો?
અકળસેન : હા, આ તો રાજ્યના પૈસા છે, તમે એ પૈસાથી ગાય જ લીધી છે એની સાબિતી તમારે અમને આપવી પડશે સમજ્યા!
માંડણ : હરિઓમ, હરિઓમ. શ્રીમાન, તમે મને એકવાર ગાયયોજનાના પૈસા તો આપો. સાબિતી હું ઠેઠ તમારા ઘરે પહોંચતી કરી દઈશ હરિઓમ.
સકળસેન : વાહ, આ થઈને વહેવારની વાત. તો ભટજી, લ્યો આ ગાયયોજનાના પૈસા. પણ સાબિતી અમારે ઘેર...
માંડણ : અવશ્ય - અચૂક - ચોક્કસ મોકલી આપીશ હરિઓમ, તમને ખબર છે, મેં ગાય લીધી છે એની સાબિતીરૂપે હું તમારા ઘેર શું મોકલાવીશ હરિઓમ?
અકળસેન : શું દૂધ મોકલશો, ભટજી?
માંડણ : ના હોં હરિઓમ!
સકળસેન : તો પછી ભટજી ઘી મોકલવાના હશો ખરું ને?
માંડણ : ના હોં હરિઓમ!
અકળસેન : તો દૂધપાક પાક્કો!
માંડણ : હરિઓમ. હું છું ને. મેં ગાય લીધી છે એની સાબિતીરૂપે તમારા બેયના ઘેર પોદળો મોકલીશ પોદળો. હરિઓમ!
[માંડણ ભાગે છે.]
સકળસેન : પોદળો! એલા પકડો, આ તો જીવલો ઠગ.
[બન્ને 'હરિઓમ' કરતા ભાગે છે. - પ્રથમ અંક સમાપ્ત]
(આવતા અંકે પૂરું)


અનુસંધાન] રોબી [પૃ. ૬૨૦થી

તેના શબ્દો ગ્લોરિયાના કાને જાણે પડતા ન હોય તેમ એ તો બધા રોબોટમાંથી રોબીને શોધી કાઢવા ચકળવકળ નજર ફેરવતી રહી.

એની નજર થોડેક દૂરના છ-સાત રોબોટો પર પડી. એમનામાંનો એક એને રોબી જેવો લાગતાં જ તે વાતાવરણને ચીરતી એક ચીસ સાથે તેના તરફ ધસી ગઈ - 'રોબી.'

વાતે વળગેલાં ગ્લોરિયાનાં માતાપિતા તથા જનરલ મેનેજર તેની ચીસથી ભડકી ઊઠ્યાં અને તેને આગળ ધસતી જોઈ તેને અટકાવવા દોડ્યાં, પણ તે પહેલાં તો ગ્લોરિયા આગળના ભાગ આડેનો કઠેડો કૂદીને અંદર ધસી ગઈ. એની ઉત્તેજનામાં એને સામેથી ધસ્યું આવતું ટ્રેક્ટર દેખાયું જ નહિ. તે ગ્લોરિયાને ચગદી ન નાખે એટલા માટે જનરલ મેનેજરે ઓવરસીઅરોને સભય સંજ્ઞા કરી, પરંતુ ઓવરસીઅરો માણસો હતા, રોબોટ નહિ. તેઓ કંઈ કરે તે પહેલાં તો રોબી ધસી આવતી ગ્લોરિયાની સામે તેના લોખંડી પગે પૂરી ઝડપે ધસી નીકળ્યો. હાથ લંબાવી ગ્લોરિયાને જકડતો તે આંખના પલકારામાં તો કઠેડાની બહાર કૂદી આવ્યો. રોબી અરધી સેકંડ પણ મોડો પડ્યો હોત તો ગ્લોરિયા હતી ન હતી થઈ જાત. તેનાં માબાપ તેને લાગણીભેર ભેટી પડ્યાં. પણ તેને મન તો રોબી પોતાને મળી ગયો એ જ વધુ મહત્ત્વનું હતું.

જ્યોર્જ વેસ્ટન તેના કપાળ પરનો પરસેવો લૂછી રહ્યો હતો ત્યાં શ્રીમતી વેસ્ટન બોલી ઊઠી : 'ગમે તેમ પણ રોબી જ ગ્લોરિયાનો જીવનરક્ષક હોવાની ના નહિ પાડી શકાય. જ્યોર્જ, રોબીને હવે કાઢી મૂકી નહિ શકાય.' ◘



કાષ્ઠ પર કરેલું ભિત્તિચિત્ર (ચિત્રકાર : સતીશ ગુજરાલ)



તૈલરંગી | 'ઉધો, મન નહિ દસબીસ' | રઝા

ફૂલોનો મહિમા

ડૉ. પ્રિયબાળા શાહ

કુદરતે માનવજાતને ફૂલોની સુંદર ભેટ આપી છે. ફૂલો સુંદર રંગનાં, સરસ દેખાવનાં, મીઠી સુવાસવાળાં, સ્પર્શ કરતાં ઘણાં મૃદુ જણાય છે. જ્યારે ફૂલો આપણી આસપાસ હોય છે ત્યારે વાતાવરણ ખુશનુમા અને સાત્ત્વિક બને છે. તેથી પુષ્પો કામ કરવા માટે સરસ પ્રેરણા આપે છે. કેટલીક વાર ફૂલો અને પાદંડીઓને એકત્ર કરીને રંગબેરંગી હાર પ્રભુ માટે અને સ્ત્રીઓ એવી જ રીતે નાનકડો હાર અર્થાત્ ગજરો કરીને પોતાના અંબોડાને સજાવે છે. આ ઉપરાંત ફૂલના હારના બીજા કેટલાક ઉપયોગો છે જેમ કે પ્રતિમા રંગમંચ, વાસ્તુ જેવા આનંદોત્સવ વખતે આ જગાઓને શોભાવવા માટે વપરાય છે. વરકન્યાના સત્કાર સમારંભમાં વરમાળા પહેરાવવા અથવા કોઈ જાહેર નેતાના સન્માન અથવા કોઈ આધ્યાત્મિક ગુરુ વગેરેના પૂજનમાં પણ ફૂલોના હાર ઉપયોગમાં લેવાય છે. આ પ્રમાણે ફૂલો દ્વારા સામેની વ્યક્તિ પ્રત્યે આદર અથવા એકબીજાં પ્રત્યેનો પ્રેમ-અહોભાવ બતાવવામાં આવે છે. તેવી જ રીતે આદર માટે મૃતદેહ ઉપર, શબપેટી ઉપર ફૂલ મૂકવામાં આવે છે. આ ક્રિયા પણ તેમના પ્રત્યેના પ્રેમ-આદર બતાવવા માટે હોય છે.

આજની ભારતીય નારી પોતાના અંબોડામાં કે વાળની લટમાં ફૂલની સજાવટ કરે છે. પરંતુ પ્રાચીન સમયમાં ફૂલનો ઉપયોગ આથી વિશેષ થતો, જેમ કે શિરીષનાં પુષ્પને કાનમાં કુંડળની જેમ ધારણ કરવામાં આવતાં રંગબેરંગી પુષ્પો જેવાં કે મલ્લિકા, યુથિકા, ચમ્પક, જાસુદ જેવાં બીજાં પણ ફૂલોનો ઉપયોગ હાર પહેરવા માટે તેની માળા કરાતી. દોરી વડે તેને ગૂંથીને તેના કંકણ કે બાજુબંધ તરીકે સ્ત્રીઓ તેનો ઉપયોગ કરતી.

સ્ત્રીઓ આભૂષણની જેમ પુષ્પોનો ઉપયોગ કરતી તેનાં વિપુલ વર્ણનો સંસ્કૃત કવિ કાલિદાસનાં મહાકાવ્યો, નાટકોમાંથી મળી આવે છે. કવિ કાલિદાસના ગ્રંથોમાં તો પુષ્પોનો ઉપયોગ વૈવિધ્યથી ભરપૂર જણાય છે. તેવી જ રીતે જુદાં જુદાં કવિઓ પણ પોતાની કૃતિઓમાં પુષ્પોનો અલંકાર તરીકેનો ઉપયોગ વર્ણવે છે. પુરુષોને ફૂલોનો ઉપયોગ કરવો ગમે, પરંતુ તેઓ માત્ર એક ફૂલ સિવાય વધારે ફૂલોનો ઉપયોગ કરવા અશક્તિમાન હોઈ પોતાના કોટ કે ખમીસના ગાજમાં માત્ર એક જ ગુલાબ ખોસી શકે. ધીરે ધીરે ગૃહસુશોભન, કચેરીઓમાં શોભા માટે ફૂલદાનીમાં ફૂલ રાખવાનો ચાલ વધતો જાય છે.

આપણને ફૂલો ગમે છે તેમ આપણી પ્રજાને દેવને પુષ્પો ચઢાવવાનો આનંદ આવે છે. દેવો પુષ્પોથી રાજી થાય છે. જુદા જુદા દેવો માટે જુદી જુદી જાતનાં ફૂલો સામાન્ય રીતે નક્કી થયેલાં છે. વૈષ્ણવો પોતાના દેવને સુગંધિત પુષ્પો અર્પણ કરે છે. આ દેવો માટે રંગબેરંગી પુષ્પોની માળા બનાવીને દેવને પ્રેમથી પહેરાવવામાં આવે છે એટલે જ ભગવાન કૃષ્ણ વનમાળી તરીકે પણ ઓળખાય છે. અને તેમની માળા તે વનમાળા. શિવ ભગવાનને કરેણનાં પીળાં ફૂલો પ્રિય છે. હનુમાનને આકડાનાં ફૂલનો હાર અર્પવામાં આવે છે. પરંતુ જૈનો તેમના તીર્થંકરને કદી ફૂલોનો હાર પહેરાવતા નથી. તેઓ છૂટાં ફૂલ અર્થાત્ અવિંધ્ય પુષ્પો ભગવાનને અર્પણ કરે છે. મુખ્યત્વે દેવને માટે જાસુદનાં લાલ ફૂલ વધુ પસંદ કરે છે. ભદ્રકાળી માતાના મંદિર પાસે કમળનાં ફૂલ મુખ્યત્વે ધ્યાન ખેંચે છે. લક્ષ્મીજીને કમલાસનમાં જ આપણે જોઈએ છીએ.

હિંદુ તેમજ બૌદ્ધ દેવોની મૂર્તિઓના કેટલાકના હાથમાં કમળપુષ્પ જણાય છે. જેમ કે હિંદુ દેવદેવીઓ વિષ્ણુ, લક્ષ્મી, પાર્વતી, મહી (પૃથ્વી), ઈન્દ્ર, સૂર્ય, ચંદ્ર, કુબેર (ધનપતિ) ઉપરાંત બૌદ્ધ પદ્મપાણિનું અજન્તાનું ચિત્ર જગમશહુર છે.

આ દેવોના સાન્નિધ્યમાં કમળ શેનું પ્રતીક છે અને તેનો અર્થ શો થાય તે સમજવા પ્રયત્ન કરીએ. કમળ જુદા જુદા દેવોના સાન્નિધ્યમાં જુદાં જુદાં પ્રતીકો ધારણ કરે છે.

વિષ્ણુની નાભિમાંથી કમળ ઉત્પન્ન થાય છે તેથી મહી (પૃથ્વી)નું પ્રતીક ગણાય છે. કમળની દાંડીને મેરુ પર્વત તરીકે ઓળખવામાં આવે છે. અર્થાત્ મેરુ પર્વતની જેમ તેની મજબુતાઈ કે દૃઢતા વ્યક્ત કરે છે. વિષ્ણુ ભગવાનના હાથમાં કમળ હોય તો તે જળનું પ્રતીક બને છે. લક્ષ્મીના હાથમાં કમળ ધનસંપત્તિ વ્યક્ત કરે છે. પાર્વતીના હાથમાં કમળ વૈરાગ્ય અને ધરતીમાતાના હાથમાં કમળ ધનઅર્થનું પ્રતિબિંબ છે. ઈન્દ્રના હાથમાં રહેલું કમળ સમૃદ્ધિ બતાવે છે. ચંદ્ર (સોળ)ના હાથમાં રહેલું કમળ આનંદ અને ઉદારતા રજૂ કરે છે. કુબેરના હાથમાંનું કમળ ધન અથવા ધનની કોથળી વ્યક્ત કરે છે. ભગવાન સૂર્યનાં હાથમાંનું કમળ ઊગતા સૂર્યનાં કિરણોનું વર્તુળ વ્યક્ત કરે છે. સૂર્ય ઊગે ત્યારે કમળ ખીલે છે અને સૂર્ય આથમે ત્યારે કુદરતી રીતે જ કમળ બિડાઈ જાય છે. અર્થાત્ પૂરું ખીલેલું કમળ ઊગતા સૂર્યનું પ્રતીક છે અને બિડાએલું કમળ સાંજનું પ્રતીક મનાય છે. આ રીતે કમળ જુદા જુદા દેવોની સાથે જુદાં જુદાં સંકેતચિહ્નો વ્યક્ત કરે છે. પરંતુ કમળનું પુષ્પ જયારે સ્વતંત્રપણે એકલું હોય ત્યારે તે સમગ્ર વિશ્વનું પ્રતીક બને છે.

હિંદુ કલ્પના પ્રમાણે પાણી-જળ 'માદા'નું પ્રતીક છે. તેનામાં સંપૂર્ણપણે પેદા કરવાના ગુણ છે. માટે તે માતા. વિશ્વનું પ્રતીક કમળ પ્રજનનની ઈન્દ્રિય છે. તે સર્જનહાર બ્રહ્માને જન્મ આપવા ખીલે છે. સમગ્ર વિશ્વને આવરી લેતાં કિરણોનું પ્રતીક કમળ તે પૃથ્વીનો ભાવ કે તેનું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ છે તેથી તેને 'ભેજ-ભીનાસની દેવી' અથવા 'પૃથ્વીદેવી' કહેવામાં

આવે છે. તેમજ માતૃકાદેવીના પ્રતીક તરીકે તે રજૂઆત પામે છે. કોઈ પણ જાતના પ્રતિબંધ વગર કમળનું સ્વતંત્ર નિર્માણ થાય છે. આ દેવીનું અસ્તિત્વ વેદના સમયમાં જણાયું ન હતું.

આ દેવીના અસ્તિત્વનો સૌપ્રથમ પુરાવો ઋગ્વેદની પાછળની ઋચાઓમાંથી મળી આવે છે. લગભગ ૨૯ જેટલા શ્લોકોમાં તેનું વર્ણન અને મહિમા બતાવેલો છે.

કમળની દેવી શ્રી અને લક્ષ્મી એમ બે નામથી ઓળખાય છે. કમળના પ્રતીક સાથે અનેક રીતે સંકળાયેલી આ દેવીના વિવિધ નામો છે. જેમ કે 'કમળમાંથી ઉત્પન્ન થયેલી' માટે પદ્મસંભવા તરીકે તેની સ્તુતિ થાય છે. 'કમળ ઉપર ઊભેલી' માટે પદ્મસ્થિતા, 'કમળના જેવા વર્ણવાળી' અર્થાત્ પદ્મવર્ણા, 'કમળના જેવી આંખો'વાળી એટલે પદ્માક્ષી, 'કમળોની વિપુલતા'થી 'પદ્મિની પુષ્પકર્ણા, 'કમળના હારથી શોભતી' માટે પદ્મમાલિની વગેરે વગેરે. આ દેવી સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય, સમૃદ્ધિ, સંતતિ અને કીર્તિ આપે છે. તે હરિવલ્લભા અને વિષ્ણુપત્ની તરીકે જાણીતી છે.

કેટલીક દેવીઓ મનુષ્યાકારમાં પ્રતિબિંબિત થાય છે, પરંતુ તેમનું વાહન પશુનું હોય છે. આ દેવી જ માત્ર કમળના પુષ્પ ઉપર ઊભેલી કે બેઠેલી બતાવવામાં આવે છે. આ દેવી કમળ સાથે સંકળાયેલી છે તેથી અચૂક વિષ્ણુની સાથે ક્ષીરસાગરમાં તેનો વાસ જણાય છે.

દેવી જેને કમળ પ્રિય છે તે પદ્મપ્રિયા બૌદ્ધસ્તૂપો તેમજ શિલ્પોમાં જોવા મળે છે. જેમ કે સાંચી અને ભારહુત (ઈ.સ.પૂ. પ્રથમ સૈકો)ના દરવાજા, કઠેડાઓ ઉપર વિપુલ પ્રમાણમાં પદ્મપ્રિયાને કંડારેલી જોઈએ છીએ. ભારહુતના શિલ્પની આકૃતિ-૧માં તે વિશિષ્ટ પ્રકારની દેહાવસ્થામાં જણાય છે. જેમાં બે હાથી પાણીથી ભરેલા કુંભથી દેવી (પદ્મપ્રિયા) ઉપર જળનો અભિષેક કરે છે. આ દેવીની આસપાસ પાંચ પૂર્ણ વિકસિત કમળો છે. આ ફળદ્રુપતાની દેવી 'ગજલક્ષ્મી' (હાથીઓની દેવી) મૃદુ હાસ્ય કરે છે. અને તેનો જમણો હાથ તેના સ્તન ઉપર છે, જેને માતૃત્વના અભિનયના પ્રતીક તરીકે ઓળખવામાં આવે છે.

આકૃતિ - ૨માં કમલાસન ઉપરથી લક્ષ્મીને દૂર કરીને તે સ્થાન ઉપર બ્રહ્મા બિરાજેલા જોઈ શકાય છે. પદ્મપ્રિયા (લક્ષ્મી) વિષ્ણુભગવાન - અનન્તશાયિન પાસે બેઠેલા છે. તે પણ વિષ્ણુપ્રિયાની જેમ ભગવાનના પગ પાસે છે. વિષ્ણુની નાભિમાંથી કમલ ઉત્પન્ન થાય છે અને કમળમાંથી બ્રહ્માનો જન્મ થાય છે. આ રીતે બ્રહ્માએ લક્ષ્મીનું આસન પ્રાપ્ત કર્યું છે. છતાં પણ કમળની સર્વોપરિતા સૈકાઓથી જળવાઈ રહી છે. તેનું પ્રમાણ વેદ અને પ્રાક્‌વેદની પ્રણાલીમાં જોઈ શકાય છે. બૌદ્ધ ઈમારતોમાં સ્પષ્ટપણે તે કલાસ્વરૂપે સર્વત્ર જણાય છે. આજે પણ તે આપણી (પૂર્વની) સંસ્કૃતિમાં સર્વશ્રેષ્ઠ શક્તિ છે. એક દંતકથા છે કે હિંદુ રાજાઓ પોતાની પટરાણી અને બીજી રાણીઓ સાથે લગ્ન કરે ત્યારે શ્રીલક્ષ્મી સાથે પણ લગ્ન કરતા કારણ શ્રીલક્ષ્મી સાથે રાજાનું પ્રારબ્ધ અને સંપત્તિ જોડાયેલાં છે માટે જ રાજા લક્ષ્મીને 'રાજલક્ષ્મી' તરીકે સાચવે છે. જો રાજા તે તરફ બેદરકાર રહીને તેનો (લક્ષ્મીનો) ત્યાગ કરે તો રાજા પોતે જ પોતાનું રાજ ગુમાવે તે નક્કી છે. રાજાનું ઐશ્વર્ય લક્ષ્મીમાં જ રહેલું છે.

ઈ.સ.પૂ. ત્રીજા સૈકાની પકવેલી માટીની એક સુંદર આકૃતિ-૩ જેને કમળની દેવી કહી શકાય તેવું તેનું પ્રાથમિક કક્ષાનું ઘડાયેલું સ્વરૂપ વૈશાલિમાંથી મળી આવ્યું છે. તે દેવી કમળની બેઠક ઉપર ઊભેલી છે. ખીલેલાં કમળો તેની બંને બાજુએ દૃષ્ટિગોચર થાય છે. ઉપરાંત કમળની કળીઓ તેની બાજુમાં છે. તેના અલંકારોમાં હાથના ઉપરના ભાગમાં બાજુબંધ અને મૌક્તિક જડિત કંકણો છે.

આ અલંકારો સામાન્ય રીતે હિંદુ અલંકારો છે. તેવા અલંકારો બીજી શિલ્પાકૃતિઓમાં પણ જોઈ શકાય છે. છતાં ધ્યાન ખેંચે તેવું લાક્ષણિક પ્રાણી 'હાથી' આ 'ટેરાકોટા'માં જણાતું નથી. પરંતુ હાથીને બદલે તેની બંને બાજુએ પાંખો છે જે ભારત માટે નવાઈ પમાડે તેવું લક્ષણ છે. સામાન્ય રીતે દેવ-દેવીઓને પાંખો હોવી તે પાશ્ચાત્ય લક્ષણ કે પરંપરા છે; જે હિંદુ દેવો, ગાંધર્વોમાં હોતું નથી. માત્ર ગરુડની આકૃતિમાં પાંખો જણાય છે જે વિષ્ણુનું વાહન છે. ભારતીય આકાશી પદાર્થો કે દિવ્ય પુરુષો કે સ્ત્રીઓ (દેવાંગનાઓ) અવકાશમાં તરતાં જણાય છે. તેમને કોઈ પણ જાતનો આધાર કે પાંખો જણાતાં નથી અથવા તેઓ તેમનાં દિવ્યવાહનોમાં ફરતાં જણાય છે. પ્રાચીન મેસોપોટેમિયાની શિલ્પકલામાં સ્વર્ગીય રક્ષકદેવતાને રૂઢિથી પાંખોયુક્ત બનાવવામાં આવે છે. ભારતીય દૈવી આકૃતિઓ ઉપરના નિયમથી તદ્દન જુદી તરી આવે છે. ગ્રીકની વિજયની દેવી કે ખ્રીસ્તી દૂતોની અસર પ્રમાણે દૈવી અસરયુક્ત આકૃતિઓને પાંખો હોવી જરૂરી છે.

માત્ર કમળ પદ્માદેવીના પ્રતીક તરીકે મૂકવામાં આવે છે. જ્યાં દેવી પ્રત્યક્ષ હાજર ના હોય ત્યાં અચૂક કમળ હોવું જરૂરી છે. કેટલાંક દેવ-દેવીની મૂર્તિઓના હાથમાં કમળ હોય છે. જેમ કે પદ્મહસ્ત, પદ્મપાણિ, મહાયાન બૌદ્ધ સંપ્રદાયમાં મહત્ત્વના બોધિસત્વ કે જે બુદ્ધ ભગવાનનું અમરપણું પામેલા છે તે પદ્મપાણિ બોધિસત્વ તેમનો જમણો હાથ વરદમુદ્રામાં અને ડાબો હાથ કમળને ધારણ કરે છે.

બુદ્ધની જન્મપત્રિકામાં માયાદેવી કમળ ઉપર ઊભેલાં કે બેઠેલા બતાવેલાં છે. તેમાં ગજરાજો કળશમાંથી જળનો અભિષેક કરતાં હોય કે ના હોય પણ દેવી તો કમળ ઉપર જ જણાય છે.

ઈ.સ.ના ત્રીજા સૈકા પછી આવી આકૃતિઓ હિંદુ દેવી શ્રી કે લક્ષ્મીના નામે અચૂક રજૂ થાય છે. પરંતુ જૈન તેમજ બૌદ્ધ પરંપરામાં તે ખાસ જણાતી નથી. અવલોકિતેશ્વર (અજન્તા

ગુફા નં.૧) મહાન બોધિસત્વના હાથમાં વાદળી કમળ જણાય છે. આ બોધિસત્વનું ચિત્ર ખૂબ જ આકર્ષક અને મનોહારી છે. તેનો ગૂઢાર્થ એવો કરવામાં આવે છે કે જગત જે કાંઈ આપી શકે છે તે ગુણોથી ભરપૂર, આનંદ આપનાર છે. બૌદ્ધ પ્રણાલીમાં પદ્મપાણિ કે અવલોકિતેશ્વરમાં વિરોધાભાસી ગુણો જણાય છે. તે વિષ્ણુની જેમ માયા ઉપર કાબૂ ધરાવનાર અને તેને ઇચ્છાનુસાર દિવ્યશક્તિ ધારણ કરતાં બતાવે છે. હિંદુની નકલ થયેલી એવી પદ્મપાણિની મૂર્તિ ચીની બૌદ્ધ દેવી kwan-yin અને જપાનની kwannon છે. ભારતથી આટલા દૂરના પૂર્વના દેશોમાં પણ બોધિસત્વનું સ્ત્રીસ્વરૂપ પ્રચલિત છે તેનો આ લાક્ષણિક નમૂનો છે.

પૌરાણિક કથાઓ તેમજ હિંદુ અને બૌદ્ધધર્મમાં કમળ-પુષ્પનું સ્થાન મહત્ત્વનું છે.

હવે કમળ પછી બીજું મહત્ત્વનું પુષ્પ ચંપક કે ચંપા વિશે વિચારીએ. ચંપાનું ફૂલ દેખાવમાં સુંદર છે. તેનો સુવર્ણ જેવો આછો પીળો રંગ, મધુર સોડમ તે પણ આછી મૃદુ અને માદક. આ ચંપાનું ફૂલ માતૃકા દેવીઓને વધારે પસંદ છે એમ મનાય છે. કૃષ્ણની પ્રેયસી રાધિકાને ચંપકવર્ણી કહી છે અર્થાત્ તેના શરીરનો વર્ણ ચંપાના ફૂલ જેવો આછો પીળો હોવાને કારણે ચંપકવર્ણી શબ્દ પ્રયોજાયો છે. ચંપા અંગેની એક રસપ્રદ માન્યતા અહીં નોંધવી અસ્થાને નહીં ગણાય :

'ચંપા તુજ મેં તીન ગુણ
રૂપ રંગ ઔર બાસ
તુજમેં અવગુણ એક હૈ
ભ્રમર ન આવે પાસ.'

ભ્રમરો સામાન્ય રીતે દરેક પુષ્પની આસપાસ મધ ચૂસવા ઊડતા હોય છે, પણ ચંપાથી દૂર રહે છે. આપણે જોયું કે ચંપાના સુંદર ફૂલની સુવાસ, દેખાવ અદ્‌ભુત છે, છતાં ભ્રમરો ચંપાની પાસે આવતા નથી.

સ્વર્ગીય વૃક્ષ દેવતરુ પાંચ પ્રકારનાં માનવામાં આવે છે. તેનાં નામ આ પ્રમાણે છે : મંદાર, પારિજાતક, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન. કામદેવ પણ પોતાના બાણમાં પાંચ પુષ્પનો ઉપયોગ કરે છે. યુવાનોનાં હૃદયને પોતાના પંચપુષ્પના બાણથી ભેદીને કામદેવ પોતાના અસ્તિત્વની જાણ પ્રેમીઓને કરે છે. પારિજાતનું પુષ્પ સ્વર્ગીય છે. સમુદ્રમંથન વખતે આ પારિજાતનું દૈવી વૃક્ષ ઉત્પન્ન થયું હતું; ઇન્દ્રે તે લઈ લીધું પછી તે કૃષ્ણ પાસે આવ્યું. કૃષ્ણ ભગવાને પોતાની પટરાણી સત્યભામાને આ પારિજાતનું પુષ્પ આપ્યું. તેથી રૂક્મિણી ઈર્ષાથી ગુસ્સે થઈને રિસાઈ ગયાં. આ પ્રસંગને અનુલક્ષીને કવિઓએ 'રૂક્મિણીનું રુસણું' નામનું કાવ્ય રચ્યું છે તે સુપ્રસિદ્ધ છે.

જે પશુને બલિદાન માટે તૈયાર કર્યાં હોય તેને રાતાં પુષ્પનો હાર પહેરાવવામાં આવે છે. આવાં રાતાં પુષ્પોનો મહિમા ભારતીય ધર્મો અને સમાજમાં અદ્વિતીય છે. દરેક ધર્મ પછી તે હિંદુ હોય કે મુસ્લિમ, પારસી, શિખ, ખ્રિસ્તી, યહૂદી વગેરેમાં ફૂલનું સ્થાન અજોડ છે. ફૂલને પ્રેમસંબંધ અથવા શિષ્ટાચાર અથવા પૂજનીય ભાવ સાથે જોડવામાં આવે છે.

પુષ્પોનું મહત્ત્વ દર્શાવતી એક લોકકથાનું બયાન ટૂંકમાં નીચે કરવામાં આવ્યું છે.

કમળ ખીલવાની ઋતુ ન હતી છતાં ગામની બહારના સરોવરમાં બે કમળ ખીલ્યાં હતાં. રાજાની દૃષ્ટિ તે બે કમળ ઉપર પડી. રાજાની ઇચ્છા આ કમળ ભગવાન બુદ્ધને અર્પણ કરવાની હતી, જેઓ ગામની બહાર પધારવાના હતા. તે જ પ્રમાણે બીજા વણિકની નજર સમય બહારનાં ખીલેલાં કમળ ઉપર પડી. તેને પણ બુદ્ધ ભગવાનના ચરણે આ કમળ અર્પણ કરવાનો સુઅવસર પ્રાપ્ત થતાં આનંદ વ્યાપી ગયો. રાજા તેમજ વણિકે માળી પાસે જઈને કમળની માગણી કરી. તેનું મૂલ્ય માળી જે કહે તે આપવા તત્પરતા બતાવી. પછી તો બંને વચ્ચે ચડસાચડસી થઈ અને અધિક ધન એકબીજાથી વધુ આપવા તૈયાર થયા. માળીને સમજાતું ન હતું કે આ બંને અઢળક ધન કમળ મેળવવા શા માટે આપે છે? તેથી તેણે વિનંતીપૂર્વક તેનું કારણ પૂછ્યું. તેઓએ કહ્યું કે આ અમૂલ્ય કમળ ભગવાનના ચરણે ધરીને પોતે ધન્ય થવા માગે છે. માળી મૂંઝાઈ ગયો. રાજા કે વણિક કોઈને ના કહી શકે તેમ ન હતો. કારણ બંને એકએકથી વધુ રકમ કમળ માટે આપવા તૈયાર થયા હતા. એક પળ માટે માળી શાંત રહ્યો. પોતે વિચારવા લાગ્યો કે આ બંને ભગવાન પાસેથી આશીર્વાદ પ્રાપ્ત કરવા આ બે પુષ્પો માટે અધિક મૂલ્ય આપવા તૈયાર થયા છે માટે સારો રસ્તો એ જ છે કે 'હું આ પુષ્પો વેચવાને બદલે જાતે જ ભગવાન બુદ્ધને અર્પણ કરી આવું. આ ફૂલો અમૂલ્ય છે.

બીજો દાખલો ઉપરના દાખલાથી કાંઈક અંશે જુદો છે. ખાનગી ઉદ્યાનમાં એક સુંદર ગુલાબ ખીલ્યું હતું તે પણ ઋતુ બહારનું હતું. અહીં પણ બે ગ્રાહકો ફૂલ ખરીદવા તેનું મૂલ્ય વધારતા જ રહ્યા. આ ફૂલ પણ ભગવાન માટે જ ખરીદવાનું હતું. સામસામી હોડમાં ફૂલનું મૂલ્ય વધતાં ગુલાબ વધુ કીમતી બન્યું. આખરે તેમાંના એક ઘરાકે ફૂલના માલિક પાસેથી ખરીદ્યું. આ ભક્ત કીમતી ગુલાબ લઈને મંદિરમાં જઈ પૂજારીને સૂચના આપવા લાગ્યો કે આ સુંદર અને મોંઘું ગુલાબ ઋતુબહાર ખીલેલું છે. તેને પ્રભુના મસ્તક ઉપર મૂકવું જેથી ભક્તો આવા સુંદર ગુલાબને જોઈ શકે. વળી, તેનું મૂલ્ય પણ અમૂલ્ય છે. અને આ ગુલાબ ઘણી મુશ્કેલીથી, ખૂબ ધન આપીને મેં પ્રાપ્ત કર્યું છે. નિયમ પ્રમાણે પૂજારીએ પ્રભુને વસ્ત્ર-અલંકાર વગેરેથી સજાવ્યા અને છેવટે આ કીમતી ગુલાબને પણ પ્રભુના મસ્તક ઉપર મૂક્યું. ભગવાન આ ભારે ગુલાબને કારણે પોતાની ડોક સરખી રાખી શકતા ન હતા. વારેવારે ડોક નમાવી દેતા

હતા. પૂજારીએ હળવેથી પ્રભુને પૂછ્યું, 'હે પ્રભુ, તમે તમારી ડોક કેમ નમાવી દો છો?' ભગવાન કહે, 'તેં મારા મસ્તક ઉપર મોંઘું ફૂલ મૂક્યું છે તે મને બોજારૂપ છે માટે તું તે ફૂલ ખસેડી દે તો સારું. તેનો ભાર મારાથી સહન થઈ શકતો નથી.' પૂજારીએ તે ફૂલ મસ્તક ઉપરથી હટાવી દીધું. ભગવાન પણ મસ્તક ઉપરનો બોજો હટી જતાં ખૂબ ખુશ થઈ ગયા અને સ્વસ્થતાપૂર્વક સ્થિર ઊભા રહ્યા. ભગવાન કહે, આ મોંઘું ફૂલ ઘમંડી પુરુષનું હતું; સાચા ભક્તનું નહોતું. ભગવાનને ભક્ત તરફથી મળેલી સાદી અને પ્રેમભરી ભેટનું મૂલ્ય છે, નહીં કે ઘમંડીની ભેટ!

ભર્તૃહરિના નીતિશતકમાં ફૂલ અંગે સુંદર શ્લોક છે, જેમાં ફૂલોની સ્થિતિ બતાવેલી છે -

कुसुम स्तबकस्येव द्वे गतीस्तो मनस्विनाम् ।
मूर्धनी वा सर्वलोकस्य विशीर्यंते वनेऽथवा ॥

પુષ્પના ગુચ્છની દશા લોકોની જેમ બે પ્રકારની છે, કાં તો મસ્તક ઉપર (લોકોના) અથવા જંગલમાં ફેલાયેલા (જ્યાં કોઈ ફૂલની દરકાર કરતું નથી) અર્થાત્ કાં તો મસ્તક ઉપર અને કાં તો પગ તળે. (અર્થાત્ ફૂલોનો આદર થાય છે અથવા ફેંકી દેવાય છે.)

દક્ષિણ ભારતમાં ભક્ત પ્રભુને ફૂલનો હાર ધરાવીને તેને પ્રસાદી તરીકે પરત આપવાનો રિવાજ છે. સામાન્ય રીતે ભક્ત જ્યારે પ્રભુનાં દર્શન કરવા જાય ત્યારે પ્રભુને અર્પણ થયેલું પુષ્પ કે પત્તી (બિલીપત્ર) પ્રભુની પ્રસાદી તરીકે પોતાના ગજવામાં રાખે છે. તેને માટે ખાસ શબ્દ 'નમન' છે. 'નમન'ને શુકન તરીકે રાંખવામાં આવે છે.

હવે ગુલાબના ફૂલ વિશે વિચારીએ -

ગુલાબનું ફૂલ આપણું પ્રાચીન પુષ્પ નથી. તે ઘણું પાછળથી પરદેશીઓ (કદાચ મુસલમાનો) સાથે આવ્યું હશે. છતાં પણ ગુલાબના ફૂલને વણી લેતી કેટલીક કહેવતો આપણે ત્યાં છે, જે સમાજનું પ્રતિબિંબ પાડે છે. તેમાંની કેટલીક નીચે પ્રમાણે છે :

(૧) કાંટા વગરનું ગુલાબ (કોઈ પણ જાતની મુશ્કેલી વગરનું સુખી જીવન)

(૨) જિંદગી કાંઈ ગુલાબ જેવી નથી. (જિંદગી સરળ અથવા ગુલાબ જેવી આકર્ષક નથી. તેમાં માણસને ઊતરચઢ આવતી હોય છે.)

(૩) ગુલાબને પોતાના કાંટા હોય છે. (દરેક સમાજમાં ગંદકી તો હોય છે જેમ કે કાગડા બધે કાળા - કાશ્મીરમાં જુઓ કે મદ્રાસમાં)

(૪) જિંદગી ગુલાબની શય્યા નથી. (કોઈની જિંદગી સરળ જતી નથી. હંમેશાં મુશ્કેલીઓ તો આવવાની જ.

સામાન્ય રીતે ભારતમાં ફૂલવાડી બહુ ઓછી છે. હવે કાંક ફૂલોનો શોખ વધવા લાગ્યો છે. તેથી ફૂલોનો ઉપયોગ ખૂબ છૂટથી થાય છે. ભગવાનને હાર પહેરાવાય, પ્રસંગે પ્રસંગે અતિથિઓને હાર તેમના પ્રત્યેના આદર માટે અર્પણ કરાય છે. ભારતીયોને પુષ્પો ખૂબ પ્રિય છે. જ્યારે કુદરતી પુષ્પો ના મળે ત્યારે સુશોભન માટે કૃત્રિમ ફૂલો સાચાં લાગે તેવાં બનાવીને તેનો ઉપયોગ કરાય છે. હવે તેવાં પુષ્પો બજારમાં પણ વેચાય છે. ઐતિહાસિક કથા પ્રમાણે મોગલ બાદશાહ જ્યારે ગુજરાતમાં આવ્યો ત્યારે સાચાં ફૂલોના અભાવને કારણે કૃત્રિમ ફૂલો સાચાં લાગે તેવાં બનાવીને બગીચો બનાવવામાં આવ્યો હતો. જોનાર પણ છેતરાઈ જાય. આ બગીચો સુંદર અને નૈસર્ગિક જણાતો હતો તેથી બાદશાહ પોતે પણ છેતરાઈ ગયો અને સાચો સુંદર ઉદ્યાન માનીને ખુશખુશાલ થઈ ગયો.


ઋગ્વેદની કેટલીક ઋચાઓમાં પ્રાકૃતિક દેવોનાં વર્ણનો છે. અથર્વવેદમાં ફૂલોનો ઉપયોગ જાદૂમંત્ર કે વશીકરણ (આકર્ષવા) માટે બતાવેલો છે. ત્યાર બાદ ભારતીય સાહિત્યમાં કદાચ કાવ્યો અને નાટકોમાં તથા સુરુચિવાળા ગદ્યસાહિત્યમાં ફૂલો અંગેના ઘણા ઉલ્લેખો મળી આવે છે તે ફૂલો પ્રત્યેનો લોકોનો પ્રેમ બતાવે છે. યહુદી સાહિત્યમાં વનસ્પતિસૃષ્ટિના ઘણા ઉલ્લેખો મળી આવે છે. તેમાં પણ કમળ અને ગુલાબનાં ભરપૂર વર્ણનો પ્રેમપૂર્વક કરેલાં છે. પર્શિયામાં પણ ત્યાંના સાહિત્યમાં ફૂલોના ઉલ્લેખો વિપુલ પ્રમાણમાં જણાય છે. પહલવી સાહિત્યમાં દરેક ફૂલને પવિત્ર ઈશ્વર સમાન આદર સાથે દર્શાવેલ છે. તેવી જ રીતે આફ્રિકાની કેટલીક જાતિઓમાં વિચિત્ર એવો અર્થ તારવવામાં આવે છે કે કોઈ પણ મુસાફર જંગલી પુષ્પો ચૂંટીને લે તો તેને માટે કોઈ પણ જાતના વખાણને બદલે તેની ગણના દિવાના કે ચક્રમ તરીકે થાય છે. આ આફ્રિકાની જાતિ મુસલમાન, ખ્રિસ્તી કે યહૂદીથી ભિન્ન છે. ભારતીય પુષ્પોનો ખૂબ આદર કરે છે. તેનાથી આફ્રિકાની અમુક જાતિની વિરુદ્ધની માન્યતા નોંધપાત્ર છે.

ટૂંકમાં, ફૂલોનો અનેકવિધ ઉપયોગ અને મહિમા આપણે જોયો. પરંતુ આયુર્વેદનો ઉલ્લેખ પણ અહીં કરવો જરૂરી જણાય છે. જેમ કે 'સુમનાઃ સુગંધિત સ્યાત્' આ પ્રમાણેનો ઉલ્લેખ આયુર્વેદના 'અષ્ટાંગ હૃદય'માં જણાય છે. મતલબ કે સુમન એટલે ફૂલ તેની માળા કરીને પહેરવી અર્થાત્ શરીર પર ફૂલ ધારણ કરવાં, ફૂલો સુંઘવાં, ફૂલોની ભરેલી ફૂલદાની ઘરમાં રાખવી, જેથી વાતાવરણ સુગંધિત બને છે અને તે સ્વાસ્થ્ય માટે ઘણું ઉપયોગી છે. ફૂલોની સુગંધ સૌને ગમે છે કારણ તે સુખદાયી છે, પ્રસન્નકર છે. મનનું-શરીરનું આરોગ્ય સુધારનાર છે. સુગંધ સાત્ત્વિક હોવાથી મનને આરોગ્ય આપે છે. મનના રોગોનું કારણ એવા તમોગુણને ફૂલોની સુગંધી હટાવે છે. પ્રાચીન યુગથી આપણે ત્યાં યજ્ઞોનું મહત્ત્વ હતું તેમાં વપરાતાં સુગંધી દ્રવ્યોથી વાતાવરણ મહેકી ઊઠતું તે સ્વાસ્થ્યપ્રદ હતું તેનો ઉલ્લેખ અત્રે કરવો જરૂરી છે. □

તિબેટી 'બુદ્ધિઝમ'ની ઝાંખી

સંમુખ સાગરમઠ-૬

—— પ્રીતિ સેનગુપ્તા ——



તિબેટની સફર બધી રીતે મોંઘી હતી - પૈસાની રીતે, સમયની રીતે. એ દરમિયાન મારે જરા પણ સમય બગડવા દેવો ન હતો - માંદા પડીને નહીં, થાકી જઈને નહીં. તેથી જ, લ્હાસામાંની પહેલી રાતે તાવ આવી ગયો એટલે ચિંતા થવા માંડેલી. સ્થાનની પારલૌકિક ઊર્જાને ચૂપચાપ વિનવ્યા કરેલી.


મને અપનાવે તે પહેલાં જાણે એ ઊર્જા મને સ્થાનને લાયક કરવા માગતી હશે, કિંચિત્ શુદ્ધ કરવા માગતી હશે, કારણ કે સવારે મને ઘણું સારું લાગતું હતું. નાક નીતરતું હતું, અને ખોટી રીતે ચોળી હશે તે એક આંખ ખૂબ સૂજી ગઈ હતી, પણ તાવ જતો રહ્યો હતો. જૂથનાં બીજાં બે જણ સ્થાનની ઊર્જાની કૃપા પામ્યાં ન હતાં. પાતળી હવાને કારણે એ બંનેનાં માથાં દુઃખતાં હતાં, ને એમને ચક્કર આવતાં હતાં. એ બે તો એ સવારે નીચે પણ ઊતરી નહોતાં શક્યાં. એ સિવાયનાં કેટલાંક આવી તકલીફ એમને ના થાય તે માટે કશી દવા લેતાં હતાં. આપણે તો બસ, શ્રદ્ધા જ રાખવાની, ને સ્થાનના જીવને જીતી લેવાનો.

સવારનો નાસ્તો દરરોજ હોટેલમાં મળવાનો હતો, તેથી ભોજનખંડ શોધતી હું આખરે ત્યાં પહોંચી. જાતજાતનું ખાવાનું હતું - પાશ્ચાત્ય પ્રવાસીઓ માટે ઘણી પાશ્ચાત્ય ખાદ્યસામગ્રી હતી : વૉફલ્સ, પૅન-કેક; માગો એ પ્રમાણે એ જ મિનિટે બનાવાતાં ઑમલેટ; ઠંડા અને ગરમ પૉરિજ, ચાર-પાંચ જાતની પાંઉરોટી. દહીં પણ હતું, પરન્તુ ખૂબ જ ખાટું નીકળ્યું! કેટલીક ચીની વસ્તુઓ યે હતી - ડમ્પલિન્ગ, લીલી ફણસી, તળેલા બટાકા અને જોઈએ તેટલી ચા ને કૉફી. મારાથી ખાસ કશું ખવાયું નહીં, પણ પસંદગીની શક્યતા હતી તે જ ઘણું હતું.

નવ વાગ્યે અમે તૈયાર હતાં - એ જ બસ, એ જ ચાલક, ઊંઘરેટો ગાઈડ! આઠેક કિ.મી. દૂર આવેલો ડ્રેપુન્ગ બૌદ્ધવિહાર જોવા જવાનું હતું. શહેરનાં જૂનાં, નીચાં મકાનોની વચ્ચે બે-ત્રણ આધુનિક, કાચની દીવાલો-વાળી, ઊંચી ઈમારતો થયેલી હતી, અને એવી બીજી બંધાઈ રહી હતી. ચીની સરકાર નિશ્ચયપૂર્વક, મારી-તોડીને તિબેટનો દેખાવ બદલી નાખવા ઉદ્યત થયેલી છે, તે સ્પષ્ટ થતું હતું. ચીનનાં શહેરો જેવી ગીચતા ને ભીડ અહીં નહોતાં જ. આ તો આછી ગીચતાવાળું, ઘણું ખાલી એવું સ્થાન હતું, ને છતાં ચીની-ચીની લાગવા માંડેલું. વાહનો તો નામનાં જ, પણ એ બધાંને ખૂબ જલદી જવું હોય, તેમ બધાં હૉર્ન મારતાં થઈ ગયેલાં. આ પણ ચીની વર્તાવ જ - અસહ્ય આધુનિક ચીની વર્તાવ.

શહેર પાછળ રહી ગયું પછી હૃદ્ય-હરિત, પક્વ-સુંદર ખેતર આવ્યાં. હજી એમની મોકળાશ પર કાપ નહતો મુકાયો. ત્યાં સુધી તો માર્ગની બંને બાજુએ પૉપ્લર વૃક્ષ હતાં, તે પણ સારું હતું. જરા આગળ જતાં રસ્તો જૂનો રહેલો હતો. કેટલાંયે વર્ષોથી એના પર ચણતર કરવામાં આવ્યું નહોતું. બૌદ્ધવિહાર તરફ જતા રસ્તા પર સમારકામ કરવાની વળી શું જરૂર?

જૂની બસ એક વળાંક વળી, અને જૂનો રસ્તો એક સાવ ધૂળિયો, સાંકડો રસ્તો બની ગયો. હવે કશા ઢોંગની પણ જરૂર નહોતી. આસપાસ 'સિલ્વર ઓક' વૃક્ષોની સહજ-સ્ફૂર્તિ ગીચતા હતી. એને આછાં જંગલ જ કહી શકાય. હવે દેખાવ ગ્રામીણ થયો હતો - બહાર દીવાલ ચણેલાં થોડાં ઘર જાણે



બ્લેક પૉપ્લર

નિરાંત કરીને વસેલાં હતાં. જોનારની નજરને પણ આરામ મળતો હતો. થોડે દૂર એક ટેકરી પર ડ્રેપુન્ગ વિહાર-સંકુલ દેખાવા માંડ્યો હતો. સફેદ ધોળેલાં, મરૂન રંગની પાઈપિંગ કરેલાં મકાનો મોટા વિસ્તારમાં ફેલાઈને પડ્યાં હતાં. ઝીણી



ડ્રેપુન્ગ બાદ્ધમઠના મકાન

ઝીણી બારીઓવાળો, સપાટ છાપરાં-અગાશીઓવાળો, મકાનોના મધપૂડો જાણે!

પૂર્વ-તિબેટમાં, તેરમી સદી દરમિયાન, એક વિદ્વાન અને ધર્મપરાયણ ભિખ્ખુ થઈ ગયા. એમનું નામ ત્સૉન્ગખાપા હતું. બૌદ્ધ ધર્મનાં વિવિધ પાસાં અને પંથોનો ઊંડો અભ્યાસ એમણે બીજા ભિખ્ખુઓ સાથે કર્યા કરેલો, ને પછી બૌદ્ધ આચાર ને વિચાર સુરેખ તથા સરળ રીતે એમણે આલેખેલો. એમના અનેક ભક્તો અને અનુયાયીઓ થયા, જે બધાએ મધ્ય-તિબેટમાં કેટલાક મઠ સ્થાપ્યા. ધ્યાન અને ભક્તિની એ રીતિ આજે પણ 'ગેલુક' (ગુણવંત પંથ) તરીકે ઓળખાય છે. પંથીઓ 'ગેલુક્પા' કહેવાય છે.

બૌદ્ધ ધર્મનાં પહેલવહેલાં ચિહ્ન તિબેટમાં ચોથી સદીમાં જોવા મળે છે. ગમે તેટલાં રાજ્યો-સામ્રાજ્યો બદલાયાં, રણયુદ્ધ થતાં રહ્યાં, પણ 'બુદ્ધિઝમ' તિબેટમાં વિકતું ગયું ને - ૧૯૫૦ના દસકામાં સામ્યવાદી અમલ દ્વારા એ રૂંધાવા માંડ્યું ત્યાં સુધી-જીવનનું સંપૂર્ણ દર્શન બનીને રહ્યું. વિશ્વની શરૂઆતથી માંડીને સમાજ ને વ્યક્તિનો સંબંધ, નૈતિક મૂલ્યો, કળા, વિજ્ઞાન, તેમજ અલબત્ત, ધર્મ - એ બધાંનો સમાવેશ એમાં થઈ જતો હતો. 'ઇન્ડિયન બુદ્ધિઝમ'ના જે મુખ્ય ત્રણ દોર હતા - હિનયાન, મહાયાન અને વજ્રયાન - એ તિબેટી બુદ્ધિઝમમાં એકમેક સાથે વણાઈ જવા પામ્યા, અને એનું સૌથી વિશિષ્ટ પાસું બન્યા.

લ્હાસા શહેરની નજીકમાં ગેલુક પંથની જે ત્રણ મઠ-સંસ્થાઓ સ્થપાઈ, તેમાંની એક ડ્રેપુન્ગ હતી. તિબેટના ખૂણે ખૂણેથી ભિખ્ખુઓ ડ્રેપુન્ગ ઉપરાંત સેરા અને ગાન્દેન વિહારમાં આવતા અને બૌદ્ધ ગ્રંથોના અભ્યાસ ને ચર્ચામાં પંદર-વીસ વર્ષ ગાળતા. પંદરમી સદીમાં શરૂ થયેલો ડ્રેપુન્ગ મઠ સૌથી મોટો હતો. દસેક હજાર ભિખ્ખુઓ ત્યાં વસવાટ કરતા રહેલા. જુદાં જુદાં વિદ્યાલયોમાં એ બધા વહેંચાઈ જતા અને પ્રાદેશિક સંસ્થિતિ પ્રમાણે જુદા જુદા આવાસમાં રહેતા. સામ્યવાદી ચીનના ક્રૂર હુકમની નીચે તિબેટમાં ધર્મ-સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું? આજે ડ્રેપુન્ગમાં નાંક ચારસો ભિખ્ખુ-ઓ છે - કદાચ આંક ઓછો પણ હોય.



ઉત્સવ દરમિયાન તિબેટના બે લામા

તિબેટના બૌદ્ધ ધર્મમાં જે ચાર મુખ્ય પંથ છે - ન્યિન્ગમા, સક્યા, કાગ્યુ તથા ગેલુક - એમના અનુયાયીઓ 'લાલ શિરાંચલ' અને 'પીળો શિરાંચલ' એમ બે હિસ્સા પ્રમાણે ઓળખાય છે. ખાનગીમાં, આ બે નામો દ્વારા એ ચાર પંથોમાંના ભેદભાવો અને વિખવાદો તરફ નિર્દેશ થાય છે. ગેલુક પંથ 'પીળા શિરાંચલ' સાથે યુક્ત છે, ને તેથી સ્થાપક-ગુરુ ત્સૉન્ગખાપાની મૂર્તિઓ અને ચિત્રોમાં એમના માથા પર પીળા રંગનું શિરોવસ્ત્ર દર્શાવાયેલું હોય છે.

સંસ્કૃતમાં જે રીતે 'ગુરુ' શબ્દ વપરાય છે, તે જ રીતે તિબેટીમાં 'લામા' શબ્દ વપરાય છે - અધ્યાત્મના ઉપદેશકના અર્થમાં. આથી, બધા ભિખ્ખુઓ લામા નથી હોતા. બધા લામા ભિખ્ખુ પણ નથી હોતા. તિબેટી પ્રથામાં ઘણા મહા-લામાઓ- જેવા કે, પદ્મસંભવ, મિલારેપા, કુન્ગાં ન્યિન્ગપો વગેરે - એ ભિખ્ખુજીવન નહોતું અપનાવ્યું, પણ સાધારણ માણસ ને યોગી તરીકે જીવ્યા હતા. તેથી જ તિબેટીમાં ભિખ્ખુ માટેનો શબ્દ 'ત્રાપા' છે, 'લામા' નથી. તિબેટી 'બુદ્ધિઝમ'માં લામાનું સ્થાન ખૂબ અગત્યનું છે. એ જ સાચા માર્ગદર્શક બને છે, ભિખ્ખુવિદ્યાર્થીને ઉપયુક્ત દેવતાના શક્તિચક્ર સાથે પરિચય કરાવે છે અને ધ્યાનના ઉત્તરોત્તર સ્તર પ્રતિ દોરે છે. મહા-લામા હંમેશાં પુનર્જન્મથી પ્રતિસ્થાપિત થતા હોય છે, અને એમની બે પારંપારિક પંક્તિ છે : 'રિન્પોચે', તથા 'તુલ્કુ'. વૃદ્ધ અથવા મધ્યવયી-રિન્પોચે લામાઓ આજે દેશ-વિદેશમાં વસી ગયા છે અને તિબેટી ધર્મકેન્દ્રો દ્વારા 'બુદ્ધિઝમ'નો પ્રચાર કરી રહ્યા છે, પરન્તુ 'તુલ્કુ'ની કક્ષામાં કેવળ બે જ ઉપસ્થિતિ આપણે જાણીએ છીએ - પાન્ચેન લામા અને દલાઈ લામા. સૌથી પ્રથમ પાન્ચેન અને દલાઈ લામા ગેલુક ધર્મશાખાના પ્રહોતાના શિષ્ય હતા.

આજના દલાઈ લામા એમની પારંપારિક પંક્તિમાં ચૌદમા અવતાર છે. આગલા - છેલ્લા પાન્ચેન લામા દસમા અવતાર હતા. ૧૯૫૯માં દલાઈ લામા ભારત ભાગી છૂટ્યા, પણ પાન્ચેન લામા એ વખતે ચીનમાં હતા, અને નીકળી જઈ ના શક્યા. ત્રીસ વર્ષ અનેક શારીરિક શિક્ષા અને કષ્ટ પામ્યા

અંકચોરસ - ૧૯૯૯

105	129	93	177	117	153	189	141	165
185	209	173	257	197	233	269	221	245
35	59	23	107	47	83	119	71	95
345	369	333	417	357	393	429	381	405
65	89	53	137	77	113	149	101	125
305	329	293	377	317	353	389	341	365
145	169	133	217	157	193	229	181	205
265	289	253	337	277	313	349	301	325
225	249	213	297	237	273	309	261	285

ઉપર આપેલો જાદુઈ અંક-ચોરસ અદ્‌ભુત છે. ૯ x ૯ = ૮૧ ચોરસ ખાનાંઓમાંના નંબરોનો બનેલો આ અંકચોરસ કંઈક જુદી જ ખાસિયતો ધરાવે છે.

આ અંકચોરસમાંના એક્યાસીએ એક્યાસી આંકડાઓ એકી નંબરના બનેલા છે.

હવે પચ્ચીસ પૈસાના આઠ ગોળ સિક્કાઓ લો. આ અંક-ચોરસનાં ૮૧ ખાનાંમાંથી કોઈ પણ એક ખાના પર એક સિક્કો મૂકો. જે ખાના પર સિક્કો છે તે ખાનાવાળી આડી અને ઊભી હારને બાકીનાં ખાનાં (અને એમાંની સંખ્યા પણ) રદ કરો. ધારો કે પહેલો સિક્કો ૩૦૫ ની સંખ્યા પર મૂક્યો. તો એ સંખ્યાવાળું ખાનું જેમાં છે એ આડી હારનાં ખાનાં સાથે એમાંની ૩૨૯, ૨૯૩, ૩૭૭, ૩૧૭, ૩૫૩, ૩૮૯, ૩૪૧ અને ૩૬૫ની સંખ્યા અને ઊભી હારની ૧૦૫, ૧૮૫, ૩૫, ૩૪૫, ૬૫, ૩૦૫, ૧૪૫, ૨૬૫ અને ૨૨૫ની સંખ્યા રદ થશે. અંક ચોરસમાં હવે પસંદગી માટે (૬૪) ચોસઠ ખાનાં બાકી રહ્યાં. એમાંથી ગમે તે એક પર બીજો સિક્કો મૂકો. ધારો કે નંબર ૩૬૯ પર એ સિક્કો મૂક્યો. તો નિયમ પ્રમાણે એ ખાનાવાળી આડી હારની ૩૩૩, ૪૧૭, ૩૫૭, ૩૯૩, ૪૨૯, ૩૮૧ અને ૪૦૫ અને ઊભી હારની ૧૨૯, ૨૦૯, ૫૯, ૮૯, ૧૬૯, ૨૮૯ અને ૨૪૯ની સંખ્યાઓ રદ થશે. આડી-ઊભી હારમાંની ૩૪૫ અને ૩૨૯ની સંખ્યાઓ તો પહેલો સિક્કો મૂક્યો ત્યારની રદ થયેલી છે. હવે બાકી રહેલાં ખાનાંમાંથી કોઈ પણ એક નંબર પર ત્રીજો સિક્કો મૂકો અને એ ખાનાવાળી આડી-ઊભી હારની સંખ્યાઓ રદ કરો. આ જ રીતે આઠેય સિક્કા મૂક્યા પછી છેવટે એક નંબરવાળું ખાનું બાકી રહેશે.

હવે પૈસા તળેની સંખ્યાઓ અને છેલ્લે વધેલા ખાનામાંની સંખ્યાઓનો સરવાળો કરો. જવાબ ઈસુનું ચાલુ વર્ષ ૧૯૯૯ જ આવશે. તમે ગમે તે નવ આંકડાઓ ઉપરના નિયમ મુજબ ધારશો તો પણ જવાબ આવશે ૧૯૯૯! ઉપરાંત ખૂબી એ છે કે એક્યાસીએ એક્યાસી નંબરો એકી નંબરો વાપરેલા છે. આમ, જુદી જુદી કેટલી વાર આ જવાબ મેળવી શકાશે એ જાણો છો?

૯^2 x ૮^2 x ૭^2 x ૬^2 x ૫^2 x ૪^2 x ૩^2 x ૨^2 x ૧^2 =
૮૧ x ૬૪ x ૪૯ x ૩૬ x ૨૫ x ૧૬ x ૯ x ૪ x ૧ =
૧૩૯, ૩૧૪, ૦૬૯, ૫૦૪ રીતે!!!

દાખલા તરીકે

૩૦૫ + ૩૬૯ + ૨૫૩ + ૧૭૭ + ૪૭ + ૨૭૩ + ૨૨૯ + ૧૨૫ + ૨૨૧ = ૧૯૯૯

- કિશોર ગોરધનદાસ

પછી ૧૯૮૯માં એમનો દેહાંત થયો. ૧૯૯૫માં દલાઈ લામાએ છ વર્ષના જે તિબેટી બાળકને અગિયારમા પાન્ચેન લામા તરીકે ઓળખાવ્યો, એને અને એનાં મા-બાપને તો ચીની સરકારે ક્યારના છુપાવી દીધાં, અને પોતાની પસંદગી પ્રમાણેના બીજા એક બાળકને અગિયારમા પાન્ચેન તરીકે જાહેર કરી દીધો. એના ફોટા તિબેટનાં બધાં મંદિરોમાં જોવા મળે, પણ પેલા પાન્ચેનનાં કે દલાઈ લામાના તો નહીં જ નહીં.

ડ્રેપુન્ગ વિહારમાંનાં ચાર વિદ્યાલયોમાં આજે બૌદ્ધ ધર્મવિચાર, પ્રાચીન ગ્રંથો, તિબેટી ઔષધશાસ્ત્ર ઇત્યાદિ વિષયોનો અભ્યાસ થાય છે. વહેલી સવારે, અને મોડી રાત સુધી - એમ બે વાર બબ્બે કલાક પ્રાર્થના કરવામાં આવે છે, ને ત્યારે વિહારની સમગ્ર સંખ્યા એક સાથે સભાખંડમાં એકત્ર થાય છે.

મઠના ધૂળિયા ચોગાનમાં બસ જ્યાં ઊભી રહી ત્યાં કેટલાંક સ્ત્રી, પુરુષો અને બાળકો ભીખ માગતાં બેઠાં હતાં. એક ટેવ તરીકે, સમય પસાર કરવાની એક રીત તરીકે બેઠાં હોય એવું લાગે. પરદેશીઓ તિબેટના પ્રવાસે આવતાં થયાં એ પછી આવી ટેવ પડવા માંડી હશે. સાથે જ એ બધાં કામના બે શબ્દ શીખી ગયેલાં - 'હલો, મની (પૈસા).' એમને ફરી ફરી બોલ્યા કરે. કિશોર ભિખ્ખુઓ મળતાવડા હતા. એમનું કુતૂહલ વર્તમાનકાલીય હતું. એ લોકો વિદેશીઓના હાથમાંની તિબેટ અંગેની ગાઈડબૂક જોવા માગતા. અંગ્રેજી જાણે નહીં, પણ આધુનિક પુસ્તક કેવું હોય તે જોવા માટે. કેમેરાના કાચમાંથી જોવામાં તો એમને બહુ જ રસ પડતો. નવાઈનું યંત્ર હતું એ, ને અંદરથી કેવું સરસ દેખાતું!

પરિસરમાં અનેક કૂતરાઓ હતા - આળસુ થઈને પડેલા, ઊંઘતા. અમારા યુ જાલ ગાઈડે સમજૂતી આપી કે એક કાળે એ બધા ભિખ્ખુ હતા, પણ એમણે બરાબર અભ્યાસ કર્યો નહીં, અને બૌદ્ધ-નીતિ-રીતિને આચરણમાં યોગ્ય પ્રમાણમાં મૂકી નહીં, તેથી શિક્ષારૂપે કૂતરા થઈને એ બધા પુનર્જન્મ પામ્યા!!

પેલા હસતા-રમતા કિશોર ભિખ્ખુઓને આ સમજૂતી અપાઈ હશે કે નહીં? (ક્રમશઃ)

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

... અવંતિકા ગણવંત



વીરબાળાબહેન નાગરવાડિયા

બપારના ત્રણ વાગે હું વીરબાળાબહેન નાગરવાડિયાના ઘેર પહોંચી ત્યારે એ સફેદ કપડા પર રંગીન દોરાથી ભરત ભરતાં હતાં. છ્યાંશી વર્ષનાં વીરબાળાબહેન આ ઉંમરે આટલાં સ્ફૂર્તિવાળાં રસભરપૂર! અને મેં જ્યારે જાણ્યું કે આગલા દિવસે એ અનુબહેન ઠક્કરના આશ્રમે ગયાં હતાં ને રાત્રે અઢી વાગે પાછાં આવ્યાં હતાં તો ય એ આરામના બદલે કાર્યરત! હું આશ્ચર્યમુગ્ધ થઈ ગઈ. થયું : 'જીવનસંધ્યા' જેવા વૃદ્ધાશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી થવાની સંપૂર્ણ યોગ્યતા વીરબાળાબહેન સિવાય બીજા કોઈનામાં નથી.

એમને જોઈને જ એ વૃદ્ધોના જીવનનો થાક ઊતરી જતો હશે. ઉદાસીનતા, ગ્લાનિ, ખિન્નતા વિસારે પડતા હશે ને કંઈક કરવાનો ઉત્સાહ જાગતો હશે.

વીરબાળાબહેનની બધી જ્ઞાનેન્દ્રિયો તેજ છે, સાબૂત છે. હાથપગ સાબૂત છે, ને એ બધાં કરતાં આજથી ચાળીસ-પચાસ વર્ષ પહેલાં જ્યારે હું સાવ નાની હતી ત્યારે મેં જોયેલો અને સદાય મારા સ્મરણપટ પર અંકિત થયેલો સ્નેહ અને સ્મિતથી ચમકતો ચહેરો એવો જ છે, એની પર ચશ્માંય નથી આવ્યાં.

વીરબાળાબહેનનો જન્મ સુધારક માતાપિતાને ત્યાં કરાચીમાં અગિયારમી ઓગસ્ટ ઈ.સ. ૧૯૧૩માં થયો છે. પાશ્ચાત્ય ઢબથી એમનો ઉછેર થયો છે.

પ્રાથમિક શિક્ષણ પૂરું થયું પછી હાઇ સ્કૂલમાં પ્રવેશ મેળવવાની એમને ઘણી મુશ્કેલી પડી હતી. એક હિંદુ છોકરીને દાખલ કરવા કોઈ તૈયાર ન હતું. છેવટે એક સિંધી સ્કૂલમાં પ્રવેશ મળ્યો હતો.

વીરબાળાબહેન સત્તર વર્ષનાં થયાં ત્યારે એમનાં લગ્ન અંગે વિચાર કરતા એમના પિતાએ કહ્યું, 'હું મારી દીકરીને કોઈ જુનવાણી કુટુંબ કે જ્યાં સ્ત્રી સમાન હક ન ભોગવતી હોય ત્યાં નહિ પરણાવું.' પિતાએ મૂરતિયાની તલાશ આરંભી. ખંભાત સ્ટેટના રેવન્યૂ કમિશનરના દીકરા રતિભાઈ એમની નજરમાં વસી ગયા. રતિભાઈ એમના ગોળના ન હતા પણ વીરબાળાબહેનના પિતા એવા સંકુચિત ગોળ કે વાડામાં બંધાય એવા ક્યાં હતા?

વીરબાળાબહેન લગ્ન કરીને અમદાવાદ આવ્યાં. એ વખતે અસહકારની ચળવળ પૂરજોશમાં ચાલતી હતી. રતિભાઈ પૂરા ગાંધીરંગે રંગાયેલા. એમણે વીરબાળાને કહ્યું, હું ખાદી પહેરું ને તમે આ વિલાયતી કપડાં પહેરો!

એ સમયે વિદેશી માલની હોળી થતી હતી. લોકો દેશપ્રેમથી પ્રેરાઈને હજારો રૂપિયાનો માલ આગમાં હોમી દઈને અંગ્રેજોનાં બહિષ્કાર પોકારતા હતા.

વીરબાળાબહેન પતિના કહેવાનો ધ્વનિ સમજી ગયાં. એ બોલ્યાં, હું આજથી વિદેશી કપડાં નહિ પહેરું, પણ હોળીમાં હોમવામાં ય નહિ આપું. મારાં માબાપે ખૂબ હોંશથી આ બે મોટી બેગો ભરીને મોંઘાંમૂલાં કપડાં લઈ આપ્યાં છે, એ હું બાળી નહિ શકું, આ બધાં કપડાં હું કરાચી પાછાં મોકલી દઈશ.

આમ, વીરબાળાબહેને પતિના જીવનવ્રતને પોતાનું જીવનવ્રત બનાવ્યું. વૈભવી જીવનશૈલી ત્યજીને સાદી જિંદગી અપનાવી.

વીરબાળાબહેન હસતાં હસતાં કહે, 'હોંશ તો મને પાઇલોટ બનવાની હતી. આકાશમાં ઊડવું હતું પણ નક્કર ભોંય પર ચાલવા માંડી, જો કે એમાં ય સાહસ હતું, જોખમ હતું, પડકાર હતો. એ બધું મને ગમ્યું.'

એ સમય લોકજાગૃતિનો હતો, પરાધીન પ્રજામાં સ્વદેશીની ભાવના જગાડવા, અમદાવાદની અગ્રણી સ્ત્રીકાર્યકરો વિદ્યાબહેન નીલકંઠ, શારદાબહેન મહેતા અને સરલાદેવી સારાભાઈ સાથે વીરબાળાબહેન વિદેશી માલની બહિષ્કારસમિતિમાં જોડાયાં. અંગ્રેજ સરકારે એ સમિતિને ગેરકાયદેસર ઠરાવી એની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લાદી દીધો. સમિતિનાં સભ્યો છૂટાં પડ્યાં.

પછી મૃદુલાબહેન સારાભાઈએ પિકેટિંગ સમિતિ શરૂ કરી. દારૂના પીઠે જઈને બહેનો દારૂ પીવા આવનારને અટકાવતી. આ કામમાં એમની પર હુમલો થવાનો પણ ડર રહેતો ત્યારે આ બહેનો સ્વરક્ષણ માટે સાથે કટાર રાખતી.

'કટાર વાપરવાની ઘડી પણ આવી શકે છે એ વિચાર જ કેટલો ડરામણો છે! તમે અંદરથી ફફડતાં હતાં?'

'ના જરાય નહિ. અમારો જુસ્સો અને હિંમત જ જુદાં હતાં. અમે અમારી જાતને નિર્બળ ગણતાં નહિ. ક્યારેક પોલીસો અમને પકડીને લઈ જતી અને પછી શહેરથી દૂર ગમે ત્યાં છોડી મૂકતી. ઘણી વાર તો ઘેર પાછાં ફરતાં અડધી રાત થઈ જતી. પણ અમારાં જોમ, જુસ્સો જરાય ઘટ્યાં ન હતાં. આ લડત દરમિયાન એક વાર આઠ દિવસની જેલની સજા પણ થઈ હતી. આવા અનુભવો અમને વધારે મક્કમ બનાવતાં, અમારી આત્મશ્રદ્ધા વધારે દૃઢ થતી.

'નવજીવન' અને 'યંગ ઇંડિયા' પત્રોને સરકારે ગેરકાયદેસર ઠરાવ્યાં. સ્વાતંત્ર્યવીરોને રૂંધવા પ્રયત્ન કર્યો, પણ લોકજાગૃતિનો જુવાળ એમ ઓસરે? ગાંધીજીએ એલાન કર્યું ને શાળાકૉલેજો

બંધ થઈ. આબાલવૃદ્ધ સૌ આંદોલનમાં જોડાયાં.

બારમી માર્ચે ગાંધીજીએ દાંડીકૂચ આદરી એની આગલી રાતે અસંખ્ય કાર્યકરોની સાથે વીરબાળાબહેન અને રતિભાઈએ એ રાત આશ્રમમાં ગુજારી. એ પ્રસંગ યાદ કરતાં એ કહે છે, 'બીજા દિવસે સવારે અમે ગાંધીજીની સાથે ચાલવા પ્રયત્ન કર્યો પણ ગાંધીજી એટલાં ઝડપથી ચાલે કે અમે પહોંચી ન વળીએ.'

એ સમયે છાપાં બંધ થઈ ગયાં હતાં. સત્યાગ્રહીઓએ પોતાનાં સાઇક્લૉસ્ટાઈલ મશીન ખરીદીને જુદાં જુદાં ઠેકાણે રાખ્યાં. એક મશીન વીરબાળાબહેનના જેઠાભાઈની પોળના નિવાસસ્થાનના ત્રીજા માળે રાખ્યું હતું. કાર્યકરો રાત્રે ફાનસના ઝાંખા અજવાળામાં પત્રિકાઓ છાપે ને બંડલ તૈયાર કરે.

એક બાજુ પ્રાઇમસ પર ચા ઊકળતી હોય, થાળીમાં ચવાણું પડ્યું હોય, ચવાણાના બુકડા ભરાતા જાય, ચા પિવાતી જાય ને લડતના સમાચાર ખૂણે ખૂણે પહોંચાડવાની વેતરણ થતી જાય. એ કોઈ કામમાં નોકર ન ચાલે, રખેને વાત ફૂટી જાય તો!

એ સમયે રતિલાલ ફોજદાર બહુ સમભાવી. તેઓ આ લોકોના ઠેકાણે જો રેડ પાડવાની હોય તો પહેલેથી ચેતવી દે.

એ પછી લડતે વધારે જોર પકડ્યું, ભાંગફોડ થવા માંડી ને વીરબાળાબહેનનાં પ્રથમ સંતાન દીકરી ક્ષમાનો જન્મ થયો, તેથી એ આ આંદોલનમાંથી ખસી ગયાં.

પણ સામાજિક પ્રવૃત્તિઓ અને મહિલાજાગૃતિનું કામ ચાલુ રાખ્યું. તેઓ અખિલ હિંદ મહિલા પરિષદમાં જોડાયાં, મંત્રી બન્યાં, પ્રમુખ બન્યાં. અમદાવાદના ખમાસા ગેટ વિસ્તારમાં બાલમાંગલ્ય કેન્દ્ર, રાયખડ વિસ્તારમાં કુટુંબ નિયોજન કેન્દ્ર શરૂ કર્યાં. જ્યોતિસંઘમાં મૃદુલાબહેન સારાભાઈ અને પુષ્પાબહેન સાથે કામ કર્યું.

ગુજરાત રાજ્યે તેમને મહિલા સુરક્ષા સમિતિનાં સભ્ય બનાવ્યાં હતાં, મહિલાઓનું શોષણ, અપમૃત્યુ, સતામણી દહેજ જેવા પ્રશ્નો તેમણે હલ કર્યા.

નાગરવડિયા દંપતીના એક મિત્ર શ્રી સમર્થલાલ વૈદે લગભગ ચાળીસેક વર્ષ પહેલાં વૃદ્ધાશ્રમની શરૂઆત કરી. એમના પોતાના ઘરમાં નિરાધાર વૃદ્ધ સગાંઓને એમણે આશ્રય આપ્યો હતો. એ પરથી એમને વિચાર આવ્યો, આવાં તો અનેક ઉપેક્ષિત વૃદ્ધો હશે એમના માટે કંઈક કરવું જોઈએ. નાગરવાડિયા દંપતીએ સાથ ને સહકાર આપ્યો ને મણિનગરમાં રામકૃષ્ણ મિશનવાળાએ મકાન આપ્યું, વૃદ્ધોને આવશ્યક સામાન વસાવ્યો ને વૃદ્ધાશ્રમ શરૂ થયો. એમના કાર્યથી પ્રભાવિત થઈને ડૉ. બચાબાઈ નાણાવટીએ પોતાની સમગ્ર સ્થાવર-જંગમ મિલકત, જેમાં મિરઝાપુરનું મકાન આવી જતું હતું, એ દાનમાં આપી.

રૂઢિચુસ્તોએ વિરોધ કર્યો કે સમાજમાં આ તો ખોટો ચાલ પડે છે. દીકરાઓ માબાપને સાચવવાના બદલે, એમની સેવા કરવાને બદલે આવા આશ્રમમાં જ મૂકી જશે. પરંતુ સામે પક્ષે દલીલ હતી કે મૂલ્યો બદલાઈ રહ્યાં છે, સંતાનો માબાપને અપમાનિત કરે, તિરસ્કારે ત્યારે એ લાચાર, અસહાય, અશક્ત વૃદ્ધો ક્યાં જાય? જેમ બાળકો માટે અનાથાશ્રમ, ત્યક્તા-વિધવા સ્ત્રીઓ માટે વિકાસગૃહ છે, એમ વૃદ્ધો માટે ઘર જોઈએ જ. ને આશ્રમ શરૂ થયા.

ઈ.સ. ૧૯૫૬માં એ વાનપ્રસ્થ સેવા સમાજ ટ્રસ્ટ સંસ્થા તરીકે રજિસ્ટર્ડ થઈ. પરંતુ મણિનગર અને મિરઝાપુરનાં બેઉ મકાનો વૃદ્ધો માટે અગવડભર્યાં અને જર્જરિત હતાં. આથી તેમણે અરજી કરી ને મ્યુનિસિપાલિટીએ છ હજાર વાર જમીન આપી. દાનવીરોના સહકારથી અંદાજે બે કરોડ રૂપિયાના ખર્ચે મકાન થયું, જેનું નામ છે, 'જીવનસંધ્યા.' આજે સાઠ વરસ કરતાં મોટી ઉંમરનાં લગભગ બસો વૃદ્ધો ત્યાં રહે છે. એમને પૌષ્ટિક ખોરાક, મનોરંજન, રમતગમત, પિકનિક, યાત્રા, માંદા પડે ત્યારે દાક્તરી સારવાર વગેરે મળે છે, ને જે મૃત્યુ પામે એની અંતિમક્રિયા એના ધર્મની પ્રણાલિકા અનુસાર કરાય છે.

અહીં એક ફિઝિયોથૅરપિ સેન્ટર છે. હાડકાનાં રોગીઓને અહીં સારવાર મળે છે. નિષ્ણાત ડૉક્ટરો અને અદ્યતન સાધનોનો લાભ મળે છે. એક હાથશાળનો પ્રોજેક્ટ છે, જ્યાં સશક્ત વૃદ્ધોને કામ મળી રહે છે, અને તેઓ આ રીતે આવક કરે છે. આજે આ ઉંમરે વીરબાળાબહેન રોજના પાંચ કલાક 'જીવનસંધ્યા'માં ગાળે છે.

ઘરસંસાર અને કારકિર્દી એમ બેઉ ક્ષેત્રે સફળ વીરબાળાબહેનના અંગત જીવનમાં આઘાતો તો આવ્યા જ છે. પચાસ વરસની ઉંમરે પતિનું મૃત્યુ થયું ત્યારે સંતાનો વિશેની જવાબદારી અધૂરી હતી. પણ સમતાથી એ આઘાત જીરવી ગયાં. હમણાં પાછલી ઉંમરમાં નાની દીકરી ઉષાનું કેન્સરમાં અવસાન થયું. ઘડીભર તો એ ભાંગી પડ્યાં, પણ 'જીવનસંધ્યા' તરફનું કર્તવ્ય કેમ ચુકાય? ફરી પાછાં એ એમનાં કામમાં ખોવાઈ ગયાં.

ઈ.સં. ૧૯૮૬માં મહિલા ઉત્કર્ષના ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી માટે અખિલ હિંદ મહિલા પરિષદનો એવૉર્ડ, સને ૧૯૮૭માં મહિલાઓ તેમજ વૃદ્ધોની સેવા માટે લેડી વિદ્યાગૌરી નીલકંઠ સુવર્ણચંદ્રક એમને મળ્યો છે.

'આપની કોઈ ઇચ્છા?'

અંત સમય સુધી વૃદ્ધોની સેવા કરતી રહું એ જ ઈશ્વરને પ્રાર્થના. □

આવો, શીખીએ અંગ્રેજી (૨૬)

ધનુભાઈ મહેતા

વિશેષણ ઉપવાક્ય - The Adjective Clause

નામ ઉપવાક્ય, વિશેષણ ઉપવાક્ય અને ક્રિયાવિશેષણ ઉપવાક્ય, એ ત્રણ પ્રકારોમાંના એક નામ ઉપવાક્ય વિષે આગળના પાઠમાં શીખ્યા. તેનો 'રિયાઝ' કરજો, કારણ કે 'રિયાઝ' કર્યો તેણે રાજ કર્યું.

આ પાઠમાં વિશેષણ ઉપવાક્ય એટલે કે - 'the adjective clause' વિશે સમજતા પહેલા વિશેષણ શબ્દ - અને વિશેષણ શબ્દસમૂહ વિષે શીખીએ. દા.ત.

મારી બહેન ગુલાબી સાડી પહેરે છે.

My sister wears a Pink sari.

આ વાક્યમાં 'pink' એ વિશેષણ છે, કારણ કે તે 'sari' નામના અર્થમાં વધારો કરે છે. હવે નીચેનું વાક્ય જોઈએ.

ગુલાબી સાડી પહેરેલી છોકરી મારી બહેન છે.

The girl wearing a pink sari is my sister.

આ વાક્યમાં 'wearing a pink sari એ શબ્દસમૂહ છે, કારણ કે તેમાં એક કરતાં વધારે શબ્દો છે અને તેમાં મુખ્ય ક્રિયાપદ નથી. આ શબ્દસમૂહ the girl નામના અર્થમાં વધારો કરે છે માટે તે નામ શબ્દસમૂહ કહેવાય - the noun phrase. હવે નીચેનું ત્રીજું વાક્ય સમજીએ.

જે છોકરીએ ગુલાબી સાડી પહેરી છે, તે મારી બહેન છે.

The girl, who is wearing.a pink sari, is my sister.

આ સંકુલ વાક્ય છે કારણ કે તેમાં, 'the girl is my sister' એ મુખ્ય ઉપવાક્ય છે અને 'who is wearing a pink sari એ ગૌણ ઉપવાક્ય છે. અને તે મુખ્ય ઉપવાક્યમાંના 'the girl' નામના અર્થમાં વધારો કરે છે માટે તે વિશેષણ ઉપવાક્ય એટલે કે - the adjective clause - કહેવાય.

ટૂંકમાં, સંકુલ વાક્યમાંના કોઈ પણ ઉપવાક્યમાં વપરાયેલા નામ કે સર્વનામના અર્થમાં વધારો કરે તે વિશેષણ ઉપવાક્ય એટલે કે 'the adjective clause' બને .

વિશેષણ ઉપવાક્ય સામાન્ય રીતે, 'who', 'which', 'that', 'whose' અને 'whom', જેવાં સંબંધક સર્વનામથી વાક્યમાંના અન્ય ઉપવાક્ય સાથે જોડાયેલું હોય છે. અહીં 'who', 'which' અને 'that' નો અર્થ 'જે', 'તે' થાય છે. આ ત્રણેનો શુદ્ધ વ્યાકરણપ્રયોગ જાણવો જરૂરી છે. તે પ્રત્યેકને વાક્યપ્રયોગ દ્વારા શીખીએ.

'who' ફક્ત મનુષ્યજાતિના સંબંધમાં જ વપરાય. જેમ કે, કાચના ઘરમાં રહેનાર લોકો બીજાઓ તરફ પથ્થર ફેંકી શકે નહિ.

People, who live in glass houses, can not throw stones at others.

જે પરિશ્રમ કરે છે તે સફળ થાય છે.

He who works hard, succeeds.

જે છોકરાએ પરીક્ષામાં કોપિ કરી તેને તમે જાણો છો?

Do you know the boy, who copied in the examination?

જૂઠાબોલો છોકરો હોય તેનો વિશ્વાસ ન કરો.

Don't trust a boy, who is a liar.

પહેલા વાક્યમાં, 'People can not throw stones at others' - એ મુખ્ય ઉપવાક્ય છે. તેમાં વપરાયેલ 'people' નામ મનુષ્યજાતિનું છે, તેથી 'who' સંબંધક સર્વનામથી જોડાયેલું 'who live in glass houses' એ ઉપવાક્ય 'people'ના અર્થમાં વધારો કરતું વિશેષણ ઉપવાક્ય બને છે. તે જ પ્રમાણે નીચેનાં વાક્યો સમજીએ -

He succeeds - મુખ્ય ઉપવાક્ય

Who works hard - વિશેષણ ઉપવાક્ય

'He' મનુષ્યજાતિના અર્થમાં વપરાયેલ સર્વનામ

Do you know the boy - મુખ્ય ઉપવાક્ય

Who copied in the examination - વિશેષણ ઉપવાક્ય

અહીં મુખ્ય વાક્યમાં વપરાયેલું 'you' સર્વનામ મનુષ્યજાતિનું છે.

Don't trust a boy - મુખ્ય ઉપવાક્ય

Who is a liar - વિશેષણ ઉપવાક્ય

મુખ્ય ઉપવાક્યમાંના 'a boy' નામમાં વધારો કરે છે, a boy - મનુષ્યજાતિ છે. આમ, 'who' માત્ર મનુષ્યજાતિ સાથે જ વપરાય છે. પશુ, પંખી, પદાર્થ કે સ્થળ અને સમયના સંદર્ભમાં 'who' વપરાય નહિ તે ધ્યાનમાં રાખશો.

પશુ, પંખી, પદાર્થ કે સ્થળ અને સમયના સંદર્ભમાં 'which' વપરાય. 'which' ની જગ્યાએ 'that' પણ વાપરી શકાય.

જે ગાય ઘરડી થઈ હોય છે, તે તરત જ વેચી દેવાય છે.

The cow, which is old, is soon to be sold.

જે પોપટ 'રામ' 'રામ' બોલે છે તે આફ્રિકાનો છે.

The parrot, which speaks 'Rama' 'Rama' is from Africa.

ટેબલ પર પડેલી ચોપડી ગીતા છે.

The book, lying on the table, is the Gita.

અમદાવાદ એ શહેર છે કે જે વણાટ કાપડઉદ્યોગ માટે જાણીતું છે.

Ahmedabad is the city, which is known for textile industry. (textile industry - ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રિ - વણાટ કાપડઉદ્યોગ)

એક વાર ગુમાવેલો સમય કાયમ માટે ગુમાવેલો જ છે.

The time which is lost once, is lost for ever. (to lose - લુઝ - ગુમાવવું, lost - લૉસ્ટ, ભૂ.કા. અને ભૂ.કૃ.નું રૂપ, for ever - ફૉર એવર - કાયમ માટે)

આમ, પહેલા વાક્યમાં નામ 'cow', બીજા વાક્યમાં 'parrot', ત્રીજા વાક્યમાં 'book' ચોથા વાક્યમાં 'city', અને પાંચમામાં 'time' અનુક્રમે પશુ, પંખી, પદાર્થ, સ્થળ અને સમયદર્શક નામના વધારો કરતાં વિશેષણ ઉપવાક્યો 'which' સંબંધક સર્વનામથી જોડાયેલા છે. ઉપરના દરેક વાક્યમાં 'which'ને સ્થાને 'that' વાપરી શકાય.

આ ઉપરાંત સંબંધક સર્વનામ તરીકે વપરાતા સંયોજકના ત્રણ વિશિષ્ટ ઉપયોગ છે, તે સ્મરણમાં રાખશો.

(૧) all, everything, something, anything, nothing, one, none, little, few, much અને only પછી હંમેશાં 'that' જ વાપરવું.

(૨) વિશેષણના શ્રેષ્ઠતાદર્શક રૂપ પછી 'that' જ વાપરવું.

(૩) It is - થી વાક્યનો પ્રારંભ થતો હોય ત્યારે 'that' વાપરવું. દા.ત.,

સૌ સારું જેનું છેવટ સારું.

All is well that ends well.

તમારી પાસે જે કાંઈ હોય તે તમારા રાષ્ટ્રને અર્પણ કરો.

Offer anything, that you have, to your country.

આપણા દેશને જે માત્ર જોઈએ છે તે આપણું લોહી અને પરસેવો.

The only thing that our country needs, is blood and perspiration. (to need - ટુ નીડ - ની જરૂર હોવી, persipiration - પરસ્પિરેશન - પરસેવો.)

મારી પાસે એવું કશું જ નથી કે જે હું તમને આપી શકું.

I have nothing, that I can give you.

જે કાંઈક થોડું પણ મારી પાસે છે, તે તમને ઉપયોગી થઈ પડશે.

The little, that I have, will be usefull to you.

હેલન સુંદરમાં સુંદર સ્ત્રી હતી કે જે આ પૃથ્વી પર કદી થઈ ગઈ.

Helan was the most beautiful lady, that ever lived on this earth.

યુવાન જ દેશને ઊંચો લાવી શકે.

It is the youth, that can uplift the country. (the youth - ધ યુથ - યુવાન વર્ગ, to uplift - અપલિફ્ટ - ઊંચે લાવવું)

તમે જ એક છો કે જે હકીકત સમજો છો.

You are the one that realizes the fact. (to realize - રીઅલાઈઝ - સાચી વસ્તુ સમજવી)

'but' પણ સંબંધક સર્વનામ તરીકે, સંયોજક તરીકે, વપરાય છે, ત્યારે તેનો અર્થ 'પણ' થતો નથી. 'but', નો અર્થ 'who + not' કે 'that + not' સમજવો.

ત્યાં હાજર હતી એમાંની એક પણ સ્ત્રી એવી ન હતી કે જે આ સમાચાર સાંભળી ને રડી ન હોય.

There was not a single woman present, but wept to hear such news.

આ વાક્યને આ પ્રમાણે પણ લખી શકાય -

There was not a woman, who did not weep to hear such news.

આમ, 'but, to hear such news' - એ મુખ્ય ઉપવાક્યના 'a woman' નામના અર્થમાં વધારો કરતું ઉપવાક્ય, વિશેષણ ઉપવાક્ય છે. બીજાં ઉદાહરણરૂપ વાક્યો શીખીએ.

There is no fireside, but has one vacant chair.

અને આમ પણ લખાય :

There is no fireside, that has not one vacant chair.

There was not a widow, but longed to die upon the pyre of her husband. અથવા There was not a widow who did not long to die upon the pyre of her husband. (a pyre - પાયર - ચિતા)

'such - સચ - આવો, આવી, આવું અને 'the same - ધ સેમ - એકસરખું. આ બન્ને પણ સંયોજક તરીકે વિશેષણ ઉપવાક્યને અન્ય ઉપવાક્ય સાથે જોડવા માટે સંબંધક સર્વનામ તરીકે વપરાય છે. 'such' અને 'the same' પછી આવેલા નામ પછી તરત જ 'as'થી શરૂ થતું ઉપવાક્ય વિશેષણ ઉપવાક્ય બને છે. કોઈ વ્યક્તિનો પરિચય આપવા કે અમુક વસ્તુનો ચોક્કસ ઉલ્લેખ કરવા માટે 'such' અને 'the same' વપરાય છે. વાક્યો દ્વારા બન્નેનો પ્રયોગ સમજીએ.

તમે બહાર જઈ શકો તેવું હવામાન નથી.

The weather is not such, as you can go out.

પરિશ્રમ કરે એવા માણસો હંમેશાં સફળ થાય છે.

Such man as work hard, always succeeds.

નાટ્યસ્પર્ધામાં પ્રથમ આવી તે આ જ છોકરી છે.

She is the same girl, as stood first in the dramma competition.

તમારી પાસે છે તેવી જ કાંડાઘડિયાળ મારી પાસે છે.

I have the same wrist-watch as you. (have)

'Such' અને 'the same' ના પ્રયોગ બાબત નીચેના મુદ્દાઓ ખ્યાલમાં રાખો.

(૧) 'such' અને 'the same' પછી 'who', 'which', કે 'that' વપરાય નહિ; 'as' જ વપરાય.

(૨) બન્નેનો ઉપયોગ સજીવ તથા નિર્જીવ નામ સાથે કરી શકાય.

(૩) આ બન્ને પછી વપરાયેલું નામ એકવચનમાં હોય તો

તેની આગળ અનિશ્ચિત આર્ટિકલ 'a' કે 'an' આવે. પણ બહુવચનમાં નામ હોય તો કોઈ આર્ટિકલ વપરાય નહિ.

(૪) મુખ્ય ક્રિયાપદમાં વપરાયેલા ક્રિયાપદનો ઉપયોગ ઉપવાક્યમાં ફરીથી કરવામાં આવતો નથી, પરંતુ તેને બદલે 'to be', 'to have' અને 'to do' ક્રિયાપદના યોગ્ય રૂપનો ઉપયોગ કરવામાં આવે છે અને બહુધા તે અધ્યાહાર રહે છે. દા.ત.

I have such a pen as you (have). My brother received the same letter as you (did).

હવે whose - હૂઝ - જેનું, જેમનું અને whom - હૂમ - જેને સંયોજકોનો સંબંધક સર્વનામો ને વિશેષણ ઉપવાક્યને સાંકળવા માટે કેમ વપરાય તે ઉદાહરણ દ્વારા શીખીએ.

આ એ સ્ત્રી છે કે જેનાં ઘરેણાં ચોરાયાં હતાં.

This is the woman, whose ornaments were stolen

આ સંકુલ વાક્યમાં, 'this is the woman, મુખ્ય ઉપવાક્ય છે અને 'whose ornaments were, stolen, વિશેષણ ઉપવાક્ય છે.

શિક્ષકે જે છોકરાને શિક્ષા કરી તેને ઓળખો છો?

Do you know the boy, whom the teacher punished?

આ વાક્યમાં, 'Do you know the boy', મુખ્ય ઉપવાક્ય છે અને, 'whom the teacher punished', વિશેષણ ઉપવાક્ય છે.

આ ઉપરાંત 'when', 'where' અને 'why' પણ સંયોજકો તરીકે, સંબંધક સર્વનામ તરીકે, વપરાય છે. કેટલીક વાર આ ત્રણે સંયોજકમાંનાં કોઈ પણ એક સંયોજકથી જોડાયેલા ઉપવાક્યને 'ક્રિયાવિશેષણ ઉપવાક્ય' - adverb clause - સમજી લેવાની ભૂલ કરવામાં આવે છે. મુખ્ય ઉપવાક્ય કે ગૌણ ઉપવાક્યનો અર્થ સમજ્યા વિના ઉપવાક્યનો પ્રકાર સમજવામાં ભૂલ ન કરશો. 'when', 'where' કે 'why', સમય, સ્થળ અને કારણ-દર્શક ફક્ત ક્રિયાવિશેષણ ઉપવાક્યને સાંકળવા માટે જ સંયોજક તરીકે વપરાય છે એમ માનશો નહિ. પુરોગામી ઉપવાક્યમાં નામ કે સર્વનામની વિશેષતા દર્શાવવા માટે આ સંયોજકો વપરાયાં હોય ત્યારે જે તે ઉપવાક્યને વિશેષણ ઉપવાક્ય સમજવું. નીચેનાં દૃષ્ટાંતો આ મુદ્દો સ્પષ્ટ કરશે.

જે સમયે કૃષ્ણ જન્મ્યા હતા તે મધરાત હતી.

The time, when Krishna was born, was midnight - આ વાક્યમાં 'The time was midnight' એ મુખ્ય ઉપવાક્ય છે અને when Krishna was born એ ગૌણ ઉપવાક્યમાં વપરાયેલું 'when' તે મુખ્ય ઉપવાક્યમાં વપરાયેલ 'the time'ના વિશેષણ તરીકે વપરાયું છે. તેથી તે વિશેષણ ઉપવાક્ય છે.

આ પ્રમાણે જ નીચેનાં બે વાક્યોમાં 'where' અને 'why' સંબંધક સર્વનામ તરીકે વપરાયેલાં સંયોજક મુખ્ય ઉપવાક્યના 'place' અને 'reason' ના અર્થમાં અનુક્રમે બન્ને વાક્યોનાં ઉપવાક્યોમાં વધારો કરે છે. માટે તે વિશેષણ ઉપવાક્ય જાણવા

આ એ સ્થળ છે કે જ્યાં ગાંધીજી જન્મ્યા હતા.

This is the place, where Gandhiji was born.

This is the place - મુખ્ય ઉપવાક્ય

Where Gandhiji was born. તે ઉપવાક્ય the place - નામના અર્થમાં વધારો કરતું ઉપવાક્ય છે માટે તે વિશેષણ ઉપવાક્ય છે.

નોકર કેમ મોડો આવ્યો તેના કારણની મને ખબર નથી

I do not know the reason why the servant came late

આ સંકુલ વાક્યમાં, I do not know the reason - મુખ્ય ઉપવાક્ય છે. અને તેમાં વપરાયેલ 'reason' નામ-પદના અર્થમાં, why the servant came late ઉપવાક્ય એ વિશેષણ ઉપવાક્ય છે.

આમ, આ પાઠમાં ગૌણઉપવાક્યનો બીજો પ્રકાર - વિશેષણ ઉપવાક્ય સમજ્યા. હવે પછીના પાઠમાં ગૌણ ઉપવાક્યનો ત્રીજો પ્રકાર ક્રિયાવિશેષણ એટલે The adverb clause વિશે સમજીશું. (ક્રમશઃ)

અનુસંધાન] લેસર [પૃ. ૬૧૨થી

મળે છે. લેસર કિરણની એક વિશિષ્ટ ખાસિયત એ પણ છે કે તે કેવળ એક સમાન તરંગલંબાઈનો જ પ્રકાશ નથી, પણ જાણે કે સૈન્યના સૈનિકો તાલબદ્ધ કૂચ કરતા હોય તેમ તેના બધા તરંગો સમાન કલા (phase)થી મુસાફરી કરે છે, જે આકૃતિમાં દર્શાવ્યું છે. લેસરના આ ગુણધર્મને કારણે આ બીમ એટલું પ્રબળ અને ઊર્જાધારી બને છે કે હીરા જેવા કઠણ પદાર્થમાં પણ તે સરળતાથી છિદ્ર પાડી શકે છે.

લેસરનું ઉજ્જવળ ભાવિ

ઉદ્યોગમાં વપરાતા લેસર બીમને એક નાના ટપકાથી પણ નાના બિંદુએ કેન્દ્રિત કરી શકાય છે. લેસર બીમથી મળતી ઉષ્માઊર્જા અત્યંત અધિક પ્રબળ અને તીવ્ર છે. સ્ટીલ જેવી સખત ધાતુને તે ઓગાળી શકે છે, તેનું બાષ્પમાં રૂપાંતર કરી શકે છે તથા ધાતુને કાપી પણ શકે છે. આથી જ તેની આટલી પ્રચંડ શક્તિ વિનાશક અને સંહારક બની શકે તેવા ભયથી પ્રારંભમાં લોકોએ તેને મૃત્યુકિરણો માની લીધા. તેનાથી લોકો ભયભીત પણ બન્યા હતાં. હવે તેનો ઉપયોગ અનેક સારાં કાર્યો માટે, સુવિધાઓ માટે, સારુ અને અધિક ઉત્પાદન મેળવવા, રોગોપચાર માટે, છાપકામઉદ્યોગ, સંચારવ્યવસ્થા, કમ્પ્યૂટરોની ઝડપ વધારવા માટે મોટા પાયે થાય છે. જ્યાં લેસરનો ઉપયોગ ના થતો હોય તેવા મોટા ઉદ્યોગો આજે બહુ ઓછા છે.

હવે આપણે લેસર યુગમાં જીવીએ છીએ. લેસર ટેક્નોલોજિ ઘણી જ ઝડપથી પ્રગતિ કરી રહી છે. અને અનેકવિધ નવાં નવાં ક્ષેત્રોમાં તેની ઉપયોગિતા બતાવી રહી છે. કેટલાક વિદ્વાનો સાચે જ એમ માને છે કે આજ અને આવતી કાલ લેસરની જ હશે. (ક્રમશઃ)

ચિત્રકાર શ્રી વાસુદેવ સ્માર્તનો દેહવિલય



આંતરરાષ્ટ્રિય ખ્યાતનામ ચિત્રકાર શ્રી વાસુદેવ સ્માર્તનું તાજેતરમાં ગઈ તા. ૨૫મી ઓગસ્ટે અવસાન થયું તેની સાથે એક ઉમદા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના આગ્રહી - ઇતિહાસપુરાણ અને આપણી સંસ્કૃતિના અભ્યાસી એવા એક ઉમદા ચિત્રકારની ખોટ પડી છે.

ભાઈ વાસુદેવનો જન્મ સુરત મુકામે ૧૭-૭-૧૯૨૫ના રોજ એક સાધારણ સ્થિતિના બ્રાહ્મણને ત્યાં થયો હતો. ૧૯૪૩માં મેટ્રિક પાસ કરી મુંબઈની વિખ્યાત સર જે.જે. સ્કૂલ ઓવ્ આર્ટસમાં દાખલ થયા અને ખ્યાતનામ ભારતીય કલાપરંપરાના નિષ્ણાત કલાકાર શ્રી જગન્નાથ અહિવાસીના નેતૃત્વમાં કલાભ્યાસ કર્યો અને ડિપ્લોમા મેળવી એ જ સંસ્થામાં ફેલો નિમાયા. તથા અભ્યાસ દરમિયાન સ્કોલરશિપ પણ મેળવી. ૧૯૫૮થી ૬૦ બે વર્ષ માટે ભારત સરકારની કલ્ચરલ સ્કોલરશિપ (ચિત્રકલા) મેળવી અને પાછા સ્વ. શ્રી અહિવાસીના નેતૃત્વમાં બનારસ જઈ વધુ અભ્યાસ કર્યો અને ચિત્રો બનાવ્યાં. ત્યાર બાદ બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયમાં મહિલા વિદ્યાલયમાં જોડાયા તથા પ્રથમ લેક્ચરર અને પછી રીડર બની ૧૯૮૫માં નિવૃત્ત થયા. ત્યાર બાદ ૧૯૯૩ થી ૯૫ ભારત સરકારના માનવ સંશોધન વિકાસ અને સાંસ્કૃતિક વિભાગ નવી દિલ્હી તરફથી સીનિઅર ફેલો તરીકે તેમની નિમણૂક થઈ. આ રીતે એકેડેમિક કેરિયર સુન્દર બની.

શ્રી અહિવાસીજીના નેતૃત્વમાં ભારતીય પરંપરાગત ભીંતચિત્રોનો ઊંડો અભ્યાસ કર્યો અને અજંટા, બાઘ, બદામી, સીતાનવાસલ, કુસુમ સરોવર, ઓરછા, દાંતિયા, દક્ષિણ ગુજરાતનાં જૈન મંદિરો તથા રાજસ્થાનનાં ભીંતચિત્રોનો ફક્ત અભ્યાસ જ નહીં, પણ અનુકૃતિ કરી; જે ભારત સરકારની લલિતકલા એકેડેમી પાસે તથા અન્ય સ્થળે સચવાઈ છે. ઉપરાંત એને લગતું એક પુસ્તક પણ રચ્યું હતું.

બનારસની હિંદુ વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી) તેમજ અન્ય સ્થળે એમણે પરીક્ષક તથા બોર્ડ ઓવ્ સ્ટડીઝમાં પણ સેવા આપી હતી. ઉજ્જૈનના કાલિદાસ સમારોહ તરફથી યોજાતાં પ્રદર્શનોમાં નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી તથા પારિતોષિક મેળવ્યાં હતાં.

રેડિયો ટી.વી. તેમજ અનેક સ્થળોએ પરિસંવાદ-સેમિનાર તથા વક્તવ્ય પણ આપ્યું હતું.

માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે 'કલાદર્પણ' તથા આપણા સામાન્ય જીવન વહેવારમાં વણાયલી રૂપડિઝાઈન કલાને લગતું 'રૂપસંહિતા' નામનું એટલું



શિવશક્તિ (તાંત્રિક પ્રતીક)



'સકળ જીવ સાથે મારે મૈત્રી છે' એ વાક્ય માત્ર શબ્દસમૂહ નથી પણ જીવનઘટના છે. જ્યારે ચંડકૌશિક સર્પને સમજાવીને સાચે રસ્તે વાળવા પોતે ગયા અને એ ચંડકૌશિકે દંશ દીધો, છતાં તેના પર કરુણા વરસાવી અને એના આત્માને ઊર્ધ્વારોહી બનાવવા માત્ર બે શબ્દો કહ્યા, અને તે પણ શાંત બની ગયો. એ ચિરંજીવી ઘટનાને ગુજરાતના ચિત્રકલાકાર શ્રી વાસુદેવ સ્માર્તે પોતાની પીંછીના સ્પર્શથી અહીં પ્રાણ ધબકતી કરી છે. ('પાઠશાળા'માંથી)

સુન્દર પુસ્તક બનાવ્યું કે જાણે રૂપકલા (ભારતીય)નો એક સંદર્ભગ્રંથ - એનસાઇ-ક્લોપીડિયા ન હોય! અત્યાર સુધીમાં એની ત્રણ આવૃત્તિ બહાર પડી છે. તે એની ઉપયોગિતા તથા ઉત્કૃષ્ટતાનો ખ્યાલ આપે છે. ગુજરાત લલિતકલાના ઉપક્રમે મુંબઈમાં ૧૯૭૫ અને અમદાવાદમાં એમની વિસ્તૃત (આજીવન) કલાનું એક સુન્દર પ્રદર્શન પણ યોજાયું હતું. એવું માન બીજા કોઈ ચિત્રકારને ભાગ્યે જ મળ્યું હશે!


ગુજરાત લલિત કલા અકાદમીમાં ૧૯૬૦, ૧૯૭૭ અને ૧૯૯૩થી આજપર્યંત એમની સભ્ય તરીકે નિમણૂક થઈ હતી.

એમનાં પુસ્તકો ચિત્રો અને ઇતર કલાનો સંગ્રહ એટલો વિપુલ છે કે કોઈ જાહેર સંસ્થા કે પુસ્તકાલય પાસે ભાગ્યે જ હોય! સદ્ભાગ્યની વાત તો એ છે કે એમના પુત્રતુલ્ય, ભત્રીજા ચિ. જગદીપ સ્માર્તને એ વારસો સોંપી ગયા છે. ચિ. જગદીપ પણ એક સારા ચિત્રકાર છે.


એમનાં ચિત્રો ગુજરાત સરકાર અને પરદેશમાં પણ છે. સુરતની ગાર્ડન મિલ્સ-વાળા પ્રફુલ્લભાઈ શાહ પાસે એમનાં ઘણાં ચિત્રો છે એટલું જ નહીં, પણ એઓ એમના ખૂબ જ પ્રોત્સાહક હતા. અમદાવાદના કેલિકો મ્યૂઝીઅમ જેવું સુરતમાં ભારતીય ટેક્ષટાઈલ્સ (કેલિકો)નું એક સુન્દર મ્યૂઝીઅમ બનાવવાની યોજના એમણે ઘડી હતી અને તેને માટે અસંખ્ય નમૂનાઓ, પુસ્તકો તથા ઇતર સામગ્રી પણ એમણે ભેગી કરી છે. એ મ્યૂઝીઅમ ભાઈ શ્રી વાસુદેવના નામે જ સ્થાપિત થાય તો એમને ખરી અંજલી આપી ગણાય.

સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટસથી માંડીને દિલ્હીની લલિતકલા અકાદમી ઉપરાંત એવી કોઈ પણ સંસ્થાનું પ્રદર્શન ન હોય જેમાં એમને પારિતોષિક ન મળ્યાં હોય! ગુજરાત સરકારે એક વયોવૃદ્ધ કલાકાર તરીકે ૧૯૮૫માં એમનું સન્માન કર્યું હતું. એ જ રીતે ઑલ ઇન્ડિયા ફાઇન આર્ટસ ક્રાફ્ટ્સ સોસાયટી દિલ્હીએ પણ એમનું ભારતના એક બુઝુર્ગ કલાકાર તરીકે સન્માન કર્યું હતું. - કાન્તિ કાપડિયા





વાસુદેવ સ્માર્તે કરેલાં કેટલાંક સુંદર રેખાંકનો



'વિશ્વ ફોટોગ્રાફી દિવસ'

૧૯મી ઑગસ્ટ નિમિત્તે કૅમેરા ક્લબ ઑવ્ કર્ણાવતી, અમદાવાદ દ્વારા યોજિત બે નોંધપાત્ર પ્રદર્શનો 'છાયાચિત્ર' પોર્ટફોલિયો તથા કાશ્મીરમાં સરહદ પર શહીદ થયેલા જવાનોના કલ્યાણાર્થે ફંડ ભેગું કરવા જાણીતા પીઢ તસવીરકાર શ્રી પ્રાણલાલભાઈ પટેલ દ્વારા છાયાંકિત થયેલ 'કાશ્મીર-૧૯૪૦ની છબીઓ' રવિશંકર રાવળ કલાભવનમાં યોજાયાં. 'છાયાચિત્ર' પ્રદર્શનમાં રજૂ થયેલી તસવીરો તથા ત્રણ ઇનામી વિજેતાઓની કૃતિઓના કાર્યક્રમ શ્રી પ્રાણલાલભાઈ પટેલ અને શ્રીમતી દમયંતી પટેલ દ્વારા પ્રેરિત છે. અમદાવાદની શાળા/કૉલેજના નવોદિત તસવીરકારોની 'મિનિયેચર ફોટો પ્રિન્ટ્સ'નું પ્રદર્શન તથા સ્પર્ધાનાં ઇનામોના વિતરણ અંગેનો કાર્યક્રમ પણ ધ્યાનપાત્ર રહ્યો.


સ્વર્ગ સમું કાશ્મીર (ફોટો : પ્રાણલાલ પટેલ)

'છાયાચિત્ર' પ્રદર્શનમાં રજૂ થયેલી શ્વેત-શ્યામ તથા રંગીન વિજેતા કૃતિઓમાંની કેટલીક રમ્ય પરિવેશ, પ્રકાશછાયાની સંરચના, પ્રિન્ટ ક્વૉલિટી તથા રંગોની દૃષ્ટિએ ખરેખર પ્રશંસનીય બની છે.

વિપુલ પ્રમાણમાં ગુણવત્તાભરી વિક્ટોરિયાલિસ્ટ શૈલીમાં તસવીરો લેનાર લેન્સમૅન પ્રાણલાલભાઈએ ૧૯૪૦માં 'કાશ્મીર'ની લીધેલી મુલાકાત વેળા ત્યાંનાં પ્રાકૃતિક સ્થળોનાં અદ્‌ભુત સૌંદર્યને ઉત્તમ પ્રિન્ટ ક્વૉલિટી ધરાવતી ચૅનલ વૅલ્યૂ સંરચનાઓવાળી તસવીરોમાં ત્યાંના તત્કાલીન શાંત રમ્ય વાતાવરણને સુપેરે ધબકતું કર્યું છે. તેમાં કાવ્યમયતા છે, દસ્તાવેજી મૂલ્ય છે. તો ત્યાંના બે મનોહર શ્વેતશ્યામ ફોટાઓ એક રમ્ય કાશ્મીરી દૃશ્યચિત્ર - ને બીજું સરોવરમાં તરતાં ખેતરોનું દૃશ્ય - લોકજીવનનો ધબકાર ઝીલે છે. દલ-વેલૂર સરોવરો પરની જળમાં થઈ રહેલી પ્રવૃત્તિઓ નિકટના સુંદર શાંત ગામડાનો પરિવેશ, વિશાળ આકાશ, ખળખળ વહેતાં ઝરણાં અને તેમાંનાં રૂ જેવાં વાદળોના આકારો, ભવ્ય ડુંગરો, માર્ગો, વૃક્ષો, તરતા ઉદ્યાનો, આદિને દર્શાવતી તસવીર ધ્યાનપાત્ર છે. - બંસીલાલ દલાલ

૧૫મી ઑગસ્ટ નિમિત્તે વિઝ્યુઅલ આર્ટિસ્ટ્સ ઍસોશિયેશન દ્વારા યોજાયેલું ફૂટપાથ પરનું યાદગાર ચિત્રસર્જન અને ચિત્રપ્રદર્શન

ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ્સ ઍસોશિયેશનના ઉપક્રમે ગુજરાતના, પણ ખાસ તો અમદાવાદના, ૧૪૫ જેટલા ચિત્રકારોએ કારગિલ શહીદ ફંડ માટે ૧૫મી ઑગસ્ટે વીર કિનારીવાલાની ખાંભીવાળી ગુજરાત કૉલેજની ફૂટપાથ પર, ત્યાંના પ્રાકૃતિક રમ્ય વાતાવરણમાં સવારના ૯ થી સાંજના ૬ સુધી પોતાનાં મૌલિક ચિત્રસર્જનો કરી રૂપિયા બાવન હજારની રકમ એકઠી કરી છે. સુંદર વ્યવસ્થાને કારણે કલાકારોને આ સ્થળે રસ્તાની બંને બાજુની ફૂટપાથ પર કાર્ય કરવાની ખૂબ મજા પડી. તેમને માટે ચા-પાણી, નાસ્તા તથા ભોજનની પણ


કાશ્મીરના સરોવરનાં પાણીમાંનાં તરતાં ખેતરો (ફોટો : પ્રાણલાલ પટેલ)


કારગિલ શહીદફંડ માટે ચિત્રસર્જન

વ્યવસ્થા હતી. દીવાલની પાછળનાં વૃક્ષોના ફૂટપાથ પર પડતા શીતળ છાંયડામાં ફૂટપાથ પર આરામથી બેસીને ચિત્રસર્જન કરતા પ્રૌઢ-યુવા કલાકારો, કલાવિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને જોવાં એ ખરેખર એક લ્હાવો હતો. ખાસ નોંધવા જેવી બાબત એ હતી કે આમંત્રિત કલારસિકો ઉપરાંત રસ્તા પરથી પસાર થઈ રહેલા સ્કૂટર- સવારો, કારમાં બેઠેલી વ્યક્તિઓએ પણ થોભી જઈ આ સર્જનકાર્યને માણ્યું અને કેટલાકે રૂ. ૧૦૦૦, ૯૦૦, ૭૦૦, ૫૦૦ની કિંમતનાં ચિત્રો ખરીદ પણ કર્યાં. અહીં કોઈ નફાની કે માર્કેટ-મૂલ્યની ઇચ્છા નહોતી. એટલે જ સમગ્ર પ્રસંગ કોઈ નાના ઉત્સવ જેવો બની રહ્યો. અહીં પીરાજી સાગરા, બાલકૃષ્ણ પટેલ, અમિત અંબાલાલ, ભાનુ શાહ, નાગજી ચૌહાણ, જનક પટેલ, જયેશ શુક્લ, બંસી ખત્રી, કનુ પંચાલ, ભરત પંચાલ, નટુ પરીખ, અપૂર્વ દેસાઈ, વૃંદાવન સોલંકી, નટુભાઈ મિસ્રી, ચકોર, રાજેશ સાગરા, મહેન્દ્ર કડિયા, મહેરબહેન પટણી તથા કલાવિદ્યાર્થિનીઓની સર્જનકાર્યની પ્રક્રિયાને નિહાળવાની સોનેરી તક સાંપડી. - બંસીલાલ દલાલ

અશોક શાહનાં ડ્રૉઇંગ્સનું પ્રદર્શન

ઓરિસ્સાના ઐતિહાસિક જાણીતા ભુવનેશ્વર શહેરમાં ત્યાંની આર્ટ થેરપિસ્ટ સંસ્થા દ્વારા ગુજરાતના જાણીતા કલાકાર-આર્ટ થેરપિસ્ટ અશોક શાહને તેમનાં



એક ડ્રૉઇંગ (અશોક શાહ)

ચિત્રોના પ્રદર્શન માટે તથા વર્કશૉપમાં તેમનાં પ્રવચનો માટે આમંત્રિત કરવામાં આવ્યા.

માનસિક તથા શારીરિક રીતે ખોડ-ખાંપણવાળાં બાળકો, કિશોરોને તેમના દુઃખદ જીવનમાં સ્વસ્થતા અને આનંદ પ્રસરાવવા અશોક શાહ જેવા આર્ટ થેરપિસ્ટો ચિત્રકલા, શિલ્પકલા, નૃત્ય, સંગીત, નાટક દ્વારા તેમને સારા કરવાનું એક ઉત્તમ માનવતાભર્યું કાર્ય કરી રહ્યા છે તે નિઃશંક વાત છે. કલાઓને કેવળ સૌંદર્યશાસ્ત્ર, વાદો, પ્રવાહો, મિકેનિઝમથી ઉપરથી હટી માનવતા અને સ્વાસ્થ્ય માટેનો તેનો ઉપયોગ ખરેખર દાદ માગી લે છે.

'ઇન્સાઈડર અને આઉટસાઈડર' કલાકારોનાં સર્જન દ્વારા તેમની કૃતિઓ દ્વારા અશોકે આ વાત સ્પષ્ટ કરી છે. તેમાં જગતના મહાન કલાકારો પણ આવી જાય છે.

અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં યોજાયેલા પ્રિવ્યૂ શોમાં અશોકે તેમની પેન્સિલના માધ્યમમાં તૈયાર થયેલી સર્જનાત્મક ડ્રૉઇંગકૃતિઓ રજૂ કરી. આ કૃતિઓમાં પેન્સિલ જેવા કૂણા, કમનીય નાજુક માધ્યમને તેમણે સશક્ત સ્ટ્રોક્સ દ્વારા માનવીય એકલતા-વેદના-મૃત્યુ-માનવઅસ્તિત્વ જેવા સાંપ્રત પ્રશ્નોને તેમની સાંપ્રત આર્ટને લગતી ચિત્રભાષામાં વ્યક્ત કર્યા છે. - બંસીલાલ દલાલ

કાર્ટૂનોનું નોંધપાત્ર પ્રદર્શન

'હિંદુસ્તાન ટાઈમ્સ' દ્વારા યોજિત અખિલ ભારતીય કાર્ટૂન તથા કૅરિકેચર સ્પર્ધામાં પસંદ પામેલી તથા ઇનામવિજેતા કૃતિઓનું પ્રદર્શન હાલમાં અમદાવાદની રવિશંકર રાવળ આર્ટ ગૅલરીમાં યોજાયું.

(અનુસંધાન પૃ. ૬૫૦)



અભિનેત્રી કાજોલ (એ.વી. શ્રીકાન્ત)



રાજકીય નેતા જશવંતસિંહ (જી. પ્રભાકર)



ચર્ચાસ્પદ વ્યક્તિ જયલલિતા (વિકલ વિનોદ)

સાહિત્યસંપર્ક

ભગવાનદાસ પટેલને 'ભાષા-સન્માન'

ખાસ કરીને લોકબોલી અને લોક-સાહિત્યમાં સંશોધન અને તેનું



સંપાદન કરી ડૉ. ભગવાનદાસ પટેલે છેલ્લાં લગભગ વીસેક વર્ષથી સહુ તજ્જ્ઞોનું ધ્યાન ખેંચ્યું છે. તેમના કામની નક્કરતા હવે અણપ્રીછી રહી નથી. 'રોમસીતમાની વારતા' અને 'ભીલ લોકમહાકાવ્ય રાઠોર વારતા' એમનાં આ ક્ષેત્રનાં જાણીતાં બનેલાં સંશોધન-સંપાદનો છે. આ ઉપરાન્ત એમના પ્રદાનમાં ભીલ પ્રજાનાં પ્રચલિત લગ્ન-પ્રણયગીતો 'લીલા મોરિયા' અને 'ફૂલરાંની લાડી' પણ જાણીતાં પુસ્તકો છે. 'ડુંગરી ભીલોના દેવિયાવાળાના અરેલો' તથા 'નવ લાખ દેવીઓ અને કરમીરો' જેવાં ઝીણવટભર્યાં સંપાદનો પણ આપ્યાં છે. ઈ.સ. ૧૯૯૭માં વડોદરા ખાતે ભરાયેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના અધિવેશનમાં આ જ તજ્જ્ઞતાને ખયાલમાં રાખી એમને વિવેચન-સંશોધન વિભાગના પ્રમુખ તરીકે પસંદ કરાયા હતા. અમદાવાદની સુપ્રસિદ્ધ કલાસંસ્થા 'દર્પણ' દ્વારા ઉત્તર ગુજરાતના ગ્રામવિસ્તારની પ્રજામાં જડ ઘાલી ગયેલ કુરુઢિઓ અને કુરિવાજોને દૂર કરવાની જાગ્રતિ આણવાના શૈક્ષણિક અભિયાનના ભાગરૂપે જે ભીલપ્રજાનાં જ સામાજિકોને પાત્રવેશ આપી લોકનાટ્યશૈલીએ નાટ્યવેશ ભજવાય છે તેમાં ડૉ. ભગવાનદાસ પટેલની સલાહકાર તરીકેની સફળ કામગીરી ધ્યાનાકર્ષક છે.

આવા ડૉ. ભગવાનદાસ પટેલનો જન્મ ૧૯૪૩ના નવેમ્બરની ૧૯મી તારીખે સાબરકાંઠા જિલ્લાના વતન ગામ જામળામાં થયો હતો. ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી સાથે એમણે શુદ્ધ સાહિત્યિક સામાજિક રસથી લોકવિદ્યાના સંશોધનક્ષેત્રમાં સહજ રીતે ઝંપલાવ્યું છે. તેમનું વ્યક્તિત્વ નિખાલસ અને નિર્દંભ છે. લોકસમાજ વચ્ચે રહીને જ એમણે આ કામગીરી સ્વીકારી છે તેનો સમાજ અને સાહિત્ય ઉભય ક્ષેત્રને બહોળો લાભ થયો છે.

દિલ્હી સાહિત્ય અકાદમીએ ૧૯૯૮થી લોકસાહિત્ય કે આદિવાસી સાહિત્યના ક્ષેત્રમાં નોંધપાત્ર સંશોધન કરનારને 'ભાષા-સન્માન'નો ઍવૉર્ડ આપવાનો નિર્ણય કર્યો છે. તદનુસાર પ્રથમ વર્ષે જ આપણી ભાષામાં ઍવૉર્ડ ડૉ. ભગવાનદાસ પટેલને એનાયત થાય છે તેની સમુચિતતા સ્વયંસિદ્ધ છે. ડૉ. ભગવાનદાસને એ બદલ અભિનન્દન. - ધી.પ.

અવલોકન

સિનેરાગ



સિનેમાની કલા અને ભારતીય શાસ્ત્રીય સંગીત તેમજ પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીત હિંમતભાઈ કપાસીના સૌથી મનગમતા વિષયો. તેમનું પ્રથમ પુસ્તક સંગીતની કલા પર પ્રસિદ્ધ થયું હતું. ફિલ્મો જોવાનો તો તેમને નાનપણથી રસ, પરંતુ ફિલ્મ માધ્યમની સમજ તથા ફિલ્મની કલાત્મક સૂઝ તેમણે ફિલ્મ સોસાયટી દ્વારા દર્શાવાતી દુનિયાના અનેક દેશોની કલાત્મક, સર્જનાત્મક ફિલ્મો તથા ભારતની સમાંતર ન્યૂ વેવ ફિલ્મો દ્વારા કેળવી તથા વધુમાં તેમણે 'ફિલ્મ રસાસ્વાદ'નો કોર્સ પણ કર્યો. આ કોર્સ દરમિયાન ફિલ્મની કલાત્મક બાજુઓની સમજ કેળવાઈ. પછી તો કપાસીએ 'ગુજરાત સમાચાર'ના શુક્રવારના સિનેમાના વિભાગમાં 'આચમન' નામની કૉલમમાં નિયમિત ફિલ્મો તથા ફિલ્મમાધ્યમ અને ફિલ્મકલા અંગેની એક લેખમાળા શરૂ કરી. દર વર્ષે ભરાતા આંતરરાષ્ટ્રિય ફિલ્મ મહોત્સવમાં અચૂક હાજરી આપી અને તે દરમિયાન દર્શાવાતી દુનિયાની તથા ભારતીય પેનોરમાના મહાન કલાત્મક ફિલ્મો સંપૂર્ણ રીતે માણી, તેમનાં સઘળાં કલાત્મક પાસાંઓ સમજી તેનો જે આનંદ માણ્યો તે લેખો દ્વારા આપણને પણ કરાવ્યો. ખાસ તો પાશ્ચાત્ય અને ભારતીય સંગીતની તેમની ઊંડી સૂઝને કારણે ફિલ્મસંગીતને ફિલ્મના એક મહત્ત્વપૂર્ણ અંગ તરીકે ઓળખી તે વિષે તેમના લેખોમાં વિશદ ચર્ચા પણ કરી છે. તેથી જ તેમણે તેમના સિનેમાવિષયક લેખોના સંગ્રહને 'સિનેરાગ' શીર્ષક આપ્યું છે, જે સર્વથા સાર્થ અને યોગ્ય છે. રન્નાદે પ્રકાશનના મનહર મોદીએ સાચા અર્થમાં જ કપાસીના લેખો દ્વારા સિનેમાની જે બોલાવી છે. કપાસી પાસે સમજની એ ચાવીઓ છે જે દ્વારા એમણે ફિલ્મી વ્યાકરણનો, લિપિનો, ચિત્રોનો, રંગોનો, દશ્યોનો ખજાનો આપણી સમક્ષ ખુલ્લો મૂક્યો છે. દુનિયાના મહાન ફિલ્મસર્જકોની ફિલ્મો અને તેમની કલાને માણવાની, સમજવાની સોનેરી તક તેમણે આપણને પૂરી પાડી છે.

કપાસીએ તેમની લાક્ષણિક ગદ્યશૈલી દ્વારા ફિલ્મોની ઉત્તમ ક્ષણોને શબ્દોના માધ્યમમાં કૅમેરો ફરે તે રીતે આબેહૂબ ધબકતી કરી છે. ફિલ્મ કેવી રીતે જોવી તે વિષેના લેખો પ્રેરણાદાયક અને ઉપયોગી છે. ટૂંકમાં, સમગ્રપણે જોતાં 'સિનેરાગ'ના લેખો વાચકોમાં ફિલ્મકલાની ચેતના જગાવે છે, તે નિઃશંક છે. - બંસીલાલ દલાલ

પ્રાપ્ત પ્રકાશનો

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર (હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ - ૩૮૦૦૦૪)નાં પ્રકાશનો : **મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર (એક પરિચય)**, પૃ.૫૬, રૂ.૧૫. **શ્રી અરવિંદનો પૂર્ણયોગ** (લે.સંતબાલ), પૃ.૪૦, રૂ.૧૦. **સંપૂર્ણ ક્રાંતિ-લોકશાહી અને ભાલ નળકાંઠા પ્રયોગ** (લે.અંબુભાઈ શાહ), પૃ. ૭૦, રૂ.૧૫. **અનુભવની આંખ** (લે.અંબુભાઈ શાહ), પૃ.૪૨, રૂ. ૧૦. **ન્યાયનું નાટક** (લે. સંતબાલ), પૃ.૪૬, રૂ.૧૦. **રાજકીય ઘડતર** (લે. અંબુભાઈ શાહ), પૃ. ૬૪, રૂ.૧૫. **મારી જીવનસાધના** (લે. સંતબાલ), પૃ.૪૮, રૂ.૧૫. **અનુભવની આંખે-૩** (લે. અંબુભાઈ શાહ), પૃ.૪૮, રૂ.૧૫. **મુનિશ્રી સંતબાલજી** (હિન્દી), પૃ.૪૬, રૂ.૧૦. **મારી જીવનસાધના** (લે.સંતબાલ), પૃ.૪૮, રૂ.૧૫, દરેક ડિમાઈ સાઈઝ. **સુખી જીવનની પગદંડી** (નિબંધસંગ્રહ) લેખક : ડૉ. મોહનભાઈ પટેલ, પ્ર.એકતા, પ્રકાશન, એકતા શૈલેષકુમાર પટેલ, 'મધુકુંજ' ૧૩, શ્રી હરિ લક્ષ્મીનારાયણ સોસાયટી, બીલીમોરા, ડિમાઈ સાઈઝ, પૃ.૧૪૨, કિં.રૂ.૮૦. **પગેરુ** (ગઝલસંગ્રહ) લે. પ્રફુલ્લ નાણાવટી, પ્ર.પોતે, ૧૦૧, અમૃત પેલેસ, આગાખાન હોસ્ટેલ પાસે, કૉલેજ રોડ, જૂનાગઢ, ડિમાઈ સાઈઝ, પૃ.૧૩૬, કિં.રૂ.૬૦. **સ્વાતંત્ર્ય સંગ્રામનાં ગીતો** : સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્ર. નૅશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા એ-૫, ગ્રીન પાર્ક, નવી દિલ્હી-૧૧૦૦૧૬, ડિમાઈ સાઈઝ, પૃ.૭૨, કિં.રૂ.૯. **એક આંખમાં સન્નાટો** (કાવ્યસંગ્રહ) લે. વંચિત કુકમાવાળા, પ્ર. શ્રી લક્ષ્મીકાન્ત શેઠ, પ્રાપ્તિસ્થાન : અક્ષરભારતી, ૫, રાજગુલાબ શોપિંગ સેન્ટર, ભૂજ-કચ્છ-૩૭૦૦૦૧. **ક્ષણોના ઝબકારમાં** (લઘુલેખો) લે. માવજી કે. સાવલા, પ્ર. માનવવિકાસ કેન્દ્ર, વલ્લભ-વિદ્યાનગર-૩૮૮૧૨૦. ડિમાઈ સાઈઝ, પૃ.૭૨, કિં.રૂ.૩૦. **ઉલ્લાસ** (કાવ્યસંગ્રહ) લે. વિનોદ માણેક 'ચાતક', પ્ર. શ્રીમતી સરયુ વિનોદ માણેક, 'જલારામકૃપા', ૧૪, અભિનવ, જૈન કોલોની, નયાઅંજાર-૩૭૦૧૧૦. ડિમાઈ સાઈઝ, પૃ.૬૦ કિં.રૂ. ૨૦. **યુગમૂર્તિ પુષ્પાબહેન મહેતા** (જીવનવૃત્તાંત) લે. ડૉ.ગિરા એસ. ધોળકિયા, પ્રાપ્તિસ્થાન : ગૂર્જર એજન્સીઝ, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ડબલ ક્રાઉન સાઈઝ, પૃ.૨૦૦, કિં.રૂ. ૧૫૦. **અર્વાચીન ગુજરાતનો રાજકીય સાંસ્કૃતિક ઇતિહાસ** : લે. ડૉ. શિવપ્રસાદ રાજગોર, પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, પાટનગર યોજના ભવન, ગુજરાત કૉલેજ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૬. ડિમાઈ સાઈઝ, પૃ.૪૧૬, કિં.રૂ.૮૨. **હરિનામની હોડી, જે મીરાં સંગ છે જોડી** : (ભજન-ગીતસંગ્રહ) લે. રતુભાઈ દેસાઈ, પરિમલ પ્રકાશન, હનુમાન રોડ, વિલે પાર્લે (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૫૭, ડિમાઈ સાઈઝ, પૃ.૭૦, કિં.રૂ. ૫૦. **લાલકુંવરની ફૂક રે ફૂક** (બાળવાર્તા) : લે. નીતા રામૈયા, પ્રાપ્તિસ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ અને જૈન દેરાસર પાસે, ગાંધીમાર્ગ, અમદાવાદ. ક્રાઉન સાઈઝ, પૃ.૨૪, કિં.રૂ.૧૫. **ખિલ ખિલ ખિલ ટુહુક ટુહુક** (બાળવાર્તા) લે. પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પૃ. ૩૬, કિં.રૂ.૨૫. **તે જળપ્રદેશ છે** (કાવ્યસંગ્રહ) લે.પ્ર. ઉપરમુજબ, ડિમાઈ સાઈઝ, પૃ.૮૦, કિં.રૂ. ૪૦. **અસ્મિતા** (કાવ્યસંગ્રહ) લે. જયંત જી. ગાંધી 'કુસુમાયુધ', પ્ર. શ્રીમતી લતાદેવી જ. ગાંધી, ૫૩, દુર્ગેશનગર, ૐ જલનિધિ, જૂનાગઢ - ૩૮૧ ૦૦૧, ક્રાઉન સાઈઝ, પૃ.૩૨, કિં.રૂ. ૧૮. **પુનશ્ચ** (લેખસંગ્રહ) : લે. નીતા સી. ભાવનગરી, પ્ર. પોતે, ૫, ગ્રીનપાર્ક એપાર્ટમેન્ટ્સ, જીવનવિકાસ સોસાયટી પાસે, અઠવા લાઇન્સ, સુરત-૩૯૫૦૦૧, ડિમાઈ સાઈઝ, પૃ.૨૦૦ કિં.રૂ.૩૦. **પ્રિન્સિપાલ ડી.પી. જોષી** : સં. ઉષાબહેન જાની અને ગુલાબભાઈ જાની, પ્ર. પ્રિન્સિપાલ ડી.પી. જોષી ફાઉન્ડેશન ૩, બાલમુકુન્દ પ્લોટ્સ, રાજકોટ-૩૬૦૦૦૫, ડિમાઈ સાઈઝ, પૃ.૮૦, કિં.રૂ.૩૦.

અનુ.] **કલાવૃત્ત** [પૃ.૬૪૮થી

ભારતના જાણીતા વર્તમાનપત્ર 'ધ હિંદુસ્તાન ટાઈમ્સ લિ.' દ્વારા યોજિત 'કાર્ટૂન-સ્પર્ધા ૧૯૯૯' એક વાર્ષિક ઘટના છે અને આ સમાચારપત્ર દ્વારા તે છેલ્લાં તેર વર્ષોથી યોજાતી આવી છે. આ વર્ષની જ્યુરીમાં નામાંકિત ફિલ્મદિગ્દર્શક યશ ચોપરા, મૉડલ મધુ સપ્રે, મીડિયા પર્સનાલિટી વીર સંઘવી, ચિત્રકાર મનજિત બાબા અને સીનિઅર કાર્ટૂનિસ્ટો અબુ અબ્રાહમ અને સુધીર તૈલંગ હતા. તેમણે ત્રણસો કૃતિઓ (કાર્ટૂન તથા કેરિકેચરની) પ્રદર્શન માટે પસંદ કરી. આ વર્ષની કાર્ટૂનસ્પર્ધાનો વિષય હતો 'આગામી મિલેનિયમમાં ભારત.' સમગ્ર પ્રદર્શન એક આનંદનો તથા વિચાર-પ્રેરકતાનો અનુભવ કરાવી ગયું છે.

કેરિકેચર વિભાગમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ઇનામ એ.વી. શ્રીકાન્ત (ચેન્નાઈ), જી. પ્રભાકર (ચેન્નાઈ) અને વિકલવિનોદ (બિહાર)ને ફાળે ગયાં. કાર્ટૂન વિભાગમાં ફક્ત દસ આશ્વાસન ઇનામો જાહેર કરવામાં આવ્યાં. નિર્ણાયકોને પ્રથમ ઇનામ માટે કોઈ કાર્ટૂન કે કેરિકેચરનું ડ્રોઈંગ સશક્ત, વેધક લાગ્યું નહિ. જાણીતા કાર્ટૂનિસ્ટ મિ. અબ્રાહમના શબ્દોમાં આ કાર્ટૂન અને કેરિકેચરના રચયિતાઓએ આગામી મિલેનિયમમાં પ્રવેશ કરતા ભારતના પ્રશ્નો જેવા કે પ્રદૂષણ, ભ્રષ્ટાચાર, ગરીબી, વસ્તીવધારો અંગે ખૂબ સમીક્ષાત્મક ગંભીર દૃષ્ટિબિંદુ રજૂ કર્યું છે અને તેમના પરિપ્રેક્ષ્યને ભારતનાં નિષેધાત્મક પાસાં દર્શાવવા પૂરતું સીમિત રાખ્યું છે. આ પ્રદર્શન એક વાત પુરવાર કરે છે કે દેશના સળગતા પ્રશ્નો વિશે નાનામાં નાની ગૃહિણીથી લઈ દેશના બુદ્ધિમાનો સુધીની વ્યક્તિઓમાં કાર્ટૂન અને કેરિકેચર જેવા સશક્ત માધ્યમ દ્વારા તેમના વિચારો સર્જનાત્મકપણે તથા કલ્પનાથી રજૂ કરવાની હિંમત અને શક્તિ છે. રૈખિક ડ્રોઈંગથી લઈ શેડિંગ, ટોનિંગ, હેચિંગ, ક્રોસહેચિંગ, ટપકાં, શબ્દો દ્વારા આ કાર્ટૂન-કેરિકેચર જીવંત બન્યાં છે. - બંસીલાલ દલાલ

કંકાવટી

સૌરાષ્ટ્રનું વીસરાયેલું સ્ત્રી-રત્ન જેઠીબાઈ

ગુજરાતને સમૃદ્ધ કરવામાં અનેક મહાન નારીઓએ ભાગ ભજવ્યો છે, જેમાં નામી, અનામી કે સામાન્ય નારીઓનાં પ્રદાન પણ અજ્ઞાત રીતે મહત્ત્વનાં બન્યાં છે. દીવનાં જેઠીબાઈની આ અતિ-મહત્ત્વની ઘટના એકાદ-બે અપવાદ સિવાય ઇતિહાસકારો કે ઇતિહાસ-રસિકોનું ધ્યાન ખેંચી શકી નથી કે ગૅઝિટિયરમાં પણ સ્થાન પામી શકી નથી.

ઈ.સ. ૧૬૫૦ થી ૧૭૫૦ના સમયગાળામાં દીવ બંદર સૌરાષ્ટ્રનું અગત્યનું બંદર હતું. અહીંથી ઇરાન, ઝાંઝીબાર અને મોઝામ્બિક જેવા દૂરના દેશો સાથે હાથીદાંત, સોનું, અબરખ, અનાજ, લોખંડનાં ઓજારો અને વિવિધ ભાતનાં કાપડનો વેપાર ચાલતો. તે સમયે કચ્છ-માંડવીમાં એક ખારિયા ક્ષત્રિય પંજુ રહેતો હતો. તે પોતાની પત્ની બ્રહ્મક્ષત્રિય વલેરા સવજીની પુત્રી જેઠીબાઈ અને પોતાના કુટુંબીજનો સાથે દીવ આવીને વસેલો. તેણે અહીં પોતાનો મૂળ ધંધો - કાપડ રંગવા-છાપવાનું કારખાનું ખોલેલું. કલા, કારીગરી, ડિઝાઇનો ચીતરવાનું જાત-ભાતના રંગો, પતંગા, મજીઠ, સોરંગી, લોખંડનો કાટ, વનસ્પતિ વગેરેમાંથી રંગ બનાવી રંગવા-છાપવામાં સારી એવી પ્રગતિ કરેલી. જેઠીબાઈને નાનપણથી કલાનો શોખ હતો. પંજુ, તેની સ્ત્રી જેઠીબાઈ અને ઘરનાં સર્વ રંગાટના કારખાનામાં જાતે કામ કરતાં.

દીવમાં તે સમયે પૉર્ટુગીઝ રાજ્ય હતું. તેનું મુખ્ય મથક ગોવા હતું. પૉર્ટુગીઝ પ્રજા કૅથોલિક હોવાથી રાજા અને પ્રજા બંને પોપને લાગતકર ચૂકવતા. પોપ વતી લૅટિન ભાષાના જાણકાર અને ઉચ્ચ કેળવણી પામેલા આર્ચબિશપ, બિશપ, રેવરન્ડ કારભાર ચલાવતા. પૉર્ટુગીઝ સંસ્થાનોના આવા જેસ્યુઇટ્સ આપખુદ સત્તા ભોગવતા. સંસ્થાનોના ગવર્નરો પર પણ આવા જેસ્યુઇટ્સનું વર્ચસ્વ રહેતું. તે સમયે એક જુલ્મી અને અન્યાયી કાયદો થયો. જો કોઈ બાળકનાં માતાપિતા મરી જાય અને બાળક અનાથ બને તો સરકાર તેનો કબ્જો લઈ લે અને વાલી બને. ખ્રિસ્તી સિવાયની અન્ય કોમના આ બાળકને તે પરણેલું ન હોય તો ધર્માંતર કરી તેને ખ્રિસ્તી બનાવવામાં આવતું. સરકારના માણસો આવી કાયદેસર રીતે બાળકોનો કબજો લઈ લેતા. આવી જબરદસ્તી સામે લોકોમાં રોષ હોવા છતાં કંઈ થઈ શકતું નહિ: આવા બે બનાવો જેઠીબાઈના કારખાનામાં કામ કરતાં બાળકોના થયા. જેઠીબાઈની સજગતાને કારણે પોતાના કારખાનામાં કામ કરતા એક કારીગરના બાળકને બચાવી લીધેલો. પંજુના કારખાનામાં એક કારીગર મૃત્યુ પામ્યો. તેનો અગિયાર વર્ષનો દીકરો અનાથ બન્યો. તેને બચાવવા તાત્કાલિક જેઠીબાઈએ અન્ય એક કારીગરને પોતાની પુત્રીનાં લગ્ન આ બાળક સાથે કરવા સૂચવ્યું. સ્વાભાવિક રીતે જ આ ગરીબ બાળક સાથે પોતાની પુત્રી પરણાવવા તે રાજી ન થયો. આથી જેઠીબાઈએ બંનેનાં ભરણપોષણની જવાબદારી પોતાની માથે લેવાનું વચન આપ્યું.

કારીગર કબૂલ થયો એટલે જેઠીબાઈએ બે બ્રાહ્મણોને બોલાવી શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન સંપન્ન કરાવ્યાં. એ પછી જ મરણક્રિયા માટે કલ્યાણજીના અંતિમ સંસ્કાર થયા કે તરત જ સરકારી પલ્ટન આવી. એ લશ્કરી ટુકડીએ બાળક અંગે પૃચ્છા કરી, ત્યારે જેઠીબાઈએ પેલા 'સિનોર'ને જવાબ આપ્યો કે એ તો પરણેલો છે, કાયદાકીય રીતે અહીં કંઈ ન થઈ શકવાથી પેલો અમલદાર ધૂંધવાતો ચાલ્યો ગયો.

ત્યાર બાદ એક બીજો બનાવ બન્યો. દીવમાં એક મામતોરા કુટુંબના સંતાનને પણ આ પ્રમાણે જ ઉગારી લેવાયું. બંને પ્રસંગે જેઠીબાઈએ કુનેહપૂર્વક કામ લઈ યશ મેળવ્યો. ખ્રિસ્તી સિવાયની સર્વ જ્ઞાતિનાં લોકોમાં તેમના પરગજુપણાની વાહવાહ થવા લાગી. દરેક પ્રસંગે તો આ રીતે બાળકને બચાવવાનું શક્ય ન હતું. તે સમયે રુદન અને વિલાપનાં જે દૃશ્યો સર્જાતા તે જોઈને આ કાયમનું દુઃખ મિટાવવા ખૂબ મનોમંથનને અંતે તેમને એક ઉપાય મળી આવ્યો અને તેમણે આ સમગ્ર પરિસ્થિતિની પૉર્ટુગલની રાણીને વાકેફ કરવાનું વિચાર્યું. બાઈ માણસ છે એટલે બાળક ઝૂંટવાઈ જતાં માતાપિતાને કેવું દુઃખ થાય તે તરત જ સમજાશે. આમ વિચારી તરત જ તેમણે એક ફિરંગી બૅરિસ્ટર પાસે અરજી લખાવી. તે માટે તેમણે ઢાકાથી મલમલ મંગાવી પોતાના રંગકામના અનુભવનો ઉપયોગ કર્યો. મલમલ પર અતિ આકર્ષક અદ્ભુત કારીગરીયુક્ત છપાઈ કરાવી સમરંગી સુંદર છાપકામ કર્યું. વચ્ચે અરજીની હકીકત બીબાં કોતરાવી છાપી. આમ સમરંગી વસ્ત્ર પર બેનમૂન અરજી તૈયાર થઈ.

આ અરજીમાં લખેલ કે, 'હે પોર્ટુગીલના દયાળુ માનવંતાં મહારાણી! તમારા સામ્રાજ્યના જુદા જુદા ભાગોમાં લોકો પોતપોતાનો ધર્મ પાળી સુખેથી જીવે છે. અમો આપ નામદારની હિંદુસ્તાનમાં આવેલા કાઠિયાવાડ અંતર્ગત દીવ દેશના પ્રજાજનો, કમનસીબે દુઃખી છીએ. દીવમાં પાદરીઓ અમલદારોના ટેકાથી ગરીબ અને ભોળી પ્રજાને તેમનો ધર્મ છોડાવે છે. હમણાં જુલ્મી કાયદો થયો છે કે બાળક જો પરણેલું ન હોય તો તેનો કબજો સરકાર બળજબરીથી લે છે. ખ્રિસ્તી બનાવવા જેસ્યુઇટી દ્વારા થતાં આવાં વર્તનથી રોકકળ, કલ્પાંત, છોકરાનું તડફડવું વગેરે કરુણાજનક દૃશ્યો સર્જાય છે. અમો પણ અમારો ધર્મ પ્રાણપ્યારો ગણીએ છીએ. આથી પ્રજા ખૂબ ત્રાસી ગઈ છે. આપ વિચારો કે આપના કુંવર-કુંવરીને આપની પાસેથી બળાત્કારે અન્ય સત્તા છીનવી લે તો કેવું લાગે? આથી આવા જુલ્મી કાયદાને રદ કરાવી વટાળપ્રવૃત્તિ નાબૂદ કરાવી પ્રજાના આશીર્વાદ લેશો એવી અમારી વિનંતી છે. અમો આપના કુટુંબ-કબીલાની હંમેશાં વંશવૃદ્ધિ ઇચ્છશું... આમીન-આમીન આમીન.'

આ પ્રકારની છપાયેલી અરજી લઈને જેઠીબાઈ વહાણની મુસાફરી ખેડી વાઇસરોયને હાથોહાથ પહોંચાડવા ગોવા

હોમિયોપથીની મહત્ત્વની દસ ઔષધિઓમાંની એક ગંધક છે. તે ગડગૂમડ, પેટની ગરમીને લીધે થયેલ ચર્મ રોગો, ખંજવાળ, પેટની ગડબડ, અમુક પ્રકારની ગાંડપણની અસર વગેરે માટે અકસીર ઇલાજ છે.

ઈંડાં અને બિનશાકાહારથી તથા મરી-મસાલાવાળી અનિયમિત ભોજનશૈલીથી થતા ચામડીના રોગોમાં સલ્ફર સારું કામ આપે છે.

સલ્ફર શરીરની અકુદરતી ગરમી બહાર કાઢીને ચામડીનો રોગ થતો અટકાવે છે. આ દવાથી શરૂમાં હાથપગમાં એકદમ લાલાશ આવે છે, ફોડકીઓ થાય છે. ઘણી વાર બળતરા જેવું લાગે છે. આવા વખતે દર્દીએ ગભરાઈ જવું જોઈએ નહીં, કારણ કે બેત્રણ દિવસ પછી આ ગડ-ગૂમડ -ફોડકીઓ સુકાઈને ખરી પડે છે અને દર્દી દર્દમુક્ત થાય છે.

હોમિયોપથીની ટ્રીટમેન્ટ સમગ્ર ચિહ્નો જોઈને કરવામાં આવે છે. દરેક દર્દીનું પ્રિસ્ક્રિપ્શન જુદું જુદું હોય છે - ભલેને રોગ એક જ પ્રકારનો હોય. દા.ત. માથું દુઃખતું હોય તો ચિહ્નો જોઈને એક દર્દીને હું મેગફોસ આપીશ જ્યારે બીજા દર્દીને ને.મૂ. ૩૦ આપીશ. દર્દી નંબર એકની પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે તેને પેટની ગડબડ છે તેથી મેગફોસ અને દર્દી નં.૨ની પૂછપરછ કરવાથી માલૂમ પડ્યું કે તેને તડકામાં ફરવાથી લૂ લાગી હતી તેથી ને.મૂ. યોગ્ય લાગી.

બપોરે ઊંઘ લીધા પછી કામ કરવાની અનિચ્છા, અશક્તિ. ઊંઘમાં અથવા આરામ કરતી વખતે વીજળીના ઝટકાની જેમ શરીરને આંચકો લાગવો, સામાન્ય ખલેલથી ઊંઘ વારંવાર ઊડી જવી, સવારે ૧૧ વાગે જ ભૂખ લાગે અને પેટ એકદમ ખાલી થયું છે તેમ લાગે તેવા સંજોગોમાં સલ્ફર ઉપયોગી ઔષધ સાબિત થયું છે.

હોઠ સૂકા રહેતા હોય, વાળ ખરતા હોય, મોઢામાં વારંવાર કડવો સ્વાદ અનુભવાતો હોય, આંખમાં બળતરા થતી હોય, દર અઠવાડિયે-દશ દિવસે કે નિયમિત રીતે માથાનો દુઃખાવો રહેતો હોય, મીઠી ખંજવાળ આવતી હોય તેવા દર્દીઓ માટે સલ્ફર ઘણી અસરકારક દવા માલૂમ પડી છે. ટૂંકમાં, સલ્ફર ચામડીના રોગો માટેની અત્યંત અસરકારક દવા છે તે ઉપરાંત એ લેવાથી અમુક પ્રકારનું ગાંડપણ મટે છે, પાચનશક્તિ સુધરે છે, હરસ,'એસિડિટી જેવા રોગો પર સારી અસર કરે છે.

ગયાં. આ દરમિયાનમાં જેઓના સંપર્કમાં આવ્યાં, તે સર્વની સહાનુભૂતિ મેળવી ફરિયાદ કરવાનો દિવસ આવ્યો એટલે તત્કાલીન રિવાજ પ્રમાણે માથા પર બળતી સગડી અને હાથમાં સળગતી મશાલ લઈ વાઇસરૉયના મહેલ તરફ ચાલ્યાં. વાઇસરૉયે અને તે સમયના ગવર્નર ગોવાના એન્ટોનિયો-દ-ક્રાસ્ટો અને મેનોઅલ કાસ્તો દરિયલ બંને અધિકારીઓ ત્યાં હાજર હતા. રસ્તામાં લોકો તેની હિંમતને બિરદાવવા લાગ્યાં 'ફરિયાદ, ફરિયાદ,' એમ બૂમ પાડી તે આંટા મારવા લાગી. વાઇસરૉયે આવું વિચિત્ર દશ્ય જોઈ કારણ પૂછ્યું - ત્યારે જેઠીબાઈએ જણાવ્યું કે 'નામદાર, આપના રાજ્યમાં ધોળે દિવસે પણ અંધારું છે. તેથી હું મશાલ અને સળગતી સગડી લઈ આવી છું. આપના અમલમાં અનાથ બાળકો પર ક્રૂર જુલ્મ ગુજારવામાં આવે છે. માટે છેક દીવથી હું અહીં આવી છું. અને આપ યોગ્ય લાગે તો આ અરજી ભલામણ સાથે પોર્ટુગલનાં મહારાણી પર મોકલી આપશો. ગવર્નરે અરજી વાંચી કાઉન્સિલ-માં ચર્ચા કરી અને તેની તરફેણમાં ભલામણો કરી અને જેઠીબાઈને આશ્વાસન આપી ઘટતું કરવાની ખાતરી આપી, અરજી તે વખતનાં રાણી દો-નો લૂઈઝા દે ગુમાનને મોકલી આપી.

આ અદ્ભુત ઓઢણી જોઈ મહારાણી ખુશ થયાં. અરજી વાંચી જેઠીબાઈની હિંમત, પારકાના દુઃખે દુઃખી થવાની વૃત્તિ પર તેમને માન ઊપજ્યું. અરજીનો સ્વીકાર કરવામાં આવ્યો. આ અરજીને 'પાન-દે-જેઠીબાઈ' એવું પોર્ટુગીઝ ભાષામાં નામ અપાયું અને મહારાણીએ હુકમ કર્યો કે પારકા ધર્મનાં બાળકોને જોરજુલ્મથી કબજે કરવાની આ અન્યાયી રીત બંધ કરવી. આ હુકમ દીવ પહોંચતાં લોકોના આનંદની સીમા ન રહી. સહુએ જેઠીબાઈ તથા મહારાણીનાં ગુણગાન ગાયાં.

મહારાણીએ તત્કાલીન તામ્રપત્ર તૈયાર કરાવ્યું. અને લખાણ કરવામાં આવ્યું કે, દીવમાં જેઠીબાઈના નિવાસસ્થાન આગળ અઠવાડિયામાં એક વાર લશ્કરી બેંડ વગાડવામાં આવે. દીવના ગવર્નર તથા લશ્કરી કે અન્ય અમલદારો જ્યારે જેઠીબાઈના ઘર પાસેથી પસાર થાય ત્યારે અમુક કદમ દૂરથી જ જેઠીબાઈના માનમાં પોતાની હેટ ઉતારે.

આ તામ્રપત્ર જાહેર સમારંભમાં સન્માન સાથે જેઠીબાઈને અર્પણ કરવામાં આવ્યું. જો કે આ તામ્રપત્ર અને વધુ વિગતો માટે ફિરંગી દસ્તાવેજો તપાસવાથી વધુ હકીકતો મળી શકે. પોર્ટુગલની રાજધાની લિબ્સનમાં રાષ્ટ્રિય તૈલીચિત્ર મ્યૂઝીઅમમાં જેઠીમાની ઓઢણી સંગ્રહબંધ છે.

આમ, વિદેશી શાસકોની સત્તા હેઠળનાં સંસ્થાનોમાં રહીને ઉચ્ચ ગુણવત્તાનો માલ બનાવ્યો. કારખાનું ચલાવવું, તેમજ સરકારી કાયદા માટે રક્ષણ મેળવવા પોતાના કારીગરોનું જતન કરવું, અવાજ ઉઠાવી તે માટે વાઇસરૉય કે ગવર્નર સુધી અરજી લઈને પહોંચવું, પોતાનો અવાજ ઉચ્ચ સ્થાને પહોંચાડવો એ કંઈ નાનીસૂની વાત નથી, છતાં સૌરાષ્ટ્રના ઇતિહાસમાં જોઈએ તેવું સ્થાન તેને મળેલ નથી. છેક ૧૫ ઑગસ્ટ ૧૯૯૩માં આ વીરાંગનાની યાદમાં દીવ ખાતે 'જેઠીબાઈ બસ સ્ટેશન' શ્રી જયંતીભાઈ ધાંધાના પ્રયાસોથી અપાયેલ.

જેઠીબાઈના વંશજો કચ્છ, માંડવી અને મુંબઈમાં હાલમાં વસે છે. - ડૉ. હસુતા એસ. સેદાણી ('પથિક'ના સૌજન્યથી)

અતીતમાં અવગાહન

લક્ષ્મી



'લક્ષ્મી'નો પ્રથમ ઉલ્લેખ ઋગ્વેદમાં થયો છે, જ્યાં તેનો અર્થ સદ્ભાગ્ય એવો થાય છે. તૈત્તરીય સંહિતામાં 'લક્ષ્મી' અને 'શ્રી'ને આદિત્યની પત્ની કહી છે. પ્રજાપતિના મુખમાંથી ઉદ્ભવેલી સમૃદ્ધિ અને સૌંદર્યની આ દેવી ધનની અધિષ્ઠાત્રિ ગણાય છે. એક ઉલ્લેખ પ્રમાણે મહર્ષિ ભૃગુએ ક્રોધાવેશમાં સમગ્ર આકાશીય દેવોને શાપ આપ્યો ત્યારે તેની પુત્રી લક્ષ્મીને પણ એ લાગતો હોવાથી તેણે ઉદધિમાં આશ્રય લીધો, જ્યાંથી સમુદ્રમંથન-વેળા એ પુનઃ પ્રકટ થઈ. ત્યારે કમલની પાંખડી પરના ઝાકળબિંદુઓમાં તરતી લક્ષ્મીનું દૈવી સૌંદર્ય પૂર્ણ કલાએ દીપતું હતું. પાછળની બધી કથાઓમાં લક્ષ્મીનો ઉલ્લેખ ભગવાન વિષ્ણુની પત્ની તરીકેનો જ બહુધા જોવા મળે છે. વિષ્ણુના દરેક અવતાર વખતે લક્ષ્મીએ પણ તેની પ્રિયતમા તરીકે જન્મ લીધાનું મનાય છે. આ રીતે રામની સીતા, વામનની પદ્મા, પરશુરામની ધરણી, કૃષ્ણની રુક્મિણી વગેરે લક્ષ્મીના જ અવતાર ગણાય છે. સ્વભાવે ચંચળ આ દેવીનું સ્વરૂપ અત્યંત સુંદર મનાય છે, પણ દિવાળીમાં તેમજ વારતહેવારે થતી તેની પૂજામાં એની પ્રતિમા-ના બદલે નાણું ભરેલી મંજૂષા પર એક થાળીમાં ચોખાની ઢગલી કરી તેને કોડીઓથી શણગારીને પૂજન કરાય છે.

કમલા, સિંધુજા, માયા, ઈંદિરા, જલનિધિજા, ચંચલા, લોલા, લોકમાતા, શ્રી, માધવી, ક્ષીરાબ્ધિત-નયા, પદ્મા, મા, પદ્માલયા, સિંધુસુતા, વિષ્ણુવલ્લભા, ચપલા, હરિપ્રિયા વગેરે અનેક નામોથી તેનો ઉલ્લેખ થાય છે, જેના અર્થ સ્પષ્ટ છે.

વળી, લક્ષ્મી કામદેવની માતા ગણાય છે. કમળ તેનું આસન અને હાથી તેનું વાહન ગણાય છે.

મહાકાલી અને મહાસરસ્વતી સાથે મહાલક્ષ્મીના સ્વરૂપની યે કલ્પના છે. એનો અવતાર ભાદરવા વદિ ચૌદશના દિવસે થયો હતો. આસો સુદિ આઠમના દિવસે એણે મહિષાસુરને માર્યો અને નવમીએ દેવતાઓએ એનું પૂજન કર્યું. મહાલક્ષ્મીનું ઇષ્ટદેવી તરીકે પણ પૂજન થાય છે. □

दीपमाला-मंगलम्

ज्योति श्चेतसि सर्वदा विजयते ज्ञान-प्रभा-भास्वरम्
सद्धर्मे प्रणयं सदा जनयतां, सारस्वत वैभवम् ।
प्रज्ञा, शील-समन्विता वितनुतां लोकोत्तरं संस्कृति
भव्यां जीवन-पद्धति दिशतु नः दीपावली दीपिका ॥

विद्यालंकारः शंकरदेवः ।

*

દિવાળીટાણે / કનુભાઈ જાની (મિશ્ર)

થીજી ગયું લીપણ શાન્ત રાત્રિનું
ને ભાત્ય શી ઓકળીઓની ઊઠી!
અનંત જે વ્યાપતણી દીવાલે
અદીઠની આંગળીઓ ફરી વળી,
સંકોરતી તે અહીં વાટ ખૂણે
પડેલ જે મૃણ્મય મૂક કોડિયે.

લોભ

અને ઈચ્છા જ્યારે લોભ બને ત્યારે ફળે નહિ.

- લોભ પેદા થાય ત્યાંથી જીવન બે ડગલાં પાછું હઠે છે. અને ક્યારેક લોભના બુરખામાં છુપાએલા મૃત્યુને આપણે જોઈ શકતા નથી, જેમ હીરામાં છુપાએલા ઝેરને કોઈ જાણતું નથી!
- ઇચ્છા નહિ, ઇચ્છાનો અતિરેક-લોભ-ખરાબ છે. અને જ્યારે પરિશ્રમ વિના લેવાની ઇચ્છા થાય છે ત્યારે જાણે આપણી સંવેદનશીલ ભાવનાઓને ફાંસો જ દેવાય છે!
- લોભ જીવલેણ રોગ છે, પણ સંયમ એનો ઇલાજ છે. – ('કુમાર' અંક ૫૭૪માંથી)



શેરશાહનો પ્રથમ રૂપિયો



નવું નાણું

વચ્ચે પૈસો
નીચે બે આની



અકબરનો સુંદર રૂપિયો

ગઈ ૧૫મી ઑગસ્ટ, ભારતની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિને ચોથું વર્ષ શરૂ થયાને પ્રસંગે, સ્વાધીન હિંદનું નવું નાણું ચલણમાં શરૂ કરવામાં આવ્યું તે, આપણી નવી ટપાલની ટિકિટો પછીનું, આમ જનતામાં સ્વાતંત્ર્યની પ્રતીતિ સદા જાગ્રત રાખતું બીજું પ્રતીક છે. એના ઉપરથી, આપણી ટિકિટોની માફક, બ્રિટિશ રાજકર્તાનું મોઢું નીકળી જઈને આપણી સિંહ-મુદ્રાનું રાજ્યચિહ્ન આવ્યું છે. જોકે પરદેશી તંત્રની ચૂસણનીતિથી ગરીબ બનેલા આ દેશને, મહાયુદ્ધ પછીની દુનિયાના પલટાએલા સંજોગોમાં, રૂપાના ચલણ ઉપર રહેવાનું તો બની શક્યું નથી, અને નવું નાણું નિકલનું જ કાઢવું પડ્યું છે. એનો વિચાર આવતાંની સાથે જ આપણી નજર આગળ આપણી પ્રાચીન જાહોજલાલીના પ્રતીક રૂપ આપણા મુખ્ય ચલણ રૂપિયાનો ઈતિહાસ ખડો થાય છે. એ તો સિદ્ધ હકીકત છે કે દુનિયામાં પહેલા સિક્કા હિંદના આર્યોએ જ કાઢેલા. એમના સોનાના સિક્કા 'નિષ્ક' પછી ઈ. પૂર્વે છઠ્ઠા સૈકામાં ચાંદીના સિક્કા શરૂ થયા તે 'રૂપ્ય' નામથી ઓળખાતા, જે પરથી આજનો 'રૂપિયો' શબ્દ આવ્યો છે. શરૂઆતમાં નાનાં પ્રતીકો, અને પછી ગ્રીકો તથા કુશાનોના સંપર્કથી રાજકર્તાનાં મહોરાંની છાપ સિક્કા ઉપર પડતી. એ પ્રથા મુસલમાનો આવવાથી (તેઓ મૂર્તિપૂજા-વિરોધી હોવાથી) પલટાઈને ફૂલવેલ અને લિપિ આવવી શરૂ થઈ. વચ્ચેના ગાળામાં ચલણમાં અવ્યવસ્થા પણ આવેલી. તે દૂર કરી તેને સ્થિર પાયા પર મૂકવાનું કામ બાદશાહ શેરશાહ સૂરીએ કર્યું તેણે ૧૫૪૨માં ૧૭૮ ગ્રેનના નિશ્ચિત માપનો 'રૂપિયો' પાડ્યો (જુઓ ડાબી બાજુ મથાળે), ત્યારથી આજ સુધી તે એકધારો એ જ નામે ઓળખાતો આવ્યો છે. તે પછી અકબરે તેને વ્યવસ્થિત કરી કલાતત્ત્વ દાખલ કર્યું (જુઓ બીજું ચિત્ર). મુઘલો પછીની અંધાધૂંધી બાદ અંગ્રેજોએ ફરી ચલણને સ્થિર કરી ૧૮૦ ગ્રેન ચાંદીનો જે રૂપિયો શરૂ કર્યો, તેના રાણી (વિક્ટોરિયા), એડવર્ડ અને જ્યૉર્જ છાપના રૂપિયાથી તો આપણે પરિચિત છીએ. તે પછી પલટાએલી પરિસ્થિતિમાં ૧૯૪૭માં જ્યૉર્જ છઠ્ઠાની છાપનો પહેલવહેલો નિકલનો રૂપિયો શરૂ થયો, જે આપણા આ નવા નીકળેલા નાણામાં પણ ચાલુ રહ્યો છે. તેની સાથે નવા બહાર પડેલા અરધા રૂપિયા અને પાવલી પણ શુદ્ધ નિકલનાં જ છે. અને તેમના ઉપર પણ રૂપિયાની માફક જ સિંહમુદ્રાના અશોકસ્તંભ તથા અનાજનાં ડૂંડાની છાપ છે; જ્યારે નવી બે આની, એક આની તથા દશુમાં ત્રાંબું અને નિકલ મિશ્રિત છે, અને તેમાં સિંહમુદ્રાની પાછળ અશોકસ્તંભમાંના બળદની છાપ છે. નવો પૈસો, કાણાવાળા 'વૉશર' જેવો હતો તે પલટાઈને મૂળ જેવો આખો ત્રાંબાનો બન્યો છે, જેના પર સિંહમુદ્રાની પાછળ અશોકસ્તંભ ઉપરના ઘોડાની છાપ છે.



રાણીછાપનો રૂપિયો



સાતમા એડવર્ડનો રૂપિયો



ડાબે : પાંચમા જ્યૉર્જના રૂપિયાની બંને બાજુ. એ 'રૂપિયા'નામને સાર્થ કરતો રૂપું ધરાવતો છેલ્લો રૂપિયો હતો, તે પછી (જમણી તરફ જ્યૉર્જ છઠ્ઠાની છાપનો નિકલનો પહેલો રૂપિયો હિંદી ચલણમાં ૧૯૪૭માં શરૂ થયો.



('કુમાર' અંક ૩૨૧, સપ્ટેમ્બર ૧૯૫૦માંથી)

ઔલી (દેશાટન-૯)

ઉત્તરપ્રદેશના ચમૌલી જિલ્લાના ગઢવાલ ક્ષેત્રમાં હિમ-આચ્છાદિત




પહાડોની મધ્યમાં આવેલાં દર્શનીય મનોરમ્ય સ્થાનોમાંનું એક ઔલી છે. પૂર્વના સ્વિટ્ઝરલેન્ડના નામથી જાણીતું આ સ્થળ સમુદ્રસપાટીથી ૨૫૦૦થી ૩૦૫૦ મીટરની ઊંચાઈએ આવેલું છે. કોનિફેરસ અને ઓકનાં જંગલોથી ઘેરાએલા આ સ્થાનથી નંદાદેવી, માન પર્વત, દુંગગિરિ, બિથાર્ટોલી, નીલકંઠ, હાથી પર્વત તથા ગૌરી પર્વત વિસ્તૃત રીતે જોઈ શકાય છે.

ઔલીના પર્વતોનાં બર્ફીલાં શિખર ફક્ત સાહસવીરો માટે જ નહીં, પણ ફરવાના શોખીન પર્યટકો માટે પણ આકર્ષણનું કેન્દ્ર છે. ઉપરાંત ભારતની સૈન્ય-શક્તિઓના પ્રયોગો પણ ત્યાં કરાયા હતા.

ઔલી આજે બરફ પર સરકવા માટેની રમતનું એક સ્થળ છે અને બર્ફીલાં શિખરથી ઠંડી ઋતુમાં પર્યટનનું આદર્શ સ્થળ છે. ઉનાળામાં પણ ત્યાં જઈ શકાય છે. ત્યાં ચોખ્ખી હવા, શાન્ત અને કુદરતી સૌન્દર્યનો આનંદ માણવા મળે છે.

જોશીમઠથી ૩.૯ કિ.મી. લંબાઈના દોરડાના પુલ પરથી ઔલી જઈ શકાય છે. વાહનથી જવા માટે જોશીમઠથી ૧૬ કિ.મી.નો રસ્તો પસાર કરીને જવાય છે. ઔલી જવા માટે જોશીમઠ અને ઋષિકેશથી રાજ્ય પરિવહનની બસ નિયમિત મળે છે. ૧૭ કિ.મી.ના અંતરે જોલી ગ્રાન્ટમાં વિમાનઘર છે અને દેહરાદૂન તથા હરિદ્વાર નજીકનાં રેલવે સ્ટેશનો છે. ('યોગક્ષેમ'ને આધારે)



જિંદગીની દડમજલ થોડી અધૂરી રાખવી,
ચાલવું સાબૂત કદમ, થોડી સબૂરી રાખવી;
ભાનભૂલી વેદનાઓને વલૂરી નાખવી,
જ્વાલા ભલે ભડકી જતી, દિલમાં દબૂરી રાખવી.

- વેણીભાઈ પુરોહિત

શ્રી મગનભાઈ દેસાઈની જન્મશતાબ્દી

ગુજરાતી માધ્યમ એટલે 'મગન માધ્યમ' જેવો શબ્દપ્રયોગ આજે પણ ગુજરાતીઓના હૈયે રહેલો છે. આમ છતાં આજપર્યંત શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈની સાચી ઓળખ ઘણાં ઓછાંને થઈ છે અને ગુજરાત બહાર તો નહીવત્ જ. ૧૧મી ઑક્ટોબર, ૧૯૯૯ના દિને તેમનું જન્મશતાબ્દી વર્ષ પૂરું થયું. સંસ્થાપ્રેમના કારમા આઘાતમાં ૧૯૬૯ની ફેબ્રુઆરીની બીજીએ આ માતૃભાષાની આગ્રહી વિભૂતિનું દેહાવસાન થયેલું. જો કે ગૌરવની વાત એ છે કે તેમના જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે 'ગુજરાત વિદ્યાપીઠ સ્નાતક સંઘે' આચાર્યશ્રી મગનભાઈ દેસાઈ અને વિઠ્ઠલદાસ કોઠારી શતાબ્દી મહોત્સવ સમિતિ રચીને વર્ષ દરમિયાન તેમનાં પ્રકાશનોનું પુનઃ પ્રકાશન અને વ્યાખ્યાન ગોઠવ્યાં છે. વિદ્યાપીઠના ભૂતપૂર્વ સ્નાતકોએ પણ આ શતાબ્દીવર્ષ નિમિત્તે પોતાની સક્રિયતા દાખવી છે.

શ્રી મગનભાઈ દેસાઈ સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાસાહિત્યના વિદ્વાન હતા. ઉચ્ચ શિક્ષણમાં માધ્યમ તરીકે માતૃભાષાને સ્થાન અપાવનારાઓમાં તેમનો ફાળો અનન્ય હતો. તેઓ એક સારા લેખક, વિવેચક, અનુવાદક, કોશકાર તથા સંપાદક તરીકે પણ વિખ્યાત હતા. તેમના ગ્રન્થોમાં સર્વપ્રથમ 'સાર્થ જોડણીકોશ' (૧૯૨૯) અને ત્યાર પછી 'સત્યાગ્રહની મીમાંસા' (૧૯૩૪)નો ઉલ્લેખ કરવો પડે. 'સત્યાગ્રહની મીમાંસા' મહાનિબંધ માટે ૧૯૩૬માં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ મોહનદાસ કરમચંદ ગાંધીએ તેમને પારંગતની પદવી આપી હતી. ત્યાર પછીનાં તેમનાં પ્રકાશનો પ્રકટ થતાં ગયાં,



તે વર્ષાનુસાર આ પ્રમાણે છે - પંજાબી ભક્તિકાવ્ય 'સુખમની' (૧૯૩૬), હેલન કેલરનું આત્મવૃત્તાંત 'અપંગની પ્રતિભા' (૧૯૩૬), ગ્રન્થ સાહેબનો એક ખંડ : 'જપજી' (૧૯૩૮) આર.એલ. સ્ટીવન્સન- કૃત 'જેકિલ એન્ડ હાઈડ' (૧૯૩૮)નો ગુજરાતીમાં અનુવાદ, 'રાષ્ટ્રભાષાનો ગુજરાતી કોશ' (૧૯૩૯), 'કુંવરબાઈનું મામેરું' (૧૯૪૦), 'ખિસ્સાકોશ' (૧૯૪૧), 'સુદામાચરિત્ર' (૧૯૪૨), 'સુદામાના કેદારા' (૧૯૪૨), 'તોલસ્તોયકૃત 'કળા એટલે શું?' (૧૯૪૫)નો અનુવાદ, 'વિદ્યાર્થી ગ્રીષ્મ પ્રવૃત્તિ' (૧૯૪૫), 'હિન્દની અંગ્રેજ વેપારશાહી' (૧૯૪૬)

'મુંડકોપનિષદ' (૧૯૪૭), 'નળાખ્યાન' (૧૯૫૦), 'યોગ એટલે શું?' (૧૯૫૨), 'વિનીત જોડણીકોશ' (૧૯૫૪), 'સ્વરાજ એટલે શું?' (૧૯૫૬), 'કેનોપનિષદ' (૧૯૫૬), 'હિન્દીપ્રચાર અને બંધારણ' (૧૯૫૭), 'જંગલમાં મંગલ' (૧૯૫૮) ગુજરાતી અનુવાદ, 'માંડૂક્યોપનિષદ' (૧૯૫૯), અવસાનનોંધોનો સંગ્રહ 'નિવાપાંજલિ' (૧૯૫૯), 'વિવેચનસંગ્રહ' (૧૯૬૦) અને 'નવી યુનિવર્સિટીઓ' (૧૯૬૪) તથા અન્ય.

આમ, આવા પ્રતિભાસંપન્ન લેખક શ્રી મગનભાઈનો જન્મ તેમના મોસાળ ધર્મજ (પેટલાદ)માં ૧૮૯૯ના ઑક્ટોબરની ૧૧મીએ થયો હતો. પિતાનું નામ પ્રભુદાસ લખાભાઈ દેસાઈ અને માતાનું નામ હીરાબહેન ઉર્ફે સૂરજબહેન હતું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નડિયાદમાં મેળવ્યું. ૧૯૧૭માં મેટ્રિક થઈને ઉચ્ચ શિક્ષણ મુંબઈ અને અમદાવાદમાં લીધું. ગાંધીજીના પ્રભાવ હેઠળ ઈન્ટર આર્ટ્સથી પોતાનો અભ્યાસ છોડીને ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈને ત્યાંથી સ્નાતક તથા પારંગત થઈને ત્યાં ફેલો તરીકે નિમાયા. ત્યાર પછી બોરસદ હાઈ સ્કૂલ, રાષ્ટ્રિય શાળા સત્યાગ્રહ આશ્રમમાં અને ફરી પાછા વિદ્યાપીઠમાં ગણિતના અધ્યાપક તરીકે જોડાયા.

મગનભાઈનું લગ્ન નાની ઉંમરે જ બોરસદ તાલુકાના આંકલાવ ગામે ડાહીબહેન સાથે થયેલું. ૧૯૩૦માં તેઓ વિદ્યાપીઠના મહામાત્રપદે વરાયા. '૩૫ થી '૩૭ના ગાળામાં ધર્મામાં કામ કરી ફરી વાર '૩૭થી વિદ્યાપીઠના મહામાત્રપદે નિમાયા. ૧૯૪૨માં તેમણે જેલવાસ ભોગવેલો. ત્યાર બાદ વિદ્યાપીઠના મહામાત્રપદે આવ્યા. ૧૯૫૭માં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે પસંદગી પામ્યા.

શ્રી મગનભાઈ દેસાઈએ એક સક્ષમ પત્રકાર તરીકે 'હરિજન', 'શિક્ષણ અને સાહિત્ય' તથા 'સત્યાગ્રહ'ના સંપાદન દ્વારા નામના મેળવેલી. ૧૯૫૭માં 'નવજીવન' સંસ્થા દ્વારા 'નવજીવન' નામનું માસિક શરૂ કરવામાં આવ્યું ત્યારે તેના તંત્રીપદે શ્રી મગનભાઈ દેસાઈને પસંદ કરવામાં આવ્યા. એ માસિક ૧૯૬૧માં બંધ થયું. ૧૯૬૨માં વિદ્યાપીઠમાંથી છૂટા થયા પછી 'પરિવાર પ્રકાશન' દ્વારા તેમના મિત્ર શ્રી ગોપાળદાસ પટેલ તથા તેમના વિદ્યાર્થી શ્રી પુરુષોત્તમ છો. પટેલની સહાયથી લગભગ ૮૦ જેટલાં વિશ્વસાહિત્યનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં.

શ્રી મગનભાઈ દેસાઈની બહુમુખી પ્રતિભા અને પ્રદાનને કારણે તેમને શ્રી સી.સી. દેસાઈએ તો 'Prince Amongst Men' એટલે કે માનવોમાં રાજવી સમાન ગણાવ્યા છે. તેમજ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ રજિસ્ટ્રાર શ્રી કંચનલાલ પરીખ તેમના વિશે લખે છે કે, 'કવિ નર્મદ, કવિ પ્રેમાનંદ તથા ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા તેઓ પ્રતિજ્ઞાબદ્ધ એકલવીર હતા.' હા, કેવળ આ શતાબ્દીવર્ષ નિમિત્તે જ નહીં, પણ સદાને માટે તેઓ યાદ રહેશે જ. તેવું તેમનું સુદીર્ઘ જીવનકાર્ય છે. - ડૉ. રજનીકાન્ત જોશી

ભાસ્કર હીરાજી સાવે

ભારતની આઝાદી પછી કિસાનવર્ગ માટે ખેતીવિષયક જે ક્રાન્તિકારી પગલાં લેવાયાં તેમાં રાસાયણિક ખાતરના બહોળા ઉપયોગનો પણ સમાવેશ થતો હતો. આ પ્રકારના ખાતરના વેચાણમાં રસ ધરાવનારાઓમાં એક હતા ભાસ્કર હીરાજી સાવે. પરન્તુ તેમને ધીમે ધીમે સમજાયું કે આ પ્રકારના ખાતરથી પાક સારો તો ઊતરે છે, પરંતુ પ્રત્યેક વર્ષે જમીનનો કસ ધોવાતો જાય છે. એમણે હવે નવો રાહ અપનાવ્યો. વલસાડ પાસેના ઉમરગામની નિકટમાં આવેલા નાનકડા ગામ દહેરીમાં ૨૫ એકરની એક 'કલ્પવૃક્ષ' વાટિકા બનાવી, જેમાં એમણે રાસાયણિક ખાતરને સ્થાને સેન્દ્રિય ખાતરનો સફળ પ્રયોગ કર્યો, અને એમની આ વાટિકા સેન્દ્રિય ખેતીની જાણે ઓપન યુનિવર્સિટી બની ગઈ!



૧૯૫૪થી એમણે આ નવો રાહ અપનાવી મહાત્મા ગાંધીની ગ્રામોદ્ધાર અને ખેતવિકાસની વિચારધારાને અનુસરવાનું શરૂ કર્યું. ફળો અને અનાજના ઢગેઢગ ઉત્પન્ન કરતી એમની આ ખેતપદ્ધતિથી આસપાસના ખેડૂતો અભિભૂત બની ગયા અને સહુ એ માર્ગે વળ્યા. શ્રી ભાસ્કર સાવે કહે છે કે હું ખેતીને કોઈ 'ઉત્પાદન' નહિ, પણ 'સર્જન' ગણું છું. એમના મતે સેન્દ્રિય ખેતી એ પ્રાકૃતિક ઉત્પાદનચક્રને હાનિ કર્યા વગર આગળ વધતી ખેતપદ્ધતિ છે. છેલ્લાં ૩૫ વર્ષથી એમણે એ પદ્ધતિએ ખેતી કરી રાસાયણિક ખાતરના ગાંડા પૂરને ખાળ્યું છે. પ્રત્યેક શનિવારે એમના ખેતર પર ખેતીવિષયક જ્ઞાનયજ્ઞો અને ચર્ચાસભાઓ યોજાય છે, તાલીમશિબિરોનું આયોજન થાય છે.

એઓ પોતાના એક પ્રયોગ વિશે જણાવે છે : 'શિયાળામાં છોડને ૧૦-૧૧ દિવસે પાણી અપાય છે. તેની સામે ઉનાળામાં ૨૨ દિવસે એક વાર અમે પાણી પાઈએ છીએ. છોડવાઓને પૂરતો ભેજ મળી રહે તેટલું જ પાણી પાઈએ છીએ.' એઓ ઉમેરે છે, 'વૃક્ષો અને નેહરો વચ્ચે અમે ક્રોટનના છોડ વાવીએ છીએ. આ ક્રોટન કરમાવા માંડે એટલે સમજવું કે હવે છોડવાઓ-વૃક્ષોને પાણી પાવાની જરૂર છે.' એઓ એમ પણ માને છે કે આપણે ચીલાચાલુ પાણી પાવાની પદ્ધતિએ અને ટપકસિંચાઈની પદ્ધતિએ પણ ઘણાં પાણીનો નિરર્થક વપરાશ કરીએ છીએ. બિનજરૂરી જળસિંચન કોઈ રીતે ઉપકારક નથી. રોપાઓને પુષ્કળ પાણીનું નહિ, પણ આવશ્યક ભેજ જળવાઈ રહે તેટલાં પાણીનું જ સિંચન કરવું જોઈએ. એમના મતે સેન્દ્રિય ખેતપદ્ધતિ સરળ છે અને શ્રમના બચાવ સાથે સારું એવું વળતર આપે છે. ટ્રેક્ટરથી થતી ખેતી

જમીનનો વિનાશ સર્જે છે એમ શ્રી સાવેનું માનવું છે. જમીનને છિદ્રાળુ રાખવા માટે તેઓ અળસિયાંનો ઉપયોગ કરે છે. હળથી થતી ખેતી જમીનને વધુ સમય જાળવી રાખે છે. વળી, જે કંઈ ખેતકચરો હોય છે તેનો જ ખાતર તરીકે ઉપયોગ કરવાથી પાક વધુ આવે છે. શ્રી સાવેની ખેડૂતોને સોનેરી સલાહ છે કે, નાનાંનાનાં જંતુજિવાતનો નાશ ના કરશો. તુલસી જેવા છોડના ઉપયોગથી ઊધઈને દૂર રાખી શકાય છે. વળી, તેઓ કહે છે કે મોટાં જંતુઓ અને પક્ષીઓ બાકીનું બધું સંભાળી લે છે.

આમ, વિજ્ઞાનનો ખેતકામમાં અત્યાધિક ઉપયોગ જમીન માટે લાંબા ગાળે નુકસાનકારક હોવાથી તેમણે આવો પ્રાકૃતિક ખેતમાર્ગ અપનાવી નૂતનની સામે પુરાણા માર્ગ દ્વારા નવી ક્રાંતિ સર્જી છે.

('ટાઇમ્સ ઑવ્ ઇન્ડિયા'ને આધારે)

ગણિતગમ્મત

શાળાના અભ્યાસકાળના સમયથી જ, એટલે કે પચાસથીય વધુ વર્ષોથી ગણિત એ મારો સૌથી વધારે નબળો વિષય રહ્યો છે. તેમ છતાં 'કુમાર'માં અવારનવાર પ્રકાશિત થતી 'ગણિતગમ્મત' ને કારણે જ ગણિત, બલ્કે આંકડાઓની રમત પ્રત્યેનું આકર્ષણ જળવાઈ રહ્યું છે. પરિણામે અન્ય પ્રકાશનોમાં છપાતી એવી સામગ્રી પણ ધ્યાન દોરતી રહે છે.

અંગ્રેજી દૈનિક 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ની રવિવારીય પૂર્તિમાં 'માઈંડ સ્પોર્ટ્સ' નામની એક સંકળાયેલ જટિલ કોયડાઓ તેમજ વાચકોએ તેના આપેલા ઉત્તરોની હળવી, રમૂજ ભરી રજૂઆત થાય છે. તે કટારમાં અંતે, વાચકોએ મોકલેલો - 'પૂછડિયો' કોયડો પણ પુછાય છે જે ક્યારેક મારા જેવી, ગણિતમાં ખાસ ગતાગમ નહીં ધરાવનાર વ્યક્તિને પણ ઉકેલ શોધવા પ્રેરે છે. એવા એક પૂછડિયા કોયડામાં પૂછાયેલું કે :-

> નવ પુત્રોના એક ખેડૂત પિતા પાસે એકાશી ગાયો છે. દરેક ગાયને તેણે એક થી શરૂ કરી એકાશી સુધીનો કોઈ એક ક્રમાંક આપેલો છે. દરેક ગાય રોજ તેના ક્રમાંક જેટલા જ લિટર દૂધ આપે છે. દા.ત. પાંચમો અને બારમો ક્રમાંક ધરાવતી ગાયો અનુક્રમે પાંચ અને બાર લિટર દૂધ આપે છે. પોતાના મૃત્યુ પછી પુત્રોમાં સંભવિત વિખવાદ ટાળવા તે ખેડૂત પોતાના દરેક પુત્રને એવી રીતે ગાયો વહેંચી દેવા ઇચ્છે છે કે દરેકને ગાયો પણ સરખી સંખ્યામાં મળે તેમજ દૂધ પણ એકસરખા માપે જ મળે.

વીસ-પચીસ મિનિટનો એક એવા ત્રણ-ચાર હપ્તાની કડાકૂટ બાદ 'સરખી ગાયો અને સરખું દૂધ' વહેંચી દઈ શક્યો. પરંતુ 'કુમાર'ના વાચકોને પણ આ ઉકેલવામાં રસ પડશે એમ માનીને એ કોયડો અહીં રજૂ કર્યો છે. સાથોસાથ એવી અપેક્ષા પણ છે કે ઉકેલ લાવવા માટે મેં અપનાવેલી - માર બૂધું ને કર સીધું - પદ્ધતિને સ્થાને એ માટેની સરળ અને ગણિત સાથે સંકળાયેલી તાર્કિક રીત પણ કોઈ ગણિતજ્ઞ કુમારના વાચકો માટે જણાવશે.

આ કોયડાના અનુસંધાને, ટાઇમ્સની ઉપરોક્ત કટારના રસિયા વાચકોએ પાઠવેલા ઉત્તરોમાંથી કેટલીક માહિતી પણ ઉલ્લેખનીય હતી જે ટૂંકાણમાં નીચે જણાવી છે.

(૧) '૯x૯' ખાનાંમાં, ૧ થી ૮૧ અંકોને 'રામાનુજન પદ્ધતિ' પ્રમાણે જાદુઈ ચોરસ સ્વરૂપે ગોઠવવા.

(૨) 'મારી બા કહે છે કે ભાસ્કરાચાર્યે પોતાની પુત્રી લીલાવતી માટે લાંબાકાળ પહેલાં કરેલી રચનાઓમાંથી આ (ઉપરોક્ત) કોયડો લેવામાં આવ્યો છે.

(૩) 'જુદી જુદી' ૭૨૫૭૬૦ રીતે ૮૧ ગાયોની વહેંચણી કરવી શક્ય છે. એમાંથી કઈ રીતે પોતાના પુત્રોને ગાય આપવી તેની પસંદગી કરવાનું આપણે પેલા ખેડૂત પર જ છોડી દેવું જોઈએ.

મારો ઉકેલ

ખેડૂતપુત્રો

ક : કરશન	●	૧	૧૮	૧૯	૩૬	૭	૪૬	૬૪	૬૭	૮૧
ખ : ખીમજી	●	૨	૧૬	૨૪	૩૫	૩૮	૪૭	૬૨	૬૫	૮૦
ગ : ગણપત	●	૮	૧૩	૨૧	૩૪	૩૯	૪૮	૬૧	૬૬	૭૯
ઘ : ઘનશ્યામ	●	૪	૧૫	૨૨	૩૩	૪૫	૪૯	૬૦	૬૩	૭૮
ચ : ચીમન	●	૫	૧૪	૨૩	૩૨	૪૧	૫૦	૫૯	૬૮	૭૭
છ : છગન	●	૬	૧૭	૨૦	૩૦	૪૨	૫૧	૫૮	૬૯	૭૬
જ : જેરામ.	●	૭	૯	૨૫	૩૧	૪૩	૫૨	૫૭	૭૦	૭૫
ઝ : ઝખરો	●	૩	૧૧	૨૮	૨૯	૪૪	૫૩	૫૬	૭૧	૭૪
ટ : ટભાજી	●	૧૦	૧૨	૨૬	૨૭	૪૦	૫૪	૫૫	૭૨	૭૩

- જ્યોતિ ભટ્ટ (વડોદરા)

*

ગોવર્ધનરામ ત્રિપાઠી ફાઉન્ડેશન, મુંબઈ તરફથી સરસ્વતીચંદ્ર અનુવાદ 'પ્રકલ્પ'ની રચના કરાઈ છે. જેમાં 'સરસ્વતીચંદ્ર ભાગ-૧'ના પ્રકરણ ૧ અને ૭ અને ભાગ-૨ના પ્રકરણ નં.૨ પૈકી ગમે તે એકનો અંગ્રેજી અનુવાદ તા.૩૧-૧-૨૦૦૦ સુધીમાં ગોવર્ધનરામ ત્રિપાઠી ફાઉન્ડેશન C/o. ડાહીલક્ષ્મી પુસ્તકાલય, સમડી ચકલા, નડિયાદ - ૩૮૭ ૦૦૧ના સરનામે મોકલી આપવા જણાવાયું છે. પ્રથમ ત્રણ શ્રેષ્ઠ અનુવાદકોને ક્રમમાં રૂ.૨,૫૦૦/-, રૂ.૧,૫૦૦/- અને રૂ.૧,૦૦૦/-નો પ્રતીક પુરસ્કાર અપાશે તથા પ્રત્યેક અનુવાદકને રૂ.૧૫૧/- ખર્ચ પેટે અપાશે.

શેઠશ્રી બાબુલાલ અમૃતલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત વાચક ઉમાસ્વાતિ સુવર્ણચંદ્રક

વાચક ઉમાસ્વાતિ જૈન ધર્મના પૂર્વધર મહામુનિ હતા. તેમણે રચેલો સ્વોપજ્ઞભાષ્ય યુક્ત તત્ત્વાર્થાધિગમ સૂત્ર જૈન ધર્મનો સર્વમાન્ય શ્રેષ્ઠ ગ્રંથ છે. તેમના નામને અને કાર્યને અંજલિ આપવા જૈન વિદ્વાનોને શેઠશ્રી બાબુલાલ અમૃતલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા સુવર્ણચંદ્રક અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જૈન ધર્મ દર્શન ઉપર સંશોધન-સંપાદન અને અધ્યાપન આદિ કરી વિશિષ્ટ વિદ્વત્તા પ્રાપ્ત વિદ્વાનને આ ચંદ્રક આવતા વર્ષે જાન્યુઆરીના અંતે અર્પણ કરવામાં આવશે.

> ડૂબેલા રવિને કાજે ઝૂરી પૃથ્વી રખે ખૂએ,
> સૌન્દર્ય-સૃષ્ટિ તારાની, રિદ્ધિઓ અન્ધકારની.
>
> — સ્નેહરશ્મિ

> शनैः पन्था शनैः कन्था
> शनैः पर्वतमस्तके ।
> शनैर्विद्या शनैर्वित्तं
> पञ्चैतानि शनैः शनैः ॥
>
> રસ્તા પર ધીરેથી ચાલવું, ભગવાં ધીરેથી પહેરવાં, પર્વતના શિખર પર ધીરેથી ચડવું, વિદ્યા ધીરેથી ભણવી અને ધન ધીરેથી એકઠું કરવું. આ પાંચ વસ્તુઓ ધીરેથી કરવી. (ઉતાવળે નહીં.)

જનરલ કરિઅપ્પાના ભાઈ શ્રી કુમારપ્પાની એક વાર ગાંધીજી સાથે ગાંધી આશ્રમમાં મુલાકાત ગોઠવાયેલી. સમય નક્કી થયેલો સાંજના ચાર વાગ્યાનો. કુમારપ્પા આશ્રમમાં પહોંચ્યા ત્યારે સાડા ત્રણ વાગ્યા હતા. એક આધેડ પુરુષ ખુરપી લઈ આંગણામાં કામ કરતો હતો. કુમારપ્પાએ તેને ગાંધીજીને જઈને ખબર આપવા કહ્યું કે પોતે મળવા આવ્યા છે. પેલા માણસે કહ્યું તમને કેટલા વાગ્યાનો સમય આપ્યો છે? 'ચાર'. કુમારપ્પાએ જવાબ આપ્યો ને ઉમેર્યું કે તારે એની સાથે નિસબત નથી, મારો સંદેશો ગાંધીજીને કહે. પેલો આધેડ અંદર જઈને પાછો આવ્યો અને ગાંધીજીનો સંદેશો આપ્યો કે, આપ થોડી વાર રાહ જુઓ, સમય થયે આપને બોલાવશે. ને તે ફરી પોતાના કામે વળગ્યો. બરાબર ચાર થતાં તે અંદર ગયો અને માથે પાઘડી પહેરી બહાર આવ્યો. કુમારપ્પાને તેણે જણાવ્યું, 'બોલો, શું કામ છે? મને લોકો ગાંધી કહે છે.' કુમારપ્પા તો દિગ્મૂઢ બની ગયા. આવી હતી ગાંધીજીની સમય બાબતે ચીવટ.

*

વિશ્વનું મોટામાં મોટું પુસ્તકાલય લેનીન લાઈબ્રેરી મોસ્કોમાં છે. તેમાં ૧૫૦ લાખ પુસ્તકો છે.



હેટ્રિક

બ્રિટનની રાષ્ટ્રિય રમત ક્રિકેટ સાથે સંકળાયેલા ઘણા શબ્દો કે રૂઢપ્રયોગો અંગ્રેજીભાષામાં વણાઈ ગયા છે, અને રોજબરોજની વાતચીતમાં તે અન્ય પ્રસંગોએ પણ વપરાય છે. હેટ-ટ્રિકમાંથી અપભ્રંશ થઈને વપરાતા હેટ્રિક શબ્દનું મૂળ પણ ક્રિકેટમાં જ થે. જીવનના કોઈપણ ક્ષેત્રમાં ઉપરાછાપરી ત્રણ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વ્યક્તિએ હેટ્રિક કરી તેમ કહેવાય છે. આ રૂઢપ્રયોગનું મૂળ નીચે મુજબ છે.

ઇંગ્લંડમાં કોઈ બોલર સળંગ ત્રણ દડા નાખીને ત્રણ વિકેટ ખેરવે ત્યારે આવી યશસ્વી સિદ્ધિ બદલ તેને નવી હેટ આપીને નવાજવામાં આવતો. એક અન્ય કથા મુજબ આવે પ્રસંગે બોલરની ટીમનો કપ્તાન પ્રેક્ષકોમાં પોતાની હેટ ઉંધી કરીને ફરતો અને ખુશ થયેલાં પ્રેક્ષકો નાની મોટી રકમ હેટમાં નાખતા. આ બધી રકમ બોલરને તેની સિદ્ધિ-હેટ્રિક બદલ ભેટ ધરીને નવાજવામાં આવતે.

– ધીરુભાઈ એન. શાહ

*

પુત્રીએ પિતાને જાણ કરી કે પોતે અમુક યુવાન સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું છે. એટલે પિતાએ તરત પૂછ્યું, 'એની પાસે કાંઈ પૈસા છે?'

'તમે પુરુષો બધા જ સરખા છો.' પુત્રીએ કહ્યું, 'એણે પણ તમારે વિશે આ જ સવાલ પૂછેલો.'

*

સાદડ (અર્જુનવૃક્ષ)-ની છાલ અડધી ચમચી જેટલી એક કપ જેટલા દાડમના રસમાં મિશ્ર કરી સવાર-સાંજ પીવાથી હૃદયનો દુ:ખાવો શાંત થાય છે. અને હૃદય બળવાન બને છે.

ગણિતગમ્મત

૧૨૩૪૫૬૭૯ની ખૂબીઓ - ૩

આ સંખ્યાને ૯, ૧૮, ૨૭થી માંડીને ૮૧ સુધીની ૯ થી વિભાજ્ય સંખ્યા વડે ગુણતાં નીચે પ્રમાણે વિશિષ્ટ ગુણાકાર આવે છે : (નૌતમભાઈ વખારિયા)

૧૨૩૪૫૬૭૯ x ૯ = ૧૧૧ ૧૧૧ ૧૧
૧૨૩૪૫૬૭૯ x ૧૮ = ૨૨૨ ૨૨૨ ૨૨
૧૨૩૪૫૬૭૯ x ૭૨ = ૮૮૮ ૮૮૮ ૮૮
૧૨૩૪૫૬૭૯ x ૮૧ = ૯૯૯ ૯૯૯ ૯૯



કલાકણિકા : મહારાષ્ટ્ર-કર્ણાટકમાના ૧૮મી કે ૧૯મી સદીનું 'મુખલિંગમ્'નું મસ્તક. ઉપર શેષનાગની ફણાનું છત્ર ધરાયું છે.